સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

અક્ષયતૃતીયા

વિ. સં. ૨૦૨૮

પુસ્તક ૯

અંક ૩

# સ્વાધ્યાય



ચમરા નાયિકા—હસ્તિશાળાના તોરણ પર, વિમલવસહી (ફોટો : શ્રી અમૃતલાલ યાજ્ઞિક) (ચિત્ર નં. ૧૩)

ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી ઢાંકીનો લેખ

સંપાદક

ભોગીલાલ જ. સાંડેસરા

નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,

વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા



ચિત્ર ૭

નવચોકીનું ઈશાનબાજુથી દેખાતું દૃશ્ય. જુઓ નવચોકીના પાટ સાથે મોઢાની ચોકીઓના સન્ધાનનું જુદું પડી જતું કામ.

સ્વાધ્યાય

અક્ષયતૃતીયા, વિ. સં. ૨૦૨૮ પુસ્તક ૯

મે, ૧૯૭૨ અંક ૩

# સંરક્ષક શ્રીકૃષ્ણ

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

જયદ્રથ માર્યો ગયો તે વિગ્રહના ચૌદમા દિવસની રાત્રે અથડામણની તૈયારી થઈ. ત્યારે કારમો પરાજય અને જયદ્રથનો વધ દુર્યોધનથી સહન થઈ શક્યો નહિ. એણે કર્ણ આગળ ઊભરો ઠાલવ્યો : "કર્ણ ! જો તો ખરો, કૃષ્ણની સહાયવાળા અર્જુને દ્રોણાચાર્યના દેવોને પણ સુદુર્ભેદ્ય વ્યૂહને ભેદી નાખીને, તારા તથા દ્રોણ જેવા મહાયોદ્ધાઓનાં દેખતાં જયદ્રથને રોળી નાખ્યો છે ! . . મને લાગે છે કે અર્જુન દ્રોણને વહાલો છે, એટલે જ એને લડયા વિના જ યુદ્ધમાં માર્ગ કરી આપે છે !... અરેરે ! આપણ દુરાત્માઓની નજર આગળ આજે મારા ચિત્રસેન વગેરે ભાઈઓ પણ માર્યા ગયા છે !" (૭-૧૨૭-૧ થી ૧૧)

કર્ણે દૈવ અને પુરુષાર્થની પોતાની રીતે મીમાંસા કરી. દ્રોણ તો પોતાની શક્તિ પ્રમાણે લડે જ છે, પરંતુ અર્જુન એમને ઉલ્લંઘી ગયો તેમાં 'દૈવ' જ કારણ છે એવું ઠસાવવા પ્રયત્ન કર્યો. અને કૌરવ-પાંડવોની લાક્ષણિકતા દર્શાવતાં ઉમેર્યું : '(પાંડવો સ્વભાવથી સુકૃત્યો કરે છે પણ) એમણે બુદ્ધિપૂર્વક કોઈ સુકૃત્ય કર્યું હોય એમ દેખાતું નથી. અને વીર ! તમે (કુકૃત્યો તો ઘણાં કર્યાં છે. જુઓ ૭-૧૨૭-૧૮, ૧૮. પરન્તુ) બુદ્ધિ ચલાવ્યા વિના દુષ્કૃત્ય કર્યું હોય એવું જણાતું નથી (૭-૧૨૭-૨૧) ! ..એટલે મને તો શંકા પડે છે કે (દુ)દૈવે આપાણા પુરુષાર્થનો નાશ કર્યો છે તથા આપણે હાર્યા છીએ.' (૭-૧૨૭-૧૨ થી ૨૪)

ધૃતરાષ્ટ્રને આ અહેવાલ આપતાં સંજય બોલ્યો : 'પછી હે રાજન્ ! **તમારા દુર્મન્ત્રિત (દુર્વિચારણા)ને કારણે** તમારા સૈન્યનો શત્રુઓ સાથે રથ અને હાથીઓના સંઘર્ષવાળો સંગ્રામ ચાલુ થયો'[1] (૭-૧૨૭-૨૫, ૨૬)

* * *

---

૧ ततः प्रववृते युद्धं व्यतिषक्तरथद्विपम् ।
तावकानां परैः सार्धं राजन्दुर्मन्त्रिते तव ॥ ७-१२७-६

દુષ્કૃત્યનું મૂળ દુર્વિચાર છે. તેથી દુર્યોધન કરતાં ધૃતરાષ્ટ્ર હત્યાકાંડ માટે વિશેષ જવાબદાર છે. આ પ્રકરણમાંના આવા કેટલાક સંદર્ભ : ૭-૧૫૭-૧૨, જુઓ નીચે નોંધ ૧૩; ૭-૧૬૨-૫૨, જુઓ નીચે નોંધ ૨૫; ૭-૧૦-૪૭, જુઓ નીચે નોંધ ૫૭.

વિગ્રહમાં સોમદત્ત–સાત્યકિ સામસામા આવી ગયા. પોતાના અનશનવ્રતધારી પુત્ર ભૂરિશ્રવાને મારી નાખવા બદલ સોમદત્તે સાત્યકિનો તિરસ્કાર કર્યો. સાત્યકિએ તેનો વળતો તિરસ્કાર કરી કહ્યું : 'મૃદંગના ધ્વજવાળા જે યુધિષ્ઠિરમાં દાન, દમ, શૌચ, અહિંસા, હ્રી, ધૃતિ અને ક્ષમા વગેરે સૌ સદ્ગુણો સ્થિર વસેલા છે,[૨] તેમના તેજથી તું પ્રથમથી જ મૂએલો છે. છતાં હવે કર્ણ-શકુનિની સાથે માર્યો જઈશ. હું શ્રીકૃષ્ણ-અર્જુનનાં ચરણોનાં અને ઇષ્ટાપૂર્તનાં (ઇષ્ટ=સ્વાર્થ માટે કરાતું ધર્મકાર્ય, જેમ કે યજ્ઞયાગ. આપૂર્ત=પરાર્થે કરાતું ધર્મકાર્ય, જેમ કે વાવ, કૂવા બંધાવવાં.) સોગન્ ખાઈને કહું છું કે, 'જો તું ભાગી નહિ જાય તો તને પુત્રો સહિત મારી નાખીશ' (૭-૧૩૧-૯ થી ૧૩, ૧૪ થી). છેવટે સાત્યકિએ સોમદત્તને મૃત્યુશરણ પહોંચાડી દીધો (૭-૧૩૭-૩૩).

* * *

રાત્રિયુદ્ધમાં પાંડવો જીતવા માંડ્યા. દુર્યોધને મિત્રવત્સલ કર્ણની રક્ષણ માટે મદદ યાચી. કર્ણે અર્જુન સહિત બધા પાંડવોને જીતી લેવાની શેખી કરી (૭-૧૩૩-૧ થી ૪, ૫ થી ૧૧). કર્ણની બડાઈ સાંભળીને, પૂર્વે કર્ણ અર્જુનની સામે અનેક વખત હારેલો તેનું સ્મરણ કરાવીને કૃપાચાર્યે મશ્કરી કરી: '..રણાંગણમાં એકલા અર્જુનની સામે પણ ઊભા રહેવાનું તારું ગજું નથી, તો પછી શ્રીકૃષ્ણ સહિત બધા પાંડવોને જીતવાની શી રીતે હોંશ રાખે છે?! માટે કર્ણ! મૂંગા મોંએ યુદ્ધ કર! તું તો બહુ બકવાસ કરે છે. બોલ્યા વિના પરાક્રમ કરવું એ જ સત્પુરુષનું વ્રત છે..' અને છેલ્લે તીક્ષ્ણ મેણું માર્યું: 'ક્ષત્રિયો બાહુબળથી અને બ્રાહ્મણો વાણીથી શૂરા હોય છે. ફલ્ગુન અર્જુન ધનુષ્ય ચલાવવામાં શૂરો છે, અને કર્ણ મનોરથ ચલાવવામાં શૂરો છે!' (૭-૧૩૩-૧૨ થી ૨૩)

કર્ણ ખિજાયો, એણે કૃપની તર્જના કરી. પોતાની વિક્રમશીલતા ગજવતાં કહ્યું : '...હું મારું સામર્થ્ય સમજી વિચારીને સુસજ્જ થઈ, કૃષ્ણ-અર્જુનને વેગપૂર્વક જીતવાનો ઉત્સાહ રાખું છું, માટે ગર્જું છું. મારી આ ગર્જનાનું ફળ તું જોજે. રણસંગ્રામમાં હું કૃષ્ણ અને સાત્યકિ સમેત પાંડવોને હણીશ અને નિષ્કણ્ટક કરેલી પૃથ્વી દુર્યોધનને સોંપીશ!' (૭-૧૩૩-૨૪ થી ૩૧)

કૃપે ઉત્તર આપ્યો: 'સૂતજ! તું કૃષ્ણ, અર્જુન અને પાંડવ ધર્મરાજ ઉપર જે આક્ષેપ કરે છે, તે તારો સ્વેચ્છાપ્રલાપ મને સ્વીકાર્ય નથી (૭-૧૩૩-૩૨. यदा क्षिपसि वै कृष्णौ° ' સમીક્ષિત વાચનાનો પાઠ છે, તે यदा क्षिपसिं° લેવાથી અર્થ બરાબર બેસે છે. કેટલીક પ્રતોનો सदा क्षिपसि° પાઠ પણ બંધ બેસે છે). કર્ણ! જ્યાં યુદ્ધવિશારદ શ્રીકૃષ્ણ-અર્જુન હોય ત્યાં જ વિજય નિશ્ચિત છે. દેવ–ગન્ધર્વ–યક્ષ–મનુષ્ય–નાગ–રાક્ષસ એ સૌ રણક્ષેત્રમાં કવચધારી થઈને આવે તો પણ

---

'ભીષ્મપર્વ'ના સંદર્ભો માટે જુઓ ખંડ ૪, પ્રકરણ ૧, 'યુદ્ધમંત્રી', નોંધ ૧૧; 'દ્રોણપર્વ'-ના કેટલાક સંદર્ભો માટે જુઓ, ખંડ ૪, પ્રકરણ ૨, 'સારથિપ્રવર', નોંધ ૪૩.

૨ यस्मिन्दानं दमः शौचमहिंसा ह्रीर्धृतिः क्षमा ।
अनपायीनि सर्वाणि नित्यं राज्ञि युधिष्ठिरे ॥ ७-१३१-१२

આંતર કે બાહ્ય ઘોર યુદ્ધમાં પણ જેનામાં આ સદ્ગુણો સ્થિર વસી રહ્યા છે તે માટે **તે યુધિષ્ઠિર**, એવો આનો અર્થ થયો.

શ્રીકૃષ્ણ-અર્જુનને જીતી ન શકે...જેમના કાજે અથાગ બળશાળી શ્રીકૃષ્ણે કવચ પહેર્યું છે, એ તારા શત્રુઓને કર્ણ ! તું કઈ રીતે જીતવાની હામ ભીડે છે? સૂતપુત્ર ! તું કાયમ શ્રીકૃષ્ણની સામે સંગ્રામ ખેલવાનો ઉત્સાહ રાખે છે તે તારો મહાન અપનય છે (મૂર્ખતા છે) !' (૭-૧૩૩-૩૨ થી ૪૩)

રોષે ભરાયેલા કર્ણે આચાર્ય કૃપનું અપમાન કર્યું. બોલ્યો : 'તું સાચું કહે છે. પાંડવો અજેય જ છે. તે છતાં ઇન્દ્રે આપેલી અમોઘ શક્તિથી હું એમને પણ જીતી લઈશ. શક્તિથી હું અર્જુનને મારીશ. અર્જુન માર્યો જતાં કૃષ્ણ અને પાંડવો અર્જુન વિનાની પૃથ્વીને કોઈ રીતે ભોગવી નહિ શકે. (તેઓ શોક કરી કરીને જ મરી જશે !) અને એ બધા મરી જશે એટલે સાગરસહિત સમગ્ર પૃથ્વીનું સામ્રાજ્ય વગર મહેનતે જ દુર્યોધનને મળી જશે ! (गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः ॥ ગીતા. ૨-૧૧ના ઉદ્‌ગાતાની ધૃતિનો ખયાલ ઉદ્દંડતાને ક્યાંથી આવે ?) સુનીતિથી જ (અક્કલવાળી સારી દોરવણીથી જ !) સર્વાર્થ સિદ્ધ થાય છે. માટે હું ગર્જું છું. એટલે જો તું ફરીથી આવું અપ્રિય વચન ઉચ્ચારીશ તો, અલ્યા દુષ્ટ બુદ્ધિવાળા બામણા ! તલવાર લઈને તારી જીભ જ કાપી નાખીશ !...દ્વિજાધમ ! તું એ લોકોને સદા બલવાન સમજે છે. પરન્તુ હું દુર્યોધનના હિત માટે એમની સામે પૂરી તાકાતથી લડીશ; જો કે જય તો દૈવાધીન છે. जयो दैवे प्रतिष्ठितः । !' (૭-૧૩૩-૪૪ થી ૬૪)

આ ચડભડને લીધે મામાનું ઉપરાણું લઈને અશ્વત્થામા કર્ણને મારવા ધસી આવ્યો. દુર્યોધને બધાને માંડ માંડ શાન્ત પાડ્યા ! (૭-૧૩૪-૧ થી)...યુદ્ધ દરમિયાન યુધિષ્ઠિર દ્રોણાચાર્ય સામે ધસી ગયા. એમને થોડાક હંફાવ્યા પણ ખરા (૭-૧૩૭-૩૫ થી). પરન્તુ વિચક્ષણ શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને સૂચના આપી : 'મારી વાત સાંભળો. ભરતસત્તમ ! દ્રોણ સામે લડવું રહેવા દો. કારણ કે દ્રોણ સદા કાળ તમને કેદ કરવાની તીવ્ર ઇચ્છા (गृध्यते) રાખે છે. એટલે તમે એમની સામે યુદ્ધ ખેલો એ યોગ્ય નથી. જે એમના વિનાશ માટે જ જન્મ્યો છે તે (ધૃષ્ટદ્યુમ્ન) આવતી કાલે એમને હણશે. માટે દ્રોણ ગુરુને છોડી દો અને રથીશ્રેષ્ઠ ભીમસેન જ્યાં કૌરવોની સામે લડે છે, ત્યાં દુર્યોધન સામે ધસારો કરો' (૭-૧૩૭-૪૪ થી ૪૭). શ્રીકૃષ્ણની સૂચના ઉપર થોડીવાર વિચારણા કરીને યુધિષ્ઠિર ભીમસેનની મદદે ગયા (૭-૧૩૭-૪૮ થી)...મદ્રરાજ શલ્ય અને વિરાટ લડતા હતા. તેવામાં વિરાટ મૂર્ચ્છિત થઈ ગયો. એટલે તેની સેના ભાગવા માંડી. સેનાને પલાયન કરતી જોઈને શ્રીકૃષ્ણ-અર્જુન શલ્યના મોરચા ઉપર ધસી ગયા. ત્યાં રાક્ષસ અલમ્બુસે એમને ખાળ્યા. પણ અર્જુને એને હરાવીને તગડી મૂક્યો...(૭-૧૪૨-૩૩ થી) ...ઘોર સંગ્રામ ચાલતો હતો તે દરમિયાન કર્ણે દુર્યોધનને સલાહ આપી કે, 'જેમ અભિમન્યુને છૂટો પાડીને મારી નાખ્યો હતો એમ સાત્યકિ તથા ધૃષ્ટદ્યુમ્નને ઘેરીને મારી નાખીએ. (તો પાંડવો નિરાશ થઈ જાય અને) તો આપણો અવશ્ય વિજય થાય. તે માટે અર્જુનને કુમકે આવતાં ખાળી રાખવો જોઈએ.' કર્ણની સલાહ મળતાં દુર્યોધને મામા શકુનિને, પાછી પાની કરે નહિ એવા વિશાળ હાથી અને રથસૈન્યને લઈને, અર્જુન ઉપર હુમલો કરી શ્રીકૃષ્ણ, અર્જુન અને ધર્મરાજ વગેરે પાંડવોને રોળી નાખવાની આજ્ઞા કરી.' (૭-૧૪૫-૪૨ થી, ૬૨ થી)......સંગ્રામમાં અર્જુને શકુનિના પુત્ર ઉલૂકને વીંધી નાખ્યો, અને ઉલૂકે વળતા હલ્લામાં શ્રીકૃષ્ણ ઉપર ઘા કરીને મોટી ગર્જના કરી (૭-૧૪૬-૩૨, ૩૩). પરન્તુ અર્જુને શકુનિના દળને હરાવ્યું. અને શ્રીકૃષ્ણ -અર્જુને વિજયની ખુશાલીનો શંખધ્વનિ કર્યો (૭-૧૪૬-૪૧)....પછી તો દ્રોણ-કર્ણ ચઢી

આવ્યા, અને તેમના મારાને કારણે ભીમ, અર્જુન, અચ્યુત શ્રીકૃષ્ણ, નકુલ, સહદેવ, ધર્મરાજ, ધૃષ્ટદ્યુમ્ન વગેરેના દેખતાં જ પાંડવસેના ભાગી (૭–૧૪૭–૧૯ થી)! આને લીધે શ્રીકૃષ્ણ દીનમનસ્ (ઉદાસ) થઈ ગયા.[૩] અર્જુનને કહ્યું : 'આ મહાધનુર્ધરો દ્રોણ અને કર્ણ, ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ અને પાંચાલો ઉપર બાણોથી બહુ ભારે પ્રહાર કરે છે. એમણે આપણા મહારથીઓમાં ભંગાણ પાડયું છે. અને કૌન્તેય! આપણાં દળો વાળ્યાં છતાં પાછાં વળતાં નથી. આપણે બન્ને આયુધોથી સુસજ્જ (તાજાં) દળોને વ્યૂહબદ્ધ કરીને દ્રોણ-કર્ણને ખાળવા પ્રયત્ન કરીએ. એ બન્ને બલવાન, શૂરવીર, અસ્ત્રનિષ્ણાત અને વિજયશ્રીથી ચમકતા છે. ક્રોધે ભરાયેલા એમની ઉપેક્ષા કરવામાં આવે તો તેઓ આ રાત્રે જ આપણી સેનાને સાફ કરી નાખશે. જો, આ અતિ ઉગ્ર ભીમસેન દળોને પાછાં વાળીને (તાજી કુમક સાથે) ચઢી આવે છે.' વૃકોદર ભીમને આ રીતે કુમક સાથે આવતો જોઈને, અર્જુનને ઉત્સાહ આપતા હોય એમ જનાર્દન શ્રીકૃષ્ણ ફરી બોલ્યા : 'આ રણશૂરે, ભીમસેન સોમક–પાંડવો સાથે રોષપૂર્વક વેગથી મહાબલી દ્રોણ-કર્ણ ઉપર ધસી જાય છે. તેથી પાંડુનન્દન! આ સર્વ દળોને આશ્વાસન આપવા માટે ભીમસેન અને પાંચાલ યોદ્ધાઓને (વ્યૂહબદ્ધ કરી) એમને પડખે રહી યુદ્ધ કર.' અને પછી (રથ હાંકનાર તો શ્રીકૃષ્ણ જ હતા એટલે) બન્ને નરવ્યાઘ્ર શ્રીકૃષ્ણ-અર્જુન, દ્રોણ અને કર્ણની સામેના રણમોખરે પહોંચી ગયા. (પણ તે સાથે જ કર્ણ પાસેની ઇન્દ્રની અમોઘ શક્તિના ઘામાંથી અર્જુનને બચાવવાની ચિન્તા શ્રીકૃષ્ણના અન્તરમાં હતી.) (૭–૧૪૭–૨૦ થી ૩૦)

એમ છતાં દ્રોણ-કર્ણે, તેમાંયે ખાસ કરીને કર્ણે નિશાયુદ્ધમાં આક્રમણની પહેલ કરનારાં પાંડવ દળોને છિન્નભિન્ન કરી નાખ્યાં. સૈનિકો અનાથની જેમ અવિરત બરાડા પાડતા પાડતા ભાગ્યા. એ જોઈને યુધિષ્ઠિર પણ નાસી જવા તૈયાર થયા! એમણે અર્જુનની સલાહ પૂછી. અર્જુને નેતા શ્રીકૃષ્ણની સલાહ માગી : 'રાધેયના અતિપરાક્રમથી યુધિષ્ઠિર ભયભીત થયા છે. આપણી સેના પલાયન કરી રહી છે. માટે આપ ત્વરાથી સમયોચિત કાર્યનો નિર્ણય કરો. દ્રોણે

---

૩ पाञ्चालेषु प्रभग्नेषु दीर्यमाणेषु सर्वशः ।
जनार्दनो दीनमनाः प्रत्यभाषत फल्गुनम् ॥ ७-१४७-२२

(क) શ્રીકૃષ્ણ જેવા સ્થિરબુદ્ધિ, સ્થિતપ્રજ્ઞ મહાપુરુષ પણ વિચલિત થઈ દીનમનસ્ થઈ જાય એવું મહાયુદ્ધનું ભારે દબાણ હોય છે. સામાન્યોનું તો ગજું જ શું? બીજા વિશ્વયુદ્ધમાં ચર્ચિલ ચોધાર આંસુએ રડેલા તેનું અહીં સ્મરણ થાય છે.

(ख) મુકાબલે ઓછી લશ્કરી તાકાતવાળા પાંડવો માટે શ્રીકૃષ્ણની મધુર વાણીથી કાર્ય લેવાની નીતિ જયપ્રાપ્તિનું એક મહત્ત્વનું સાધન બનતી હતી, જ્યારે દુર્યોધનની કટુ વાણીએ તેના પરાજયમાં મોટો ભાગ ભજવ્યો જણાય છે. પ્રસ્તુત રાત્રિયુદ્ધમાં પણ દુર્યોધને દ્રોણ ઉપરાંત પરમમિત્ર કર્ણને પણ 'વાણીરૂપી પરોણાથી વીંધીને'જ યુદ્ધ કરવા પ્રેરેલા (૭-૧૪૭-૧ થી ૯).

(ग) જીવનભર અહિંસક મહાયુદ્ધો ખેલી, કદી પણ નિરાશ નહિ બનનાર ગાંધીજી નોઆખાલી યાત્રામાં, 'મુસલમાનો તરફથી અહિંસાને પ્રત્યુત્તર ન મળવાથી' અને પછી તો બીજે પણ લગભગ એવો અનુભવ થવાથી નિરાશ અને ઉદાસ રહેતા. સ્વપ્નમાં પણ બબડતા. અને તેને પરિણામે, 'સંપૂર્ણ બ્રહ્મચર્ય' મારફતે અપ્રતિમ શક્તિ મેળવતાં મેળવતાં જીવનની છેલ્લી ક્ષણ સુધી સતત ઝઝૂમેલા તેનું અહીં સ્મરણ થાય છે. મહાયુદ્ધ માત્રનું દબાણ અકલ્પ્ય એવું ભારે હોય છે. (આ માટે જુઓ શ્રી. પ્યારેલાલનું The Last Phase Vol. I–II.)

વીંધી નાખેલાં અને કર્ણે ત્રાસ પમાડેલાં દળોને સ્થિર થવાનું સ્થળ પણ દેખાતું નથી. કર્ણ તો નિર્ભયની જેમ ઘૂમીને નાસી જતા મહારથીઓની પૂંઠ પકડીને તીક્ષ્ણ બાણો ફેંકી રહ્યો છે. વૃષ્ણિશાર્દૂલ! (એની પાસે અમોઘ ઐન્દ્રી શક્તિ છે તો પણ) જેમ નાગ લાતને સહન કરી શકતો નથી, એમ રણમોરચા ઉપર હું એનું પરાક્રમ સહી શકતો નથી. માટે આપ મહારથી કર્ણ છે તે બાજુ ઝટ હાંકો. મધુસૂદન! કાં હું નહિ, કાં એ નહિ.' (૭-૧૪૮-૧૯ થી ૩૦)

શ્રીકૃષ્ણે સલાહ આપી: 'કૌન્તેય! નરવ્યાઘ્ર કર્ણ અત્યારે અતિમાનુષ (અં. Super-human) પરાક્રમ કરીને દેવરાજ ઇન્દ્રની જેમ ઘૂમતો જણાય છે. ધનંજય! યુદ્ધમાં તારા કે રાક્ષસ ઘટોત્કચ સિવાય બીજો કોઈ એનો સામનો કરી શકે એમ નથી. પરન્તુ મહાબાહો! જ્યાં સુધી મહારૌદ્રરૂપધારી કર્ણે મોટી ઉલ્કા જેવી દેદીપ્યમાન વાસવી શકિતને સંઘરી રાખી છે, ત્યાં સુધી તેની સાથે તારો ભેટો થાય એ મને સમયોચિત લાગતું નથી. (અર્થાત્ કર્ણનું રૌદ્રરૂપ જોતાં એ પોતાનો સબળ પ્રતિકાર કરનાર યોદ્ધા ઉપર ઇન્દ્રની શકિત ફેંકયા વગર નહિ રહી શકે, એમ શ્રીકૃષ્ણ સમજી ગયેલા.) તેથી મહાબલી ઘટોત્કચને કર્ણનો સામનો કરવા દો. કારણ કે તે બલવાન ભીમનો દેવ જેવો પરાક્રમી પુત્ર છે. તેની પાસે દિવ્ય, રાક્ષસી અને આસુરી શસ્ત્રો છે. અને એ ઘટોત્કચ આપણામાં અનુરકત છે તથા આપણો હિતૈષી છે. એ લડાઈમાં કર્ણને હરાવશે એમાં મને લગીરે શંકા નથી.' (૭-૧૪૮-૩૧ થી ૩૬)

અર્જુને રાક્ષસ ઘટોત્કચને બોલાવ્યો. સુસજ્જ ઘટોત્કચ આવ્યો. શ્રીકૃષ્ણ-અર્જુનને પ્રણામ કર્યા. શ્રીકૃષ્ણને ઉત્સાહભેર પૂછ્યું: 'આપની સેવામાં હાજર છું. આજ્ઞા કરો' (૭-૧૪૮-૩૭, ૩૮). એટલે શ્રીકૃષ્ણે જાણે હસતા હોય એમ મેઘ જેવા (કાળા, અને નાગ જેવા) દીપ્ત મોંવાળા, તથા ચળકતાં કુંડળવાળા હિડિમ્બાના પુત્ર ઘટોત્કચને આદેશ આપ્યો: 'બેટા! હું તને કહું તે સમજી લે. અત્યારે બીજા કોઈએ નહિ અને તારે જ પરાક્રમ કરવાનો વખત આવ્યો છે. તેથી તું (કૌરવરૂપી સાગરમાં) ડૂબી જતા તારા બન્ધુજનો માટે વહાણ બન. તું વિવિધ અસ્ત્રો અને રાક્ષસી માયા (ઘાતકી કપટયુદ્ધ)નો જાણકાર છે. હૈડિમ્બ! ગોવાળ જેમ ગાયોને હાંકે એમ કર્ણ પાંડવ સેનાને હાંકી કાઢે છે તે તું જો. આ મહાધનુર્ધર, બુદ્ધિશાળી, દઢ પરાક્રમી કર્ણ પાંડવ લશ્કરમાંના શ્રેષ્ઠ ક્ષત્રિયોનો ઘાણ કાઢે છે. આપણા દઢ ધનુર્ધરો એના ઉપર ભારે શરવર્ષા કરે છે, પણ કર્ણના બાણાગ્નિથી પીડાઈને ઊભા રહી શકતા નથી. મધ્યરાત્રિના સમયે કર્ણની બાણવૃષ્ટિથી પીડાયેલા આ પાંચાલો, જાણે સિંહના ભયથી મૃગલાં નાસે એમ નાસે છે! ભીમવિક્રમ ઘટોત્કચ! આ રીતે વધ્યે જતા સૂતપુત્રને યુદ્ધમાં તારા સિવાય બીજો કોઈ અટકાવી શકે એમ નથી. એટલે મહાબાહો! તું પોતાના માતૃપક્ષ અને પિતૃપક્ષનાં તેજ અને અસ્ત્રબલને છાજે એવું કર્મ કરી બતાવ. હૈડિમ્બ! આટલા માટે (આવી આશાથી) તો માણસો પુત્રને ઇચ્છે છે કે, 'તે કેવી રીતે આપણને દુઃખમાંથી તારે?' માટે તું બન્ધુજનોને ઉગાર.[૪] ભીમનન્દન!

---

૪ एतदर्थं हि हैडिम्ब पुत्रानिच्छन्ति मानवाः ।
कथं नस्तारयेद्दुःखात्स त्वं तारय बान्धवान् ॥ ७-१४८-४८

સર૦ શકુન્તલાના શબ્દો:

धर्मकीर्त्यावहा नृणां मनसः प्रीतिवर्धनाः ।
त्रायन्ते नरकाज्जाताः पुत्राः धर्मप्लवाः पितॄन् ॥ १-६९-१९

તું સંગ્રામમાં લડે છે ત્યારે અસ્ત્રબલ સતત ભયંકર હોય છે. અને માયા ( બુદ્ધિમત્તા તથા કપટ ) દુસ્તર હોય છે. માટે પરંતપ ! કર્ણનાં તીક્ષ્ણ બાણોથી ભેદાયેલાં અને કૌરવોમાં ડૂબી જતાં પાંડવોનાં દળોને તું પાર લઈ જા. કારણ કે રાક્ષસો રાત્રે અત્યંત અમર્યાદિત પરાક્રમી, બલવાન, સુદુર્ધર્ષ, શૂરા અને વિક્રાન્તચારી ( વિજયી ગતિવાળા ) થાય છે. તેથી તું મહાધનુર્ધર કર્ણને નિશીથ સમયે ( મધ્યરાત્રે ) માયાથી સંગ્રામમાં રોળી નાખ, અને ધૃષ્ટદ્યુમ્નની સરદારી નીચે પાંડવો દ્રોણનો વધ કરશે. ' ( ૭·૧૪૮-૩૯ થી ૫૨ )

શ્રીકૃષ્ણના આદેશ પછી અર્જુને પણ અરિદમન ઘટોત્કચને શૌર્ય ચઢાવ્યું. સાત્યકિ તેનો પૃષ્ઠરક્ષક થશે એમ કહ્યું. તેથી સાત્યકિની મદદ લઈ કર્ણને મારવા પ્રેર્યો. (૭-૧૪૮ ૫૩ થી ૫૬ )

અને શૂરવીર ઘટોત્કચે ઘોર રાક્ષસી યુદ્ધ કરી ( સંપૂર્ણ અધર્મયુદ્ધ કરી ) શૂરવીર, ભયભીત અથવા તો હાથ જોડીને શરણે આવેલા કોઈને પણ છોડયા વિના, જે ઝપાટે ચઢે તે સૌનો સંહાર કરવાનો સંકલ્પ કરી કર્ણ ઉપર આક્રમણ કર્યું.[૫] ( ૭-૧૪૮-૫૭ થી ૫૯, ૬૦, ૬૧ થી )

ઘટોત્કચે જટાસુરના પુત્ર રાક્ષસ અલંબલને મારી નાખ્યો અને એના મસ્તકને દુર્યોધનના રથમાં ફેંકીને ગર્જના કરી[૬] તથા કર્ણને પણ ખૂબ હંફાવ્યો ( 'દ્રોણપર્વ' અ. ૧૪૯, ૧૫૦,

---

'ધર્મ અને કીર્તિનું વહન કરનારા, મનની પ્રસન્નતા વધારનારા પુત્રો જન્મ ધરીને પિતૃઓને નરકમાંથી બચાવે છે.' નરક એટલે યાતનાથી ભરપૂર સ્થિતિ. જુઓ મ.ભા. ૧૨-૧૮૩-૧ થી ૯ અને ૧-૬૮-૩૮, તથા મનુ. ૯-૧૩૮.

૫ अद्य दास्यामि संग्रामं सूतपुत्राय तं निशि ।
यं जनाः संप्रवक्ष्यन्ति यावद्भूमिर्धरिष्यति ॥ ৬-૧૪૮-૫૮.
न चात्र शूरान्मोक्ष्यामि न भीतान्न कृताञ्जलीन् ।
सर्वानेव वधिष्यामि राक्षसं धर्ममास्थितः ॥ ૭-૧૪૮-૫૯

શ્રીકૃષ્ણે ઘટોત્કચને માયાયુદ્ધની સલાહ આપી, આપવી પડી. કારણ હિંસકયુદ્ધ એ 'વ્યફૂગ'– વિકૃતિ છે, મિથ્યા પ્રવૃત્તિ છે. ચર્ચિલ કહે છે એમ 'the unnecessary war'. એમાં અનીતિ, અધર્મ અનિવાર્ય છે. હિંસક ધર્મયુદ્ધ કેવળ શુકલ નહિ હોતાં ભૂખરું હોવાનું. પાપયુદ્ધ તો કાળું જ હોય.

सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृताः ॥ ૬-૧૪૦-૪૮ ગદ્ય ( ગીતા ૧૮-૪૮ ગદ્ય )

૬-૪૦-૪૮ ગદ્ય ( ગીતા ૧૮-૪૮ ગદ્ય )

એ હિંસક ધર્મયુદ્ધને વધુ પ્રમાણમાં લાગુ પડે છે. અહિંસક સત્યાગ્રહને અલ્પ પ્રમાણમાં, દરેકે મને કે કમને લડવાનું તો છે જ. જીવંત માનવી યુદ્ધસંન્યાસ લઈ શકતો નથી. 'સંન્યાસી' થવા છતાંય. કર્મફલ ત્યાગીને ( આંતર કે બાહ્ય ) યુદ્ધ નિર્ભય, નિર્વૈરપણે લડનાર 'જિષ્ણુ' છે.

૬. વનવાસ દરમિયાન અર્જુન સ્વર્ગમાં દિવ્ય શસ્ત્રાસ્ત્રવિદ્યા શીખવા ગયેલા. એ પછી પાંડવો ફરતા ફરતા બદરિકાશ્રમમાં આવ્યા. ત્યાં રાક્ષસ જટાસુર વિદ્વાન બ્રાહ્મણના વેશમાં આવ્યો અને એમની ખુશામત કરીને રહેવા લાગ્યો. એનો વિચાર પાંડવોનાં શસ્ત્રાસ્ત્ર અને દ્રૌપદીનું હરણ કરવાનો હતો. પણ ભીમને શંકા હતી કે આ કોઈ રાક્ષસ છે. એટલે તેનું કંઈ ચાલ્યું નહિ. એક દિવસ ભીમ જંગલમાં ગયો હતો .અને ઘટોત્કચ તથા તેના અનુચર રાક્ષસો બહાર ગયા હતા. એટલે આ તક ઝડપીને જટાસુર દ્રૌપદી અને ત્રણ પાંડવોને ઉપાડીને ભાગ્યો. પણ સહદેવ છટકી ગયો. દરમિયાન ભીમ આવી પહોંચ્યો. મલ્લયુદ્ધ કરી એનો વધ કર્યો ( આરણ્યકપર્વ ' અ. ૧૫૪ ). અલંબલ રાક્ષસ પિતાના મૃત્યુનો બદલો લેવા માટે આ રાત્રિયુદ્ધમાં દુર્યોધનની મદદે આવ્યો. સામેથી માગીને લડાઈમાં ભાગ લીધો ( ૭-૧૪૮·૧ થી, ૮ થી ).

૧૫૧, ૧૫૨-૭). એવામાં રાક્ષસ અલાયુધ દુર્યોધન પાસે આવ્યો. એણે તો **અધર્મયુદ્ધની પરાકાષ્ઠા દર્શાવતાં કહી દીધું કે:** 'હું ઘટોત્કચને મારી નાખીશ તથા નેતા વાસુદેવ સહિત બધા પાંડવોને તેમના અનુચરો સહિત **મારી નાખીને ખાઈ જઈશ!**'[૭] (૭-૧૫૧ ૧ થી ૯). દુર્યોધન તો ખુશ ખુશ થઈ ગયો! વહાણ વગર સાગર તરવાની ઇચ્છાવાળાને જાણે વહાણ મળ્યું! (૭-૧૫૧-૧૦ થી; ૧૫૨-૧, ૨ થી)

અલાયુધ રણે ચઢયો. એણે ભીમસેનને બરાબર સપડાવ્યો એ જોઈને શ્રીકૃષ્ણે સર-સેનાપતિના પણ ઉપરી અર્જુનને હુકમ કર્યો: 'પાંડવ! રાક્ષસ રાજાના પંજામાં સપડાયેલા ભીમને જો. તું એને મદદ કરવા દોડ. જરાય વિચાર ન કર. વળી ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, યુધામન્યુ, ઉત્તમૌજા અને દ્રૌપદીના પુત્રો, એ મહારથીઓ કર્ણની સામે ધસી જાય. નકુલ, સહદેવ, વીર્યવાન સાત્યકિને તું બીજા રાક્ષસોનો સંહાર કરવાનો આદેશ આપ. અને નરવ્યાઘ્ર મહાબાહો! તું પણ દ્રોણની સરદારીવાળી આ સેનાને ખાળી રાખ. ખરેખર મહાભય આવ્યો છે.' (૭-૧૫૨-૩૨ થી ૩૬)

શ્રીકૃષ્ણના હુકમ મુજબ પાંડવ મહારથીઓ યુદ્ધ કરવા ધસી ગયા. (મહારથીઓ હરોળો વ્યવસ્થિત કરીને લડવા ધસ્યા એ દરમિયાન તો) ભીમ-અલાયુધ વચ્ચે હાથોહાથનું ઉગ્ર યુદ્ધ જામી પડયું. (અર્જુન અવ્યવસ્થિત હરોળોને વ્યૂહબદ્ધ કરવામાં પડેલા એટલે ભીમસેનની મદદે પહોંચી શકે એવી અનુકૂળતા નહિ હોય) તેથી પાંડવોનું હિત કરવામાં રત શ્રીકૃષ્ણે ઘટોત્કચને ભીમસેનનું રક્ષણ કરવા પ્રેર્યો: 'મહાબાહો! મહાદ્યુતે! સર્વ સૈન્યોના અને તારા દેખતાં રાક્ષસના હાથમાં સપડાયેલા ભીમસેનને જો. તું કર્ણને પડતો મૂક અને ત્વરાથી રાક્ષસરાજ અલાયુધને મારી નાખ. મહાબાહો! કર્ણને પછી મારજે.' (૭-૧૫૨-૩૭ થી ૪૬, ૪૭; ૧૫૩-૧ થી ૩). ઘટોત્કચે કર્ણને પડતો મૂકી અલાયુધ સાથે તુમુલ સંગ્રામ ખેલ્યો. તેનો શિરચ્છેદ કર્યો અને એના મસ્તકને અચેતન જેવા થઈ ગયેલા દુર્યોધનની આગળ ફેંક્યું. દુર્યોધનને ભારે ઉદ્વેગ થઈ ગયો. અને એમ નિશાયુદ્ધ પાંડવો માટે વિજયપ્રદ બની રહ્યું. (૭-૧૫૩-૪ થી ૪૦)

ઘટોત્કચ પુનઃ કર્ણ ઉપર ત્રાટકયો. કર્ણના ઘોડા મારી નાખ્યા. કૌરવ સેના અને સ્વયં કર્ણ ભયમાં આવી પડયાં. કૌરવોએ ઘટોત્કચને ઇન્દ્રની શકિતથી મારી નાખવા બૂમરાણ મચાવી દીધી! કર્ણે પણ જોયું કે કૌરવ લશ્કર બાવરું બની ગયું છે, ફૂટયોધી ઘટોત્કચ મધ્યરાત્રિના સમયે પોતાના ઉપર મારો ચલાવી રહ્યો છે, સૈન્યનો ઝડપથી નાશ થઈ રહ્યો છે અને કૌરવો

---

૭ अद्य कुन्तीसुतान्सर्वान्वासुदेवपुरोगमान् ।
हत्वा संभक्षयिष्यामि सर्वैरनुचरैः सह ।
निवारय बलं सर्वं वयं योत्स्याम पाण्डवान् ॥ ७-१५१-९

આ અલાયુધ બ્રાહ્મણભક્ષક બકાસુરનો ભાઈ અને કિર્મીર તથા હિડિમ્બનો મિત્ર હતો. તેથી નિશાયુદ્ધમાં ભીમસેન તથા પાંડવો ઉપરનું વૈર વાળવાના ઉદ્દેશથી એ અત્યારે દુર્યોધનની કુમકે આવી પહોંચેલો (૭-૧૫૧-૧ થી ૯; ૧૫૩-૪). ભીમે કેટલાક રાક્ષસોને મારેલા: જુઓ બકવધ માટે 'આદિપર્વ' અ. ૧૪૪ થી ૧૫૨; કિર્મીર વધ માટે 'આરણ્યકપર્વ' અ. ૧૨. અહીં કિર્મીરને પણ બકાસુરનો ભાઈ કહ્યો છે. હિડિમ્બવધ માટે જુઓ 'આદિપર્વ' અ. ૧૩૯ થી ૧૪૨.

('મરી ગયા, મરી ગયા'ની) ભારે બૂમરાણ કરી રહ્યા છે. તેથી એણે શકિત ફેંકવાનો નિર્ણય કર્યો. ઇન્દ્રની આ શ્રેષ્ઠ અને અસહ્ય વૈજયન્તી શકિતને, સંગ્રામમાં ખાસ અર્જુનનો જ વધ કરવા વર્ષોથી સત્કારપૂર્વક રાખી મૂકી હતી. ઇન્દ્રે કર્ણનાં બે કુંડળના બદલામાં આ શક્તિ કર્ણને આપી હતી.[૮] કર્ણે આ કાળરાત્રિ જેવી લસલસાટ કરતી પ્રદીપ્ત શક્તિને રાક્ષસ ઉપર ફેંકી. ઘટોત્કચ માર્યો ગયો. મરતાં મરતાં પણ એણે કૌરવ દળોના એક ભાગનો છુંદો કરી નાખ્યો. (કર્ણ અને દુર્યોધને અર્જુનના વધ માટે તથા તે દ્વારા પાંડવોના પરાજય માટે પ્રયત્નપૂર્વક વર્ષોથી સંઘરી રાખેલી અમોઘ શક્તિ એક રાક્ષસ ઉપર વેડફાઈ ગઈ!) ('દ્રોણપર્વ' અ. ૧૫૪)

જાણે પર્વત ફાટી પડ્યો હોય એમ ઘટોત્કચ માર્યો જતાં સર્વે પાંડવો (અભિમન્યુના વધની જેમ) શોકાકુલ થઈ ગયા. એમની આંખો આંસુથી છલકાઈ ગઈ. પણ શ્રીકૃષ્ણ રાજીના રેડ થઈ ગયા અને જાણે સિંહની જેમ ડારો દેતા હોય એમ ગર્જવા લાગ્યા. મહાનાદ કરતાં કરતાં અર્જુનને ભેટી પડ્યા. (આટલા આનંદમાં પણ એમનું મગજ ઠેકાણે હતું. એટલે) **હાથમાં લગામ બરાબર પકડીને,** મહાનાદ કરતાં કરતાં વાયુથી વીંઝાતા વૃક્ષની જેમ હર્ષાવેગમાં આવીને નૃત્ય કરવા લાગ્યા. અર્જુનને ફરીથી (ભેટીને) ગોળ ફેરવ્યો, વારંવાર થાબડ્યો અને અચ્યુત શ્રીકૃષ્ણ સારથિની બેસણી ઉપરથી ફરીથી ગર્જવા લાગ્યા. મહાબલી વાસુદેવને અસંત હર્ષિત થયેલા જોઈને અર્જુન અણગમો વ્યકત કરતા હોય એમ બોલ્યા: 'મધુસૂદન! ઘટોત્કચના વધથી મહાશોકનું કારણ આવી પડયું છે, એવે આજને ટાણે તમારો આ અતિ હર્ષ અસ્થાને છે. ઘટોત્કચને માર્યો ગયેલો જોઈને આપણાં સૈન્યો યુદ્ધમાંથી વિમુખ થયાં છે અને અમને પણ એનાં પતનથી અત્યંત ઉદ્વેગ થયો છે. **જનાર્દન! આમાં કાંઈ નાનું કારણ તો નહિ જ હોય. સત્યવ્રતોમાં શ્રેષ્ઠ!** હું તમને આ પૂછું છું, તેનો સત્ય જવાબ આપો. અરિંદમ મધુસૂદન! ધૈર્યને વિકૃત કરનારી એ વાત જો ખાનગી ન હોય તો તમારે મને અત્યારે જ કહેવી ઘટે. કારણ જનાર્દન! તમારું વર્તન મને તો સમુદ્ર ખળભળી ઊઠે (અને મર્યાદા મૂકે) તથા મેરુ પર્વત ચળે એના જેવું હલકું લાગે છે!'[૯] (૭-૧૫૫-૧ થી ૧૦). [સખા અર્જુન શ્રીકૃષ્ણને કહી શકે ખરા, અને એમનું–શ્રીકૃષ્ણનું–વાસ્તવિક દર્શન થતાં सखेति मत्वा प्रसमं यदुक्तं० (ગીતા ૧૪-૪૧ ક) વગેરે કહી ક્ષમાય માગે. ભીમસેનના શોક અંગે કોઈ પૂછતું જ નથી એ અજબ લાગે છે!)

---

૮ यासौ राजन्निहिता वर्षपूगान्वधायाजौ सत्कृता फल्गुनस्य ।
यां वै प्रादात्सूतपुत्राय शक्रः शक्तिं श्रेष्ठां कुण्डलाभ्यां निमाय ॥ ७-१५४-५३

ઇન્દ્રે કવચ–કુંડળના બદલામાં આ અમોઘ શક્તિ કર્ણને આપેલી. એ વૃત્તાંત માટે જુઓ 'આરણ્યકપર્વ' અ. ૨૮૪ થી ૨૯૪.

૯ हैडिम्बं निहतं दृष्ट्वा विकीर्णमिव पर्वतम् ।
पाण्डवा दीनमनसः सर्वे बाष्पाकुलेक्षणाः ॥ ७-१५५-१
वासुदेवस्तु हर्षेण महताभिपरिप्लुतः ।
ननाद सिंहवन्नादं व्यथयन्निव भारत ।
विनद्य च महानादं पर्यष्वजत फल्गुनम् ॥ ७-१५५-२

અર્જુનનો ઠપકો સાંભળી શ્રીકૃષ્ણે જવાબ આપ્યો: 'ધનંજય! (ઘટોત્કચના મૃત્યુને લીધે શાથી) મને અત્યંત હર્ષ થયો છે તે સાંભળ. એનાથી મારું મન અત્યારે અત્યન્ત પ્રસન્ન થઈ ગયું છે. મહાદ્યુતે ધનંજય! ઘટોત્કચે એ શક્તિ વેડફાવી દઈને કર્ણને અત્યારે જ રણમાં મારી નાખ્યો છે એમ સમજ. કાર્તિકેયની જેમ હાથમાં શક્તિ લઈને ઊભેલા કર્ણની સામે જગતમાં કયો મર્દ ઊભો રહી શકે એમ છે? (તારા અને પાંડવોના) નસીબજોગે (ઇન્દ્રે) એનાં કવચ-કુંડળ હરી લીધાં છે અને અમોઘ શક્તિ ઘટોત્કચ ઉપર વેડફાઈ ગઈ છે. કારણ કે જો બલવાન કર્ણ કવચ-કુંડળ સાથે (વ્યૂહબદ્ધ થઈને લડતો) હોય તો દેવો સહિત ત્રણે લોકોને એકલો જ જીતી લે. ઇન્દ્ર, કુબેર, જલેશ્વર વરુણ કે યમ પણ (કવચ-કુંડળવાળા વ્યૂહબદ્ધ સેનાની) કર્ણનો યુદ્ધમાં સામનો કરવાની હામ ભીડી ન શકે. વળી આપશ્રી ગાંડીવ અને હું સુદર્શન ચક્રથી આક્રમણ કરીએ તો પણ કવચ-કુંડળધારી નરર્ષભ કર્ણને હરાવી શકીએ નહિ! ઇન્દ્રે તારા હિત માટેજ પરપુરંજય કર્ણને ફોસલાવીને કુંડળ હરી લીધાં છે તથા એને કવચવિહીન કરી નાખ્યો છે. નિર્મળ કવચ-કુંડળને શરીર ઉપરથી ઉતરડીને એણે ઇન્દ્રને આપી દીધાં છે માટે તો વૈકર્તન (કાપનાર) કહેવાય છે.[૧૦] કોપેલો ઝેરી નાગ જેમ મન્ત્રતેજથી સ્તમ્ભિત થઈ જાય, એમ કર્ણ મને હવે

---

स विनद्य महानादमभीशून्संनियम्य च ।
ननर्त हर्षसंवीतो वातोद्धूत इव द्रुमः ॥ ७-१५५-३

ततो विनिर्भ्राम्य पुनः पार्थमास्फोट्य चासकृत् ।
रथोपस्थगतो भीमं प्राणदत्पुनरच्युतः ॥ ७-१५५-४

प्रहृष्टमनसं ज्ञात्वा वासुदेवं महाबलम् ।
अब्रवीदर्जुनो राजन्नातिहृष्टमना इव ॥ ७-१५५-५

अतिहर्षोऽयमस्थाने तवाद्य मधुसूदन ।
शोकस्थाने परे प्राप्ते हैडिम्बस्य वधेन वै ॥ ७-१५५-६

विमुखानि च सैन्यानि हतं दृष्ट्वा घटोत्कचम् ।
वयं च भृशमाविग्ना हैडिम्बस्य निपातनात् ॥ ७-१५५-७

**नैतत्कारणमल्पं हि भविष्यति** जनार्दन ।
तदद्य शंस मे पृष्टः सत्यं सत्यवतां वर ॥ ७-१५५-८

यद्येतन्न रहस्यं ते वक्तुमर्हस्यरिंदम ।
धैर्यस्य वैकृतं ब्रूहि त्वमद्य मधुसूदन ॥ ७-१५५-९

समुद्रस्येव संक्षोभो मेरोरिव विसर्पणम् ।
तथैतल्लाघवं मन्ये तव कर्म जनार्दन ॥ ७-१५५-१०

૭-૧૫૫-૮ સાથે સર° 'આદિ પર્વ' ૫૬-૪. જુઓ પ્રકરણને અંતે પરિશિષ્ટ ૧.

૧૦. વિ-કર્તન=સૂર્ય. અંધકારને કાપે છે તેથી. સૂર્યનો પુત્ર માટે વૈકર્તન એમ પણ થાય.

उत्कृत्य कवचं यस्मात्कुण्डले विमले च ते ।
प्रादाच्छक्राय कर्णो वै तेन वैकर्तनः स्मृतः ॥ ७-१५५-१९

શાન્ત પડેલી જ્વાળાવાળા અગ્નિ જેવો ( નિર્બળ ) ભાસે છે. જ્યારથી દિવ્ય કવચ-કુંડળના બદલામાં ઇન્દ્ર પાસેથી શક્તિ કર્ણને મળી ત્યારથી એ સદાય યુદ્ધમાં તું માર્યો ગયો છે એમ જ માનતો હતો, પણ એ તો ઘટોત્કચ ઉપર વપરાઈ ગઈ ! આમ છે છતાં પણ હું સત્યના સોગંદ ખાઈને કહું છું કે પુરુષશ્રેષ્ઠ ! તારા સિવાય બીજો કોઈ એને મારી શકે એમ નથી ! કર્ણ બ્રહ્મણ્ય ( ધાર્મિક વૃત્તિનો ), ( સ્થૂલ ) સત્યવાદી, તપસ્વી, દઢ વ્રતધારી અને દુશ્મનો પ્રત્યેય દયાળુ છે. માટે એ 'વૃષન્'—વૃષ્ટિ કરનાર વીરનર—કહેવાય છે. એ યુદ્ધશૂર, મહાબાહુ, ધનુષ્યને સદા સજ્જ રાખનાર અને વનમાં મદમત્ત માતંગોના યૂથપતિઓનું મર્દન કરનાર છે. પુરુષવ્યાઘ્ર ! તારા મુખ્ય મહાયોદ્ધાઓ પણ મધ્યાહ્નકાળના સૂર્ય જેવા એ તેજસ્વી કર્ણની સામે જોઈ શકે એમ નથી. એ તો શરદ ઋતુના હજારો કિરણોવાળા સૂર્યની જેમ હજારો બાણજાળરૂપી કિરણોવાળો છે. વર્ષાઋતુના વૃષ્ટિમાન મેઘની જેમ દિવ્યાસ્ત્રોની જલધારાઓ વરસાવનારો કર્ણ, ઇન્દ્રે આપેલી શક્તિ ચાલી જવાથી ( સાધારણ ) મનુષ્ય થઈ ગયો છે. ( એમ છતાં એકાગ્ર ચિત્તે લડતા ) એને મારવાનો એક જ ઉપાય છે. બરાબર સાવધાન રહીને એ આફતમાં આવી પડે ત્યારે આવા છિદ્ર અંગે અગાઉ વિચારેલા સંકેત પ્રમાણે એને હણી નાખવો. જરાસંધ, ચેદિરાજ શિશુપાલ અને મહાપરાક્રમી મહાબલવાન નિષાદ એકલવ્ય—એમ સર્વને એક પછી એક ( વીણી વીણીને ) તે તે ઉપાયો દ્વારા મેં તારા હિત માટે મારી નાખ્યા છે. વળી હિડિમ્બ, કિર્મીર, બક, શત્રુસેનાનું મર્દન કરનાર અલાયુધ અને ઉગ્ર કર્મ કરનાર વેગવાન ઘટોત્કચ વગેરે બીજા રાક્ષસેન્દ્રોને પણ મેં મારી નાખ્યા છે.'[૧૧] ( ૭-૧૫૫-૧૧ થી ૩૦ )

---

૧૧ जरासंधश्चेदिराजो महात्मा महाबलश्चैकलव्यो निषादः ।
एकैकशो निहताः सर्व एव योगैस्तैस्तैस्त्वद्धितार्थं मयैव ॥ ७-१५५-२९

अथापरे निहता राक्षसेन्द्रा हिडिम्बकिर्मीरबकप्रधानाः ।
अलायुधः परसैन्यावमर्दी घटोत्कचश्चोग्रकर्मा तरस्वी ॥ ७-१५५-३०

(क) જરાસંધ અને શિશુપાલના વધનો વૃત્તાંત, આગળ જે તે પ્રકરણોમાં છે. નિષાદ એકલવ્યને માર્યાના નિર્દેશ ૫-૪૭-૭૧ અને ૧૬-૭-૧૦માં છે. પરન્તુ દ્રોણે જેનો અંગૂઠો ગુરુદક્ષિણામાં લીધેલો તે આ કે બીજો તેની સ્પષ્ટતા થતી નથી.

હિડિમ્બ, કિર્મીર, બકને ભીમસેને તથા અલાયુધને ઘટોત્કચે મારેલા. ઘટોત્કચ તો અહીં વર્ણવ્યા પ્રમાણે કર્ણના હાથે માર્યો ગયેલો. અર્થાત્ નિયન્તા શ્રીકૃષ્ણે એ બધાને મૃત્યુ પામે તેવા સંયોગોમાં મૂકેલા એમસ મજવું.

આ પછી 'દ્રોણપર્વ' अ. ૧૫૬માં જરાસંધાદિને કયા કયા ઉપાયોથી પોતે મારી નાખ્યા એનો શ્રીકૃષ્ણપ્રોક્ત હેવાલ છે. ઘટોત્કચ જેવો, ભલે રાક્ષસોમાં ભળી ગયેલો છતાં, અત્યંત પિતૃભક્ત, પ્રેમાળ અને જવાંમર્દ યુવાન મૃત્યુ પામ્યો, તે કારણે શ્રીકૃષ્ણ રાજીના રેડ થઈ ગયા. કારણ અર્જુન સલામત બન્યા. આ હકીકત સ્વાર્થી અંશ અભિવ્યક્ત કરે છે. તેથી તેનો ખુલાસો કરવા अ. ૧૫૬ મ.ભા.માં ઘણા પ્રાચીન કાળમાં દાખલ કરવામાં આવ્યો હોય એમ જણાય છે. જુઓ પ્રકરણને અંતે પરિશિષ્ટ ૧માં अ. ૧૫૬નો સાર.

(ख) કર્ણની શક્તિ વેડફી મરાવ્યાનો આ પ્રસંગ સ્થૂળરૂપે શ્રીકૃષ્ણનું નયવિધાન, અને સૂક્ષ્મરૂપે પરમાત્માનું સખા નરનું રક્ષણ કરતું 'સંરક્ષક' રૂપ વ્યક્ત કરે છે.

ઇન્દ્રની શક્તિ ઘટોત્કચ ઉપર વેડફાઈ ગઈ જાણીને ધૃતરાષ્ટ્રને આંચકો લાગ્યો. એણે સંજયને ખુલાસો પૂછ્યો: 'શક્તિ એકને જ મારે એમ હતી તો કર્ણે એને અર્જુન ઉપર જ કેમ ન ફેંકી? અર્જુનનું મહાવ્રત છે કે 'आहूतो न निवर्तेयम्' આહ્વાન થતાં હું પાછો ફરું નહિ,' તો કર્ણે એને શા માટે આહ્વાન આપીને શક્તિથી ન માર્યો? ખરેખર મારો પુત્ર બુદ્ધિવિહીન છે. એને (બુદ્ધિશાળીની) સહાય નથી. શત્રુઓએ એને ભગ્નાશ કર્યો છે, એ કયી રીતે જીતે? જે પરમ શક્તિ એની જીતનું સાધન હતી તેને તો વાસુદેવે ઘટોત્કચ ઉપર વેડફાવી દીધી છે. જેમ ઠૂંઠા માણસના હાથમાં આવેલા બિલા (નામના ફળ)ને કોઈ બળવાન ઝૂંટવી લે, એમ એ અમોઘ શક્તિ ઘટોત્કચ ઉપર વપરાવી નાખીને જાણે કે કૃષ્ણે પડાવી લીધી છે! જેમ વરાહ અને કૂતરાની લડાઈમાં બંને માર્યા જતાં શ્વપાકને લાભ થાય છે, એવી રીતે કર્ણ-ઘટોત્કચના યુદ્ધમાં વાસુદેવને લાભ થયો છે એમ મને લાગે છે! **'જો ઘટોત્કચ કર્ણને મારે તો પાંડવોને પરમ લાભ છે. અને જો કર્ણ કદાચ ઘટોત્કચને મારશે તો શક્તિ વેડફાતાં પાંડવોનું કામ નીકળી જશે!' એ રીતે પ્રજ્ઞાથી વિચારીને પ્રાજ્ઞ નરસિંહ વાસુદેવે પાંડવોનું પ્રિય અને હિત કરવા માટે ઘટોત્કચને કર્ણ સાથે ભિડાવી દીધો છે.'**[૧૨] (૭-૧૫૭-૧ થી ૧૦)

સંજયે ઉત્તર આપ્યો: 'રાજાજી! 'શક્તિથી અર્જુનને મારવો જ છે' એવો કર્ણનો નિર્ણય જાણવામાં આવતાં જ મધુસૂદન શ્રીકૃષ્ણે રાક્ષસરાજ ઘટોત્કચને તેની સામે દ્વૈરથ યુદ્ધ કરવા નીમ્યો હતો. **તમારા દુર્વિચારોને કારણે** મહાબુદ્ધિશાળી જનાર્દને મહાવીર્યવાન ઘટોત્કચને અમોઘ શક્તિના નાશ માટે પ્રયોજ્યો હતો. જો શ્રીકૃષ્ણ મહારથી કર્ણના સપાટામાંથી અર્જુનનું રક્ષણ ન કરે, તો તત્ક્ષણ આપણું કાર્ય પૂર્ણ થઈ જાય! (આંતર અને બાહ્ય વિગ્રહની સફળ વ્યૂહરચનાના નિષ્ણાત) યોગેશ્વર પ્રભુ જનાર્દન શ્રીકૃષ્ણ વિના તો ધૃતરાષ્ટ્ર રાજા! અર્જુન ઘોડા, ધ્વજ અને રથ સહિત સમરાંગણમાં ઢળી જ પડે! એ શ્રીકૃષ્ણ જાતજાતના અનેક ઉપાયોથી અર્જુનનું રક્ષણ કરે છે. અને શ્રીકૃષ્ણના રક્ષણ નીચે અર્જુન શત્રુઓને સામે મોંઢે જીતી લે છે. તેમાંય કર્ણની અમોઘ શક્તિના મારામાંથી તો શ્રીકૃષ્ણે અર્જુનની ખાસ રક્ષા કરી હતી. નહિ તો વીજળી પડવાથી વૃક્ષનો નાશ થઈ જાય એમ જો શક્તિ ફેંકાઈ હોત તો અર્જુન માર્યો જાત.'[૧૩] (૭-૧૫૭-૧૧ થી ૧૬)

---

૧૨ घटोत्कचो यदि हन्याद्धि कर्णं परो लाभः स भवेत्पाण्डवानाम् ।
वैकर्तनो वा यदि तं निहन्यात्तथापि कृत्यं शक्तिनाशात्कृतं स्यात् ॥ ७-१५७-९
इति प्राज्ञः प्रज्ञयैतद्विचार्य घटोत्कचं सूतपुत्रेण युद्धे ।
अयोधयद्वासुदेवो नृसिंहः प्रियं कुर्वन्पाण्डवानां हितं च ॥ ७-१५७-१०

સર૦ ૧-૧-૧૪૧, ૧૪૨માં ધૃતરાષ્ટ્રનાં વચન: 'ઇન્દ્રે દીધેલી દિવ્ય શક્તિને માધવે રાક્ષસ ઘટોત્કચની ઉપર મુકાવી, અને જેનાથી અર્જુનને લડાઈમાં મારી શકાત તેને વેડફાવી દીધી, એમ સાંભળ્યું, ત્યારે સંજય! મેં જીતવાની આશા મૂકી દીધી.'

૧૩ एतच्चिकीर्षितं ज्ञात्वा कर्णे मधुनिहा नृप ।
नियोजनामास तदा द्वैरथे राक्षसेश्वरम् ॥ ७-१५७-११
घटोत्कचं महावीर्यं महाबुद्धिर्जनार्दनः ।
अमोघाया विधातार्थं राजन्दुर्मन्त्रिते तव ॥ ७-१५७-१२

દુઃખી હૃદયે ધૃતરાષ્ટ્ર બોલ્યો : 'મારો દીકરો વિરોધી (દુશ્મનો વધારનારો), નાલાયક મન્ત્રીઓવાળો અને પોતે બુદ્ધિશાળી હોવાનો ફાંકો રાખે છે, પણ વિજય મેળવવાનો (અર્જુનને મારી નાખવાનો) લાગ તો ચાલ્યો ગયો છે! પણ ઓ મહાબુદ્ધિશાળી! તું એમને આ સમજ પાડવાનું કેમ ભૂલી ગયો? તેં શા માટે એમને જગાડ્યા નહિ?!' (૭-૧૫૭-૧૭, ૧૮)

સંજયે ખુલાસો કર્યો: 'પ્રત્યેક રાત્રિએ દુર્યોધન, શકુનિ, હું અને દુઃશાસન સમર્થના (= અશક્ય વસ્તુ સિદ્ધ કરવા માટેની દઢાગ્રહી વિચારણા. અવધ્ય શ્રીકૃષ્ણ–અર્જુનના વધની) કરતા કે, 'કર્ણ! તું સર્વ સૈન્યોને પડતાં મૂકીને અર્જુનને જ મારી નાખજે. પછી તો આપણે પાંડવો અને પાંચાલોને નોકર જેવા બનાવી દઈશું. અથવા એમ લાગતું હોય કે અર્જુન માર્યો જતાં શ્રીકૃષ્ણ પાંડવોમાંના કોઈ એકને યુદ્ધ કરવા નીમી દેશે તો, તું કૃષ્ણને જ મારી નાખજે. કારણ કે કૃષ્ણ પાંડવોનું મૂળ છે, અર્જુન તેનું થડ છે, બીજા પાંડવો ડાળીઓ છે, અને પાંચાલો પાંદડાં છે. પાંડવોને કૃષ્ણનો આધાર છે, કૃષ્ણ એમનું બળ છે અને કૃષ્ણ એમના નાથ–રક્ષક–છે. ચન્દ્ર જેમ નક્ષત્રોનું પરમ આશ્રયસ્થાન છે, એમ કૃષ્ણ પાંડવોનું પરમ આશ્રયસ્થાન છે.[૧૪] તેથી

---

જુઓ ઉપર નોંધ ૧, ૭-૧૨૭-૬નો સંદર્ભ.

तदैव कृतकार्या हि वयं स्याम कुरूद्वह ।
न रक्षेयदि कृष्णस्तं पार्थं कर्णान्महारथात् ॥ ७-१५३-१३
साश्वध्वजरथः संख्ये धृतराष्ट्र पतेद्भुवि ।
विना जनार्दनं पार्थो योगानामीश्वरं प्रभुम् ॥ ७-१५७-१४
तैस्तैरुपायैर्बहुमी रक्ष्यमाणः स पार्थिव ।
जयत्यभिमुखः शत्रून्पार्थः कृष्णेन पालितः ॥ ७-१५७-१५
सविशेषं त्वमोघायाः कृष्णोऽरक्षत पाण्डवम् ।
हन्यात्क्षिप्रा हि कौन्तेयं शक्तिर्वृक्षमिवाशनिः ॥ ७-१५७-१६

१४ दुर्योधनस्य शकुनेर्मम दुःशासनस्य च ।
रात्रौ रात्रौ भवत्येषा नित्यमेव समर्थना ॥ ७-१५७-१९
श्वः सैन्यानुत्सृज्य जहि कर्ण धनंजयम् ।
प्रेष्यवत्पाण्डुपाञ्चालानुपभोक्ष्यामहे ततः ॥ ७-१५७-२०
अथ वा निहते पार्थे पाण्डुष्वन्यतमं ततः ।
स्थापयेद्युधि वार्ष्णेयस्तस्मात्कृष्णो निपात्यताम् ॥ ७-१५७-२१
कृष्णो हि मूलो पाण्डूनां पार्थः स्कन्ध इवोद्गतः ।
शाखा इवेतरे पार्थाः पाञ्चालाः पत्रसंज्ञिताः ॥ ७-१५७-२२

૭-૧૫૭-૨૨ સાથે સર૦ ૫-૨૯-૪૬ અને ૧-૧-૬૬ : 'યુધિષ્ઠિર ધર્મમય મહાદ્રુમ છે. અર્જુન થડ. ભીમસેન ડાળીઓ. નકુલ–સહદેવરૂપી પુષ્પફળથી એ સમૃદ્ધ છે. અને કૃષ્ણ, બ્રહ્મ તથા બ્રહ્મવેત્તાઓ એનું મૂળ છે.' વળી સર૦ ગીતા. ૧૪-૨૭ : 'હું જ અમૃત અને અવ્યય બ્રહ્મની, સનાતન ધર્મની અને એકાન્તિક પરમ સુખની સ્થિતિ છું.' પૂરી વિગત માટે જુઓ ખંડ ૨, પ્રકરણ ૧૧, 'કર્મનિશ્ચયજ્ઞ'. સૂક્ષ્મ રીતે જે પરમેશ્વર ધર્મમય વૃક્ષનું મૂળ છે, તે સ્થૂળ રીતે પણ છે જ.

કર્ણ ! પાંદડાં, શાખાઓ અને થડને છોડી દઈને પાંડવોના સર્વદા સર્વત્ર મૂળરૂપી કૃષ્ણની કતલ કરી નાખ. કર્ણ જો યાદવનન્દન કૃષ્ણને મારી નાખે તો સંપૂર્ણ પૃથ્વી રાજા ધૃતરાષ્ટ્ર ! તમારા કબ્જામાં આવી જાય એમાં શંકા જ નથી. જો યદુકુલપાંડવનન્દન (યાદવો અને પાંડવોને આનન્દ આપનાર) મહાત્મા શ્રીકૃષ્ણ હણાઈને ભૂમિશયન કરે તો નરેન્દ્ર ધૃતરાષ્ટ્ર ! પર્વત-સમુદ્ર-વન સહિતની આ સમગ્ર પૃથ્વી ખરેખર તમારે તાબે થઈ જાય ! કર્ણે પણ એવો જ નિર્ણય કરેલો. (અર્જુન અથવા તો શ્રીકૃષ્ણ બેમાંથી એકને મારી જ નાખવા.) પરન્તુ દેવાધિદેવ અપ્રમેય હૃષીકેશ કૃષ્ણ જાગ્રત (સાવધાન) હતા એટલે કર્ણ સંગ્રામ વખતે મુંઝાઈ ગયો. વળી કેશવ કુન્તીપુત્ર અર્જુનનું સદા રક્ષણ કરે છે. એટલે એને સૂતપુત્ર કર્ણની સામે સંગ્રામમાં ઊભો રાખવા ઇચ્છતા નથી. 'કર્ણની એ અમોઘ શક્તિને હું કેવી રીતે નિષ્ફળ કરું ?' એમ વિચારીને શ્રીકૃષ્ણ એની સામે બીજા મહારથીઓને મોકલતા.[૧૫] (ઘટોત્કચના મૃત્યુ પછી) સાત્યકિએ શ્રીકૃષ્ણને પૂછેલું: 'અમિતવિક્રમ કૃષ્ણ ! કર્ણને શક્તિથી (શ્રીકૃષ્ણ અથવા અર્જુનનો વધ કરવાની ખાતરી હતી તો પણ એણે શા માટે અર્જુન ઉપર શક્તિ ન ફેંકી ?' (૭-૧૫૭-૧૯ થી ૩૧)

'ત્યારે અર્જુનના હિત અને પ્રિયમાં તત્પર શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો હતો: દુર્યોધનના પ્રમુખપદે દુઃશાસન, કર્ણ, શકુનિ અને જયદ્રથ સતત મન્ત્રણા ચલાવતા અને કર્ણને કહેતા: 'યુદ્ધમાં અમાપ પરાક્રમ કરનારા મહાધનુર્ધર કર્ણ ! ઓ કર્ણ ! ઓ વિજયીશ્રેષ્ઠ ! તારે આ શક્તિ મહારથી કુન્તીપુત્ર ધનંજય સિવાય બીજા કોઈ ઉપર ફેંકવી નહિ. કારણ કે તે દેવોમાં ઇન્દ્રની જેમ પાંડવોમાં યશસ્વી છે. એ મૃત્યુ પામશે એટલે સૃઞ્જયો સહિત સર્વે પાંડવો,

---

कृष्णाश्रयाः कृष्णबलाः कृष्णनाथाश्च पाण्डवाः ।
कृष्णः परायणं चैषां ज्योतिषामिव चन्द्रमाः ॥ ७-१५७-२३

ભૌતિક અને આત્મિક સર્વ પ્રકારની ઉન્નતિ માટે, કૃષ્ણ જ, સ્વયં પરમાત્મા જ, પાંડવોના અનન્ય આશ્રય છે. પાંડવો પરમાત્માના તાબેદાર છે.

૧૫ तस्मात्पर्णानि शाखाश्च स्कन्धं चोत्सृज्य सूतज ।
कृष्णं निकृन्धि पाण्डूनां मूलं सर्वत्र सर्वदा ॥ ७-१५७-२४
हन्याद्यदि हि दाशार्हं कर्णो यादवनन्दनम् ।
कृत्स्ना वसुमती राजन्वशे ते स्यान्न संशयः ॥ ७-१५७-२५
यदि हि स निहतः शयीत भूमौ यदुकुलपाण्डवनन्दनो महात्मा ।
ननु तव वसुधा नरेन्द्र सर्वा सगिरिसमुद्रवना वशं व्रजेत ॥ ७-१५७-२६
सा तु बुद्धिः कृताप्येवं जाग्रति त्रिदशेश्वरे ।
अप्रमेये हृषीकेशे युद्धकाले व्यमुह्यत ॥ ७-१५७-२७
अर्जुनं चापि कौन्तेयं सदा रक्षति केशवः ।
न ह्येनमैच्छत्प्रमुखे सौतेः स्थापयितुं रणे ॥ ७-१५७-२८
अन्यांश्चास्मै रथोदारानुपस्थापयदच्युतः ।
अमोघां तां कथं शक्तिं मोघां कुर्यामिति प्रभो ॥ ७-१५७-२९

( પોષણના સાધનરૂપ ) અગ્નિવિહીન થયેલા દેવોની જેમ, મૃત્યુ પામશે.' શિનિપુંગવ ! એટલે કર્ણે 'હું એમ જ કરીશ' એવી પ્રતિજ્ઞા કરેલી અને એના હૃદયમાં ગાંડીવધન્વા અર્જુનના વધનો વિચાર ઘોળાયા કરતો. પરન્તુ યોદ્ધાઓમાં શ્રેષ્ઠ સાત્યકિ ! હું જ કર્ણને મોહ પમાડી દેતો હતો, તેથી એ શ્વેતવાહન અર્જુન ઉપર શક્તિ ફેંકી શક્યો નહોતો.[૧૬] યુધાંવર ! એ શક્તિને, લડવા ઇચ્છતા અર્જુનનું મૃત્યુ સમજીને મને નિદ્રા અને આનંદ થતાં નહિ. પરન્તુ શિનિપુંગવ ! એ શક્તિને ઘટોત્કચ ઉપર વેડફાઈ ગયેલી જોઈ તેથી, હું આજે અર્જુનને મૃત્યુના મુખમાંથી છૂટી ગયેલો જોઉં છું. **( આંતરિક અને બાહ્ય ) સંગ્રામમાં બીભત્સુ અર્જુનને બચાવવાની મને જેટલી કાળજી છે, (અર્જુન મારે જેટલો રક્ષણ કરવા યોગ્ય છે ) એટલી મારા પિતા, માતા, તમે, ભાઈઓ અને મારા પ્રાણને બચાવવાની પણ નથી.**[૧૭] સાત્વત સાત્યકિ ! ( ઘણું કહેવાથી શું ? ) ત્રૈલોક્યના રાજ્ય કરતાંય કોઈ ચીજ સુદુર્લભ હોય તો તેને

---

૧૬ दुःशासनश्च कर्णश्च शकुनिश्च ससैन्धवः ।
सततं मन्त्रयन्ति स्म दुर्योधनपुरोगमाः ॥ ७-१५७-३२

कर्ण कर्ण महेष्वास रणेऽमितपदाक्रम ।
नान्यस्य शक्तिरेषा ते मोक्तव्या जयतां वर ॥ ७-१५७-३३

ऋते महारथात्पार्थात्कुन्तीपुत्राद्धनंजयात् ।
स हि तेषामतियशा देवानामिव वासवः ॥ ७-१५७-३४

तस्मिन्विनिहते सर्वे पाण्डवा सृञ्जयैः सह ।
भविष्यन्ति गतात्मानः सुरा इव निरग्नयः ॥ ७-१५७-३५

तथेति च प्रतिज्ञातं कर्णेन शिनिपुंगव ।
हृदि नित्यस्य तु कर्णस्य वधो गाण्डीवधन्वनः ॥ ७-१५७-३६

अहमेव तु राधेयं मोहयामि युधां वर ।
यतो नावसृजच्छक्तिं पाण्डवे श्वेतवाहने ॥ ७-१५७-३७

१७ फल्गुनस्य हि तां मृत्युमवगम्य युयुत्सतः ।
न निद्रा न च मे हर्षो मनसोऽस्ति युधां वर ॥ ७-१५७-३८

घटोत्कचे व्यंसितां तु दृष्ट्वा तां शिनिपुंगव ।
मृत्योरास्यान्तरान्मुक्तं पश्याम्यद्य धनंजयम् ॥ ७-१५७-३९

**न पिता न च मे माता न यूयं भ्रातरस्तथा ।
न च प्राणास्तथा रक्ष्या यथा बीभत्सुराहवे ॥ ७-१५७-४०**

ભારતભવ્ય કવિ વેદવ્યાસે અસાધારણ કુશળતાથી હિંસક યુદ્ધના વર્ણનની વચ્ચે અન્તરમાં ચાલતા ઘનઘોર યુદ્ધમાં અર્જુનરૂપી સરળ જીવની પડખે ઊભા રહીને તેનું કપરામાં કપરા સંયોગોમાં પણ રક્ષણ કરતા શ્રીકૃષ્ણનું, પરમાત્માનું, દર્શન કરાવ્યું છે. એમ લાગે છે કે મનમાં રહેલાં 'ધાર્મિકતા'નાં, 'સાંપ્રદાયિકતા'નાં અને અન્ય સર્વ પૂર્વગ્રહોરૂપ જાળાંરૂપી રૂઢિચુસ્ત કર્ણને ( રૂઢિચુસ્તતાનું રક્ષણ કરતાં કવચ-કુંડળ અને એની પાસે આક્રમણ કરાવતી શક્તિને નિષ્ફળ કરાવીને ) જીતીને તેના વિવિધ ફાંસલાઓમાંથી પ્રકાશાભિમુખ સરળ આત્માની રક્ષાના રૂપક તરીકે આ પ્રસંગનો વિનિયોગ કર્યો છે.

પણ હું પાર્થ ધનંજયના વિના ઇચ્છું નહિ ! એટલે યુયુધાન ! જાણે મૃત્યુ પામીને પાછો આવ્યો હોય એવા પાર્થ અર્જુનને દેખીને મને અત્યન્ત આનન્દ થાય છે ! એટલે તો મેં (ન છૂટકે) રાક્ષસ ઘટોત્કચને યુદ્ધમાં કર્ણનો સામનો કરવા મોકલેલો. કારણ કે રાત્રિયુદ્ધમાં એના સિવાય કર્ણને હંફાવવાની કોઈની તાકાત નહોતી.''[૧૮] (૭-૧૫૭-૩૨ થી ૪૪)

[ શ્રીકૃષ્ણની પ્રસન્નતાનું આ બીજું વર્ણન વધુ સંગત છે. એમાં અર્જુનનું રક્ષણ કર્યાની પ્રસન્નતા અભિવ્યક્ત થાય છે, અને શ્રીકૃષ્ણના નિર્મળ વ્યક્તિત્વ ઉપર કોઈ જાતનો મેલ લાગે તેવું કંઈ નથી. અર્જુન > પાંડવો > દૈવી સંપત્તિના રક્ષણની જવાબદારી મુખ્ય સેનાપતિના પણ ઉપરી સર્વસેનાપતિના નેતાએ કુનેહપૂર્વક અદા કરી તેનું સ્વાભાવિક દર્શન છે. ]

વૃત્તાંત સાંભળીને ધૃતરાષ્ટ્ર સંજય ઉપર ખૂબ ચિડાયો. એણે સંજયને કહ્યું કે, 'શક્તિ વેડફી મારવાની અ-નીતિમાં (મૂર્ખતામાં) કર્ણ, દુર્યોધન, શકુનિનો વાંક તો છે જ, પરંતુ તારો વાંક તો સૌથી વધારે છે!..(તેં બરાબર સલાહ આપી નહિ. કારણ કે) શા માટે યુદ્ધની શરૂઆતમાં જ કર્ણે એ શક્તિને દેવકીસુત શ્રીકૃષ્ણ અથવા અર્જુન ઉપર ન છોડી?' (૭-૧૫૮-૧ થી ૩). (હાય! ધૃતરાષ્ટ્રની વાતમાં તથ્ય હતું જ. પણ અભિમાની કર્ણ ભીષ્મ જીવતા હોય ત્યાં સુધી લડવા આવે એમ જ કયાં હતો? રાજનીતિમાં પણ અભિમાની અત્યંત ગંભીર ભૂલો કરે જ. ગર્વ દરેક ક્ષેત્રમાં ભૂલો કરાવે છે.)

(હવે આ જ બનાવનું ત્રીજા પ્રકારનું નિષ્ફળ થયેલા અભિમાની માણસોને આશ્વાસન લેવાનું વર્ણન:)

સંજય બોલ્યો : 'કુરુશ્રેષ્ઠ રાજાજી! (અમારો કોઈનો વાંક નથી.) અમે તો સંગ્રામમાંથી પાછા ફર્યા પછી રોજ રાત્રે કર્ણને સલાહ આપતા કે, કર્ણ! ઓ કર્ણ! તારે આ શક્તિ આવતી કાલે સવારના પહોરમાં જ કૃષ્ણ અથવા અર્જુન ઉપર ફેંકવી. એમ છતાં રાજાજી! કર્ણ અને બીજા યોદ્ધાઓની એ બુદ્ધિનો દેવો નાશ કરી નાખતા. એટલે મને લાગે છે કે **આમાં દૈવ જ ખરું કારણ છે**, કારણ કે ઉદય પામેલી કાળરાત્રિ જેની શક્તિ હાથમાં હતી છતાં પણ દેવોએ બુદ્ધિનો નાશ કરી નાખ્યો હતો તેથી એ અર્જુન કે કૃષ્ણને હણી શકયો નહિ. દેવની માયાથી મોહિત થઈને એ દેવકીપુત્ર શ્રીકૃષ્ણ કે સાક્ષાત્ ઇન્દ્ર જેવા અર્જુનના વધ માટે ઇન્દ્રની શક્તિ ફેંકી શકયો નહિ!' (૭-૧૫૮-૪ થી ૮)[૧૯]

---

૧૮ त्रैलोक्यराज्याद्यत्किंचिद्भवेदन्यत्सुदुर्लभम् ।
नेच्छेयं सात्वताहं तद्विना पार्थं धनंजयम् ॥ ૬-૧૫૭-૪૧

अतः प्रहर्षः सुमहान्युयुधानाद्य मेऽभवत् ।
मृतं प्रत्यागतमिव दृष्ट्वा पार्थं धनंजयम् ॥ ७-१५७-४२

अतश्च प्रहितो युद्धे मया कर्णाय राक्षसः ।
न ह्यन्यः समरे रात्रौ शक्तः कर्णं प्रबाधितुम् ॥ ७-१५७-४३

૧૯ ततः प्रभातसमये राजन्कर्णस्य दैवतैः ।
अन्येषां चैव योधानां सा बुद्धिर्नश्यते पुनः ॥ ७-१५८-६

નિરાશ ધૃતરાષ્ટ્રે ચિત્કાર કર્યો : ' ખરેખર તમને દૈવે જ માર્યા છે. दैवेनैव हता यूयं। અથવા કેશવની બુદ્ધિથી કે તમારી પોતાની (કુ)બુદ્ધિથી જ માર્યા ગયા છો. ઇન્દ્રની શક્તિ, ઘાસના તરણા જેવા નગણ્ય ઘટોત્કચને મારીને ચાલી ગઈ છે. ખરેખર આ કુ-નીતિને લીધે જ કર્ણ, મારા પુત્રો અને બીજા રાજાઓ યમલોકમાં પહોંચી ગયા છે...હવે બીજા અહેવાલ કહે.' (૭-૧૫૮-૧૦ થી ૧૮)

* * *

આ રાત્રિયુદ્ધમાં ઘટોત્કચ માર્યો જતાં, ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિર અત્યંત હીન થઈ ગયા. એમણે ભીમસેનને સામનો કરવાનો આદેશ આપ્યો અને પોતે શોકાતુર થઈને નિસાસા નાખતા રથમાં ફસડાઈ પડ્યા. [ આ ન્યાયપરાયણ રાજાને માનવ પરંપરામાં ઉછરેલ અભિમન્યુ અને રાક્ષસ પરંપરામાં ઉછરેલ ઘટોત્કચ સમાન પ્રિય છે. ] ( ૭-૧૫૮-૧૯ થી ૨૨ ).

એમને વ્યથિત જોઈને શ્રીકૃષ્ણે કહ્યું : ' કૌન્તેય ! બહુ દુઃખ ન ધરો. તમારા જેવા ( મહાપુરુષ )ને આવી પ્રાકૃત પુરુષ જેવી વિકળતા છાજતી નથી. સમર્થ રાજન્ ! ઊભા થાઓ. યુદ્ધ કરો. મોટી ધુરાને વહન કરો. તમે વિકળ થશો તો વિજયી થવામાં વિઘ્ન આવી પડશે. '[૨૦] ( ૭-૧૫૮-૨૩, ૨૪ )

---

**दैवमेव परं मन्ये** यत्कर्णो हस्तसंस्थया ।
न जघान रणे पार्थं कृष्णं वा देवकीसुतम् ॥ ७-१५८-७
तथा हस्तस्थिता शक्तिः कालरात्रिरिवोद्यता ।
दैवोपहतबुद्धित्वान्न तां कर्णो विमुक्तवान् ॥ ७-१५८-८
कृष्णे वा देवकीपुत्रे मोहितो देवमायया ।
पार्थे वा शक्रकल्पे वै वधार्थं वासवी प्रभो ॥ ७-१५८-९

જુઓ ૭-૧૫૮-૭માંનું સંજયવચન : પ્રજ્ઞાહીન માણસો પોતાના કુપ્રયત્નોમાં નિષ્ફળ જતાં દૈવને બળવાન જણાવી પ્રલાપ કરે છે અને સફળ થાય તો અહંકાર કરે છે ! પુરુષાર્થી જનો નમ્રતાથી, સફળતા અનેક વસ્તુ ઉપર આધારિત હોઈ ( જુઓ ગીતા ૧૮-૧૪ ) દૈવને ધન્યવાદ આપે છે, જ્યારે અસહાયપણે ફસાઈ જતા માણસો નબળાઈને ઢાંકવા દૈવનો આશ્રય લે છે ! વિદ્વાન મનુષ્યો પણ મનને કબજામાં રાખી શકતા નથી ( જુઓ ગીતા ૨-૬૦ ). શ્રીકૃષ્ણને **ભગવાન** તરીકે સમજતો સંજય પણ શ્રીકૃષ્ણનો વધ કરવાના અશક્ય કાર્યની વારંવાર સમર્થના કરે છે. એ ક્ષુરધારા જેવા આ માર્ગની કઠણાઈ સૂચવે છે.

છેલ્લા દિવસોમાં ગાંધીજીનો, શાણા, વિદ્વાન અને દેશભક્ત ગણાતા ઘણા માણસોએ વિરોધ કરેલો. ગાંધીજી, એક ખાન અબ્દુલ ગફારખાનના અપવાદને બાદ કરતાં, એકલવાયા પડી ગયેલા તેનું અહીં સ્મરણ થાય છે.

૭-૧૫૮-૬ થી ૯ સાથે સર° ૨-૭૨-૮, ૯; ૫-૩૪-૭૮, ૭૯; ૫-૩૫-૩૩; ૫-૧૪૧-૪૪ વગેરે, અને 'ભારત-રત્ન' ( ઉ. જ. સાંડેસરા ), બીજી આવૃત્તિ, પૃ. ૩૫૭ થી ૩૬૦.

૨૦ तं तथा व्यथितं दृष्ट्वा कृष्णो वचनमब्रवीत् ।
मा व्यथां कुरु कौन्तेय नैतत्त्वय्युपपद्यते ।
वैक्लव्यं भरतश्रेष्ठ यथा प्राकृतपूरुषे ॥ ७-१५८-२३
उत्तिष्ठ राजन्युध्यस्व वह गुर्वीं धुरं विभो ।
त्वयि वैक्लव्यमापन्ने संशयो विजये भवेत् ॥ ७-१५८-२४

શ્રીકૃષ્ણનાં વચન સાંભળી ધર્મરાજે હાથ વતી આંખો લૂછી નાખી અને કહ્યું : 'મહાબાહો ! તમે ધર્મોની પરમ ગતિ જાણો છો. જે કરેલા ઉપકારને લેખામાં નથી લેતો, તેને બ્રહ્મહત્યા કર્યાનું ફળ મળે છે. જનાર્દન ! અમે વનમાં હતા ત્યારે મહાત્મા ઘટોત્કચ બાળક હતો તો પણ અમને સહાય કરતો. કૃષ્ણ ! અર્જુન સસ્ત્રો મેળવવા ગયો છે એવું જાણ્યું એટલે આ મહાધનુર્ધર કામ્યક વનમાં મારી પાસે આવ્યો અને અર્જુન પાછો આવ્યો ત્યાં સુધી (અમારું રક્ષણ કરવા માટે) અમારી સાથે રહ્યો હતો. ગન્ધમાદન ગયા ત્યારે તેણે અમને ઘણાં સંકટોમાંથી બચાવ્યા હતા. થાકેલી (માતા) દ્રૌપદીને એણે પીઠ ઉપર ઊંચકી લીધી હતી. વિગ્રહના આરંભથી જ એણે મારા માટે દુષ્કર કર્મ કર્યું છે. જનાર્દન ! (નાના ભાઈ) સહદેવ ઉપર મને સ્વાભાવિક રીતે જ જેવી પ્રીતિ છે, એવી જ બેવડી પ્રીતિ મને (પુત્ર) રાક્ષસેન્દ્ર ઘટોત્કચ ઉપર છે. એ મહાબાહુ મારો ભક્ત હતો. હું એને વહાલો હતો. અને એ મને વહાલો હતો. વાર્ષ્ણેય ! આને લીધે મને શોકના સંતાપથી ગભરામણ થાય છે. જનાર્દન ! જુઓને કૌરવો મારાં દળોને ભગાડી રહ્યા છે...દ્રોણ, કર્ણ અને દુર્યોધન ઘટોત્કચને મારીને ગર્જી રહ્યા છે. પરંતુ જનાર્દન ! અમારા પાંડવોના અને તમારા જીવતાં (આપણી નજર સમક્ષ) કર્ણની સામે લડતાં ઘટોત્કચ કેવી રીતે મરણ પામ્યો ? ! (નજર આગળ મિત્રને તો મરવા ન દેવાય એવી ધર્મની ગતિ છે.) અભિમન્યુ માર્યો ગયો ત્યારે તો અમને જયદ્રથે અટકાવ્યા હતા તથા અર્જુન તો હતો જ નહિ. દ્રોણે અભિમન્યુને મારવાની (અનીતિભરી) યુક્તિ બતાવી હતી. કર્ણે એની તલવારના બે ટુકડા કર્યા હતા. ઘાતકી કૃતવર્માએ એના ઘોડા તથા બન્ને પાર્ષ્ણિસારથિઓ—પડખાના સારથિઓ—ને મારી નાખ્યા હતા; અને બીજા મહાધનુર્ધરોએ એને પાડ્યો હતો. આમ (પ્રમાણમાં) અલ્પ કારણ માટે (ઘણું ભયાનક જોખમ ઉઠાવીને) અર્જુને જયદ્રથને મારી નાખ્યો હતો. યાદવશ્રેષ્ઠ ! મને તે બહુ ગમ્યું નથી જ. પાંડવોએ શત્રુઓને મારવા હોય તો દ્રોણ-કર્ણને જ પહેલાં મારવા જોઈએ. એને બદલે અર્જુન દૂર વસતા જયદ્રથને મારી બેઠો છે ! તેથી (ઘટોત્કચના ઘાતક) કર્ણને મારી નાખવા માટે હું જ જાઉં છું !' એમ બોલીને યુધિષ્ઠિર ધનુષ્ય ધુણાવીને ભયંકર શંખનાદ કરતા કરતા કર્ણ ઉપર ચઢી ગયા !' (૭-૧૫૮-૨૫ થી ૫૦)

એટલે તુરત જ શ્રીકૃષ્ણે અર્જુનને સૂચના આપી : 'ક્રોધાવેશમાં આવીને આ યુધિષ્ઠિર રાજા ઉતાવળા ઉતાવળા કર્ણને મારી નાખવા ધસ્યા જાય છે. તેમની ઉપેક્ષા કરવી ઠીક નથી. (કર્ણને એ પહોંચી ન શકે.)' (૭-૧૫૮-૫૧.) એમ બોલીને શ્રીકૃષ્ણે ઘોડાઓને મારી મૂકયા અને દૂર નીકળી ગયેલા રાજા યુધિષ્ઠિરની પાછળ જઈ પહોંચ્યા.[૨૧] (અને એમને સંરક્ષણ આપ્યું.) (૭-૧૫૮-૫૨).

---

સ૨° (क) क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ॥ ६–२४–३ (गीता २–३)
(ख) ° युध्यस्व...६–२४–१८ (गीता २–१८); ६–२५–३० (गीता ३–३०)
६–३३–३४ (गीता ११–३४).

૨૧. અહીં આ ઘનઘોર સંગ્રામની વચ્ચે, શોકથી ભગ્નસંકલ્પ યુધિષ્ઠિરને આશ્વાસન આપવા વેદવ્યાસ આવી પહોંચ્યા. એમણે ધર્મરાજને સમજ પાડી કે, 'કર્ણે અર્જુનની હત્યા કરવા જ શક્તિ સંઘરી રાખી હતી. પરન્તુ અર્જુન કર્ણ સામે લડવા ન ગયો એ અહોભાગ્ય છે, કારણ કે કર્ણ પીડાત એટલે

ધમસાણ યુદ્ધ કરતાં કરતાં રાત્રિના ત્રણ પ્રહર વીતી ગયા. બંને પક્ષનાં લશ્કર થાકીને લોથપોથ તથા નિદ્રાન્ધ થઈ ગયાં હતાં. એટલે અર્જુને યુદ્ધવિરામની ઘોષણા કરી. દેવો, ઋષિઓ અને સર્વ સૈનિકોએ એની પ્રશંસા કરી. યુદ્ધવિરામ થતાં સર્વ સૈનિક દળો અર્જુનની દયાળુ વાણીની પ્રશંસા કરતાં કરતાં એક મુહૂર્ત માટે ઊંઘી ગયાં. કૌરવોનાં દળો તો પ્રશંસા કરતાં બોલી ઊઠયાં : 'મહાબાહો ! વેદો, અસ્ત્રો, બુદ્ધિ, પરાક્રમ, ધર્મ અને ભૂતદયા તારામાં જ છે. અમે આરામ લઈને તને શુભેચ્છા પાઠવીએ છીએ કે પાર્થ ! તું સુખી થજે. ઓ વીર ! તું તારા મનને પ્રિય અર્થોને શીઘ્ર પામ.'[૨૨] (૭-૧૫૯-૧ થી ૪૧)

પછી કામિનીના કપોલ જેવા ઉજ્જ્વલ વર્ણનો નેત્રોને આનન્દ આપનાર કુમુદનાથ ચન્દ્ર માહેન્દ્રી (પૂર્વ) દિશાને શોભાવતો ઊગ્યો.[૨૩] યુદ્ધ પુનઃ ચાલુ થયું (પંદરમા દિવસનું પરોઢ) (૭-૧૫૯-૪૨થી), આ દરમિયાન દુર્યોધન દ્રોણ પાસે ગયો. એમને ચિડાવ્યા અને ઉત્સાહિત પણ કર્યા (૭-૧૬૦-૧થી ૯).

---

એ શક્તિ ફેંકયા વગર રહેત જ નહિ. અને એમ થતાં (અર્જુનના મરણથી) તારા ઉપર ઘોર સંકટ આવત. (આસુરી સંપત્તિ જીતી જાત). એટલે ઘટોત્કચ માર્યો ગયો તે તો ઠીક થયું છે. તારે માટે જ ઘટોત્કચ માર્યો ગયો છે, પણ તારે ક્રોધ કે શોક ન કરવો. યુધિષ્ઠિર ! બધાં પ્રાણીઓની છેવટે આ જ સ્થિતિ છે. તમે કૌરવોની સામે યુદ્ધ કરો. પાંચમે દિવસે પૃથ્વી તમારી જ થશે. પુરુષવ્યાઘ્ર ! તું સદૈવ ધર્મનું જ ચિન્તન કર્યા કર. અને પરમ પ્રેમપૂર્વક આનૃશંસ્ય (અહિંસા), તપ, દાન, ક્ષમા અને સત્યનું સેવન કર; કારણ ધર્મ છે તો જય છે :

नित्यं च पुरुषव्याघ्र धर्ममेव विचिन्तय ।
आनृशंस्यं तपो दानं क्षमा सत्यं च पाण्डव ॥ ७-१५८-६१
सेवेथाः परमप्रीतो यतो धर्मस्ततो जयः । ७-१५८-६२-कख

એમ કહીને વેદવ્યાસ અન્તર્ધાન થઈ ગયા. (૭-૧૫૮-૫૩ થી ૬૨).

કવિના હૃદયમાં બાહ્ય યુદ્ધની સાથે જ, અન્તરના યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરવાની અભીપ્સા ભરપૂર ભરેલી દેખાય છે.

૨૨. (સંજય ધૃતરાષ્ટ્રને કહે છે :)

सा तु संप्राप्य विश्रामं ध्वजिनी तव भारत ।
सुखमाप्तवती वीरमर्जुनं प्रत्यपूजयत् ॥ ७-१५९-३१
त्वयि वेदास्तथास्त्राणि त्वयि बुद्धिपराक्रमौ ।
धर्मस्त्वयि महाबाहो दया भूतेषु चानघ ॥ ७-१५९-३२
यच्चाश्वस्तास्तवेच्छामः शर्म पार्थ तदस्तु ते ।
मनसश्च प्रियानर्थान्वीर क्षिप्रमवाप्नुहि ॥ ७-१५९-३३

સ્વભાવસિદ્ધ દયાના એક કૃત્યે દુશ્મન સૈનિકોના હૃદયમાં પ્રેમ પ્રસરાવ્યો અને વિજયી થવાનો આશીર્વાદ અપાવ્યો.

૨૩ ततः कुमुदनाथेन कामिनीगण्डपाण्डुना ।
नेत्रानन्देन चन्द्रेण माहेन्द्री दिगलंकृता ॥ ७-१५९-४२

દ્રોણાચાર્યે, 'હું વૃદ્ધ થયો છું, છતાં પરમ શક્તિથી ઘટતું પરાક્રમ કરું છું. પણ વિજયની તીવ્ર ઉત્કંઠાથી હવે હું ક્ષુદ્ર કાર્ય કરીશ.—(દિવ્ય) અસ્ત્ર નહિ જાણનારા આ બધા સૈનિકોને (દિવ્ય) અસ્ત્રવેત્તા એવો હું હણી નાખીશ. બીજી રીતે હું જે ન કરું, તેવું આપશ્રી કોઈ પણ સારું કે ખોટું કામ ચીંધશો તે હું તમારા હુકમ પ્રમાણે કરીશ. હું પ્રતિજ્ઞા કરું છું કે સર્વ પાંચાલોને મારી નાખ્યા પછી જ હું કવચ ઉતારીશ.' એમ પ્રતિજ્ઞા લીધી. પરંતુ તરત જ અર્જુનનું અપ્રતિમ પરાક્રમ વર્ણવીને ઉમેર્યું : 'આવા અર્જુનને મનુષ્યો કેવી રીતે જીતી શકે? આપણા દેખતાં જ એણે તારા આ લશ્કરને મારી નાખ્યું છે.' (૭-૧૬૦-૧૦ થી ૨૦)

પછી સર્વ ઉપર અત્યંત શંકાશીલ, નિષ્ઠુર અને પાપનિશ્ચય દુર્યોધન તથા દ્રોણાચાર્ય વચ્ચે થોડી ચડભડ થઈ. એવામાં પંદરમા દિવસનો અરુણોદય થયો. દ્રોણાચાર્યે કૌરવ સેનાને બે વિભાગમાં વહેંચીને આક્રમણ કર્યું. એ જોઈને (યોગેશ્વર) શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું : 'સવ્યસાચિન્! કૌરવ શત્રુઓને હું ડાબી તરફ કરી દઉં છું. (એમના ઉપર આક્રમણકારી સ્થાન લઉં છું)' (૭-૧૬૧-૪). અર્જુને, 'બહુ સારું, એમ કરો,' કહી અનુમતિ આપી. શ્રીકૃષ્ણના અભિપ્રાય મુજબ દ્રોણ-કર્ણને ડાબી બાજુ રાખી ઘૂમવા માંડયું. અને રણમોખરે ભીમસેનની પાસે જઈ પહોંચ્યા (૭-૧૬૦-૨૧ થી; ૧૬૧-૧ થી ૬). ભીમસેને પણ અર્જુનને પાનો ચઢાવ્યો. એમ શ્રીકૃષ્ણ અને ભીમે પ્રેરણા કરી એટલે અર્જુને કર્ણને હંફાવીને ચોમેરથી ઘેરી લીધો. પરન્તુ દ્રોણ તેમાંથી છટકયા. પાંડવ સેનાની ઉત્તર પાંખ ઉપર આક્રમણ કર્યું. વિરાટ, દ્રુપદ, દ્રુપદના ત્રણ પૌત્રો અને બીજા વીરોને મારી નાખ્યા. ધૃષ્ટદ્યુમ્ને આજે જ દ્રોણનો વધ કરવાની પ્રતિજ્ઞા લીધી.[૨૪] (૭-૧૬૧-૭ થી ૩૮)...એવામાં સંપૂર્ણ સૂર્યોદય થયો. એટલે કવચધારી યોદ્ધાઓએ (થોડીક વાર લડાઈ બંધ રાખીને?) રાત્રિ અને દિવસના સંધિકાળના સૂર્યનું ઉપસ્થાન (પૂજન) કર્યું. (૭-૧૬૧-૫૧; ૧૬૨-૧)

પુનઃ યુદ્ધારંભ થયો. આ વખતનું સંકુલ યુદ્ધ એવું તો ભયંકર હતું કે દ્રોણ અને અર્જુન સિવાય બધા વિહ્વલ, ભ્રમિત, ભયભીત અને આતુર થઈ ગયા (૭-૧૬૨-૨૦). એ સમયે ખરેખર (બધાંનું) મરણ (નિર્માયેલું) નહોતું. આ કારણથી જ બધા મહારથીઓ સામટા કપાઈ મરતા

---

૨૪ इष्टापूर्तात्तथा क्षात्राद्ब्राह्मण्याच्च स नश्यतु ।
द्रोणो यस्याद्य मुच्येत यो वा द्रोणात्पराङ्मुखः ॥ ७-१६१-३७

'જો દ્રોણ આજના યુદ્ધમાં મારા હાથમાંથી (જીવતા) છટકી જાય અથવા જો હું નાસી જાઉં તો મારાં ઇષ્ટ (યજ્ઞ-યાગાદિ પોતાના કલ્યાણ અર્થે થયેલાં કર્મ) અને પૂર્ત (પરોપકારનાં કામ—જેમ કે વાવ, કૂવા, ઔષધાલય, વિદ્યાલયનિર્માણનાં કર્મ) નાશ પામે તથા મારા ક્ષત્રિયભાવથી અને (યાજ-ઉપયાજે કરાવેલા યજ્ઞમાંથી જન્મ થયો હતો તેને લીધે પ્રાપ્ત મારા) બ્રાહ્મણત્વથી પણ હું ભ્રષ્ટ થાઉં.'

બ્રાહ્મણત્વનો આ વિશિષ્ટ ઉલ્લેખ વૈદિક 'ગવામયન' સત્રમાં ઉજવાતા 'મહાવ્રત' (પ્રજાપતિના) ઉત્સવ જેવા કોઈ યજ્ઞીય ઉત્સવમાં, ચોક્કસ નિયોગ પદ્ધતિથી થતી સંતાનોત્પત્તિનો હોઈ શકે. ધૃષ્ટદ્યુમ્ન અને દ્રૌપદી આવા કોઈ સત્રમાં (આલંકારિક રીતે યજ્ઞમાંથી) જન્મ્યાં હતાં, તે જાણીતું છે. ('ગવામયન' સત્રની વિધિના સંદર્ભ માટે જુઓ *History of Dharmaśāstra by Dr. P. V. Kane, Vol. II-II, p. 1239—1246.*)

નહોતા (૭-૧૬૨-૩૯)! દરમિયાન એક દ્વંદ્વયુદ્ધમાં નકુલે દુર્યોધનને હરાવીને ભગાડ્યો અને ધૃતરાષ્ટ્રના દુર્વિચારોને પરિણામે પડેલાં સર્વ દુઃખોને યાદ કરીને એને પડકાર્યો: 'અલ્યા ઊભો રહે, ઊભો રહે!'[૨૫] (૭-૧૬૨-૫૨).

પછી તો દ્રોણ-અર્જુનનું, આચાર્ય–શિષ્યનું દ્વંદ્વયુદ્ધ જામ્યું. અર્જુનની કુશળતાથી દ્રોણ ખુશ થયા. મનોમન એની પ્રશંસા કરવા લાગ્યા અને આ શિષ્યને પ્રતાપે સમગ્ર જગતના સર્વ શસ્ત્રવેત્તાઓ કરતાં પોતાને અધિક—સર્વોત્કૃષ્ટ માનવા લાગ્યા!...પછી તો આ અદ્ભુત સંગ્રામ જોવા માટે અન્તરિક્ષમાં પ્રેક્ષકો ભેગા થયા અને અન્તર્હિત વાણીઓ પુનઃ પુનઃ સંભળાવા માંડી: 'આ તો કદીય નહિ જોયેલું કે નહિ સાંભળેલું અજોડ આશ્ચર્યજનક યુદ્ધ છે. ઘડીકમાં દ્રોણ વધે છે, ઘડીકમાં અર્જુન વધે છે. સાક્ષાત્ રુદ્ર જ પોતાનાં બે રૂપ કરીને પોતાની સામે લડે, તો જ આ યુદ્ધની ઉપમા મળી શકે. બાકી એની ઉપમા જ નથી.' પણ તે છતાં આ પ્રેક્ષકોએ બન્નેમાં રહેલો થોડો ફરક શોધી કાઢ્યો. એ બોલ્યા:

> ज्ञानमेकस्थमाचार्ये ज्ञानं योगं च पाण्डवे ।
> शौर्यमेकस्थमाचार्ये बलं शौर्यं च पाण्डवे ॥ ७-१६३-४०

આચાર્ય દ્રોણમાં એકલું જ્ઞાન છે. પાંડવ અર્જુનમાં જ્ઞાન અને (જ્ઞાનને અમલમાં મૂકતો ક્રિયા-)યોગ છે. આચાર્યમાં એકલું શૌર્ય છે. અર્જુનમાં શૌર્ય અને (આત્મ-)બળ છે.[૨૬]... આ બન્ને ધારે તો દેવોસહિત જગતનો નાશ કરી નાખે!...' પણ ત્યારબાદ યુદ્ધની ભીષણતા પરાકાષ્ઠાએ પહોંચી. સર્વત્ર ગતિશીલ 'રિપોર્ટર' સંજય પણ કંઈ જાણી શક્યો નહિ; અને કોઈ આકાશચારી પ્રાણી પણ ત્યાં જઈ શકતું નહોતું ('દ્રોણપર્વ' અ. ૧૬૩).

આચાર્ય દ્રોણ ક્ષુદ્ર અધર્મયુદ્ધ કરવા મચી પડ્યા હતા. ત્યારે બીજી બાજુ કૃતવર્મા અને તેના ત્રણ ભાઈઓ તથા સામે ધૃષ્ટદ્યુમ્ન, નકુલ, સહદેવ એ સાત મહારથીઓ **આર્યયુદ્ધ** કરી રહ્યા

---

૨૫ तिष्ठ तिष्ठेति नकुलो बभाषे तनयं तव ।
संस्मृत्य सर्वदुःखानि तव दुर्मन्त्रितेन च ॥ ७-१६२-५२

જુઓ ઉપર નોંધ ૧

૨૬. સર૰

> यथा बलं क्रियाहीनं क्रिया वा बलवर्जिता ।
> नेह साधयते कार्यं समायुक्तस्तु सिध्यति ॥ १३-१११-२०

જેમ ક્રિયાહીન બળ અને બળ વિનાની ક્રિયા કોઈ કાર્ય સિદ્ધ કરી શકતી નથી, પણ બન્ને સાથે રહીને કાર્ય સિદ્ધ કરી શકે છે....

સર૰ 'યાજ્ઞવલ્ક્યસ્મૃતિ' (૩-૨૦૫)ના ટીકાકાર અપરાર્કનું (ઈ. સ. ૧૧૨૫ આસપાસ) વચન:

'(માત્ર) પરિજ્ઞાનથી મુક્તિ થાય છે એ માન્યતા આળસનું લક્ષણ છે. (આવું માનનાર) પંડિતો કેવળ કાયાને દુઃખ થશે એ ડરથી ક્રિયા કરતા નથી. જ્ઞાન અને કર્મના સમાયોગથી માણસ પરમને પામે છે. બન્નેનો પૃથગ્ભાવ—જ્ઞાન અને આચાર અલગ છે એવી માન્યતા—કાર્યસાધક નથી, માટે બન્નેનો આશ્રય લેવો.'

હતા[૨૭] (૭-૧૬૪-૬ થી ૧૪). એવામાં સાત્યકિ અને દુર્યોધન એ બે મિત્રો સામસામે આવી ગયા. બન્ને આવ્યા હતા તો લડવા, પણ બાલ્યાવસ્થાના પ્રસંગો યાદ કરીને એકબીજાની સામું જોઈને હસી પડતા હતા. દુર્યોધન જેવા દુષ્ટને પણ લાગી આવ્યું હશે. તેથી પોતાના દુર્વર્તનની નિન્દા કરતાં કરતાં એ બોલી પડ્યો: 'મિત્ર! ક્રોધને ધિક્કાર છે, લોભને ધિક્કાર છે, મોહને ધિક્કાર છે, અસહિષ્ણુતાને ધિક્કાર છે, ક્ષત્રિયોના આચારને ધિક્કાર છે, પ્રાકૃતિક બળને પણ ધિક્કાર છે, કારણ કે આપણે એકબીજાને જીવ કરતાં પણ વધુ વહાલા છીએ છતાં સામસામે લડવા ખડા છીએ.[૨૮] આપણાં બાળચરિત્રો મને યાદ આવે છે, પણ રણભૂમિમાં આવતાં અત્યારે એ બધાં ક્ષીણ થઈ ગયાં છે. સાત્વત! ક્રોધ અને લોભનું આખરે શું પરિણામ આવે? (તારા જેવા જીગરજાન મિત્ર સાથે) અત્યારે લડું છું! (૭-૧૬૪—૧૫ થી ૨૫)

સાત્યકિને આ લુચ્ચા માણસનો વિશ્વાસ નહિ હોય. અથવા તો સાત્યકિ વ્યવહારચતુર

---

ગુરુ અને શિષ્યમાં (દ્રોણ અને અર્જુનમાં) આ ફરક હતો. કેવળ **જ્ઞાની** આચાર્ય અસત્પક્ષે રહ્યા અને પૂરેપૂરું અધર્મયુદ્ધ લડ્યા. જ્ઞાન અને ક્રિયાના સમન્વયયોગી, જીવનયોગના ઉપાસક અર્જુન, જીવન-નિષ્ઠ શ્રીકૃષ્ણના સંપૂર્ણ શરણે જઈને ધર્મસંસ્થાપનના, દૈવી સંપત્તિ ઉપાર્જનના સત્પક્ષે રહ્યા. શૂરવીર દ્રોણનું શૌર્ય દુષ્ટોની મદદે ગયું. શૌર્ય અને આત્મબળવાળા અર્જુનનું શૌર્ય સજ્જનોની મદદે રહ્યું.

વિજય ધર્મનો, જ્ઞાન અને ક્રિયાના સમન્વયનો હતો.

'ભારત-રત્ન', બીજી આવૃત્તિ, પૃ. ૫૨૦ ઉપરનું આ અવતરણ અહીં ઉપયુક્ત છે:

'...પરિણામે સેંકડો વર્ષો સુધી પરદેશીઓનો માર ખાતા, અપમાનિત થતા, લૂંટાતા આપણે સ્વતંત્રતા ગુમાવી. જે આવ્યા એમણે લાતો મારી અને પેટ ભરીને લૂંટ્યા. બળ અને ક્રિયા પૂરતાં હોવા છતાં સમન્વય વિના આપણા કામમાં ન આવ્યાં. આપણાં જ બળ અને બુદ્ધિથી પરદેશીઓ આપણા ઉપર ચઢી બેઠા. સામાજિક ઇતિહાસ જોતાં પણ પરદેશીઓને પોતામાં સમાવી લેતો સમુદ્રહૃદયી સમાજ, અવનત થઈ આ સમતુલા ગુમાવી વિધર્મીઓની સંખ્યા વધારવાની સગવડ આપનાર કૂપમંડૂકહૃદયી બનેલો ખુલ્લો દેખાઈ આવે છે, ઇત્યાદિ.'

૨૭. આ સાત મહારથીઓ આર્ય પ્રણાલિ પ્રમાણેનું જે ધર્મયુદ્ધ ખેલતા હતા તે સાથે કેટલાક મધ્યકાલીન રાજપૂત યોદ્ધાઓ અને રાજાઓનું વર્તન સરખાવવા જેવું હોઈ, અભ્યાસીઓ માટે રસપ્રદ બની રહે એવું છે. 'એ વીરપુરુષો ઉત્તમ ગતિ પ્રાપ્ત કરવા માટે ધર્મયુદ્ધ ખેલતા હતા. એ બધા (અત્યાર પૂરતા) શુદ્ધ મન અને ચારિત્ર્યવાળા હતા. ધર્મિષ્ઠ હતા. એમાં કર્ણી, નાલીક, ઝેર ચોપડેલાં, વસ્તક (બકરાંનાં હાડકાંનાં ?), સૂચી, કપિશ (માંકડાંનાં હાડકાંનાં), ગાય કે હાથીનાં હાડકાંમાંથી બનાવેલાં, બે અણીવાળાં, ગંધાતાં કે વક્રગતિવાળાં બાણ નહોતાં વપરાતાં. એ લોકોએ શુદ્ધ અને સરળગામી શસ્ત્રો ધારણ કર્યાં હતાં.' (૭-૧૬૪-૯ થી ૧૩). મહાયુદ્ધના અંતે આમાંના કૃતવર્માએ ઊંઘતા પાંડવ લશ્કરની ક્રૂર કત્લમાં ભાગ લીધો હતો!

૨૮ धिक्क्रोधं धिक्सखे लोभं धिङ्मोहं धिगमर्षितम् ।
धिगस्तु क्षात्रमाचारं धिगस्तु बलमौरसम् ॥ ७–१६४–२३

यत्त्वं मामभिसंधत्से त्वां चाहं धिनिपुंगव ।
त्वं हि प्राणैः प्रियतरो ममाहं च सदा तव ॥ ८–१६४–२४

હશે. એટલે એણે તો બાણુ ઉગામીને જવાબ આપ્યો : 'રાજપુત્ર! આ રાજસંસદ નથી તેમ આચાર્યનું નિવાસસ્થાન નથી કે જ્યાં આપણે ભેગા થઈને રમત રમી શકીએ!' (૭-૧૬૪-૨૬, ૨૭).

પણ દુર્યોધને તો બળાપો જારી રાખ્યો : 'આપણી બાળપણની એ રમતો ક્યાં ચાલી ગઈ? અને આ યુદ્ધ ક્યાંથી આવી લાગ્યું?! કાળનું ઉલ્લંઘન કરવું બહુ કઠણ છે. कालो हि दुरतिक्रमः। અરેરે! આપણે ધન ભેગું કરીને અથવા ધન ભેગું કરવાની લિપ્સાથી શું કરવાનું છે? કારણ કે અહીં આપણે બધા ધનના લોભને લીધે જ લડવા એકઠા થયા છીએ!' (૭-૧૬૪-૨૮, ૨૯). [અતિ દુષ્ટના હૃદયમાં પણ ક્વચિત્ સત્યનો નિર્મળ પ્રકાશ રેલાય છે, એ આ શબ્દોથી વ્યક્ત થાય છે. કવિ વેદવ્યાસ અહીં દુર્યોધનના વક્તવ્ય માટે જરાય શંકા વ્યક્ત કરતા નથી. તેથી દુર્યોધન અત્યારે તો પ્રામાણિક રીતે આત્મનિરીક્ષણ કરે છે એમ જ માનવું રહ્યું. સેતાન પણ પ્રેમ હોય ત્યાં સુધરે, એવું આશ્વાસન આમાંથી મળે છે.]

સાત્યકિએ તો, 'ક્ષત્રિયોનો આચાર સદાકાળ આવો જ હોય...વગેરે' બોલીને યુદ્ધની પ્રેરણા કરી, સંગ્રામ ચાલુ કર્યો (૭-૧૬૪-૩૦ થી)...યુદ્ધ દરમિયાન પાંડવોના નિષ્કપટ યુદ્ધ કરતાં પણ મહારથીઓ, નકુલ, સહદેવ અને ભીમસેને અર્જુનને બૂમો પાડી બોલાવ્યા તથા કૌરવ સૈનિકોને દ્રોણથી દૂર હાંકી મૂકવા કહ્યું, જેથી રક્ષક વિનાના દ્રોણને (ધૃષ્ટદ્યુમ્ન વગેરે) પાંચાલો મારી શકે, એ સાંભળી અર્જુને કૌરવો ઉપર સહસા છાપો માર્યો. [પણ અર્જુન દ્રોણ સામે તો લડે જ નહિ. એટલે] દ્રોણ તો પાંચાલો અને બીજા પાંડવ લડવૈયાઓનો કચ્ચરઘાણ કાઢવા જ માંડ્યા. વિપુલ વિનાશ નિરખીને પાંડવોએ વિજયની આશા મૂકી દીધી: 'ઉનાળાની આગ ઘાસની ગંજીને જેમ બાળી મૂકે છે, એવી રીતે દ્રોણ અમને બધાને ખપાવી તો નહિ નાખે ને?! કોઈ દ્રોણની સામેય જોઈ શકતું નથી. અને ધર્મવેત્તા અર્જુન તો એમની સામે કદી લડશે જ નહિ!'[૨૯] (૭-૧૬૪-૫૫ થી ૬૫).

પાંડવોને આ રીતે ત્રસ્ત જોઈને, એમના કલ્યાણમાં તત્પર બુદ્ધિમાન શ્રીકૃષ્ણે (યુદ્ધ દરમિયાન સેનાનીઓની પરિષદ જેવું ગોઠવી) અર્જુનને કહ્યું : 'રથયૂથપયૂથપ (મહારથીઓના પણ સેનાની) દ્રોણને સાક્ષાત્ વૃત્રઘ્ન ઇન્દ્ર પણ સંગ્રામમાં કોઈ રીતે જીતી શકે એમ નથી. માટે પાંડવ! (ઋજુ યુદ્ધનો) ધર્મ ત્યજીને જય પામવાનો ઉપાય કર, જેથી રુકમવાહન (સોનેરી રથવાળા) દ્રોણ આપણને સંગ્રામમાં મારી નાખે નહિ. **હું ધારું છું કે અશ્વત્થામા માર્યો જાય તો આ દ્રોણ લડવું બંધ કરી દે. તેથી કોઈ માણસ 'અશ્વત્થામા સંગ્રામમાં માર્યો ગયો' એવું દ્રોણને કહો.**'[૩૦]

---

२९ न चैनमर्जुनो जातु प्रतियुध्येत धर्मवित् ॥ ७-१६४-६५

સર° ગીતા ૨-૪ થી ૮માં અર્જુનનાં વિષાદયુક્ત વચનો. તેમાંય ખાસ ગીતા ૨-૫ : 'મહાનુભાવ ગુરુજનોને નહિ મારીને, આ જગતમાં ભીખ માગી ખાવી શ્રેયસ્કર છે. જ્યારે અર્થલોભી ગુરુજનોને મારી નાખીને મારે તો એમના લોહીથી ખરડાયેલા ભોગો ભોગવવાના રહેશે.'

३० त्रस्तान्कुन्तीसुतान्दृष्ट्वा द्रोणसायकपीडितान् ।
मतिमाञ्श्रेयसे युक्तः केशवोऽर्जुनमब्रवीत् ॥ ७-१६४-६६

**અર્જુનને આ યુક્તિ પસંદ ન પડી. બાકીના સૌને ગમી ગઈ. અને યુધિષ્ઠિરને મહામુસીબતે ગળે ઊતરી.** ( એ નક્કી થતાં ) ભીમે પાંડવ સૈન્યમાંના માળવાના રાજા ઇન્દ્રવર્માના અશ્વત્થામા નામના એક મોટા હાથીને ગદાથી મારી નાખ્યો. પછી ( અત્યાર સુધી પોતે નિષ્કપટ યુદ્ધ ખેલેલું, પણ અત્યારે આ છેતરપીંડી કરવાનું ગોઠવ્યું તેથી થોડોક ) શરમાતો શરમાતો સમરાંગણમાં દ્રોણ પાસે આવ્યો અને જોરથી બરાડો પાડ્યો : 'અશ્વત્થામા માર્યો ગયો !!!' ભીમ જાણીબૂઝીને આ અસત્ય બોલ્યો હતો.[૩૧] (૭-૧૬૪-૭૦ થી ૭૩, ૧૦૧, ૧૦૨)

ભીમની રાડથી જળમાં પડેલી માટીની પેઠે દ્રોણનાં ગાત્ર ગળી ગયાં ! પરન્તુ એમને દીકરા અશ્વત્થામાના સામર્થ્યની ખબર હતી. એટલે ઢીલા પડવા છતાં એમણે ધૈર્ય ખોયું નહિ. સ્વસ્થ થયા, પુનઃ આક્રમણ કર્યું, ( સંપૂર્ણ અધર્મયુદ્ધ કરી ) બ્રહ્માસ્ત્ર મૂક્યું, અને ( સામાન્ય કક્ષાના ) વીસ હજાર પાંચાલ રથીઓને રેંસી નાખ્યા. વળી બીજા હજારો મત્સ્ય અને સૃંજય ( પાંચાલ ) યોદ્ધાઓ વગેરે તથા હાથી-ઘોડાનો સંહાર કરી નાખ્યો. આ ઘોર અધર્મયુદ્ધ જોઈને વિશ્વામિત્ર, જમદગ્નિ વગેરે ઋષિઓ દ્રોણને બ્રહ્મલોકમાં લઈ જવાની ઇચ્છાથી ( હોમ- ) અગ્નિને સાથે રાખીને ત્યાં ઝડપથી આવી પહોંચ્યા અને એ સૌ દ્રોણને કહેવા લાગ્યા : 'તેં અધર્મથી યુદ્ધ કર્યું છે. એટલે તારા નિધનનો સમય નજીક આવ્યો છે. આયુધ છોડી દે. તારે હવે પુનઃ આવું ક્રૂરતર કર્મ ન કરવું. તારા જેવા વેદવેદાઙ્ગના વિદ્વાન, સત્યધર્મપરાયણ બ્રાહ્મણને તો ખાસ કરીને આવું કર્મ ન છાજે.....મનુષ્યલોકમાં વસવાનો તારો સમય પૂરો થઈ ગયો છે.'

---

नैष युद्धेन संग्रामे जेतुं शक्यः कथंचन ।
अपि वृत्रहणा युद्धे रथयूथपयूथपः ॥ ७-१६४-६३

आस्थीयतां जये योगो धर्ममुत्सृज्य पांडव ।
यथा वः संयुगे सर्वान्न हन्याद्रुक्मवाहनः ॥ ७-१६४-६८

अश्वत्थाम्नि हते नैष युध्येदिति मतिर्मम ।
तं हतं संयुगे कश्चिदस्मै शंसतु मानवः ॥ ७-१६४-६९

સર° નીચે ૭-૧૬૫-૧૦૮ થી ૧૧૧.

૩૧ एतन्नारोचयद्राजन्कुन्तीपुत्रो धनंजयः ।
अन्ये त्वरोचयन्सर्वे कृच्छ्रेण तु युधिष्ठिरः ॥ ७-१६४-७०

ततो भीमो महाबाहुरनीके स्वे महागजम् ।
जघान गदया राजन्नश्वत्थामानमित्युत ॥ ७-१६४-७१

આ હાથી માંળવાના ઇન્દ્રવર્માનો હતો, તે માટે જુઓ શ્લોક ૧૦૧, ૧૦૨ અને ૧૬૫-૧૧૫.

भीमसेनस्तु सव्रीडमुपेत्य द्रोणमाहवे ।
अश्वत्थामा हत इति शब्दमुच्चैश्चकार ह ॥ ७-१६४-७२

अश्वत्थामेति हि गजः ख्यातो नाम्ना हतोऽभवत् ।
कृत्वा मनसि तं भीमो मिथ्या व्याहृतवांस्तदा ॥ ७-१६४-७३

( ૭-૧૬૪-૯૦ થી ૯૨ ). [ પોતાના ઘોર અધર્મ અને વહાલા પુત્રના મૃત્યુના સમાચારથી દ્રોણના અન્તરમાં ભારે ઉથલપાથલ થઈ તેનું આ કવિદર્શન જણાય છે. સામે પક્ષે અધર્મ હતો, પણ તે સંરક્ષણ પૂરતો. આક્રમણ માટે નહિ. ]

ઋષિઓનાં અને ભીમનાં વચન સાંભળીને અને સામે ( દ્રુપદ સાથેના વૈરાગ્નિમાંથી ઉદ્‌ભવેલા કાળરૂપ ) ધૃષ્ટદ્યુમ્નને જોઈને દ્રોણ વિમનસ્—શૂન્ય—થઈ ગયા. વ્યથિત અને બળતા હૃદયે એમણે યુધિષ્ઠિરને પૂછ્યું : ' અશ્વત્થામા હણાયો છે કે નથી હણાયો ? ' દ્રોણને મનમાં પાકી ખાતરી હતી કે યુધિષ્ઠિર ત્રણે લોકના ઐશ્વર્ય માટે પણ કોઈ રીતે અનૃત બોલે જ નહિ. યુધિષ્ઠિર બાળક હતા ત્યારથી જ એમનામાં દ્રોણને શ્રદ્ધા ( સત્યાશા ) હતી અને તેથી બીજા કોઈને નહિ પણ એમને જ પૂછ્યું.[૩૨]

યથાર્થ ઉત્તર મળશે તો સેનાપતિ દ્રોણ પૃથ્વીને નિષ્પાંડવી કરી નાખશે એમ જાણીને ગોવિન્દ વ્યથિત થઈ ગયા. યુધિષ્ઠિરને કહ્યું : ' જો દ્રોણ અસહિષ્ણુ થઈને અર્ધો દિવસ પણ યુદ્ધ કરશે તો, હું સત્ય કહું છું કે તમારી સેનાનો વિનાશ થશે. માટે આપ અમને દ્રોણના ભયથી બચાવો. અત્યારે ' સત્ય ' કરતાં અનૃત વધુ સારું છે. જીવવા માટે અનૃત બોલનારને અનૃત અડકતું નથી. '[૩૩] ( ૭-૧૬૪-૯૭ થી ૯૯ )

---

૩૨ इति तेषां वचः श्रुत्वा भीमसेनवचश्च तत् ।
धृष्टद्युम्नं च संप्रेक्ष्य रणे स विमनाभवत् ॥ ७-१६४-९३

स दह्यमानो व्यथितः कुन्तीपुत्रं युधिष्ठिरम् ।
अहतं वा हतं वेति पप्रच्छ सुतमात्मनः ॥ ७-१६४-९४

स्थिरा बुद्धिर्हि द्रोणस्य न पार्थो वक्ष्यतेऽनृतम् ।
त्रयाणामपि लोकानामैश्वर्यार्थे कथंचन ॥ ७-१६४-९५

तस्मात्तं परिपप्रच्छ नान्यं कंचिद्विशेषतः ।
तस्मिंस्तस्य हि सत्याशा बाल्यात्प्रभृति पाण्डवे ॥ ७-१६४-९६

३३ (१) ततो निष्पाण्डवामुर्वीं करिष्यन्तं युधां पतिम् ।
द्रोणं ज्ञात्वा धर्मराजं गोविन्दो व्यथितोऽब्रवीत् ॥ ७-१६४-९७

यद्यर्धदिवसं द्रोणो युध्यते मन्युमास्थितः ।
सत्यं ब्रवीमि ते सेना विनाशं समुपैष्यति ॥ ७-१६४-९८

स भवांस्त्रातु नो द्रोणात्सत्याज्ज्यायोऽनृतं भवेत् ।
अनृतं जीवितस्यार्थे वदन्न स्पृश्यतेऽनृतैः ॥ ७-१६४-९९

(૨) શ્લોક ૯૯ સાથે સર°

कामिनीषु विवाहेषु गवामर्थे तथा धने ।
ब्राह्मणाभ्यवपत्तौ च अनृते नास्ति पातकम् ॥ દ્રોણ. ક્ષેપક ૧૩૧૦

ક્ષેપક ૧૩૧૦ સાથે સર° મનુ. ૮-૧૧૨.

શ્રીકૃષ્ણ-યુધિષ્ઠિર વચ્ચે વાત ચાલતી હતી ત્યાં વચ્ચે ભીમસેન બોલ્યો : 'દ્રોણના વધનો ઉપાય સાંભળ્યા પછી તમારી સેનામાં (મદદ માટે) પ્રવેશતા માળવાના ઇન્દ્રવર્માના, ઇન્દ્રના ઐરાવત હાથી જેવા વિખ્યાત હાથીને મેં પરાક્રમપૂર્વક મારી નાખ્યો છે, અને પછી દ્રોણને કહ્યું કે, 'બ્રહ્મન્! અશ્વત્થામા માર્યો ગયો છે માટે યુદ્ધમાંથી નિવૃત્ત થાઓ.' પણ એમણે મારા શબ્દ ઉપર સહેજ પણ ભરોસો મૂકયો નથી, માટે તમે (અર્થાત્ યુધિષ્ઠિર) આપણા વિજયેચ્છુ ગોવિન્દનાં વચનોને માનીને દ્રોણને કહો કે, 'શારદ્વતી (કૃપી)નો પુત્ર અશ્વત્થામા માર્યો ગયો છે.' રાજન્! તમે કહેશો એટલે આ દ્રોણ લડવું બંધ કરશે, કારણ કે આપ આ મનુષ્યલોકમાં સત્યવાન્ (સત્યવ્રત) તરીકે વિખ્યાત છો. सत्यवान्हि नृलोकेऽस्मिन्भवान्ख्यातो जनाधिप !' (યુધિષ્ઠિર કેવળ સત્યવાદી નહોતા, સત્યવાન્ હતા. એને લીધે તો એમની પ્રતિષ્ઠા ચાર આંગળ ઊંચી હતી.) (૭-૧૬૪-૧૦૦ થી ૧૦૪)

અને સત્યવ્રત ધર્મરાજ ભારતયુદ્ધની આ મહાભયાનક કટોકટીની ઘડીએ, (ભીમસેન અને શ્રીકૃષ્ણના શબ્દોની પ્રેરણાથી ભાવી ભાવને વશ થઈ ખોટું બોલવા તૈયાર થયા. યુધિષ્ઠિર અસત્યાચરણના ભયમાં ડૂબતા હતા, છતાં **જયની આસક્તિથી** (સૈન્યસહિત પોતાના અને 'દૈવી સંપત્'ના રક્ષણ માટે) '(અશ્વત્થામા) હાથી મરાયો છે,' એમ અવ્યક્ત રીતે (ધીરેથી, સમજ ન પડે એ રીતે) બોલ્યા.[૩૪] પૂર્વે એમનો રથ પૃથ્વીથી ચાર આંગળ ઊંચે ચાલતો હતો, પણ આ

---

(૩) આની સામે જુઓ સત્ત્વના પ્રકાશમાં ડગ મૂકતા કલ્યાણમાર્ગના પ્રવાસીને ધર્મનું, અનુગમમાત્રનું, જીવનનું—રહસ્ય વેદવ્યાસ કહે છે તે :

न जातु कामान्न भयान्न लोभाद्धर्मं त्यजेज्जीवितस्यापि हेतोः ।
नित्यो धर्मः सुखदुःखे त्वनित्ये जीवो नित्यो हेतुरस्य त्वनित्यः ॥ १८-५-५०

કામના, ભય, લોભ કે **જીવવા માટે પણ કદી ધર્મનો ત્યાગ કરવો નહિ.** (કારણ) ધર્મ નિત્ય છે અને સુખદુઃખ અનિત્ય છે, જીવ નિત્ય છે અને જીવનું કારણ (સંસારનું 'બંધન') અનિત્ય છે.

દેખીતી રીતે જ શ્રીકૃષ્ણનું વિધાન રજસ્-તમસ્ગ્રસ્ત સામાન્ય પંક્તિના અને ધર્મરાજની વ્યૂહરચનાના ભરોસે લડતા સહસ્રાવધિ લડવૈયાઓના સંરક્ષણને અનુલક્ષીને છે.

૩૪ (૧) तस्य तद्वचनं श्रुत्वा कृष्णवाक्यप्रचोदितः ।
भावितात्वच महाराज वक्तुं समुपचक्रमे ॥ ७-१६४-१०५

तमतथ्यभये मग्नो जये सक्तो युधिष्ठिरः ।
अव्यक्तमब्रवीद्राजन्हतः कुञ्जर इत्युत ॥ ७-१६४-१०६

દૈવી સંપત્‌ના રક્ષણાર્થે હિંસક પ્રતિકારનું સાધન, અનિવાર્યપણે આસુરી સંપત્‌નું થોડું પણ શરણ લે છે. વિશ્વદર્શી કવિ વેદવ્યાસે એમના અજોડ લાઘવથી આનું દર્શન કરાવ્યું છે અને માનવજાતિને શુદ્ધ પ્રતિકાર-સાધનનું સંશોધન કરવા આહ્‌વાન કર્યું છે.

જુઓ નીચે નોંધ ૩૮.

[આ પ્રસંગનું ધર્મરાજપ્રોક્ત વર્ણન જુઓ ૧૨-૨૭-૧૪થી ૧૭.]

અસત્યભાષણથી એ રથ અને રથના ઘોડા ભૂમિને અડકયા. (એમની લોકોત્તર પ્રતિષ્ઠા ધૂળમાં મળી ગઈ.)[35] (૭-૧૬૪-૧૦૫ થી ૧૦૭)

(સત્યવાન્, જાણે કે 'યમગ્રસ્ત સત્યવાન્') યુધિષ્ઠિરના મુખે આ વચન સાંભળીને દ્રોણ, નિરાશ, વિચેતા (હાંફળાફાંફળા), અને પરમ ઉદ્વિગ્ન થઈ ગયા. સામે (હાડોહાડનો દુશ્મન) ધૃષ્ટદ્યુમ્ન ઊભો હતો. છતાં તેઓ અગાઉની જેમ યુદ્ધ કરી શકયા નહિ. ધૃષ્ટદ્યુમ્ને એમની સામે ઝેરી સાપ જેવું તીક્ષ્ણ બાણ સાંધ્યું. તે છતાં ઉદ્વેગને લીધે દ્રોણ તેની સામે (દિવ્ય) અસ્ત્રો પ્રકટ કરી શકયા નહિ. એમને કાળ આવી પહોંચેલો લાગ્યો, છતાં પ્રયત્નપૂર્વક લડીને તેનાં ધનુષ્ય, બાણ, રથની ધ્વજા, સારથિ અને ઘોડાઓનો નાશ કરી નાખ્યો. ધૃષ્ટદ્યુમ્ન રથ ઉપરથી પડ્યો. હાથમાં ખડ્ગ

---

(૨) યુધિષ્ઠિર જો જયની 'આસક્તિ'માં ન ખૂંપ્યા હોત, તથા નિષ્કામ ભાવે, દૈવી સંપત્તિના જય (પોતાના નહિ), અને સામાન્ય યોદ્ધાઓના રક્ષણ માટે જ આ સત્યાભાસ કરી શકયા હોત તો ? પરન્તુ જ્યાં સત્ય નહિ પણ સત્યાભાસ હોય ત્યાં 'આસક્તિ' અનિવાર્યપણે હોય જ. હિંસક 'ધર્મ-યુદ્ધ'ની આ પણ એક મોટી ખામી છે. અતિ અલ્પ વળતર સામે અપાર દુર્વ્યય છે.

આસક્તિ લોભની નિદર્શક છે. કોઈ પણ પ્રકારનો લોભ હોય ત્યાં ભય હોય જ. જ્યાં ભય ત્યાં નિર્ભયતા કેવી ? નિર્ભયતા વિના નિર્મલપણું, નિષ્કામ ભાવ, ફલાસક્તિત્યાગ અસંભવ.

૩૫ तस्य पूर्वं रथः पृथ्व्याश्चतुरङ्गुल उत्तरः ।
बभूवैवं तु तेनोक्ते तस्य वाहास्पृशन्महीम् ॥ ७-१६४-१०७

કવિની આ વિરલ ઉપમાનું મૂળ 'સભાપર્વ' ૫૪-૪ થી ૬માં છે. ત્યાં ધર્મરાજ પોતાના રથને દાવમાં મૂકતાં બોલે છે:

अयं सहस्रसमितो वैयाघ्रः सुप्रवर्तितः ।
सुचक्रोपस्करः श्रीमान्किङ्किणीजालमण्डितः ॥ २-५४-४
संह्रादनो राजरथो य इहास्मानुपावहत् ।
जैत्रो रथवरः पुण्यो मेघसागरनिःस्वनः ॥ २-५४-५
अष्टौ यं कुररच्छायाः सदश्वा राष्ट्रसंमताः ।
वहन्ति नैषामुच्येत पदा भूमिमुपस्पृशन् ।
एतद्राजन्धनं मह्यं तेन दिव्याम्यहं त्वया ॥ २-५४-६

'હજાર રથના સમાન, વ્યાઘ્રચર્મથી મઢેલો, સારી રીતે દોડનારો, સરસ પૈડાં અને શણગારવાળો, સુશોભિત, ફરતી ઘુઘરમાળવાળો, અમને (ઇન્દ્રપ્રસ્થથી)થી અહીં લાવનારો, વિજય પમાડનારો, રથોત્તમ, પવિત્ર, મેઘ અને સાગરના જેવા ઘોષવાળો આ સંહ્લાદન નામનો રાજરથ છે. કુરર (ટીટોડા) જેવા રંગના **રાષ્ટ્રમાં વખણાયેલા સરસ આઠ ઘોડા એને ખેંચે છે, ત્યારે એમનો (એકે) પગ ભૂમિને અડતો નથી, એમ કહી શકાય.** રાજન્! આ મારું ધન છે, હું એનાથી દાવ ખેલું છું.

[પં. નીલકંઠ वहन्ति नैषां मुच्येत पदाद्भूमिमुपस्पृशन् । એવો પાઠ લઈને અર્થ કરે છે. 'રથને ખેંચી જતા આ ઘોડાઓના પગની ઝપટમાંથી કોઈ પણ ભૂમિચારી પ્રાણી છટકી શકતું નથી—પાદાક્રાન્ત થઈ જાય છે.]

આ નિર્દેશ સિવાય સમગ્ર મહાભારતમાં બીજે કોઈ પણ સ્થળે યુધિષ્ઠિરનો રથ સ્થૂળ રીતે પૃથ્વીથી અદ્ધર ચાલતો એવો ઉલ્લેખ મળતો નથી.

અને ઢાલ લીધાં. હિરણ્યકશિપુને મારવા માટે વિષ્ણુએ જેવું (નૃસિંહ) રૂપ ધારણ કર્યું હતું એવું વિકરાળ રૂપ ધારણ કરીને એણે એકવીસ પ્રકારનાં ખડ્ગયુદ્ધો દર્શાવીને હુમલો કર્યો. પરન્તુ દ્રોણે નજીક આવી પહોંચેલા શત્રુઓને મારવા માટે ઉપયોગી વૈતસ્તિક (વેંત જેવડાં, આશરે ૯ ઇંચ લાંબાં) બાણોથી એની ઢાલતરવાર તોડી નાખી. આ બાણો દ્રોણ ઉપરાંત કૃપ, અર્જુન, અશ્વત્થામા, કર્ણ, પ્રદ્યુમ્ન, સાત્યકિ અને અભિમન્યુ એટલા યોદ્ધાઓ પાસે જ હતાં. એ પછી દ્રોણે પુત્રતુલ્ય શિષ્ય ધૃષ્ટદ્યુમ્નને મારી નાખવા એક મજબૂત બાણ મૂક્યું, પણ સાત્યકિએ તેને વચ્ચે જ કાપી નાખ્યું. ધૃષ્ટદ્યુમ્નને બચાવ્યા પછી સાત્યકિ દ્રોણ, કૃપ, કર્ણ જેવા મહારથીઓના રથમાર્ગોમાં ઘૂમીને તથા આક્રમણ કરીને સર્વનાં દિવ્ય અસ્ત્રોનો નાશ કરવા માંડ્યો. એ જોઈને શ્રીકૃષ્ણ-અર્જુને 'શાબાશ શાબાશ' કહીને એને વધાવી લીધો. પછી અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું: 'આચાર્યશ્રેષ્ઠ દ્રોણ વગેરે મુખ્ય મહારથીઓની વચ્ચે (સંગ્રામ) ખેલતો મધૂદ્વહ સત્યવિક્રમી સાત્યકિ મને તથા નકુલ-સહદેવ, ભીમસેન તથા યુધિષ્ઠિરને આનંદ ઉપજાવે છે.. જુઓ જુઓ સાત્યકિને રણાંગણમાં અજેય જોઈને સિદ્ધો તથા વિસ્મિત થયેલાં બન્ને સૈન્યો પણ એને અભિનન્દન આપે છે!' (૭-૧૬૪-૧૦૮ થી ૧૫૯)

ક્રુદ્ધ રુદ્રદેવ પશુઓનો (જીવોનો) સંહાર કરે ત્યારે ભૂમિ જેવી ક્રૂર લાગે એવી જ કુરુક્ષેત્રની રણભૂમિ ક્રૂર જણાવા લાગી...ફસાયેલા ધૃષ્ટદ્યુમ્નની મદદે ભીમ પહોંચ્યો. તેને પોતાના રથમાં બેસાડ્યો અને દ્રોણનો વધ કરવા પ્રેર્યો. ધૃષ્ટદ્યુમ્ને ફરી ધનુષ્ય હાથમાં લીધું, ધસારો કર્યો, પણ દ્રોણે તેને મર્મસ્થાનોમાં વીંધી નાખીને અનહદ વ્યથા પહોંચાડી. આથી ભીમસેનને ભારે રોષ ચઢ્યો. એ દ્રોણના રથ પાસે પહોંચી ગયો અને વારંવાર બોલવા માંડ્યો: 'તમારા જેવા બ્રહ્મબન્ધુઓ (હલકટ બામણાઓ) સ્વકર્મથી અસંતોષ રાખીને (ભ્રષ્ટ થઈને) જો આવું (અધર્મ) યુદ્ધ ન કરે તો ક્ષત્રિયોનો સંહાર થાય જ નહિ. વિદ્વાનો સર્વ ભૂતોની અહિંસાને જ્યાયસ્તર ધર્મ—પરમ ધર્મ—કહે છે. બ્રાહ્મણ તેનું મૂળ છે. (અહીં શ્લેષ છે. વેદવેત્તા અને પરમાત્મદર્શી બન્ને અર્થ અભિપ્રેત છે.) અને આપ તો શ્રેષ્ઠ બ્રહ્મવેત્તા છો! તો પણ બ્રહ્મન્! મ્લેચ્છગણો અને જુદા જુદા અજ્ઞાન યોદ્ધાઓને તમે મૂઢ શ્વપાકની જેમ પુત્ર-ધન-દારાની લાલસાથી મારી નાખ્યા છે! એક પુત્રને માટે અધર્મીની જેમ વિકર્મસ્થ થઈને સ્વકર્મ આચરતા ઘણાને મારીને તમને કેમ લાજ આવતી નથી? પણ એ પુત્ર તો આજે રણભૂમિ ઉપર લાંબો થઈને સૂઈ ગયો છે! પૂછવાથી તમને એ હકીકત જણાવવામાં આવી છે. ધર્મરાજના એ શબ્દ ઉપર શંકા કરવી યોગ્ય નથી!'[૩૬] (૭-૧૬૫-૧ થી ૩૨)

---

૩૬ अहिंसा सर्वभूतेषु धर्मं ज्यायस्तरं विदुः ।
तस्य च ब्राह्मणो मूलं भवांश्च ब्रह्मवित्तमः ७-१६५-२९

श्वपाकवन्म्लेच्छगणान्हत्वा चान्यान्पृथग्विधान् ।
अज्ञानान्मूढवद्ब्रह्मन्पुत्रदारधनेप्सया ॥ ७-१६५-३०

एकस्यार्थे बहून्हत्वा पुत्रस्याधर्मविद्यथा ।
स्वकर्मस्थान्विकर्मस्थो न व्यपत्रपसे कथम् ॥ ७-१६५-३१

ભીમસેને આમ વારંવાર કહ્યું (એટલે યુદ્ધપ્રચારની ઘેરી અસરમાં આવી જઈને) દ્રોણે નિરાશ થઈને ધનુષ્ય મૂકી દીધું. શસ્ત્રો ત્યજ્યાં. કર્ણ, કૃપ, દુર્યોધનને પ્રયત્નપૂર્વક લડાઈ લડી લેવા વળી વળીને સૂચના આપી. અશ્વત્થામાની પોક મૂકી! રથની આગળની બેઠક ઉપર બેસી ગયા. યોગયુક્ત થઈને (આ અંતકાળે અધર્મ મૂકીને) પ્રાણીમાત્રને અભય આપ્યું. ધૃષ્ટદ્યુમ્ને આ તક દેખી. તે તલવાર લઈને રથમાંથી ઊતર્યો અને દ્રોણ ઉપર સહસા લપકયો. જોનારાં હાહાકાર કરવા અને ધિક્કારવા લાગ્યાં. એ જ વખતે દ્રોણ પણ શસ્ત્રોનો (મનથીય) ત્યાગ કરીને પરમ સામ્યાવસ્થાને પામ્યા (સ્વરૂપસ્થિતિ પામ્યા). આમ સૂચના આપીને મહાતપસ્વી દ્રોણ યોગપૂર્વક જ્યોતિઃસ્વરૂપ થઈને સજ્જનો સાથે દુર્લભ સ્વર્ગે પધાર્યા. દ્રોણ બ્રહ્મલોકમાં પધાર્યા તે ગતિને સંજય, અર્જુન, કૃપાચાર્ય, શ્રીકૃષ્ણ અને ધર્મરાજ આ પાંચ મનુષ્યોએ જ નજરે દીઠી. એમને મારવા ઊતરી પડેલો ધૃષ્ટદ્યુમ્ન એમની યોગનિષ્ઠા જોઈને (ક્ષણભર) મૂઢ થઈ ગયો, (પણ પછી સ્વસ્થ થયો), અને સંગ્રામમાં સોળ વર્ષની ઉંમરના નવયુવાનની સ્ફુર્તિથી ઘૂમેલા અને કાન સુધી પળિયાંવાળા પંચ્યાશી વર્ષના વૃદ્ધ દ્રોણાચાર્યને, અર્જુન 'એમને મારીશ નહિ, જીવતા પકડી લાવ,' એમ રાડો પાડી પાછળ દોડયા, તથા કૌરવ સૈનિકો 'એમને મારશો નહિ, મારશો નહિ,' એમ બૂમો પાડતા રહ્યા, છતાં ધૃષ્ટદ્યુમ્ને મારી જ નાખ્યા. તલવારથી દ્રોણનું ડોકું કાપી નાખ્યું અને કૌરવો ઉપર ફેંક્યું. કૌરવોમાં નાસભાગ મચી રહી. કૌરવ યોદ્ધાઓનો ભારે પરાજય થયો હતો (એટલે આ લોકથી ભ્રષ્ટ થયા અને બીકથી સંગ્રામ છોડી ભાગી જતા હતા એટલે) પરલોકનો ભય પણ ઊભો થયો હતો, એટલે તેઓ ઊભયભ્રષ્ટ થયા હતા! એમણે ધૈર્ય ખોયું. દ્રોણનું ધડ લેવા ભારે પ્રયાસ કર્યો. હજાર ધડમાંથી એ ન જડયું. ધૃષ્ટદ્યુમ્ન–ભીમસેન તો એકબીજાને ભેટીને નાચવા લાગ્યા! કૌરવોમાં ઘોર નિરાશા વ્યાપી ગઈ. (૭-૧૬૫-૩૩ થી ૮૮)

કૌરવ સેનાની અસાધારણ નાસભાગ જોઈને રણક્ષેત્રમાં બીજા સ્થળે યુદ્ધ કરતા અશ્વત્થામાએ દુર્યોધનને આનું કારણ પૂછ્યું; પણ આ ઘોર અપ્રિય સમાચાર આપવા શોકગ્રસ્ત દુર્યોધનની જીભ ઊપડી નહિ. એણે કૃપાચાર્યને આ વૃત્તાંત આપવા કહ્યું. (૭-૧૬૫-૮૯ થી ૯૭)

---

स चाद्य पतितः शेते पृष्टेनावेदितस्तव ।
धर्मराजेन तद्वाक्यं नातिशङ्कितुमर्हसि ॥ ७-१६५-३२

(૧) 'અહિંસા પરમ ધર્મ છે' એ શબ્દો આ સંદર્ભમાં અહીં કેવા લાગે છે!

(૨) ૧૬૫-૩૧માં સ્વકર્મ આચરતા ક્ષત્રિયોનું વિકર્મ (નિષિદ્ધ કર્મ) આચરતા બ્રાહ્મણ દ્રોણ ઉપર તીણો કટાક્ષ છે. કટાક્ષ કરનાર પણ વિકર્મ આચરે છે, તે ખરેખર તો 'કાલ' ભગવાનનો કટાક્ષ છે! સંનતિથી પવિત્ર, અહિંસક આચાર આ તીવ્ર કટાક્ષના ડંખને ગાળી શકે.

કર્મ (કામનિક કર્મ), વિકર્મ (નિષિદ્ધ કર્મ), અને અકર્મ (ફલાસક્તિ રહિત થઈને શુદ્ધ સમત્વબુદ્ધિથી, લોકસંગ્રહાર્થે, સ્વાન્તઃસુખાય થતાં કર્મ) વિશે જુઓ :

कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ॥ ६-२६-१७
(ગીતા ૪-૧૭)

કર્મની ગતિ ગહન છે (ગૂઢ છે), તેથી કર્મ, વિકર્મ અને અકર્મ—એ ત્રણેને (એના તત્ત્વને) બરાબર જાણવાં જોઈએ

કૃપાચાર્યે દ્રોણવધનો હેવાલ આપ્યો : 'જગતના શ્રેષ્ઠ મહારથી દ્રોણની સરદારી નીચે અમે કેવળ પાંચાલો સાથે જ સંગ્રામ કરતા હતાં, લડતાં લડતાં બન્ને સૈન્ય સેળભેળ થઈ ગયાં. દ્રોણે (અધર્મથી) બ્રહ્માસ્ત્ર મૂક્યું અને પંચ્યાશી વર્ષના આચાર્ય સોળ વર્ષના નવયુવાનની જેમ રણક્ષેત્ર ઉપર ઘૂમવા લાગ્યા. પાંચાલો રણવિમુખ થઈ ગયા. તથા શત્રુવિજેતા બાણરૂપી કિરણોવાળા દ્રોણ, મધ્યાહ્નકાળના સૂર્યની જેમ પાંડવોને તપાવવા લાગ્યા. આ જોઈને પાંડવોનો વિજય ઇચ્છતા મધુસૂદન શ્રીકૃષ્ણે પાંડવોને કહ્યું : 'શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ, મહારથીઓના પણ સેનાની આ દ્રોણને રણમાં સાક્ષાત્ વૃત્રહન્તા ઇન્દ્ર પણ જીતી શકે નહિ, તો બીજાઓ તો જીતી જ ન શકે. તેથી હે પાંડવો ! તમે (ધર્મયુદ્ધ) તજીને જયની રક્ષા કરો, જેથી સોનેરી રથવાળા દ્રોણ યુદ્ધમાં આપણને સૌને મારી ન નાખે. અશ્વત્થામા માર્યો જાય તો આ દ્રોણ યુદ્ધ કરશે નહિ, એમ મારું માનવું છે. માટે આપણામાંથી કોઈ પુરુષ, અશ્વત્થામા લડાઈમાં માર્યો ગયો છે એવું ખોટું વચન એમને કહો.[૩૭] (૭-૧૬૫-૯૮ થી ૧૧૧)

**'આ વાક્ય કુન્તીપુત્ર અર્જુનને ગમ્યું નથી. બાકીના બીજા સૌને ગમ્યું અને યુધિષ્ઠિરને મહામુશીબતે ગળે ઊતર્યું** (૭-૧૬૫-૧૧૨; સર° ઉપર ૧૬૪-૭૦). ભીમસેને શરમાતાં શરમાતાં દ્રોણને કહ્યું, 'અશ્વત્થામા માર્યો ગયો.' દ્રોણના માન્યામાં ન આવ્યું. એ પુત્રવત્સલ પિતાએ ધર્મરાજને પૂછ્યું : 'અશ્વત્થામા રણમાં માર્યો ગયો છે કે જીવે છે?' (૭-૧૬૫-૧૧૨ થી ૧૧૪)

'એટલે યુધિષ્ઠિર અસત્યાચરણના ભયમાં ગળા સુધી ડૂબી ગયા, અને સાથે એમને જયની

---

૩૭ (૧) तान्दृष्ट्वा पीडितान्बाणैर्द्रोणेन मधुसूदनः ।
जयैषी पाण्डुपुत्राणामिदं वचनमब्रवीत् ॥ ७-१६५-१०८

नैष जातु परैः शक्यो जेतुं शस्त्रभृतां वरः ।
अपि वृत्रहणा संख्ये रथयूथपयूथपः ॥ ७-१६५-१०९

ते यूयं धर्ममुत्सृज्य जयं रक्षत पाण्डवाः ।
यथा वः संयुगे सर्वान्न हन्याद्रुक्मवाहनः ॥ ७-१६५-११०

अश्वत्थाम्नि हते नैष युध्येदिति मतिर्मम ।
हतं तं संयुगे कश्चिदाख्यात्वस्मै मृषा नरः ॥ ७-१६५-१११

સર° ઉપર ૭-૧૬૪-૬૬ થી ૬૯.

વિદ્વાન દ્રોણ આટલો ઘોર અધર્મ છેવટે તો પુત્રને લાભ અપાવવાની લાલસાથી કરતા હતા; દુર્યોધન માટે નહિ ! શ્રીકૃષ્ણ એમની આ નબળાઈ બરાબર પારખી ગયા છે. લાલસાને લીધે, અપરાજિતનો પણ પરાજય થાય છે, તે અહીં નાજૂકપણે સ્ફુટ થાય છે.

(૨) દ્રોણવધનું અન્ય રૂપાન્તર ૮-૫૧-૩૮ થી ૪૨માં છે. તે ખંડ ૪, પ્રકરણ ૫, 'ધૃતિ-ઉત્સાહ-પ્રેરક'માં જુઓ.

આસક્તિ થઈ.[૩૮] તેથી ભીમે માલવાના ઇન્દ્રવર્માના પર્વતકાય અશ્વત્થામા હાથીને મારી નાખેલો, તે વિચારીને 'હાથી માર્યો ગયો' એમ બોલ્યા! એ પછી ભીમ દ્રોણુની પાસે સરકીને '...તમારો પ્રિય પુત્ર અશ્વત્થામા માર્યો ગયો છે' એમ જોરશોરથી બોલ્યો. એટલે દ્રોણનું મન ભાંગી ગયું. અગાઉની જેમ દિવ્યાસ્ત્રોથી લડવું બંધ કર્યું. એમને પરમ ઉદ્વેગવાળા અને શોકાતુર જોઈને ધૃષ્ટદ્યુમ્ન સામે ધસી ગયો. પોતાના મૃત્યુરૂપ ધૃષ્ટદ્યુમ્નને જોઈને દ્રોણે અનશનવ્રત ગ્રહણ કર્યું. ધર્મવેત્તા અર્જુન રથમાંથી ઊતરીને ધૃષ્ટદ્યુમ્નની પાછળ દોડયા. હાથ ઊંચો કરીને 'આચાર્યને જીવતા જ પકડજે, મારીશ નહિ,' એમ ત્વરાથી એને વાર્યો. બીજાઓએ પણ વાર્યો. પરન્તુ એણે તો ડાબા હાથે ચોટલી પકડીને આચાર્યનું મસ્તક કાપી નાખ્યું. એટલે સેના ભાગે છે અને અમેય નિરુત્સાહી થઈ ગયા છીએ.' (૭-૧૬૫-૧૧૫ થી ૧૨૪)

ધૃષ્ટદ્યુમ્ને પિતાને અધર્મથી મારી નાખ્યા (પિતાએ અધર્મથી રેંસી નાખ્યા, તેનું મનુષ્યના પ્રાકૃત સ્વભાવ મુજબ સહેલાઈથી વિસ્મરણ થઈ ગયું છે!) એ સાંભળીને અશ્વત્થામા રોષથી ધૂંધવાઈ ઊઠ્યો. આંખમાંથી અશ્રુધારા વહી. ધર્મધ્વજવાળા (= ધર્મના ઢોંગી) ધર્મરાજની નિન્દા કરી.[૩૯] પોતાના ધર્મચારી પિતાના કેશ પકડવામાં આવ્યા તેનાથી મર્મને કાપી

---

૩૮ ૭-૧૬૫-૧૧૫ કખ; સર° ઉપર ૭-૧૬૪-૧૦૬ કખ.

સંપૂર્ણ ધર્માચરણ કેટલું વિકટ છે! ધર્મરાજ જેવા પણ સૈન્યને બચાવવાનો નાજૂક (છતાં ભૂખરો, શુક્લ નહિ) ધર્મ બજાવવા જતાં આસક્ત થઈ ગયા!

નિષ્કામ કર્મયોગનો મર્મ 'અનાસક્તિ' છે. અનાસક્તને 'કર્મ' કે 'કર્મનાં ફળ'નો લેપ લાગે નહિ. આવો અનાસક્ત સ્વયં ભગવાન સિવાય કોણ હોય?

यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वापि स इमाँल्लोकान्न हन्ति न निबध्यते ॥ ६-४०-१७
(ગીતા ૧૮-૧૭)

આ શ્લોકના મર્મ વિશે જુઓ ખંડ ૨, પ્રકરણ ૧૦, 'સહાયક'નો અંત ભાગ.

૩૯ સર° पिता मम यथा क्षुद्रैर्न्यस्तशस्त्रो निपातितः ।
धर्मध्वजवता पापं कृतं तद्विदितं मम ।
अनार्यं सुनृशंस्यं धर्मपुत्रस्य मे श्रुतम् ॥ ७-१६६-१९
युद्धेष्वपि प्रवृत्तानां ध्रुवौ जयपराजयौ ।
द्वयमेतद्भवेद्राजन्वधीस्तत्र प्रशस्यते ॥ ७-१६६-२० ઇત્યાદિ.

ક્ષુદ્ર પુરુષોએ મારા નિઃશસ્ત્ર પિતાને જે રીતે મારી નાખ્યા છે અને ધર્મધ્વજિક મહાક્રૂર ધર્મપુત્રે જે **અનાર્ય** (મહા હલકટ) પાપી કૃત્ય કર્યું છે, તે મેં જાણ્યું છે. યુદ્ધ કરનારાનો અવશ્ય જય અથવા પરાજય થાય છે. એ બન્નેમાં રાજન્ દુર્યોધન! યુદ્ધમાં મરણ પ્રશંસાપાત્ર છે (પણ આવા અધર્મથી નહિ).

અશ્વત્થામા ધર્મરાજ માટે અહીં **અનાર્ય** શબ્દ પ્રયોજે છે. આગળ ફરીથી ૧૬૬-૨૯માં **અનાર્ય** શબ્દ પ્રયોજે છે. ત્યારે પોતાના સામર્થ્યનાં વખાણ કરતાં શરૂમાં કહે છે: '**આર્યે!** કદી પણ આત્મશ્લાઘા ન કરવી જોઈએ. પરન્તુ પિતાનો વધ સહન થતો નથી એટલે અત્યારે મારા પૌરુષને વર્ણવું છું.' (૭-૧૬૬-૩૪)

નાખતી તીવ્ર વ્યથા વ્યક્ત કરી. (આ તો રણક્ષેત્રનો અધર્મ હતો, પણ સંસદમાં રજસ્વલા સતી સ્ત્રી દ્રૌપદીના કેશ ખેંચાયા તે તો શા માટે યાદ આવે ? !) અને મૃદુદારુણ (અથવા સારા-ખોટા) સર્વ ઉપાયોથી પાંચાલો તથા ધર્મરાજાનો વધ કરીને પિતૃઋણમાંથી મુક્ત થવાનો નિર્ણય જાહેર કરીને બોલ્યો : 'પ્રલયકાળની જેમ સર્વ સેનાઓનું મર્દન કરતા મારા સામર્થ્યને આજે જ જનાર્દન સહિત પાંડવો જોઈ રહેશે. હું અજોડ યોદ્ધો છું. અર્જુન સિવાય કોઈ મારી બરાબરી કરી શકે એમ નથી......હું ભૈરવ ઘોષ કરનારી મારી બાણજાળો પાથરીને, જેમ વાવાઝોડું વૃક્ષોને ઉથલાવી પાડે એમ, શત્રુઓને ઉથલાવી પાડીશ. હવે હું નારાયણાસ્ત્ર પ્રયોજીશ. એ અસ્ત્રના પ્રયોગ અને ઉપસંહારને અર્જુન, કૃષ્ણ, ભીમસેન, નકુલ-સહદેવ, યુધિષ્ઠિર, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી કે સાત્યકિ કોઈ જાણતું નથી.[૪૦] પૂર્વે મારા પિતાએ ભગવાન નારાયણને વિધિપૂર્વક પ્રણામ કર્યા. એ બ્રહ્મરૂપ ઉપસ્થિત થતાં એમને ઉપહાર આપ્યો. નારાયણે એને સ્વયં ગ્રહણ કરીને મારા પિતાને નારાયણ નામનું પરમ અસ્ત્ર આપ્યું અને પ્રભુ સ્વર્ગે સિધાવ્યા, એ નારાયણાસ્ત્ર મૂકીને હું પાંડવોને તગડી મૂકીશ....' (૭-૧૬૫-૧૨૫; ૧૬૬-૧ થી ૫૬)

[હવે પછીના હેવાલનો આ સંક્ષેપ છે : અશ્વત્થામાના હુંકારથી કૌરવસેના વ્યવસ્થિત થઈને પાછી વળી. સેના પાછી વાળવાનો તુમુલ નિનાદ સાંભળીને પાંડવ સેનાનીઓ તેના પ્રતિકારની મન્ત્રણા કરવા એકઠા થયા. બીજી તરફ એવામાં અશ્વત્થામાએ જળનું આચમન કરીને દિવ્ય નારાયણાસ્ત્ર પ્રકટ કર્યું. (૭-૧૬૬-૫૭ થી ૬૦; ૧૬૭-૧ થી)]

---

દેખીતી રીતે જ આર્ય અને અનાર્ય શબ્દ ગુણવાચક છે. જાતિવાચક નથી, એ અંગેની ચર્ચા માટે જુઓ ખંડ ૩, પ્રકરણ ૩, 'સર્વમિત્ર'માં નોંધ ૧ તથા ૭.

અહીં પ્રદર્શિત કટુતાભર્યા વલણમાંથી મહાયુદ્ધ પછી અશ્વત્થામાએ રાત્રિયુદ્ધનો અને તેમાંય ધૃષ્ટદ્યુમ્ન વગેરેને મૂઢમારથી પશુવત્ મારવાનો નિરધાર જન્મ્યો હશે.

ગુરુઘાતના અધર્મ કૃત્યનો નિર્દેશ કરી અર્જુન સમગ્ર પાંડવ પક્ષને 'અનાર્ય' કહે છે. તેનો નિર્દેશ નીચે સર૦ ૭-૧૬૭-૪૭.

૪૦ न च जानाति बीभत्सुस्तदस्त्रं न जनार्दनः ।
न भीमसेनो न यमौ न च राजा युधिष्ठिरः ॥ ७-१६६-४१

न पार्षतो न दुरात्मासौ न शिखण्डी न सात्यकिः ।
यदिदं मयि कौरव्य सकल्पं सनिवर्तनम् ॥ ७-१६६-४२

શ્રીકૃષ્ણ નારાયણના પૂર્ણાવતાર, પણ એ જ નારાયણાસ્ત્ર ન જાણે ! અશ્વત્થામાનું આ વિધાન વિશ્વસ્ત ન ગણાય. પ્રાણીમાત્ર પ્રત્યે કરુણાળુ શ્રીકૃષ્ણ (નારાયણે દ્રોણને સૂચવ્યું છે એમ, 'આ અસ્ત્ર અવધ્યનોય વધ કરી નાખે માટે એનો સહસા પ્રયોગ ન કરવો.' ૭-૧૬૬-૪૫ થી ૪૭) એનો 'સહસા' પ્રયોગ ન જ કરે, તેને કારણે અશ્વત્થામાએ આવું શેખીભર્યું વિધાન કર્યું જણાય છે.

નારાયણાસ્ત્ર નીચેના સંયોગોમાં શાન્ત થાય ! યુદ્ધમાં શત્રુઓનો સર્વનાશ થાય, શત્રુઓ ભાગી જાય, શસ્ત્રત્યાગ કરે, શરણું માગે અને શરણે આવે. પણ સામનો કરવામાં આવે તો અવધ્યોનો પણ સર્વથા વધ કરી નાખે. ૭-૧૬૬-૪૮, ૪૯.

કૌરવ સેનાનો તુમુલ નિર્ઘોષ સાંભળીને મન્ત્રણા પરિષદમાં યુધિષ્ઠિરે અર્જુનને પૂછ્યું : 'છિન્નભિન્ન થઈને અસ્તવ્યસ્ત હાલતમાં ગભરાટથી 'ઓ બાપ રે, ઓ દીકરા રે' એવી બૂમો પાડીને પલાયન કરતી કૌરવી સેનાને વ્યવસ્થિત કરીને કયો દેવેશ્વર જેવો મહારથી યુદ્ધ માટે ચઢી આવે છે ?' (૭-૧૬૭-૯ થી ૨૪)

આ સાંભળીને આચાર્યના વધથી સમસમી રહેલા વિષાદભરપૂર અર્જુને યુધિષ્ઠિરને ઠપકો આપ્યો : 'ધર્મજ્ઞ એવા આપે પોતે અત્યંત મહાન અધર્મ કરીને રાજ્ય પ્રાપ્ત કરવા માટે મિથ્યા ભાષણથી ગુરુને છેતર્યા છે. '' સર્વધર્મસંપન્ન આ મારો શિષ્ય યુધિષ્ઠિર મિથ્યા નહિ બોલે ' એવો એમણે તમારા ઉપર ભરોસો રાખ્યો. પણ તમે તો સત્યનો અંચળો ઓઢીને અસત્યમાં પેઠા અને આચાર્યને આપે કહ્યું કે, 'હાથી માર્યો ગયો.' એથી ગુરુ શસ્ત્રત્યાગ કરીને વિહ્વલ થઈ ગયા. શાશ્વત ધર્મ મૂકીને શિષ્યે (ધૃષ્ટદ્યુમ્ને) ગુરુનો ઘાત કર્યો અને આપે શસ્ત્રસંન્યાસવાળા ગુરુનો અધર્મથી ઘાત કરાવ્યો ! હવે એમનો શૂરવીર પુત્ર અશ્વત્થામા ચઢી આવે છે. તમારામાં તાકાત હોય તો ધૃષ્ટદ્યુમ્નનું રક્ષણ કરો. અમારા સૌનામાં તો હામ નથી...અરેરે ! આપણું ઘણું બધું આયુષ્ય વીતી ગયું છે, અને થોડું જ બાકી રહ્યું છે, તેથી તો આપણામાં વિકાર પેઠો છે અને અલ્પકાળના રાજ્ય માટે ધર્મપિતા જેવા ગુરુને મારી નાખ્યા છે !... ઓછી બુદ્ધિના આપણે **અનાર્યોએ** સદા ઉપકારી વૃદ્ધ આચાર્યનો રાજ્યને માટે દ્રોહ કર્યો છે. રાજ્યલોભી એવા મેં એમના વચની ઉપેક્ષા કરી છે તેથી હું નરકમાં ઊંધે માથે લટકીશ ! બ્રાહ્મણ (વેદવેત્તા), વૃદ્ધ, આચાર્ય અને તેમાંય મુનિની જેમ શસ્ત્રત્યાગી દ્રોણનો (નાશવંત) રાજ્યને માટે ઘાત કરાવ્યા પછી આજે જીવવા કરતાં મરી જવું એ જ બહેતર છે !' (૭-૧૬૭-૨૫ થી ૫૦; અર્જુનના આ વક્તવ્ય સાથે સર૦ યુદ્ધારંભનો એમનો વિષાદ. ગીતા અ. ૧ અને ૨-૧ થી ૧૦)

અર્જુનના તીવ્ર ઉપાલંભો અત્યંત સહનશીલ યુધિષ્ઠિર સાંખી રહ્યા. એ જ રીતે બીજા કોઈ મહારથીએ પણ સામો જવાબ ન આપ્યો. પરન્તુ ભીમસેન કોપ્યો અને અર્જુનનો ઉપહાસ કરતો હોય એમ બોલી ઊઠ્યો : 'અરે અર્જુન ! તું તો અરણ્યવાસી મુનિ કે દંડત્યાગી સંયમી બ્રાહ્મણ (બ્રહ્મનિષ્ઠ) જેવું બોલે છે ! (સર્વનું) દુઃખમાં રમણ કરવાથી, તથા સ્ત્રીઓ અને સજ્જનોને ક્ષમા કરવાથી ક્ષત્રિય તત્કાળ ધર્મ, યશ અને શ્રી પ્રાપ્ત કરે છે. આપશ્રી સર્વ ક્ષત્રિય ગુણોવાળા અને કુલધુરંધર છો છતાં આવું અક્કલહીણું બોલો છો તે અત્યારે શોભતું નથી !... અહોહો ! મહાસાગર જેમ મર્યાદા મૂકે નહિ એમ તું ધર્મમર્યાદા મૂકતો નથી ! તેર તેર વર્ષના ક્રોધને વેગળો મૂકીને તું ધર્મની જ આકાંક્ષા રાખે છે એટલે કોણ તારી પૂજા નહિ કરે ? ! સદ્‌ભાગ્યે તારું મન અત્યારે પણ સ્વધર્મમાં રમણ કરે છે ! અને તારી બુદ્ધિ સતત દયાપરાયણ છે તેય ખુશી થવા જેવું છે !...' વગેરે કહીને દ્રૌપદીનું ઘોર અપમાન તથા પૂર્વની અર્જુનની વીરવાણીનું સ્મરણ કરાવ્યું. અશ્વત્થામા એની સોળમી કળાને પણ યોગ્ય નથી–એની વિસાતમાં નથી–વગેરે કહીને ઉપહાસથી ઉમેર્યું : 'અમિતવિક્રમ ! અશ્વત્થામાથી ડરીશ નહિ ! હું એકલો જ હાથમાં ગદા લઈને મહાસંગ્રામમાં એને જીતી લઈશ !' (૭-૧૬૮-૧ થી ૨૦)

પછી વિષ્ણુ જેમ ક્રોધથી ગર્જતા હિરણ્યકશિપુને ઉદ્દેશીને બોલ્યા હતા એમ ધૃષ્ટદ્યુમ્ને પણ

અર્જુન આગળ દલીલો કરી :[૪૧] 'દ્રોણ બ્રાહ્મણનાં છયે કર્મોમાંથી કયું કર્મ આચરતા હતા? એ સ્વધર્મભ્રષ્ટ થઈને ક્ષાત્રધર્મી થયા હતા; વળી ક્ષુદ્રકર્મી દ્રોણ કપટ કરતા હતા. એવા નામધારી બ્રાહ્મણને કપટથી મારવામાં શું અયોગ્ય છે? એટલે અશ્વત્થામા ભલેને રોષથી ગર્જે, એમાં મારું શું લુંટાઈ જશે? મને લાગે છે કે એનાથી કંઈ બનવાનું નથી. એ કૌરવોને મરાવી નાખશે. વળી તું ધાર્મિક થઈને મને ગુરુઘાતી કહે છે, પણ હું તો એમનો ઘાત કરવા જ (વૈર–) અગ્નિમાંથી જન્મ્યો છું!...ખરેખર તો પ્રશંસાપાત્ર એવા મારી તું શા માટે પ્રશંસા કરતો નથી? મને મર્મભેદી દુઃખ તો એ વાતનું છે કે તેં જેમ જયદ્રથનું મસ્તક નિષાદોના પ્રદેશમાં ફેંકી દીધું હતું એમ મેં પણ દ્રોણના મસ્તકને નિષાદોના પ્રદેશમાં કેમ ફેંકી ન દીધું?...' પછી અર્જુને પિતાના મિત્ર ભગદત્ત અને પિતામહ ભીષ્મનો વધ કર્યો તેનું સ્મરણ કરાવી સમારોપ કર્યો : 'જ્યેષ્ઠ પાંડવ જૂઠાબોલા નથી, તેમ હું અધર્મી પણ નથી. શિષ્યદ્રોહી પાપી દ્રોણ માર્યા ગયા છે. માટે યુદ્ધ કર. વિજય તારો જ છે. **युध्यस्व विजयस्तव।**'[૪૨] (૭-૧૬૮-૨૧ થી ૩૯)

ધૃષ્ટદ્યુમ્નને બધા ચુપચાપ સાંભળી રહ્યા, અર્જુન આંસુભરી આંખે ધિક્! ધિક્! બોલ્યા. યુધિષ્ઠિર, ભીમ, નકુલ, સહદેવ, શ્રીકૃષ્ણ અને બીજાઓ અત્યંત શરમીંદા થઈ ગયા. એવામાં ઉછાંછળો સાત્યકિ ધૃષ્ટદ્યુમ્નને તેના આ **આર્યને** છાજે નહિ એવા અકાર્ય બદલ ગાળો દઈને ઠપકો આપવા માંડયો! (સાત્યકિ પણ અર્જુન જેવો ગુરુભક્ત છે. તેથી ગુરુ, અર્જુનના ગુરુ, દાદાગુરુ દ્રોણના વધથી ખીજવાયો છે!) (૭-૧૬૯-૬ થી ૧૯)

ધૃષ્ટદ્યુમ્ને સામું ચાંપ્યું : 'અનાર્ય! (મારા જેવા) સજ્જન સત્પુરુષનો તારાથી તિરસ્કાર ન થઈ શકે! જા, હું તને માફી આપું છું! તું તો (માથાના) વાળથી માંડીને નખની અણી સુધી (નખથી તે કેશ સુધી) ક્ષુદ્ર આચારોથી ભરપૂર છે અને ઠપકો આપવા આવે છે! અનશનવ્રતધારી અને હાથ કપાયેલા ભૂરિશ્રવાને, (શ્રીકૃષ્ણ-અર્જુને) તને વાર્યો છતાંય તેં મારી નાખ્યો એનાથી મોટું પાપ કયું? ભૂરિશ્રવા તને પાડી નાખીને ઢસડતો હતો ત્યારે તો તેં એને માર્યો નહિ, અને જ્યારે અર્જુને તેને હરાવ્યો ત્યારે તેં **અનાર્યે** એને મારી નાખ્યો! અધમ! આવું પાપી કાર્ય હું તો કરું જ નહિ! માટે ચૂપ થઈ જા! અને મૂર્ખ! કેવળ ધર્મથી જય મેળવી શકાતો નથી. કૌરવોએ પણ કેવાં કેવાં અધર્મી કૃત્યો કર્યાં હતાં તે સાંભળ.' પછી કૌરવોનાં દુષ્કૃત્યોની યાદી સંભળાવી છેલ્લે ઉમેર્યું : 'કૌરવો અને પાંડવોએ યુદ્ધમાં અધર્મ આચર્યો છે. આ વીરો ધર્મજ્ઞ છે

---

૪૧ **संक्रुद्धमिव नर्दन्तं हिरण्यकशिपुं हरिः ॥** ૭-૧૬૮-૨૧ ગદ્ય

નૃસિંહાવતારનો આ નિર્દેશ અહીં ધ્યાન ખેંચે છે.

૪૨ સર°

**द्रोणं च भीष्मं च जयद्रथं च कर्णं तथान्यानपि योधवीरान् ।**
**मया हतांस्त्वं जहि मा व्यथिष्ठा युध्यस्व जेतासि रणे सपत्नान् ॥** ૬-૩૩-૩૪

(ગીતા ૧૧-૩૪)

**નિર્લેપભાવે સંહાર કરતા 'કાલ' ભગવાનનાં વચનોનું ઓજસ્ એ 'કાલ'નો અવશપણે સાધન બનેલો ધૃષ્ટદ્યુમ્ન અભિવ્યક્ત ન કરી શકે એ દેખીતું છે.**

છતાં જય પામવા એમ કર્યું છે. પરમ ધર્મ તથા અધર્મનું રૂપ જાણવું અત્યંત મુશ્કેલ છે. માટે (સીધી રીતે) કૌરવો સાથે લડ. નકામો યમરાજને ત્યાં ન જા.'[૪૩] (૭-૧૬૯-૨૦ થી ૩૯)

આ તર્જનાથી ઉશ્કેરાઈને સાત્યકિ ધૃષ્ટદ્યુમ્નને મારવા ધસ્યો, પરન્તુ શ્રીકૃષ્ણની પ્રેરણાથી ભીમસેને તેને ઝાલી રાખ્યો અને પંડિત સહદેવે મધુર વાણીથી સાત્યકિને ટાઢો પાડ્યો : 'અમારે તો અન્ધક–વૃષ્ણિઓ તથા પાંચાલોથી વધીને કોઈ મિત્ર છે જ નહિ. એ જ રીતે અન્ધક–વૃષ્ણિઓ અને તેમાંય ખાસ કરીને તમારે તથા શ્રીકૃષ્ણને અમારાથી શ્રેષ્ઠ બીજો કોઈ મિત્ર નથી, તથા સમુદ્ર સુધીની સમગ્ર પૃથ્વીમાં શોધ કરે તો પણ પાંડવો અને વૃષ્ણિઓ જેવો બીજો કોઈ ઉત્તમ મિત્ર જડવાનો નથી. આમ આપ ધૃષ્ટદ્યુમ્નના આવા ખાસ મિત્ર છો તથા તે પણ આપને એવા જ ખાસ મિત્ર માને છે. વળી આપ જેવા અમારા છો તેવા અમે તમારા છીએ. માટે સર્વધર્મજ્ઞ એવા તમે મિત્રધર્મનું સતત સ્મરણ કરીને ક્રોધને કાબૂમાં લો. બન્ને પરસ્પરને ક્ષમા આપો...' (૭-૧૬૯-૪૦ થી ૫૪)

તે છતાંયે બન્ને સામસામે બાખડવા માટે ગર્જવા લાગ્યા. એટલે વાસુદેવ અને ધર્મરાજે ત્વરાથી, મહાપ્રયત્ન કરીને બન્નેને શાન્ત પાડ્યા. પછી (મન્ત્રણાસભા વિખેરાઈ અને) ક્ષત્રિય વીરો શત્રુઓ સામે લડવા નીકળી પડ્યા. (૭-૧૬૯-૫૫ થી ૬૨)

કૌરવ પક્ષે અશ્વત્થામાએ દુર્યોધનને પુનઃ પ્રતિજ્ઞા સંભળાવી : 'ધર્મનો બુરખો ઓઢીને યુધિષ્ઠિરે આચાર્યને '(અશ્વત્થામા માર્યો ગયો છે માટે) શસ્ત્રો હેઠાં મૂકો,' એમ કહ્યું હતું. તો તેની નજર સમક્ષ જ, તેની સેનાને તગડી મૂકીશ અને પાપી ધૃષ્ટદ્યુમ્નને મારી નાખીશ, માટે સેનાને (વ્યવસ્થિત રીતે) પાછી વાળ.' (૭-૧૭૦-૪ થી ૭).

અને પછી તો બે પર્વત ટકરાય અથવા તો સાગરને સંગમ થાય એમ બન્ને સેનાઓ ટકરાઈ. અશ્વત્થામાએ નારાયણાસ્ત્ર પ્રકટ કર્યું. પાંડવોના મહારથીઓ જેમ જેમ લડવા માંડ્યા, એમ એમ એ અસ્ત્રનું જોર વધતું ચાલ્યું. યુધિષ્ઠિરની સેના ત્રાસ પામી ગઈ. સુધબુધ ખોઈને ભાગવા માંડી. (દ્રોણના મૃત્યુનો શોક અને આઘાત પામેલા) અર્જુનની તટસ્થતા નિહાળીને (નિરાશ) ધર્મરાજા બોલવા લાગ્યા : 'ધૃષ્ટદ્યુમ્ન ! પાંચાલ દળોની સાથે પલાયન કર. સાત્યકિ ! વૃષ્ણિ–અન્ધકોની સાથે ઘેર જા. ધર્માત્મા વાસુદેવ પણ એમનું ફોડી લેશે, કારણ કે એ તો જગતને (બચવાનો) માર્ગ બતાવવા સમર્થ છે, તો પોતાનો રસ્તો કેમ નહિ ખોળે ? સર્વ દળોને કહું છું કે તમારે હવે સંગ્રામ ન કરવો. હું તો હવે ભાઈઓની સાથે ચિતામાં બળી મરીશ. ભીષ્મ-દ્રોણરૂપી સાગરને તરી ગયા પછી હું તો હવે અશ્વત્થામારૂપી ગાયના પગલા જેવડા ખાબોચિયામાં ગણો સહિત ડૂબી મરીશ (એમ જણાય છે). બીભત્સુ અર્જુનની મારા પ્રત્યે જે ભાવના છે તે

---

૪૩ दुर्ज्ञेयः परमो धर्मस्तथाधर्मः सुदुर्विदः ।
युध्यस्व कौरवैः सार्धं मा गाः पितृनिवेशनम् ॥ ७-१६९-३९

ધૃષ્ટદ્યુમ્નપ્રોક્ત કૌરવોનાં દુષ્કૃત્યઃ દ્યુતમાં યુધિષ્ઠિરને છેતર્યા, દ્રૌપદીને ત્રાસ આપ્યો. વનમાં મોકલ્યા, સર્વસ્વ છીનવી લીધું, શલ્યને ભોળવી પોતાના પક્ષમાં લીધો (, ક્ષેપક ૧૩૩૦ મુજબ બાળક અભિમન્યુને મારી નાખ્યો). ૭-૧૬૯. ૩૪ થી ૩૭.

ફળો ! કારણ કે કલ્યાણવૃત્તિવાળા આચાર્યને મેં યુદ્ધમાં મરાવી નાખ્યા છે !—કે જે દ્રોણે અકુશળ બાળક અભિમન્યુને અનેક સમર્થોના હાથે રેંસાવી નાખ્યો પણ બચાવ્યો નહિ ! જેણે દાસત્વને રોકી રાખતી, સભામાં આવેલી દ્રૌપદીના પ્રશ્નની, અશ્વત્થામાની સાથે ઉપેક્ષા કરી હતી ! જેણે થાકી ગયેલા ઘોડાવાળા અર્જુનને મારી નાખવાની ઇચ્છાવાળા દુર્યોધનને જયદ્રથનો બચાવ કરવા કવચ પહેરાવ્યું હતું ! જે બ્રહ્માસ્ત્રવેત્તાએ, ( બ્રહ્માસ્ત્ર નહિ જાણનારા ) સત્યજિત વગેરે પાંચાલોને સમૂળ ઊખાડી નાખ્યા હતા ! અને અમને જ્યારે અધર્મથી રાજ્યભ્રષ્ટ કરીને વનમાં કાઢી મૂકયા ત્યારે ( વિદુર વગેરેનો ) વિરોધ છતાં જેમણે અમારા વનવાસને સંમતિ આપી હતી ! એવા અમારા ઉપર ઉત્કટ પ્રેમભાવ રાખનાર દ્રોણ માર્યા ગયા છે, એટલે હું પણ એમને ખાતર બાન્ધવો સાથે મૃત્યુ પામીશ !' ( ૭-૧૭૦-૮ થી ૩૬ )

ભગ્નાશ ધર્મરાજ આમ બોલી રહ્યા હતા ત્યાં તો દાશાર્હ શ્રીકૃષ્ણે એકદમ પોતાના બન્ને બાહુ ઊંચા કરીને સૈન્યને યુદ્ધ કરતું અટકાવ્યું, અને હુકમ કર્યો : ' તત્કાલ શસ્ત્રો છોડી દો. વાહનો ઉપરથી ઊતરી પડો. મહાત્મા નારાયણે અસ્ત્રના પ્રતિકારનો આ ઉપાય નિર્યો છે. તમે બધા હાથી, ઘોડા અને રથ ઉપરથી જમીન ઉપર ઊતરી પડો. તમે આમ રણભૂમિ ઉપર નિઃશસ્ત્ર થઈને ઊભા રહેશો એટલે અસ્ત્ર તમને મારશે નહિ. આપણા લડવૈયાઓ જેમ જેમ અસ્ત્રબલનો સામનો કરે છે તેમ તેમ કૌરવો વધારે બલવાન થાય છે. તેથી જેઓ શસ્ત્રો ફેંકી દેશે અને વાહન ઉપરથી ઊતરી જશે તે માણસોને આ અસ્ત્ર સંગ્રામમાં મારશે નહિ. પરન્તુ જેઓ એની સામે મનથી પણ યુદ્ધ કરશે તે બધા ભલેને ( રણક્ષેત્ર છોડીને ) રસાતલમાં ભાગી જશે તો પણ તેમનો સંહાર કરશે.'[૪૪] ( ૭-૧૭૦-૩૭ થી ૪૨ )

શ્રીકૃષ્ણનો હુકમ થતાં સમગ્ર લશ્કરે મનથી અને ઇન્દ્રિયોથી ( સૂક્ષ્મ અને સ્થૂળ બન્ને રીતે ) શસ્ત્રત્યાગ કરવાની ઇચ્છા કરી, પણ દશ હજાર હાથીઓના બળ જેટલો જુસ્સો ધરાવનાર પ્રતાપી ભીમસેન તો અશ્વત્થામાની સામે ધસ્યો. એટલે વિપુલ અસ્ત્રવીર્ય ભીમસેનના મસ્તક ઉપર પડવા માંડયું. પાંડવો હાહાકાર કરવા લાગ્યા. ( ૭-૧૭૦-૪૩ થી ૬૧ )

---

૪૪ एवं ब्रुवति कौन्तेये दाशार्हस्त्वरितस्ततः ।
निवार्य सैन्यं बाहुभ्यामिदं वचनमब्रवीत् ॥ ७-१७०-३७
शीघ्रं न्यस्त शस्त्राणि वाहेभ्यश्चावरोहत ।
एष योगोऽत्र विहितः प्रतिघातो महात्मनः ॥ ७-१७०-३८
द्विपाश्वस्यन्दनेभ्यश्च क्षितिं सर्वेऽवरोहत ।
एवमेतन्न वो हन्यादस्त्रं भूमौ निरायुधान् ॥ ७-१७०-३९
यथा यथा हि युध्यन्ते योधा ह्यस्त्रबलं प्रति ।
तथा तथा भवन्त्येते कौरवा बलवत्तराः ॥ ७-१७०-४०
निक्षेप्स्यन्ति च शस्त्राणि वाहनेभ्योऽवरुह्य ये ।
तान्नैतदस्त्रं संग्रामे निहनिष्यति मानवान् ॥ ७-१७०-४१
ये त्वेतत्प्रतियोत्स्यन्ति मनसापीह केचन ।
निहनिष्यति तान्सर्वान्रसातलगतानपि ॥ ७-१७०-४२

ભીમને બચાવવા અર્જુને એને વારુણાસ્ત્રથી ઢાંકી દીધો. પરન્તુ વારુણાસ્ત્ર નાનું હતું. એટલે ભીમસેન નારાયણાસ્ત્રના તેજમાં ઢંકાઈ ગયો અને દેખાતો બંધ થયો. એટલે મહાદ્યુતિમાન અર્જુન-વાસુદેવ રથમાંથી કૂદી પડ્યા. ભીમ તરફ દોડચા. માયાથી (અપ્રતિમ કુશળતાથી અથવા અલૌકિક શક્તિથી) એ મહાબલવાનો અસ્ત્રતેજમાં પ્રવેશ્યા. विगाह्य तौ सुबलिनौ माययाविशतां तदा ॥ ૭-૧૭૧ ગદ્ય ॥ બન્ને શસ્ત્રહીન હતા, વારુણાસ્ત્રનો પ્રયોગ કરેલ હતો અને વીર્યવાન હતા તેથી શસ્ત્રાગ્નિથી દાઝચા નહિ. પછી એ બન્ને નર-નારાયણે ભીમસેનનાં આયુધોને બલાત્કારે ખેંચવા માંડચાં, પણ જેમ જેમ શ્રીકૃષ્ણ-અર્જુન એને ખેંચવા માંડચા, એમ એમ ભીમ વધુ ગર્જવા માંડચો. એટલે અશ્વત્થામાનું અતિ દુર્જય ભયંકર અસ્ત્ર પણ વધવા માંડચું. એટલે શ્રીકૃષ્ણે કહ્યું: 'પાંડુનન્દન! આ શું માંડચું છે? તમને વારીએ છીએ તો પણ વળતા નથી? જો કૌરવોને અત્યારે યુદ્ધથી જીતવાના હોત તો, અમે અને આ નરશ્રેષ્ઠો અત્યારે લડતા જ હોત. અમે બધા તમારા પક્ષના યોદ્ધાઓ રથો ઉપરથી નીચે ઊતરી ગયા છીએ. માટે તમે પણ કૌન્તેય! સત્વર રથ ઉપરથી ઊતરી જાઓ!' (૭-૧૭૧-૧ થી ૧૭)

આમ કહીને શ્રીકૃષ્ણે ભીમને રથ ઉપરથી નીચે ઉતારી દીધો. લાલચોળ આંખોવાળા નાગની જેમ ક્રોધથી ફૂંફાડા મારતા ભીમને જ્યારે આમ રથ ઉપરથી ઉતારી પાડ્યો અને એનાં આયુધો હેઠાં મુકાવી દીધાં એટલે શત્રુઓને તપાવનાર નારાયણાસ્ત્ર પણ તદ્દન શાન્ત થઈ ગયું! (૭-૧૭૧-૧૮ થી ૨૧).

બચેલું પાંડવ સૈન્ય પુનઃ લડવા માટે ગોઠવાઈ ગયું! એટલે દુર્યોધને અશ્વત્થામાને વિનંતી કરી કે, 'ત્વરાથી પુનઃ નારાયણાસ્ત્ર મૂકો.' અતિ ખિન્ન અશ્વત્થામાએ નિસાસો મૂકયો અને બોલ્યો: 'રાજન્! આ અસ્ત્ર બે વખત મૂકી શકાતું નથી. ફરી પ્રયોગ કરવામાં આવે તો એ મૂકનારનો જ નાશ કરે એમાં શંકા નથી. વાસુદેવે આ અસ્ત્રના વિનાશનો પ્રયોગ કર્યો, નહિ તો એણે શત્રુસંહાર કરી નાખ્યો હોત. (છતાં મનોમન સંતોષ લે છે!) પરાજય અને મૃત્યુમાં પરાજય નહિ પણ મૃત્યુ શ્રેયસ્કર છે. આ શત્રુઓએ હારીને શસ્ત્રત્યાગ કર્યો છે, તેથી તેઓ મૂએલા જેવા જ છે![45] (૭-૧૭૧-૨૨ થી ૨૯)

પરન્તુ પાંડવો 'મરી ગયા જેવા હતા,' મરી નહોતા ગયા! એટલે દુર્યોધને અશ્વત્થામાને પાંડવોને રોળી નાખવા પ્રેર્યો. અસહનશીલ અશ્વત્થામાએ પુનઃ ભારે આક્રમણ કર્યું. એમાં શ્રીકૃષ્ણને પણ એણે દશ બાણોથી વીંધી નાખ્યા. આક્રમણ એટલું પ્રબળ હતું કે ગોવિન્દ તથા અર્જુને સૈનિકોને એમનાં સ્થાનો ઉપર ઊભા રાખવા ઘણોયે યત્ન કર્યો, પણ તેઓ તો નાસી જ ગયા! (૭-૧૭૧-૩૦ થી ૬૯; ૧૭૨-૧, ૨)

---

૪૫ एष चास्त्रप्रतिघातं वासुदेवः प्रयुक्तवान् ।
अन्यथा विहितः संख्ये वधः शत्रोर्जनाधिप ॥ ૭-૧૭૧-૨૮

पराजयो वा मृत्युर्वा श्रेयो मृत्युर्न निर्जयः ।
निर्जिताश्चारयो ह्येते शस्त्रोत्सर्गान्मृतोपमाः ॥ ૭-૧૭૧-૨૯

એટલે એકલા અર્જુન કેટલાક માંડલિક સોમક રાજાઓ અને બીજા યોદ્ધાઓ સાથે અશ્વત્થામાની સામે ધસી ગયા. યુધિષ્ઠિરની કટાક્ષવાણીથી ( જુઓ ઉપર ૭-૧૭૦-૨૯ થી ૩૧ ઇત્યાદિ સંદર્ભો ) અને સૈનિકોના ગભરાટને કારણે અર્જુન અભૂતપર્વ રોષમાં હતા. એમણે અશ્વત્થામાને અશ્લીલ ( શ્રી વગરનાં ), રુક્ષ, મર્મભેદી અને શૂરવીરને છાજે નહિ તેવાં અયોગ્ય વચનો સુણાવીને કહ્યું : ' શત્રુઓના અન્તક અને કાલાગ્નિ જેવા ધૃષ્ટદ્યુમ્ન અથવા શ્રીકૃષ્ણની સહાયવાળા મારી સામે આવી જા ! ' ( ૭-૧૭૨-૩ થી ૬, ૭ થી, ૯ થી ૧૩ )

એટલે ક્રોધી અશ્વત્થામાને અર્જુન અને તેમાંય ખાસ કરીને શ્રીકૃષ્ણ ઉપર ખૂબ રીસ ચડી. અસાધારણ મોટું અગ્ન્યસ્ત્ર ફેંક્યું. અર્જુને અસ્ત્રમાત્રનો પ્રતિકાર કરી શકે એવા બ્રહ્માસ્ત્રથી એને શાન્ત કર્યું. તે છતાં પાંડવોની એક અક્ષૌહિણી સેના તો બળીને ખાખ થઈ ગઈ. બન્ને પક્ષનાં દળો માનતાં હતાં કે શ્રીકૃષ્ણ-અર્જુન અગ્ન્યસ્ત્રથી માર્યા ગયા છે. પરન્તુ આકાશમાં જેમ સૂર્ય-ચંદ્ર શોભે એમ મહાધનુર્ધર કેશવ અને અર્જુન, પતાકા, ધ્વજ, ઘોડા, અનુકર્ષ ( રથના પૈડા ઉપરનું લાકડું ) તથા ઉત્તમ આયુધો સાથેના એમના રથમાં અક્ષત ( સલામત ) દેખાયા. એટલે કૌરવો ગભરાયા અને પાંડવોમાં આનંદ ફેલાયો. બન્નેએ પોતાના શ્રેષ્ઠ શંખોને જોસભેર ફૂંક્યા. ( ૭-૧૭૨-૧૪ થી ૩૯ )

અશ્વત્થામા તો દુઃખી દુઃખી થઈ ગયો. મુહૂર્તભર વિચારમાં પડી ગયો, અને પછી લાંબો ઊનો નિસાસો મૂકીને ' ધિક્ ધિક્ ! આ બધું મિથ્યા છે ! ' કહીને ધનુષ્ય ફેંકી દીધું અને રણભૂમિ ઉપરથી ભાગ્યો.[૪૬] ( ૭-૧૭૨-૪૦ થી ૪૨ )

ભાગતા અશ્વત્થામાને માર્ગમાં સ્નિગ્ધ મેઘના જેવી કાન્તિવાળા ( જ્ઞાનતેજથી ચમકતા, શ્યામ રંગના ), વેદવ્યાસ ( વેદોના અભ્યાસની વ્યવસ્થા કરનારા ), નિર્દોષ અને સાક્ષાત્ સરસ્વતીના આવાસરૂપ મહર્ષિ વ્યાસનાં દર્શન થયાં.[૪૭] એણે અત્યંત દીન માણસની જેમ

---

૪૬ ततो द्रौणिर्धनुर्न्यस्य रथात्प्रस्कन्द्य वेगितः ।
धिग्धिक्सर्वमिदं मिथ्येत्युक्त्वा संप्राद्रवद्रणात् ॥ ७-१७२-४२

સર° ચર્ચિલના શબ્દો : ' One day President Roosevelt told me that he was asking publicly for suggestions about what the War should be called. I said at once '*the Unnecessary War.*" અર્થાત્ ' એક દિવસ રાષ્ટ્રપતિ રૂઝવેલ્ટે મને કહ્યું કે, યુદ્ધને કયા નામે ઓળખવું જોઈએ તે અંગે તેઓ જાહેર સૂચનો માગી રહ્યા છે. એટલે મેં તરત જ કહ્યું કે, ' યુદ્ધ મિથ્યા છે '.

( Preface Page x. *The Second World War*, Vol. I, 1954, by W. S. Churchill )

૪૭ ततः स्निग्धाम्बुदाभासं वेदव्यासमकल्मषम् ।
आवासं च सरस्वत्याः स वै व्यासं ददर्श ह ॥ ७-१७२-४३

અધ્યાય ૧૭૨, શ્લોક ૯૧ થી ૯૪ જોતાં આત્મચિન્તનની પળોમાં થયેલું આ માનસિક દર્શન હોઈ શકે એવો સંભવ લાગે છે.

ઘેરાયેલા સાદે પ્રણામ કરીને પૂછ્યું : 'ભગવન્ ! આ તે માયા છે? અકસ્માત છે? શું છે? કંઈ સમજાતું નથી ! મારું અમોઘ અગ્ન્યસ્ત્ર શાથી નિષ્ફળ ગયું ?! આ તે શું ઊંધું ચત્તું થવા બેઠું છે, કે કૃષ્ણ–અર્જુન હજુય જીવે છે ! ખરેખર કાળની ગતિ અગમ્ય છે. સમસ્ત જગતના કોઈ પણ પ્રાણીનો નાશ કરે એવું આ અસ્ત્ર મર્ત્યધર્મી કૃષ્ણ–અર્જુનને કેમ સંહારી શક્યું નહિ ?!' (૭-૧૭૨-૪૩ થી ૪૯)

'મનને એકાગ્ર રાખીને સાંભળ. તેં ચકિત થઈને મને મહાન અર્થપૂર્ણ પ્રશ્ન કર્યો છે. આ જે શ્રીકૃષ્ણ છે તે પૂર્વજોનાય પૂર્વજ નારાયણ છે. એ વિશ્વકર્તા (ધર્મસંસ્થાપનના) કાર્ય માટે ધર્મના પુત્ર તરીકે જન્મ્યા હતા....' એમ પ્રસ્તાવના કરીને પ્રશાન્ત ચિત્ત વેદવ્યાસે શ્રીકૃષ્ણની પૂર્વની સાધનાનું વર્ણન કર્યું. (૭-૧૭૨-૫૦ થી ૯૦. શ્રીકૃષ્ણની પૂર્વજન્મની સાધનાના પૌરાણિક વર્ણન માટે જુઓ પ્રકરણને અંતે, પરિશિષ્ટ ૨.)

વેદવ્યાસની વાણીથી અશ્વત્થામાએ શ્રીકૃષ્ણનું (મનોમન) બહુમાન કર્યું. (ભાગતી) સેના સામે જોઈને છાવણીમાં પાછા ફરવા હુકમ આપ્યો. એટલે પાંડવોએ પણ દળોને પાછાં ખેંચ્યાં. (૭-૧૭૨-૯૧ થી ૯૪)

વેદવ્યાસ ત્યારબાદ પાંડવોની છાવણીમાં ગયા. અર્જુનને લડતાં લડતાં એવો અનુભવ થતો કે, જાણે પોતાની આગળ એક અગ્નિ જેવો તેજસ્વી શૂલધારી પુરુષ ચાલતો હતો. ખરેખર તો તે જ શત્રુઓનો નાશ કરતો હતો. એટલે એમણે મહર્ષિને આ અંગે પૂછ્યું. વેદવ્યાસે ભગવાન શંકરનું માહાત્મ્ય વર્ણવીને 'શતરુદ્રિય' સ્તોત્ર સંભળાવ્યું.[૪૮] અન્તે બોલ્યા :

**'गच्छ युध्यस्व कौन्तेय न तवास्ति पराजयः ।**
**यस्य मन्त्री च गोप्ता च पार्श्वतस्ते जनार्दनः ॥ ७-१८३-१०६**

'કૌન્તેય ! જા, યુદ્ધ કર, જેના પડખે મન્ત્રી અને સંરક્ષક જનાર્દન શ્રીકૃષ્ણ છે, એવા તારો પરાજય ન હોય.'

(અપૂર્ણ)

---

૪૮ 'શત રુદ્રિય' અંગે જુઓ ખંડ ૪, પ્રકરણ ૨, 'સારથિપ્રવર'માં નોંધ ૩૬.

# જયવંતસૂરિકૃત નેમિનાથ–રાજિમતી બારમાસ

## ( સં. ૧૬૪૩ આસપાસ )

શિવલાલ જેસલપુરા

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ઈ. સ.ની તેરમી સદીથી ઓગણીસમી સદી સુધીમાં સંખ્યાબંધ બારમાસી કાવ્યો રચાયાં છે. તેમાં કવિ જયવંતસૂરિનું 'નેમિનાથ–રાજિમતી બારમાસ' અનેક દૃષ્ટિએ મહત્ત્વનું છે. તેમાંની કેટલીક કડીઓ ઢોલા–મારુના રાજસ્થાની લોકગીતના દુહાઓ સાથે નોંધપાત્ર સામ્ય ધરાવે છે,[1] છતાં તેમાં વસ્તુનિરૂપણ એકંદરે મૌલિક છે, અને રાજિમતીની વિરહાવસ્થાને—તેની ઉત્સુકતા, વ્યાકુળતા, પરવશતા, નિરાશા, રોષ એ સર્વ ભાવોને—ભિન્ન ભિન્ન સંદર્ભો, વિભાવો, પ્રતીકો, અલંકારો અને ઉક્તિલઢણોથી ચિત્રમય અને હૃદયસ્પર્શી બનાવી મૂકી છે. ઘૂંટીઘૂંટીને ઘેરો બનાવેલો તેમાંનો ભાવ જયવંતસૂરિની એક સાચા કવિ તરીકેની પિછાન કરાવી જાય છે. ભાષા પ્રાકૃત, મારવાડી, હિંદી, વ્રજ, પંજાબી અને ગુજરાતી શબ્દોના મિશ્રણવાળી તેમ જ સ્વાભાવિક રીતે પ્રયોજાયેલા પ્રાસાનુપ્રાસ અને આંતર્યમકથી ભરપૂર છે. સમાન ઉચ્ચારના શબ્દો દ્વારા જુદા જુદા અર્થ વ્યક્ત કરવાનું કવિનું ચાતુર્ય—શ્લેષ-નિરૂપણ—ખાસ ધ્યાન ખેંચે એવું છે. આવી રસિક કાવ્યકૃતિ હજુ સુધી અપ્રસિદ્ધ હોવાથી એની સમીક્ષિત વાચના અત્રે રજૂ કરી છે.

એ માટે કુલ પાંચ હસ્તપ્રતોનો ઉપયોગ કર્યો છે. તેમાંની ત્રણ પ્રતો અમદાવાદના શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાંના શ્રી પુણ્યવિજયજી મહારાજના

---

૧. સરખાવો :

કડી ૩૫ સાથે નીચેનો દુહો

ઉનહીઓ વરસે નહીં, કરે બપીહા સંતોસ;
તે સજન અણદીઠા ભલા, મિળતેં લે તન સોસ.

( 'ઢોલા–મારુરા દૂહા', સં. રામસિંહ, સૂર્યકરણ પારીક અને નરોત્તમદાસ સ્વામી, પ્ર. નાગરી-પ્રચારિણી સભા, કાશી )

કડી ૫૩ સાથે નીચેનો દુહો

નિસદિન મો મન પિય વસે, પિય વિન પલ ન સુહાય,
પિય વિનદીઠઈ સુખ નહી, ઘડી જમારો થાય. ( એજન )

કડી ૬૫ સાથે નીચેનો દુહો

જાણું જાઈ ઊંડી મિલું, સુઅડાં ! આપિ–ન પંખ,
દરિસણ–મીઠા સાહિબા, જેહવી આંબા–સખ.

( એજન )

સંગ્રહમાંથી—ત્યાંના ક્રમાંક ૨૬૫૬, ૨૨૧૭ અને ૪૭૩૬વાળી—અને એક પ્રત વડોદરાના શ્રી. આત્મારામ જૈન જ્ઞાનમંદિરમાંથી—ત્યાંના ક્રમાંક ૧૩૬૧વાળી—મળી છે. આ ઉપરાંત આ કાવ્યની એક જૂની હસ્તપ્રતની નકલ[૧] બિકાનેરથી શ્રી અગરચંદ નાહટા તરફથી મળી છે. આમાંથી ક્રમાંક ૨૨૧૭વાળી પ્રત સં. ૧૬૯૮માં લખાયેલી છે. બીજી પ્રતોમાં લેખનસંવત નથી. તેમાંથી ક્રમાંક ૨૬૫૬વાળી પડીમાત્રામાં લખેલી પ્રત સૌથી જૂની હોઈ એને क સંજ્ઞા આપી મુખ્ય પ્રત તરીકે સ્વીકારી છે અને અન્ય પ્રતોને અનુક્રમે ख, ग, घ અને च સંજ્ઞા આપી એના પાઠાન્તરો પાદટીપમાં નોંધ્યા છે; જો કે કોઈ વાર અન્ય પ્રતોના પાઠ વધારે ઉચિત લાગવાથી મુખ્ય પાઠ તરીકે એનો સ્વીકાર કર્યો છે. વાચનામાં તદ્ભવ શબ્દોના ષનો સર્વત્ર ખ કરી લીધો છે, મૂળના દંડને સ્થાને અર્વાચીન અર્થાનુસારી વિરામચિહ્નો મૂક્યાં છે, અને કડીઓને ક્રમાંક નવેસરથી આપ્યા છે.

શ્રી જયવંતસૂરિ તપગચ્છના વિનયમંડનસૂરિના શિષ્ય હતા. એમનું બીજું નામ ગુણ-સૌભાગ્ય હતું. 'નેમિનાથ-રાજિમતી બારમાસ' ઉપરાંત એમણે સં. ૧૬૧૪માં શીલવતી સતીનું ચરિત્ર આલેખતું 'શૃંગારમંજરી' નામનું સુદીર્ઘ છટાદાર કાવ્ય રચ્યું છે, સં. ૧૬૪૩માં ૫૬૨ કડીનો 'ઋષિદત્તા રાસ' રચ્યો છે.[૨] આ ઉપરાંત 'સીમંધર સ્તવન', 'સ્થૂલિભદ્ર-કોશા પ્રેમવિલાસ ફાગ', 'બાર ભાવના સજ્ઝાય', 'પતંગ ગીત', 'હરિણ ગીત' અને 'લોચન-કાજલ સંવાદ' એ એમની નાની કૃતિઓ છે.[૩]

**દૂહા**

વિમલ વિહંગમ—વાહના માતા ! દ્યઉ વરદાન,
દ્વાદશ માસ સોહામણા ગાઇસુ જિન—ગુણગાન. ૧
વેધક—જન—મન રીઝવઇ, માનિની મોહણ—વેલિ,
ગુણ—સોભાગ—સોહામણી, વાણી દ્યુ રંગ—રેલિ. ૨

---

૧ નકલની નીચે આ પ્રમાણે લખેલું છે: ઉતારી પૂરું કર્યું તા. ૩–૧૨–૧૯૩૮ મોહનલાલ દલીચંદ દેસાઈ

૨ 'જૈન ગૂર્જર કવિઓ' ભાગ ૧, લેખક મોહનલાલ દલીચંદ દેસાઈ

૩ 'સ્થૂલિભદ્ર-કોશા પ્રેમવિલાસ ફાગ' 'પ્રાચીન ફાગુસંગ્રહ' (સંપાદક ડૉ. ભોગીલાલ સાંડેસરા અને સોમાભાઈ પારેખ)માં પ્રસિદ્ધ થયો છે. બધી કૃતિઓની હસ્તપ્રતો શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના સંગ્રહમાં છે.

બધી પ્રતોમાં 'રાગ મલ્હાર દુહા'

૧–૧ च વાહિની, खग ઘ.

૧–૨ घ સુહામણા, घ ગાઉં, च ગાયસુ.

૨–૧ घ માનની.

૨–૨ घ સોભાગ્ય, घ દિ, च દ્યઇ

મુગતિ–માનિની મનિ ધરી રાજુલિ છંડી નેમિ,
પીઉ–વિછુરતિ ભોજ–કુંઅરિકું વિરહ દહઇ યું નેમિ. ૩

## રાગ મલ્હાર

**શ્રાવણ** સંજોગી માસ કિ ભુઇ હરીયાલીઆ રે,
ચોલી ચરણા નીલ કિ પહિરઇ યું બાલીયા રે. ૪

પાવસ પ્રથમ સંયોગિ કિ રોમંચી અંકુરઇ રે,
પાલવ–નખ નિરખંતિ કિ મયણા મદ કરઇ રે. ૫

વાદલ મન મથવા દલ, ઘનાઘન ઘન–ઘટા રે,
જે જે વરસઇ ધાર તે વિરહી–તનિ સટા રે. ૬

વીજલી–અસિ ઝલકાય ડરાવઇ વીછરયાં રે,
કેકી–બોલ સુણંત કિ મૂરછાઇ પડ્યાં રે. ૭

મેહકી આ રતિ આરતિ આવઇ મોરડી રે,
આ રતિ સેજઇ આરતિ ઝૂરઇ ગોરડી રે. ૮

ખિનિ ખિનિ તુહૂંની આરતિ બપીહા! દેતુ હઇ રે,
પાવસિ વિરહી પ્રાણ કિ દૈઆ લેતુ હરઇ રે. ૯

---

૩–૧ कखग મનમાં.

૩–૨ घत्र વિછુરત. क દહિ યુ, ग દિઉ, घ દહઇ જિઉં, च દહયૂ શું.
खग ઉલગિ દેવ અરિહંત એ દેસી.

૪–૧ ग કઇ ભુઇ, ख હરીઆલીઆં રે.

૪–૨ गघ ચરણા ચીર કિ. च પિહિરઇ.

૫–૧ घ રોમાંચી.

૫–૨ गમાં આ લીટી નથી. च નખિ.

૬–૧ कघ વાદલ મન મથવાય, ख વાદલ મનમથ વાદ કિ,

૬–૨ घ વરસઇ મેહ તે. गच વિરહીતન, घ વિરહીતનુ.

૭–૧ ख ઝલકાઇ, घ વીજલીયાં ઝબુકંત. घ વિછુડયાં, च વિછડયાં.

૭–૨ —

૮–૧ —

૮–૨ ख સેજિઇ, च સેજિ. घ આરતઇ.

૯–૧ खग બપહીઆ, घ બપઇઆ.

૯–૨ गघ દઇઆ. चમાં આ કડી નથી.

## દૂહા

વરસાલઉ સાલઇ ઘણું જે વાલિંભ પર તીરિ,
ઊડી તબ હી જાઇઇ જઉ હુઇ પંખ સરીરિ. ૧૦

વર મંડારા કિઉ બદરીયાં, દેખિ ચિરાઉત ચીંત,
કુંધુ પરિ સો જીય ગઉ જાકું બિદેસી મીત. ૧૧

બિછુરે. છતીયાં ઉઠત કયું પાવક ભટકિ હટકિ?
બીજુરી આઇ પરોકીયાં, બદરી ધૂમ-ધટક્કિ. ૧૨

અવધિ બધી બિષભર ભઈ બિરહિની બિરખા દેખિ;
પીઊ પીઊ કરતાં જીઉ ગયુ, સોઇ પોકારઇ ભેક. ૧૩

## દેસી પાછિલી

**ભાદ્રવઇ** ગુહિર-ગંભીર કિ મેહા ઝડિ કરઈ રે,
રયણી ઘોર અંધાર કિ વાહલા સાંભરઈ રે. ૧૪

વીજલીયાં ચમકંતિ કિ કલમલ હુઇ હઇયા રે,
દાધા ઊપરિ લૂણ લગાવઇ બપ્પીહા રે. ૧૫

સૂતાં રતિ નહી સેજિ, બઇઠાં તનુ કલમલઇ રે,
કોઊ લાગી ભીતરિ કિ ભટકે પરજલઇ રે. ૧૬

---

૧૦-૧ गच વરસાલુ, घ વરસાલો. खग જીઉ, घ જિ, च જિઉ.

૧૦-૨ गघ થાઇએ. गघच જુ. ग હોઇ.

૧૧-૧ ख બિરમંડ રોકયુ, च બિર મંડોર, घ બિરહ રૂપ કરી બિદરીયાં દેષી કરાવઇ ચિંતિ.

૧૧-૨ ख કઉધું, च કુધ, ख જીઇ.

૧૨-૧ क વિછડયા, घ ઊઠતઇ પાવક ભટકિ ભટકિ, च ભટક હટકિક.

૧૨-૨ ग બદરીઆઇ, घ વિજુરીઆં ધડૂકીયાં બિદરયા.

૧૩-૧ घ અવધિ ભઈ બિષભરિ થઇ વિરહિનિ, च વિરહણી, खग બરિષા.

૧૩-૨ खच કરતઇ, ख ગયઉ, गघ ગયુ. घ ભેષિ.

૧૪-૧ ख ભાદ્રવિ, क ભાદ્રવઉ.

૧૪-૨ घ વાલાં.

૧૫-૧ ख હીઆ રે, घ હીઇઆં રે.

૧૫-૨ ग લગાવિ. ख બપીઆ રે, ग બપહીયા રે.

૧૬-૧ घ સૂતાં સુખ નહી, ग સેજ કિ બઇઠાં.

૧૬-૨ कखगच કોઉ લાગી. च પરિજલઈ રે.

જિમ કૂયાની છાંહ અમુઝી માંહિ રહઇ રે,
વયર વસાયું નેહ કરિ મન દુખ મન લહઇ રે. ૧૭

અસલ સલાવિ સાલ કિંગાઇ વિરહણી રે,
સોહલી તરલ તરવાર, કિ દોહિલી નર-હિણી રે. ૧૮

સહી ન સકું એ વેદન, મેહલિ નવિ રહણી રે,
ઊલટપાલટ સેજિ કિ રોઈ વિરહણી રે. ૧૯

## દૂહા

મત હી સુરાઉ બપીહા! જબ હી સુભગ સરાઇ,
એક નીસાસઇ જગ જલઇ, સબ સોષિત સોસાઇ. ૨૦

ગડયડ ગાજઇ મેહલા મયણ-તણા નીસાણ,
મીત્ત સંભારી આપણા વિરહણી છંડિ પ્રાણ. ૨૧

મોર-બપીહા બોલતઇ વાદલ ગડયડઇ મેહ,
ઇણિ રતિ અણુમારચાં મરઇ જેહનઇ સાલઇ નેહ. ૨૨

મહિર ન આણી મીત! તઇં, ઇણિ દિનિ તિજી નિરાસ;
તિમ પીલી જિમ ઘાણીઇ તિલ પીલીઇ સરાસ. ૨૩

---

૧૭-૧ ગ રહિઇ રે.

૧૭-૨ ખગ વઇર. ચ વિસાઇ.

૧૮-૧ ઘચ સલાવઇ.

૧૮-૨ ખગચ સોહિલી. ઘ નરઇ હણી રે, ચ નર હણી રે.

૧૯-૧ ચ મેલ્હિ.

૧૯-૨ ખ સેજ, ઘ રોએ. ગમાં આ લીટી નથી.

૨૦-૧ કચ સરાહિ, ગ સરાહઇ, ઘ સરાય.

૨૦-૨ ચ ઇક હી, ગચ ઇક, ઘ એકઇ, ક સોસાય.

૨૧-૧ —

૨૧-૨ ઘ આપણા, ઘ વિરહી, ખગઘચ છંડઇ.

૨૨-૧ ઘ વાદલિ, કખગચ ગડયડ.

૨૨-૨ ચ એણી, ગ રતે.

૨૩-૧ ખ તિઇં, ઘ ઇણઇ દિન.

૨૩-૨ ચ સિરાસ.

## દેસી

પીઉ તિજી તિમ **આસોઇ** કિ પીઉ જિમ મોરડઇ રે,
ઝૂરી ઝૂરી હૂઇ પંજર [ કિ ] છાની ઓરડઇ રે. ૨૪

જોયઉ ન જાઇ ચંદ કિ વરહિ ભટકલે રે;
રયણિ અનીઠી, નીંદ ન આવઇ નયણલે રે. ૨૫

શીતલ જલ ભરી ચીર કિ તનિ સીચઇ સહી રે,
વિરહ–અંગીઠી–તાપ તે ખિણ સૂકઇ નહી રે. ૨૬

## દૂહા

મીઠી રાતિ સુચાંદ્રણી વીછડયાં હીસઇ ભોગિ,
ચકવાકી પરિ વિલપતાં જાગીસઇ સવિ લોક. ૨૭

તવ હસતી અણુરાગીયાં, નેહ નથી જસ ચીતિ,
અઈ મઈ બૂજ્યા એતના, કોઈ મ કરજો પ્રીતિ. ૨૮

ઘણુ લાગુ ઘટ–ભીતરિ, બાહરિ દીસઇ પોષ,
સો કિમ માચઇ જેહનઇ પીડિ આસંક–દોષ ? ૨૯

---

૨૪–૧ ख પ્રીઇ, घ પ્રીયઇ, च પ્રીય.

૨૪–૨ ख છાંનઇ.

ख घ च માં આ ઉપરાંત નીચેની લીટીઓ છે :

ख : રાજુલ કહઇ માંડી મુહિરણિ હઇડઇ મોરડઇ રે,
જંપ ન નિસિદિન સમરતિ અંગણિ ઓરડઇ રે.

પાઠાંતર ० घच માડિ અહિરણિ.
घ નિસદિન સમરત.

૨૫–૧ गघ જોયો, च જોયુ. घच વરસઇ.

૨૫–૨ ग આવિ, घ નીંદ કિ નાવઇ.

૨૬–૧ गમાં આ લીટી નથી. घ તનુ.

૨૬–૨ ख ષિણિ. च તાય. क સૂકઇ સહી રે.

૨૭–૧ घ વિછુંડયાં, ख હિઇસિઇ, घ ભોગ.

૨૭–૨ घच સબ.

૨૮–૧ च અનુરાગીયાં. क જવ. खघ જખ્.

૨૮–૨ ख કોઉ.

૨૯–૧ खग ભીતરઇ. गघच બાહિર.

૨૯–૨ खगघ પીડઇ, कखग આસષ દોષ, घच આસક દોષ.

## દેસી

કાતી માસ મેલાપક, દઇઆ ! કયું સહું રે ?
નેહ-કાતી લેઈ માંસ, કિ સોઇ પીડ કિસે કહું રે ? ３०

નદીયાં કેરા પાર, ન દીઆ વિરહના રે;
શર-તણી પરિ હોઇ કિ દીહા શરદના રે. ３૧

કબ મલઇગો પીઉ ? મઝ મન કલમલઇ સહી રે,
મનમોહન કલહાર કે કલ હાર રુચઇ નહી રે. ３૨

શરદ સોહામણા અન્ન, કે અન્ન ન મુઝ ગમઇં રે;
પિઅ ! મેહ ચલતા દેખિ કે મોરા મન સુન ભમઇ રે. ３３

## દૂહા

સજ્જન ખોટારા તેહવા જેહવા કાતી-મેહ,
આડંબર અતિ દાખવઇ, આસ ન પૂરઇ એહ. ３૪

ઊનઇઉ વરસઇ, નહી કરિ બપ્પીહ સંતોસ;
તે સજ્જન અણદીઠા ભલા, જે મિલઇ તન લિઇ સોસિ. ３૫

એક એક ઊપરિ આવટઇ, એક નાણઇ મન-માંહિ,
બાલિ એકંગી વેધડુ, દેખત ઊઠઇ દાહિ. ３૬

ઇતિ વર્ષાચતુર્માસકં.

---

３०-૧ क કાતીકમાસ મેલાપકે દૈઆ
３०-૨ खगच લાઇ. ख પીરિ, गघ પીર.
３૧-૧ च ન દીયા વિરહના રે.
３૧-૨ —
３૨-૧ कख કબ મલીઇગો પી, घ કબ મિલેગો પીઉ. कख કલમલીઇ.
３૨-૨ घ કલ્લાર. च કલહા રુચઇ, घ કલાર રૂચિ.
３３-૧ ख શરદિ, घ શરદઇ. ख અન કે અન.
３３-૨ ख પ્રિય, घ પીઉ. ख દેષિકિ, ग દેષ કિ, घ દેષિ મેરું મન સુનું.
３૪-૧ क જેહવા જેહવા.
３૪-૨ घ તેહ.
３૫-૧ गघ ઊનહીઉ. घ બપઇઆ.
３૫-૨ ख મલઇ તન લઇ, गच મિલઇ ન તન લિઇ, घ મિલઇ ન તનુ લિઇ.
３૬-૧ घ આવટિ. गघ ન આણઇ. घ મન માંહ.
３૬-૨ घ એકાંગી. खघच દાહ.

## રાગ અસાઉરી

માગસિરિ માગ સિરિ નવિ ગમઇ,
માગ સિરિ કીધુ જઉ દૈવઇ રે;
માગ સિરિ સાજન જવ હવા,
રાખ્યિઉ ન જાઇ જીવ રે. માગ૦ ૩૭

### ત્રૂટક

નવિ ગમંઇ સૂતાં, વલીય બઇઠાં, વિરહ વ્યાપઇ પાપીઉ,
ખિણુ માંહિ બાહરિ સાસ સોસઇ, વિલપિ તન સંતાપીઉ. ૩૮

પીઉ પંથ જોતાં ધ્રસકિ રોતાં દીસ દોહિલઇ નીગમું;
નવિ જાઇ વઇરણિ રયણી કિમહઇ, કંત વિણુ સૂની ભમું. ૩૯

### દૂહા

અરતિઅ ભૂખ ઉજાગરુ, સોસ્યાં લોહી-માંસ,
વાહલા ! તુમ વિણુ તિમ થઇ જિમ પાકું પાન-પલાસ. ૪૦

ભરકી ભર કાંમણુ કરચાં, રે રઢીઆલા મીત !
તનકી ખબરિ ગમાઇયા, ચોરી લીધું ચીત. ૪૧

સો બઇઠઇ, સો સોવતઇ, સો ભમતઇ, સો વાતિ,
સો ચિંતનિ, જગ સોઇ-મય, સો સો દિવસ નઇ રાતિ. ૪૨

---

૩૭–૧ ख માગસિર માગ સિર, घ માગશિર માગ શિર, च માગસિર માગસિરિ. क જઉ દેવદેવઇ રે, [illegible] કીધઉ જો દૈવિ રે, घ માગ શિર કીધો જો દૈવઇ રે.

૩૭–૨ घ માગ શિર સજ્જન જે હવાં. ख રાષુ, गच રાખ્યુ, घ રાખ્યો.

૩૮–૧ —

૩૮–૨ घ વિલપતઇ સંતાપીઉ.

૩૯–૧ क પીઉ પીઉ જોતાં. घ જોતી; રોતી દિવસ દોહિલે.

૩૯–૨ घ વયરણી; કિમઇ.

૪૦–૧ घ લોહી નઇ માંસ.

૪૦–૨ ख તુઝ વિણ.

૪૧–૧ खगघच ભરી. घ કરચું, च કરું.

૪૧–૨ ग ષબર.

૪૨–૧ घ બઇઠાં. ख સોવતિઇં, घ સૂવતઇ સો ચિંતઇ સો વાતિ.

૪૨–૨ गच ચિંતન. खघ સોઇમઇ.

### દેસી

**પોસિ** સોસ જ અતિઘણુઉ, પીઉ વિણુ કિસ્યુ રંગરોલ રે ?
ભોજન દ્રુ ભાવઇ નહી કેસર કુસુમ તંબોલ રે. ૪૩

### ત્રૂટક

અતિઘણુઉ સોસ જ પોસ માસિઇ પ્રીતિ સાલઇ પાછિલી;
વલવલઇ બાલા વિરહ-જાલા, નીર વિણુ જિમ માછિલી. ૪૪
તાપવ્યું સીસું તિમ ઊસીસું, સેજિ સૂલે-સૂં જડી;
હેમંત-કાલઇ સજન સાલઇ, નયણિ નાઠી નીદ્રડી. ૪૫

### દૂહા

સોઇ નચિંતઉ થઈ સૂઉ સાલ ન સાલઇ જાસ,
અમ્હે તો ની[ગ]મી નીદ્રડી નેહવ્રતિ સજન પાસિ. ૪૬
વિરહઇ વાધઇ પાપિણી, સંગમિ વહિત વિહાઇ,
એતિ સવારથ-વઇરિણી રયણી ફીટઉ, માય ! ૪૭
વિરહિતાં મિલવા તણું, મિલઇતે વિરહ સરંત,
વીસ મસઇ મન સાલએ, ચહિમાં તન સીચંત. ૪૮

### દેસી

**માહઇ** અતિ ઊમાહીયાં રહીઇ મન-માહિ ઝૂરિ રે,
વૈદ્ય જે વિરહવેદન તણુ તે વાહાલેસર દૂરિ રે. ૪૯

---

૪૩-૧ खगघच પોસઇ. गच અતિઘણુ, घ અતિઘણો. घ કિસ્યો.
૪૩-૨ घ તો.
૪૪-૧ ग આતિઘણુ, घ અતિઘણો. खग માસઇ, घ માસિં.
૪૪-૨ घच વિલવિલઇ, घ નેહજાલા. ग માછલી.
૪૫-૧ ख તાપવિઉં च સીસ. ख ग च ઉંજિમ. घ સૂલિસ્યું.
૪૫-૨ घच કાલિ. ग નયણુ.
૪૬-૧ खघच નચિંત, ग નિચિંત.
૪૬-૨ घ નીદ્રડી નિશ્ચઇ તે સજન પાસ.
૪૭-૧ ग વિરહ. घ વીઆય.
૪૭-૨ घ વયરણિ. ख ફીટુ.
૪૮-૧ ख વિરહઇતાં, घच વિરહતાં. ख તણઉં, घ તણો. घ મિલઇ તો.
૪૮-૨ घ વીસ રસઇ, च વીસ મતઇ. ग સાલઇં, घ સલ્લએ. घ ચઇમાં તનુ.
૪૯-૧ घ માહે અતિહિ. घ રહી, च રહીયા.
૪૯-૨ ख તણુઉ, घ તણો. घ વાલેસર.

### ત્રૂટક

ઊમાહીયાં મન–માહિ રહીઇ જેમ પંખી પાંજરઇ,
દેસાઉરી સો સજન મેરા સાસ પહિલા સાંભરઇ. ૫૦
સખિ ! સોઇ સુંદર, અવર અંતર રયણુ–રેડન–કાકરા,
સો પ્યારડઉ પીઉ કબ–હી મીલસિ હસત-મુખ ગુણ-આગરા ? ૫૧

### દૂહા

જાણું સો કબ વીસરઇ, છૂટઇ નેહકે છંદિ,
જિહાં જોઊં તિહાં સામહુ વાહલા ! તુઝ મુખ–ચંદ. ૫૨
મુઝ મનિ નિસિદિનિ તુમ્હે વસુ, તમ્હ મન કલ્યું ન જાઇ,
તુમ વિણુદીઠઇ સુખ નહી, ઘડી જંવારુ થાઇ. ૫૩
નિશિ મોટી, નિદ્રા નહી, પાંગરી યૌવન–પાલિ,
વાહલુ વિદેસી, વિરહ રે જિમ ચાલઇ તિમ સાલિ. ૫૪

### દેસી

ફાગુણિ કેસુ કુંપલ્યાં, દાવાનલ વીછડયાઇ રે,
કેસૂ–રંગ સુરંગ વિના, વિરહી કાં દૈવિ ઘડ્યાઇ રે ? ૫૫

### ત્રૂટક

કૂંપલ્યાં કેસૂ, લાલ વેસૂ, કપૂર–કેસર–છાંટણાં;
ગુલાલિ રાતી, છીટિ માતી, ઊપરિ આછાં ઓઢણાં. ૫૬

---

૫૦–૧ ઘ રહીઆં જિમ.

૫૦–૨ ઘ તે સજન.

૫૧–૧ क રેડનઇ કાકરા, ख રેણુ રેડનઇ કાંકરા, ઘ રયણિ રેડિનઇ કાકરા.

૫૧–૨ क ख च સખી પ્યારડઉ, ग સ પીયારડઉ. ख ग घ મિલસઇ.

૫૨–૧ ઘ વીસરે. ख છૂટે, गघ છૂટું.

૫૨–૨ ઘ સામહે.

૫૩–૧ खघ નિસદિન. खग તુમ વસો. खग તુમ મન, ઘ તુઝ મન. ઘ જાય.

૫૩–૨ ઘ ઘડી છમાસી થાય.

૫૪–૧ ઘ નિસ.

૫૪–૨ ઘ વાહાલો, च વાહલઉ. ઘ વિદેસિ, कघ ચાલિ.

૫૫–૧ ઘ વિછુયાઇ રે, च વીછડાઇ રે.

૫૫–૨ ग માં આ લીટી નથી. ख કેસ્યઉં રંગ, ઘ કિસ્યો રંગ. ख ઘડયા રે, ઘ દૈવઇ ધાય રે.

૫૬–૧ —

૫૬–૨ ઘ છીંટિ ભાતી.

જોડિ મદમતિ હસત–ખેલતિ, દેખતઇ દૂખ સંભરઇ,
પીઉ વિના કહિ–સ્યું વસંત ખેલું છાંટણાં પચરકી ભરઇ ? ૫૭

### દૂહા

ફાગુણિ હોલી સહૂ કરઇ, વીછડયાં હી બારઇ માસ;
સજન ! છોડાવઉ વિરહથી જુ અમ્હ જીવિત–આસ. ૫૮

'પ્રીતિ પ્રીતિ' સહૂ કો કહિ, અમ્હે તુ જાણુઉં વઇર;
દાઝી દાઝી તે મરઇ, ચહિ અંગારા ખઇર. ૫૯

લોહિ રે ઘડયું રે હીયા, કઇ ઘડીઉં વયરેણુ,
નેહ–ધીકું ફાટું નહી, વાલિંભ ! વિરહ ઘણેણુ. ૬૦

ઇતિ સીતચતુર્માસકં.

## રાગ સામેરી

કોઇલડી કુહુ કુહુ કરી કોઇલિ ડીલિ લગાઈ,
મદમસ્ત માનિની પરિહરી કોઈ લડી ઇણિ સમઇ જાઈ ? ૬૧

સખિ ! **ચૈત્ર માસિ** અંબ મુરિયા, અતિ મધુર મલય સુવાય,
પીઉ વિના પીડઇ પુષ્પકેતન, કેતકી કરવત થાઇ. ૬૨

---

૫૭–૧ ख દેષતિઇં. घत्र સાંભરઇ.

૫૭–૨ ख કહિસૂં, घ કિસ્યું, च કિહિસ્યું. घ ભરું.

૫૮–૧ क ફાગુણ. खघ બારે.

૫૮–૨ ख છોડાવઇ. ग છોડાવુ, घ છોડાવો.

૫૯–૧ ख કહઇ. घ કહિ, च કરઇ, गघच જાણું.
આ પછી खगમાં પાઠાંતર તરીકે નીચેની લીટી છે :
કે રીબઇકે તત્ર મરઇ નગુરા પ્રેમકા જહિર.

૫૯–૨ ग અમ્હે તુ દાઝી દાઝી મરુ. घ ચઇ. ग અંગારઇ.

૬૦–૧ चમાં આ લીટી નથી. ख લોહિઇ. घ લોહઇ. क કય. घ વજ્રેણુ.

૬૦–૨ क નેહિ કીધુ, ख નેહિ ધીકયું ફાટઉં, घ નેહ થકી ફાટું. खग માં 'સામેરી' શબ્દ પછી 'કૃષ્ણના બારમાસાની દેસી'.

૬૧–૧ —

૬૧–૨ घ કોય લડી એણઇં.

૬૨–૧ ख માસિઇ, ग માસઇ. ख મઉરયા, ग च મુરયા, घ મોહરયા.

૬૨–૨ घ થાય.

રે વાલિભજી! ઇણિ રતિ મનમથ માહાલીઇ રે,
મદમત યૌવનપૂર રે લાલનજી! મીનતિ કરું મન વાલીઇ રે,
અતિઘણું ન કીજઈ જોર રે, વાલિંભજી! ૬૩

## દૂહા

સજન! વિરહઇ તાહરિ લાગી વેડિ શરીરિ,
સાયર નીસાસે સરચા, ભરચા તિ આંસુનીરિ. ૬૪

જાણું જઈ ઊડી મિલું, સૂડા! આપિ-ન પાંખ,
દરસન-મીઠા સજન તે જેહવી આંબા-સાખ. ૬૫

જાણું વલી વલી મુખ જોઉં, કેડિ ન છાંડું રેખ,
અમીઇ ઘડયા રે સજ્જના! જોતાં મ કરસિ તેખ. ૬૬

## દેસી

તુઝ સાથિ વાલિંભ! પ્રીતિ કીધી વૈશાખ જાણી ચંગ,
વૈશાખ માસિ વિરહ લાઈ રાઈ મ દિઇ મુઝ અંગ. ૬૭

તુઝ વિના સુહણઇ અવર કોઈ ચિત્તિ ન દેવઇ સાખિ,
મીઠી તિ ગૌરી નવલ નેહઇ, મીઠી તે આંબા-સાખ. ૬૮

## દૂહા

એકેકે તુઝ બોલડે જીવ કરું ખુરબાન;
ગુણ સઘલા ઇણિ તનિ મિલ્યા, અવર ટલ્યાં ઉપમાન. ૬૯

---

૬૩-૧ ख ઇણઇ. घ રતિઇ. ख માહાલીયઇ રે, घ માલીએ રે.
૬૩-૨ घ રે વાલિંભજી; મન વાલિ રે.
૬૩-૩ ख વાલંભજી.
૬૪-૧ ख ग घ च તાહરઇ. ग વિડે, च વેઢિ.
૬૪-૨ गघ તે.
૬૫-૧ —
૬૫-૨ ख દરસનિ, ग દરસણ, घ દર્શન, च દરશનિ.
૬૬-૧ ख ग च છંડું.
૬૬-૨ घ અમીભરયા એ.
૬૭-૧ ख વાલંભ, घ વાહલા.
૬૭-૨ ख ग માસઇ. च રાઈ મુઝ મ દિ અંગિ.
૬૮-૧ क ख ग च તુઝ વિના અવર કોઈ સુહુણઇ ચિત દેવઇ સાષિ.
૬૮-૨ घ च તે. क અંબા સાખ.
૬૯-૧ क જીઉ.
૬૯-૨ घ એણઇ. घ મલ્યા. ख ग च ટલ્યુ.

અવગુણ એક ન, ગુણ ઘણા, લેતાં મન મુંઝંતિ;
લોભી વઇરાગરિ પડિઉ, તૃપતિ ન લહઇ લૂટંતિ. ૭૦

માણુસ કોડિ ગમે વસઇ, સો વિણુ સવિ ઊજાડિ;
જેણુઇ સીખાયુ પ્રેમરસ, વેહ જ પાડ્યા હાડિ. ૭૧

## દેસી

પંથીયાં અવધિ જ જેઠિ દેહઇ, ગોરી તિ ધરઇ ઊચાટ,
સંદેસ જણુ જણુ હાથિ પૂછઇ, ઉભી જોઇ પ્રીઉ-વાટ. ૭૨

અનીઠ દીહા, તપઇ દેહઇ વિરહીયા સ-વિસેસ;
પ્રથમ ગોરી ગૂઝ લેઇ, પછઇ પધારુ તુમ્હે પરદેસિ. ૭૩

## દૂહા

કઇ વઇરિઇ કઇ વેધડઇ માણુસ આવઇ ચિત્તિ,
માહરઇ મનિ એહુ પરિ તું ખટકઇ દિન-રત્તિ. ૭૪

એકેકઇ ગુણુ તાહરઇ અકલ કલણિ મહંત,
મન ખૂતું નવિ નીસરઇ, વિચરંતાં ભવ જંતિ. ૭૫

સજ્જન ! સેજિ સાંભરયા, આંસુ વહિયાં પરનાલ,
ખિણુ અંગણિ, ખિણુ ઓરડઇ, જંપ ન, ઉઠી ઝાલ. ૭૬

---

૭૦-૧ —

૭૦-૨ ग च વઇરાગર. ख ग च પડ્યુ, ঘ પડ્યો.

૭૧-૧ च સવે.

૭૧-૨ ख ग સિષાયઉ, ঘ સીષાયો.

૭૨-૧ च ઠેઠિ, खच તે.

૭૨-૨ कમાં આ લીટી નથી. घ પિઉવાટ.

૭૩-૧ ग દેહિઇં, च દેહિ.

૭૩-૨ क ગોઝ, घ પધારો, च પધારઉ.

૭૪-૧ खघ વયરઇ.

૭૪-૨ घ અમારિ. ख પરિઇં. च દિનિ રત્તિ.

૭૫-૧ घ એકેકે. खच ગુણિ. कखग અકલણિ કલણ મહંત, घ અકલ કલએ મોહંત.

૭૫-૨ घ દિન જંતિ.

૭૬-૧ ख સેજિઇં, ग સેજે, ঘ સેજઇં, घ આંસુ ભરિઆં, च વહ્યા.

૭૬-૨ खच ખિણિ; ખિણિ. ग ઊઠઇ.

## દેસી

**આસાઢઇ** આશા કંત કેરી કરઇ કામિનિ કોડિ,
પંખીયા પુષ્કરિ પાંતિ પોઢી, કેંકરઇ બગલાં કોડિ. ૭૭

વ્યાપઇ તે વાદલ, વિરહીયાં પંથીયા ઉસ્તક થાઇ;
ઇણિ સમઇ જાવા નહી દેઉં, મુંહનઇ પાવસ સી પરિ જાઇ રે? ૭૮

## દૂહા

ભાલા ચુંકઇ વેધડુ, બીજી સંતાપઇ લાજ,
વાઘ નદી ઉખાણલુ, કઠ—પંજરિ મૃગરાજ. ૭૯

તુઝ કારણિ દુખ લખ સહ્યાં, મન મેહલ્યું ધંધોલિ;
મહિર કરેસિ મીત! જઉ, ચિત ઠરસિ ઇક બોલિ. ૮૦

વાલિંભ! વદન તુમ્હારડું મહિમા મોહણવેલિ;
જોવાનઉ અલજઉ ઘણઉ, હૈડું દિઇ અતિ હેલિ. ૮૧

ઇતિ શ્રી ગ્રીષ્મચતુર્માસકં

## રાગ મારુણી ધન્યાસી

બારઇ માસ સોહામણા હો સંયોગીનિઇ નિદાનિ,
વાલિંભ! તુઝ વિણુ મુંહનઇ હો ખિણુ તે વરસ સમાન. ૮૨

---

૭૭–૧ खघ આસાઢિ, ग આસાઢ, च આસાઢૈ. गघच આસ્યા.

૭૭–૨ घ કાંકરઇ.

૭૮–૧ घ બ્યાપી. ઉછક, गघ ઉચ્છક.

૭૮–૨ ख ઇણઇ, घ એણઇ; મુંનિ; જાય રે.

૭૯–૧ घ વેધડો.

૭૯–૨ ख ઉષાણલઉ. घ કઠ-પંજરઇ.

૮૦–૧ ग કારણઇ. क મેહલિ, घ મેલ્યું, च મૈહલિઉં.

૮૦–૨ खग કરેસઇ, घ કરસ્યઇ. गघ જો. च મીત તૂં ચિતિ. खगघ ઠરસઇ. ख એક બોલિ, घ તિણઇ બોલિ.

૮૧–૧ घ વાહલા.

૮૧–૨ गच જોવાનુ અલજુ ઘણુ. ग હૈયડઉં, घ હિઅડું, च હઇયડું. घ દઇ રંગ રેલિ.
क સિવાય કોઈ પ્રતમાં રાગનું નામ નથી.

૮૨–૧ खघ બારે. कखघच સંયોગીનઇ.

૮૨–૨ घ વાહલા.
कघમાં આ શબ્દ નથી.

## ત્રૂટક

ખિણુ તે વરસ સમાન જ થાઇ, નિસિદિનિ દોહલિ જાઇ;
એ દુખ હૈડામાંહિં ન સમાઇ, તુંહનઇં મહિર ન થાઇ. ૮૩

માહરઇ મનિ તુંહિ જ, વાલિંભ ! સુખદુખ દેવિસિ તુંહિ,
આશાલબધાનઇ રે નીછેછઇ એ ઉત્તમ ગતિ તુ હુઇ. ૮૪

પહિલઉં માણુસ મોહ કરઇ હો જેહ-ઊધાણુ-ઉમાહિ,
પછિ ખિણુ માહિ ખસરકઇ હો, નેટિ ન હુઇ નિરવાહ. ૮૫

નેટિ નિરવાહ ન હુઇ રે જેણિઇ, તે કાં પ્રીતિ દેખાડઇ ?
મોટે બોલે મોંહ જ માંડી, પલ ચવી છેહડઇ છાંડઇ. ૮૬

સાહમાનઉં ન લહઇ અવટાયું, આપ સ-રંગઇ રાચઇ,
એક એક વેધઇ ખઇતું જાઇ, સાહમું એક-તનિ માચઇ. ૮૭

ઉત્તમ માણુસ આદરચાં હો સોભા નિરવહિતાઇં,
ધોરી ન છૂટઇ છાંડતા હો જે ધુરિ ધુરિ ધરીઆઇ. ૮૮

જે ધુર ધુરિ ધુરીઆઇ ન છંડઇ, જિમ હરધ તૂટાઇ,
તેતી પહિલઉં પ્રીતિ જ કીજઇ જેતી નિરવહિતાઇ. ૮૯

---

૮૩-૧ खगघच દોહિલઇ.
૮૩-૨ घ હઇડામાં. च સમાહિ. घच તુઅનઇ.
૮૪-૧ खगच દેવસિ. खच તુહઇ, घ તોહઇ.
૮૪-૨ कग રે છેહઇ, च નીછેડિ એ. क ગતિ તુ હઇ.
૮૫-૧ खगघ પહિલું. ग કરેઇ. घ જેઠ ઊધાણિ ઉમાહ.
૮૫-૨ खगघच પછઇ. घ ના હઇ.
આ પછી खમાં 'ત્રૂટક' શબ્દ છે.
૮૬-૧ खग નેટ. ग જેણે, घ જિણઇ. घ દિષાડઇ.
૮૬-૨ ग મોટઇ બોલઇ. च મોહ માહિ પાડી. क પલચચી.
૮૭-૧ ख સાહામાનું, ग સાહમાનું. ख સરંગિઇ, च સરંગિ.
૮૭-૨ घ સામું એક જ માચઇ.
આ લીટી પછી घમાં 'દેસી' શબ્દ છે.
૮૮-૧ घ નિરવહઇ તેહ.
૮૮-૨ च ધુરિ ધુરિ ધરીયાહિ.
૮૯-૧ कમાં 'જે...ધુરીઆઇ' એટલા શબ્દો નથી.
૮૯-૨ खगघ પહિલું.

કેસરી સમરિ, ભુઅંગમ ખેલન, સાયર બાંહિ તરીજઇ,
બાંણે મંદર મસ્તકિ તોલિઉ, જઉ સુધ પ્રીતિ પલીજઇ. ૯૦

પહિલું લાડિ લડાવીયા હો, દાખ્યા નવ નવ રંગ,
તે રસ તે દિન સમરતાં હો ભટકુ ઊઠઇ રે અંગિ. ૯૧

ત્રૂટક

ભટકુ ઊઠઇ નિસિદિન સાલઇ, તે મન તેહ સનેહા;
હૈડું કઠિન કરયું જિમ લોઢું, અહ્મ અપરાધ જ કેહા ? ૯૨

એવડું જોર કિસ્યું દાસી-સ્યું ? કીડીનઇ ફોજ કીસ ?
તરણા ઉપરિ કસુ રે કુહાડઉ ? ઉત્તમ થોડી રીસ. ૯૩

પ્રેમ-પરિ પહિલું ન જાણતી હો, ઠગતિ સનેહા રે કીસ ?
ત્રાડઇ કુહુનઇ ન માનતી હો, દુખ ન લહતી લવ-લેસ. ૯૪

ત્રૂટક

દુખ લવ-લેસ ન લહતી, વાલિંભ ! તે પરિ તહિં જ સિખાઇ,
જણુ જણુ લાલચિ કરેવા લાગી સંદેસા તુઝ તાઇ. ૯૫

મુહનઇ એ સી પરિ ? જવ ચીંતું મુંઝાઉં તતખેવઇ;
ફટ રે પાપી વઇરી નેહા ! જે તું ઇમ દુખ દેવઇ ! ૯૬

---

૯૦–૧ ઘ સમર. ક બાંહ, ઘ બાંહઇ.

૯૦–૨ ગઘચ મંદિર. ખ મસ્તક. ખઘ તોલ્યુ, ગ તોલ્યો, ચ તોલ્યુ. ગ જો, ચ જુ. ગ પાલીજીઇ, ઘ પાલીજઇ.

૯૧–૧ ગઘ લાડ.

૯૧–૨ ગ ઊઠિઇ.
આ શબ્દ માત્ર ઘમાં છે.

૯૨–૧ ખ તે સનેહા.

૯૨–૨ ઘ હઇડું, ચ હઇયડું. ગ કરિઉં. ચ લોહડું.

૯૩–૧ ઘ દાસીસું, ગ છીડી ઉપરિ ફોજ કિસી, ઘ કઇસી.

૯૩–૨ ખચ કિસ્યુ, ગ કિસ્યો, ઘ સ્યો, ખગચ કુહાડુ, ઘ કુહાડો.

૯૪–૧ ઘચ ઠગતી.

૯૪–૨ કખ તાડઇ. ઘ કુહિનઇ, ચ કુહનઇ.

૯૫–૧ ખ લહિતી. ખગ તિહિં જ.

૯૫–૨ ખગચ કરવા. ઘ સંદેસઇ.

૯૬–૧ ચ એહ સી. ગ ચીતવઉં; તતખેવ.

૯૬–૨ ઘચ વયરી.

પહિલઉં પ્રીતિ—અંકુરડુ હો તઇ રોપ્યઉ નયણેણ,
મઇ મન–મંડપ મોટઉ કરિઉ હો, હવઇ તુ છેદઇ કેણિ? ૯૭

ત્રૂટક

હવઇ તુ છેદઇ કેણિ કારણિં? મઇ તુ નવિ છેદાઇ;
પહિલી માયા તઇં રે લગાઇ, હવઇ તુ મઇ નિ રહાઇ. ૯૮

અવર પુરુષ કીહું? તું સાહિબ, તુઝ પય–નખકી દાસી;
જિમ તુ તાણઇ તિમ તુ ઝંપાવઇ જુ પ્રીતિ કરત વરાંસી. ૯૯

વાલિંભ! તઇં જસ વસિ થકઇ હો મેહલી સાહરડી ચીંતિ;
તે તું સોહાગિણિ સાચિલી હો જે વસી તાહરડઇ ચીંતિ. ૧૦૦

ત્રૂટક

જે વસી તાહરઇ ચિંતઇ ગોરી અવર–સું પ્રીતિ વિછોરી,
નિતુ નવયૌવનિ કરઇ અતિ જોરી, તુઝ મન લીધું ચોરી. ૧૦૧

આપ–સવારથ સહૂ કો તાંણઇ, કો પર–પીડ ન તામઇ;
સુભગ વયરાગર–રયણુ લૂટાઇ, ભાગ્ય હુઇ તે પામઇ. ૧૦૨

---

૯૭–૧ ખગઘચ પહિલું. ઘ અંકુરડો. ગઘ રોપ્યો, ચ રોપ્યુ.

૯૭–૨ ખ મોટુ કરિ હો, ગ મોટુ કરયો, ઘ મોટો કરયો. ગ હવિ. ખ છેદઇ, ચ છેદિ. ગ કેણ.
આ શબ્દ માત્ર ઘ પ્રતમાં છે.

૯૮–૧ ખઘચ કેણઇ.

૯૮–૨ ખ તિઇ રે. ખ હવિઇ, ગ હવિ. ખગઘ ન.

૯૯–૧ કખઘચ કીહું તુ. ક પાય.

૯૯–૨ ગ તુઝ ફાવઇ, ઘ તું ફાવઇ. ચ તમ્હ ફાવઇ. ખઘચ વિરાંસી.

૧૦૦–૧ ખગ તિઇં. ઘ વશ. ક હો મેહલી મોહરીડી, ખ હો મેહલી મોહરડી, ઘ હો મહિલી માહરી, ચ હો મેહલી માહરી.

૧૦૦–૨ ઘ સુહાગણિ. ઘચ તાહરઇ.
આ શબ્દ માત્ર ઘ પ્રતમાં છે.

૧૦૧–૧ ઘ ચિંતિ. ખ અવરસિઉં, ગચ અવરસ્યું.

૧૦૧–૨ ખ લીધઉં.

૧૦૨–૧ ગ તાણિ. ક ધાંમઇ, ઘ જાણઇ.

૧૦૨–૨ ક વયર રયણ. ઘ હોઇ.

### દેસી

લાખીણુઇ વેણિ લટકઇ હો, લટકુ લીલ-વિલાસ;
મદ-ઘૂમત અણીઆલડિ હો નયને પાડયુ પાસિ? ૧૦૩

### ત્રૂટક

નયણે પાડયુ પાસિ પનુતા ? કઇ મુખ-મટકઇ મોહિઉ ?
કઇ વાંકડી ભમુહઇ રે ભમાડિઉ ? કઇ સિંગારસ સોહિઉ ? ૧૦૪
કઇ કલકંઠી કોમલ કંઠિઇં કાંઇ કામણુ કીધું ?
દેસ-વિદેસ દેખાડિઉ, વાલિંભ ! તુઝ મન લૂંટી લીધું ? ૧૦૫

### દેસી

કુચકુંભ કંચૂ-કસિ કસ્યા હો ડેરા કામ-નિવેસિ,
જિહાં પીઉ સમાઇ પાતલુ હો નયન ખલ્યાં તિણિ દેસિ ? ૧૦૬

### ત્રૂટક

નયન ખલ્યાં તિણિ દેસિ અનોપમ ? કઇ ગોરે ભુજ-પાસે,
જિણે ભુજિ કામિનિ કંતનઇ ભીડઇ પંકજનાલ-સંકાસે ? ૧૦૭
કઇ તું કોમલ ગોરઇ ઉદરઇ, કઇ કેસરિ-કટિ ઝીણુઇ,
કુલી સમાનિ લંકિઇ લોભ્યુ, કઇ કટિ-યંત્રઇ પીનઇ ? ૧૦૮

---

આ શબ્દ માત્ર ઘ પ્રતમાં છે.
૧૦૩-૧ ઘચ લાખીણી. ઘ વેણી. ઘચ લટકતી. ઘ લટકો, ચ લટકઇ.
૧૦૩-૨ ખચ અણીઆલડે. ગઘ નયણે. ગચ પાડયઉ, ઘ પાડયો.
આ શબ્દ માત્ર ઘ પ્રતમાં છે.
૧૦૪-૧ ખ પાડિઉ, ગચ પાડયઉ, ઘ પાડયો. ગઘ પનોતા. ખચ મોહ્યુ, ગઘ મોહ્યો.
૧૦૪-૨ ઘ ભમુઇ, ચ ભમઇ. ખગચ ભમાડયુ, ઘ ભમાડયો. ખ સોહ્યુ. ગ સિંગાર રસઇ સોહ્યો, ઘ શિણગારિ સોહ્યો, ચ સિંગારઇ મોહ્યુ.
૧૦૫-૧ ગ કોમલ કંઠિ.
૧૦૫-૨ ખગ દેખાડયુ, ઘચ દેખાડી.
આ શબ્દ માત્ર ઘ પ્રતમાં છે.
૧૦૬-૧ ઘ કંચૂ કસણુ, ચ કંચૂક કસ. ક કામનિ કેસિ.
૧૦૬-૨ ગઘ પાતલો. ગ નયણ ચ તેણઇ.
આ શબ્દ માત્ર ઘ પ્રતમાં છે.
૧૦૭-૧ ગઘચ તેણઇ. ઘ દેશઇ.
૧૦૭-૨ ખ જિણિ, ગ જિણ, ઘ જિણઇ, ચ જેણઇ. ઘ ભૂજઇ. ચ કંતનિ. ઘ સંકાસઇ.
૧૦૮-૧ ક કેસરિ લટઇ ઝીણઇ, ખ ઝીણીઇ.
૧૦૮-૨ ખગ સમાનિઇં, ચ સમાને. ગ લંકે, ઘ લંકઇ, ચ લંકિ. ગઘ લોભ્યો. ચ કટિયંત્રિ પીનિ.

કઇ ગૌર જંઘા-જુઅલી હો કોમલ કેલિ સમાન,
મોહણવેલિ ભોલવ્યો હો જે કરિ-કરિ ઉપમાન ? ૧૦૯

**ત્રૂટક**

જે કરિ-કરિ ઉપમાનઇ જંઘા તેહનઇ વેધિ વિલૂધઉ ?
મુઝ મંદિરિ આવંતુ મોહન, તેણીઇ તૂં રૂંધ્યઉ ? ૧૧૦

કઇ જે છયલ તણી ગતિ ચંચલ મંદ લડસડ લટકાલી,
તે ગતિ-ગુણઇ ગમી તુઝ ગોરી જિણિ ગતિ જીત મરાલી ? ૧૧૧

**દેસી**

નીલા તે કંચૂ ઘાઘરા હો, કઇ કથીયાલી રે ભાતિ,
અલવીઇ આછિમિ પહિરણઇ હો જિણિ મનિ લાગઇ ખંતિ ? ૧૧૨

**ત્રૂટક**

જિણિ મનિ લાગઇ ખંતિ જ વેસઇ ? કઇ કટિ મેખલ-ખલકઇ ?
કઈ ઝાંઝર ઝમકઇ રણઝણિઉ ? કઈ વીછીયાનિ ઠમકઇ ? ૧૧૩

કઇ પોચિ પોહીસા કે કસબોઇ કુસુમ કપૂર કસ્તૂરી,
કેસર ચૂયા અગર જબાદિ ચાલઇ પરિમલ પૂરી. ૧૧૪

---

૧૦૯-૧ —

૧૦૯-૨ गघ મોહણવેલઇ. खच ભોલવ્યુ. ख કરિ કરિ કર ઉપમાન, ग કરિ કરચુ ઉપમાન, घ કરિ કર ઉપમાન, च કરિ કરુ ઊપમાન.
આ શબ્દ માત્ર घ પ્રતમાં છે.

૧૧૦-૧ ख કરિ કર ઉપમાનઇ, ग કરિ કરચુ ઉપમાન, घ કરિ કર ઉપમાને, च કરિ કરુ ઉપમાન. घ વિલૂધો.

૧૧૦-૨ खगघ મંદિર. घ આવંતો વાલિભ. ग તેણઇ. ख રૂધો, गघ રૂંધ્યો.

૧૧૧-૧ क છયલ્લ.

૧૧૧-૨ घ ગુણે, च ગુણુઇ. खग જિણ, घ જિણઇ; જીતી.
આ શબ્દ માત્ર घ પ્રતમાં છે.

૧૧૨-૧ —

૧૧૨-૨ खगघ અલવઇ, च અલવિ. घ આછઇ પહિરણિ. ख જેણ, ग જિણ, च જેણઇ. ख પાંતિ, च ખાંતિ.
આ શબ્દ માત્ર घ પ્રતમાં છે.

૧૧૩-૧ ख જિણ, घ જિણઇ, च જેણઇ. घ મન. ख પાંતિ, घच ખાંતિ. क ખલકિ.

૧૧૩-૨ घ ઝણકઇ. खघच રણઝણ્યુ. खच વીછીડાનઇ, ग વિછયડાનિ, घ વીંછીડાનિ.

૧૧૪-૧ कख પાચિ. च કસબોહી.

૧૧૪-૨ ख ચૂઆ, घ ચૂઉ. ख જબાદિઇ, ग જબાદઇ.

કઇ ઘડી મોહણુવેલડી હો, કઇ જડી માણિક હીરિ;
કઇ ચાલઇ કડિ મોડતી હો, કઇ તેજપૂર શરીરિ. ૧૧૫

**ત્રૂટક**

કઇ તેજપૂર સરીરઇ અધિકું, જાણઇ ચંદ કઇ સૂર;
હેજઇ હસતઇ હૈડું હરીઉ, નાસિકા નઇ મુખ-નૂર ? ૧૧૬
કઇ વેધાલા બોલે વેધ્યુ, જે વેધક-મનિ બાણુ ?
કઇ અંગ-ભાવઇ મોડામોડઇ મન મોહિઉ રે સુજાણુ ? ૧૧૭
એ એકઇ ગુણુ તિહાં નહી હો, રૂપ ન, મધુર ન બોલ,
તુ તુઝ મન કિમ માનીઉ હો જસુ મુખિ નહી તંબોલ ! ૧૧૮

**ત્રૂટક**

જસ મુખિ નહી રે તંબોલ તેહ-સ્યું તું કિમ રાતુ, વાહલા ?"
નેમિ કહિ, "તું મુગધા બાલા, ગુણઇ રીઝઇ વેધાલા. ૧૧૯
રીંગણિથી રાઇણિ ગુણિ ગમતી, તે તુ અવિહડ ગોરી,
નહી રે અદેખી, સદાઇ સરખી રંગિ, સવિ ગુણિ પૂરી." ૧૨૦
મુગતિ તણુા ગુણુ સાંભલી હો, જે કહ્યા શ્રીનેમિનાહિ,
તે સખિ મિલવા કારણુઇ હો રાજલિ ધરઇ રે ઉમાહ. ૧૨૧

---

૧૧૫-૧ गघ હીરે.
૧૧૫-૨ घ કટિ. घ તેજપુંજ શરીરે.
આ શબ્દ માત્ર घ પ્રતમાં છે.
૧૧૬-૧ घ તેજપુંજ, च શરીરિ. कखगच જાંણે ચંદ નઇ સૂર.
૧૧૬-૨ ख હેજિઇ, च હેજિ. घ હસતાં. ग હૈયડું, घ હઇડું. च હરીયું. ग નાસીકાઇ મુષનૂરઇં.
૧૧૭-૧ खग વેધાલે, घच વેધાલઇ. घ બોલિ. घ વેધકનઇ મનિ.
૧૧૭-૨ खच મોડામોડિ. ग મનિ. ग મોહ્યો, घ મોહ્યુ.
૧૧૮-૧ —
૧૧૮-૨ खगघ જસ, गघ મુખ.
આ શબ્દ માત્ર घ પ્રતમાં છે.
૧૧૯-૧ घ રાતો વાલા.
૧૧૯-૨ खच કહઇ, घ ભણઇ. ख ગુણિ, गघ ગુણે.
૧૨૦-૧ ग રાંયણિ, घ રાયણુ. घग ગુણે. घ તે તો.
૧૨૦-૨ ग સરીષી. खगघ ગુણ.
૧૨૧-૧ क શ્રી નેમિનાથે, घ શ્રીનેમિનાહે.
૧૨૧-૨ घ મલવા. ग કારણે, घच કારણિ. ग રાજલ, घ રાજુલ. ग ધરઇ ઉમાહો, च ઉમાહિ.

### ત્રૂટક

રાજલિ ધરઇ ઊમાહુ અધિકુ મુગતિ-સખીનઈં મિલવા,
શ્રીજિન પાસઈં સંયમ યાચઇ તેજ માહિ તેજ ભલવા. ૧૨૨

પૂરવ ભવ-નઇ નેહિં રાતી, સુંદરિ સુગુણ સ-હેજી,
શ્રીજિનરાજિઈં દીષ્યા દેઈ રાજલિ શિવપુરિ ભેજી. ૧૨૩

### દેસી

મુગતિ-સિરોમણિ, ગુણિ ભરુ હો શ્રીજિન નેમિકુમાર,
જિણિ શિવરમણી કારણઇ [હો] છંડી રાજલિ નારિ. ૧૨૪

### ત્રૂટક

છાંડી રાજલિ નારિ સ-રાગિણિ જીવદયા મનિ આણી,
તે શ્રીજિનવરના ગુણ થુણતાં સુખસંપતિ લહઇ પ્રાણી. ૧૨૫

સોભા ગુણ સોભાગ સદાઇ પામઇ જયવંતરાજ;
સૂધી જિનવર-સેવા લાધી, સુરતરુ ફલીઉં આજ. ૧૨૬

### દેસી

બાર માસ જિનગુણ તણા હો ગાતાં ન કરુ પ્રમાદ,
લાભ અનંત આગમિઇ હો, સુણતાં હુઇ આલ્હાદ. ૧૨૭

---

આ શબ્દ માત્ર ઘ પ્રતમાં છે.

૧૨૨-૧ खग રાજલ, घ રાજુલ. घ ઊમાહો અધિકો.

૧૨૨-૨ ख પાસિઇ; માંહિઇ.

૧૨૩-૧ खगघ નેહઇ. खघ સુંદર.

૧૨૩-૨ खगघ શ્રી જિનરાજઇ, च શ્રી જિનરાજિ. घ દીક્ષા. घ રાજુલ મુગત્તિ ભેજી.

આ શબ્દ માત્ર घ પ્રતમાં છે.

૧૨૪-૧ खगघच સુભગસિરોમણિ. ख ગુણિ ભરચુ, गच ગુણ ભરયો, घ ગુણનીલો.

૧૨૪-૨ ख જિણુ, ग જિણઇ, च જેણઇ. घच કારણિ. घ છાંડી.

આ શબ્દ માત્ર घ પ્રતમાં છે.

૧૨૫-૧ खग છંડી. ग રાજલ, घ રાજુલ. ग સરાગણિ.

૧૨૫-૨ —

૧૨૬-૧ ग જઇવંતરાજ.

૧૨૬-૨ —

આ શબ્દ માત્ર घ પ્રતમાં છે.

૧૨૭-૧ खग બારે, घच બારઇ. घ મ કરો, च મ કરુ.

૧૨૭-૨ क આગમિ હો. घ રિધિ અનંત તેહ ધરિં હો. च આગમઇ હો. ग ઉલ્હાદ, घ ઉલ્લાદ.

ત્રૂટક

સુણતાં હુઇ આલ્હાદ સદાઇ જિનગુણ અતિહિ રસાલ,
મન-નઇ રંગિ તેહ જ સુણતાં નિતુ નિતુ મંગલ—માલ. ૧૨૮
શ્રી વિનયમંડન ગુરુરાજ અનોપમ, તપગચ્છ-ગયણઇ ચંદ,
તાસ સીસ જયવંતસૂરિ, વર વાણી સુણતાં હુઇ આણંદ. ૧૨૯

॥ ઇતિ શ્રીનેમિનાથ-રાજીમતી-દ્વાદશ-માસ-પ્રબંધઃ સંપૂર્ણ ॥

---

આ શબ્દ માત્ર घ પ્રતમાં છે.

૧૨૮-૧ ग ઉલ્હાદ, घ ઉલ્લાદ.

૧૨૮-૨ ख રંગઇ. घ ભાવઇ. ग તેહ જ થુણતાં, घ જેહ જ ભણસઇ દિન દિન મંગલ માલ.

૧૨૯-૧ घ **શ્રી** વિનયમંડન ઊવઝાય અનોપમ તપગછ ગયણિ ચંદ.

च શ્રી વિનયમંડણ સીસ અનોપમ તપગછ ગયણિ ચંદ.

૧૨૯-૨ खगघ તસ.

क 'સંપૂર્ણ' શબ્દ પછી 'શ્રી૦ વાલ્હા પઠનાર્થં'

ख ઇતિ શ્રી નેમિનાથ રાજીમતી દ્વાદસ માસ પ્રબંધ સંપૂર્ણ । માસ ૧૨ ચતુર્માસક ૩ દેસી ૪ રાગ ૫ પદ ૭૫ ગ્રંથાગ્રશ્લોક ૨૧૫ સંવત ૧૬૯૮ વર્ષે ફાગુણ સુદિ ૨ રવૌ શ્રી અહમદાવાદ નગરે વી૦ શ્રીશ્રીશ્રી રત્નસુંદર મુ૦ રાજસુંદર મુ૦ સગુણસુંદર મુ૦ જયસુંદર મુ૦ દાનસુંદર મુ૦ મતિસુંદરાદિ સપરિવાર મુ૦ દાનસુંદર સ્વવાચનાર્થે લિપિંકૃતવાન્ । શ્રીયોરસ્તુ શુભં ભવતુ ॥

ग ઇતિ શ્રી નેમિનાથ રાજીમતી દ્વાદશ માસ પ્રબંધ સંપૂર્ણ.

घ ઇતિ **શ્રી** નેમિજિનરાજ બાર માસ સંપૂર્ણ:

च ઇતિ બાર માસ નેમિનાથના સમાપ્ત । છ । શ્રી । મુનિસુખસાગર ।

# 'કચ્છી શબ્દાવલિ :'* એક અધ્યયન

પ્રતાપરાય ગો. ત્રિવેદી

## ( કચ્છીના વિભાજ્ય ધ્વનિઘટકો )

આ સદીના પહેલા દસકામાં સમર્થ ભાષાશાસ્ત્રી સર જ્યૉર્જ ગ્રિયર્સને એમના મહાગ્રન્થ "લિંગ્વિસ્ટિક્ સર્વે ઑફ ઇન્ડિયા"માં સૌ પ્રથમ કચ્છી બોલીના શાસ્ત્રીય સ્વરૂપની અભ્યાસ-સામગ્રી આપી.

ગ્રિયર્સન પછી અર્ધી સદી સુધી આ વિષય અસ્પૃષ્ટ રહ્યો.

સતત સ્વાધ્યાય અને તલસ્પર્શી સત્યો સંશોધિત કરવાની જિજ્ઞાસાના બળે, શાંતિભાઈ એ, કચ્છી બોલીના અભ્યાસની પચાસ વર્ષથી ખૂટતીતૂટતી કડી પૂરી પાડી અને સાંકળી પણ ખરી.

પૂર્વભૂમિકા આવી હોવાથી 'કચ્છી શબ્દાવલિ' તેના સંશોધન-ઇતિહાસમાં સીમા-ચિહ્નરૂપ છે.

ઉપલબ્ધ સામગ્રીને આધારે, પુસ્તકની શરૂઆતમાં કચ્છીના વિભાજ્ય ( Segmental ) ધ્વનિઘટકો આપવામાં આવ્યા છે. ભેદસૂચક દૃષ્ટાંતો પરથી 'પહેલા અને બીજા વર્ગના સ્વરો' તારવ્યા છે અને વીગતે ચર્ચા કરી છે. તો, દ્વયોષ્ટ્ય, વર્ત્સ્ય, મૂર્ધન્ય, તાલવ્ય, કંઠ્ય વગેરે વ્યંજનોનાં ઉદાહરણો ધ્વનિવિભાજન અને ઉચ્ચારસ્થાનના ભેદે અલગ તારવી આપ્યાં છે.

૩૦ વ્યંજન, ૧૧ સ્વર અને ૧ અનુસ્વાર સહિત કુલ ૪૨ મુખ્ય ધ્વનિઘટકો તારવ્યા છે. આ પ્રયાસ કચ્છીને લિપિ પ્રાપ્ત કરાવી શકે એટલો સઘન છે, જરૂર છે સ્થળ પરના વધારે વ્યાપ્ત પુરુષાર્થની.

'શબ્દાવલિ' પ્રગટ થયા પૂર્વે, કચ્છીના બે વિશિષ્ટ ધ્વનિ બાબત ખૂબ જ અસ્પષ્ટતા પ્રવર્તતી, રૂઢિ બંનેને 'ઇ તથા ઉ'માં ઉતારતી. અત્યાર સુધી પ્રગટ થયેલાં કચ્છી પુસ્તકોમાં આ અસ્પષ્ટતાનાં દર્શન થાય છે.

'ઈ'ના ત્રણ ભેદક ઘટકો તારવીને અને 'ઉ'ને તેના ખરા ભેરુ 'ઓ'ના વર્ગમાં બેસાડીને કર્તાએ આ દિશામાં ધારી સફળતા મેળવી છે અને એટલા પૂરતું કચ્છીને જાણે કે અભયવચન આપી દીધું છે.

---

* કચ્છી શબ્દાવલિ : શાંતિભાઈ આચાર્ય; પ્ર. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪; પૃ. ૧૨૮, મૂલ્ય પાકું પૂઠું ૪-૫૦, કાચું પૂઠું ૪-૦૦; પ્રથમ આવૃત્તિ, સપ્ટેમ્બર, ૧૯૬૬.

સ્વરપૂર્વે અને અગ્રસ્થાને ઇ (અગ્ર નિમ્નોચ્ચ), ઇ+ (મધ્યોચ્ચ) અને ઈ (અગ્રોચ્ચ), એ છે 'ઈ'ના ત્રણ ભેદક ઘટકો. વ્યંજન પછી એ જ સંકેતોને અનુક્રમે િ, ꞌિ, અને ી થી દર્શાવ્યા છે. ઉ. ત. 'ટિપ્લો, ટિપકણૂ અને ટીગ્રેડો' (પૃ. ૩૮).

વ્યંજન પછી આવતા મધ્યોચ્ચ પૃષ્ઠ અને મધ્યનિમ્ન પૃષ્ઠ 'ઓ' વચ્ચેનો ભેદ તારવી (રૂઢિગત 'ઉ'ની બિનઉપયોગિતા બતાવી) બંનેને જુદા લિપિસંકેત આપ્યા; અનુક્રમે 'ો, અને ૉ.' રૂઢિમાં 'ગોઠ (ગામ)' અને 'ગુડ઼ (ગોળ)' હતાં તે આ સંકેત પ્રમાણે 'ગોઠ અને ગૉડ઼' તરીકે આલેખાય છે, (પૃ. ૨૫).

પણ, સંઘર્ષી 'ગ઼' અસ્પૃષ્ટ રહી ગયો લાગે છે. કચ્છમાં વસતી એક માત્ર જૈન સિવાયની તમામ કોમમાં 'ગ'નો ભેદક ઉચ્ચાર અસ્તિત્વ ધરાવે છે. 'ગઢો' અને 'ગડર' (ઘરડો અને ઇયળ) કરતાં 'ગ઼ટો' અને 'ગ઼જર' (કોળિયો અને ગાજર)નો ઉચ્ચાર સ્પષ્ટ રીતે જુદો તરી આવે છે. આવા સેંકડો 'ગ઼' છે.

આવું જ સંઘર્ષી 'જ઼'નું છે. શબ્દસૂચિમાં 'જ' હેઠળ આપેલા ૮૩માંથી ૩૩નો ઉચ્ચાર 'જ'થી જુદો પડે છે. ઉ. ત. 'જલ્લ અને જવાભ' (ઓપ અને જવાબ) કરતાં 'જ઼િભ અને જ઼માથ' (જીભ અને જમાત)નો ઉચ્ચાર અલગ છે. (પૃષ્ઠ ૩૫, ૩૬).

વળી, ણ્-ણ઼, ન--, મ-ꞌ કે અનુસ્વાર 'ં' થી જ તમામ કચ્છી અનુનાસિક ધ્વનિનું પૂરતું આલેખન થઈ શકશે નહિ, સંસ્કૃત-ગૂજરાતી 'ઙ્' 'ઞ્'ને પણ સ્થાન અપાયું હોત તો કચ્છીને અને ખુદ કર્તાને પણ સારી સગવડ રહેત. 'શ-સ ળ-ર' ઘટકોના ઉલ્લેખમાં (પૃ. ૩૧) કર્તા કહે છે: વિશેષ સામગ્રી અને વધારે ઘનિષ્ટ સ્થળતપાસ આના આખરી નિર્ણય માટે જરૂરી ગણાય. 'ઙ્', 'ઞ્' માટે પણ આ એટલું જ સાચું છે.

આની થોડીક ચર્ચા ઉપયોગી થશે.

રૂઢિએ જેને 'ઙ્' તરીકે અપનાવેલ છે તેની ગેરહાજરીમાં, એક જ ધ્વનિને માટે કર્તાએ વિકલ્પો સ્વીકારેલા છે. ઉ. ત.:—

| ક્રમ | કચ્છી | પર્યાય | પૃષ્ઠ | રૂઢિએ અપનાવેલ |
|---|---|---|---|---|
| ૧ | મન્ગણૂ | માંગવું | ૭૦ | મઙ્ણૂ |
| ૨ | મૂન્ગ | મગ | ૭૨ | મુઙ્ |
| ૩ | મૂન્ગણુ | માંકણુ | ૭૨ | મુઙ્ણુ |
| ૪ | ખન્ધ | ખાંસી | ૧૯ | ખઙ્ |
| ૫ | ખદણૂ | ઉધરસ ખાવી | ૧૯ | ખઙ્[illegible] |

એક જ ધ્વનિ માટે અનુક્રમે -ગ, -ગ, -ધ અને દ!

તો 'ઞ્'ની ગેરહાજરીમાં આથીયે વિશેષ બની ગયું. ઉ. ત. :—

| ક્રમ | કચ્છી | પર્યાય | પૃષ્ઠ | રૂઢિએ અપનાવેલ |
|---|---|---|---|---|
| ૬ | મન્ણૂ | માનવું | ૭૦ | મઞ્ણૂ |
| ૭ | જન્ન | જાન | ૩૫ | જઞ |
| ૮ | પન્જ | પાંચ | ૫૫ | પઞ્ |

એક જ ધ્વનિ માટે અનુક્રમે ન્, ન્ન અને ન્જ !

પરંતુ, એમાં પણ સૌથી વધારે મુશ્કેલી થઈ છે એક જ ક્રિયાવાચક 'જવું'ના કચ્છી પર્યાય 'વિઞ' (રૂઢિગત)ને આલેખવામાં. ઉ. ત. :—

મુખ્ય ક્રિયાવાચક તરીકે :—

| ક્રમ | કચ્છી | પર્યાય | પૃષ્ઠ | રૂઢિએ અપનાવેલ. |
|---|---|---|---|---|
| ૯ | વન્જણૂ | જવું | ૮૧ | વિઞ્ણૂ, |

સહાયક ક્રિયાવાચક તરીકે :—

| ક્રમ | કચ્છી | પર્યાય | પૃષ્ઠ | રૂઢિએ અપનાવેલ (સહાયક) |
|---|---|---|---|---|
| ૧૦ | સરે વન્ણૂ | સરવું (સરી 'જવું'ના અર્થમાં) | ૮૭ | વિઞ્ણૂ, |
| ૧૧ | ઊતરે વતાણૂ | ઊતરી જવું | ૭ | એ જ, |
| ૧૨ | ભ(ળે) વીન્ણૂ | ભળવું (ભળી 'જવું'ના અર્થમાં) | ૬૭ | એ જ, |
| ૧૩ | અભ્ડાજી વિન્ણૂ | અભડાવું (અભડાઈ 'જવું'ના અર્થમાં) | ૩ | એ જ, |
| ૧૪ | જામે વજાણૂ | જામવું (જામી 'જવું'ના અર્થમાં) | ૩૬ | એ જ, |

એક જ ધ્વનિ માટે (અનુ. ૯થી) ન્જ, ન્, ન, િ અને ન્, ી અને ન્, તેમ જ જ્ !

ફલિત એ જ કે, 'રહેવું' તથા 'પધ્યા રહેવું' કે 'પડવું' તથા 'આવી પડવું'માં 'રહેવું'-'પડવુ' જેમ વ્યાકરણનો કે લિપિનો ફેરફાર સ્વીકારે નહિ તેમ 'જવું' તથા 'અભડાઈ જવું'નો કચ્છી પર્યાય પણ ન સ્વીકારે. 'ઞ્'ને અભાવે છ વિકલ્પો સ્વીકારવા પડે છે.

ક્રિયાવાચક ઉપરાંત અન્ય પદમાં પણ આવું જોવા મળે છે. એક જ શબ્દ બે રીતે સ્વીકારેલ જોવા મળે છે : ઉ. ત. :—

| ક્રમ | કચ્છી | પર્યાય | પૃષ્ઠ | રૂઢિએ અપનાવેલ |
|---|---|---|---|---|
| ૧૫ | ઘૂંઈ | ઉત્તમ | ૪૯ | ઘ્રૂઞ્, |
| ૧૬ | ઘૌન્ન | ઉત્તમ | ૪૯ | એ જ, |

'વિભાજ્ય ધ્વનિઘટકો' પ્રકરણના પૃ. ૩૩ની સૂચના ૧૧મી પ્રમાણે (અનુ. ૧૬)ની દ્વિરુક્તિ બાદ કરીએ તો 'ઘૌન્ન'ને 'ઘૌન' ગણવો પડે.

તો, એક જ ધ્વનિ માટે (ઍ) આદિમાં ઃ અને તેની ઉપર '°', તેમ જ પાછળ 'ા' અને તેની ઉપર '°' આવું ત્રિધા વિભાજન થાય. (ઉદા. ૧૫મું).

વળી, એને જ આદિમાં ો અને પાછળ ન્ન સહિત પણ ગણવો પડે !

મતલબ કે 'ઽ' અને 'ઍ' દાદ માગી લે તેવા છે અને શાસ્ત્રે રૂઢિ કરતાં બલવત્તર સાબિત થવું જરૂરી છે. શબ્દાવલિમાં આપેલા ૨૮ અને બહાર રહી જતાં ૧૯ શબ્દો 'ઽ'-'ઍ'ના કશાક શાસ્ત્રીય સંકેત માટે રાહ જોતા બેઠા છે.

કચ્છીને 'ર' ઘટક ગૂજરાતી 'ળ'ને બદલે આપ્યો છે. (પૃ. ૩૧). શબ્દસૂચિમાં પણ આનાં ઉદાહરણો જોવા મળે છે:—

| અનુ. | કચ્છી | પર્યાય | પૃષ્ઠ | વિકલ્પ |
|---|---|---|---|---|
| ૧૭ | વાર | વાળ | ૮૩ | ળ નો ર |
| ૧૮ | વાણૂં[૧] | વાળવું | ૮૩ | એ જ, |
| ૧૯ | હર | હળ | ૯૨ | એ જ, |
| ૨૦ | હોરી | હોળી | ૯૪ | એ જ, |

પણ, હકીકતે 'ર' એ 'ળ'નો એક માત્ર વિકલ્પ નથી. 'ર'ની જેમ 'લ' અને 'ડ઼' પણ પ્રયોજાય છે. શબ્દસૂચિમાં ય જોવા મળે છે:—

| અનુ. | કચ્છી | પર્યાય | પૃષ્ઠ | વિકલ્પ |
|---|---|---|---|---|
| ૨૧ | મીલણૂ | મળવું | ૭૨ | ળ નો લ, |
| ૨૨ | સલગાણૂ | સળગાવવું | ૮૭ | એ જ, |
| ૨૩ | સાલે | સાળો | ૮૮ | એ જ, |
| ૨૪ | સૂંવાલપ | સુંવાળાપણું | ૮૯ | એ જ, |
| ૨૫ | તાડ઼ી | તાળી | ૪૪ | 'ળ નો ડ઼', |
| ૨૬ | તાડ઼ો | તાળું | ૪૪ | એ જ, |
| ૨૭ | વડ઼ગણૂ | વળગવું | ૮૧ | એ જ, |
| ૨૮ | વેડ઼ણૂ | ઓળવું | ૮૪ | એ જ, |

આમ, ગૂજરાતી 'ળ'ના વિકલ્પે ર, લ, અને 'ડ઼' ત્રણે ય કચ્છીમાં પ્રયોજાય છે. જોકે 'ળ'ને બદલે 'ર' જ સ્વીકારવાથી અત્યારે કશી હાનિ પહોંચતી નથી (સિવાય કે અનુ. ૨૧થી ૨૮નો પ્રશ્ન) પણ એક વાર 'ળ'નો એક માત્ર 'ર' જ વિકલ્પ સિદ્ધ સાબિત થઈ જાય તો પ્રચલિત એવા સેંકડો શબ્દોનો પ્રશ્ન આવી ઊભો રહેશે એ જ અત્રે પ્રસ્તુત છે.

સ્વર-વ્યંજનના ભેદસૂચક દૃષ્ટાંતોમાં કેટલાક શબ્દો એવા આપવામાં આવ્યા છે જેનો કચ્છીમાં કોઈ પ્રકારમાં ઉપયોગ નથી. ઉ.ત. :—

**સ્વરો :**

| રૉયલ એશિ.— | | | | (કર્તા પ્રયોજિત જોડણી મુજબ) | |
|---|---|---|---|---|---|
| અનુ. | અંગ્રેજી જોડણી | કચ્છી ઉચ્ચાર | પર્યાય | પૃષ્ઠ | કચ્છીમાં પ્રચલિત સ્વરૂપ |
| ૨૯ | K±car | કિચ્ચડ | કાદવ | ૧૯, ૧૮. | ચીખલ |
| ૩૦ | Kəmər | કમર | કમર | ૧૯ | તિડ઼ો, |
| ૩૧ | Ghõcṇu | ઘોંચ્ણૂ | ઘોંચવું | ૧૯ | પ્રોટણૂ |
| ૩૨ | Lekṛi | લકડ઼ી | લાકડી | ૧૮ | લઠ; |
| ૩૩ | Suraj | સુરજ | સૂર્ય | ૧૯ | સિજ, |
| ૩૪ | Sũghṇu | સૂંઘણૂ | સૂંઘવું | ૧૯ | સૂંઙણૂ. |

**વ્યંજનો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૫ | Phephso | ફેફ્સો | ફેફસું | ૨૧ | ફિફ્ફડ઼, |
| ૩૬ | Phukaṇu | ફૂંકાણૂ | ફુંકાવું | ૨૩ | લગ્ણૂ; |
| ૩૭ | Poḷo Keṇu | પોળો કેણૂ | પહોળું કરવું | ૨૫ | મુગ્નો કેણૂ, |
| ૩૮ | Vəru | વરુ | વરુ | | ભગાડ઼, |

શબ્દના સ્વકીયકરણ અંગે ભાષા કે બોલી કોઈ લાદેલાં બંધન સ્વીકારે નહિ એ હકીકત છે, છતાં ઉપયોગ પરથી 'શબ્દ આ કે તે ભાષાનો છે અથવા નથી.' એમ ચોક્કસ કહી શકાય. 'જમવું' ક્રિયાવાચકનો ઉપયોગ 'मैं जमता हूँ—હું જમું છું'માં હિન્દીમાં જેટલો ઉચિત ગણાય તેટલો જ ઉચિત 'કિચ્ચડ'નો પ્રયોગ 'હિતે કિચ્ચડ આય'—'અહીં કાદવ છે'—માં કચ્છીમાં ગણાય. આ દૃષ્ટિએ અનુ. ૨૯થી ૩૮ના શબ્દો કચ્છી નથી.

ધ્વનિઘટકોની ચર્ચામાં (પૃ. ૧૮, ૧૯) 'કિચ્ચડ' જોડણી પ્રાપ્ત થાય છે. (અનુ. ૨૯ મુજબની), મધ્યોચ્ચ ઇ+ની અલગ ઘટક તરીકેની તારવણીમાં પણ એ જ જોડણી જોવા મળે છે (પૃ. ૨૯, પારા. ૨) અને શબ્દસૂચિમાં 'કિચ્ડ' (પૃ. ૧૫). અહીં પૃ. ૩૩ની સૂચના ૧૧ મુજબ ફોનેમિક દ્વિરુક્તિ કાઢી નાખી છે એમ સમજવું?

આવાં નિર્ણાયક તત્ત્વો શંકાથી પર રહે એ જ અભિપ્રેત છે.

છતાં, સુષુપ્ત દશામાં પડી રહેલા કચ્છીના સંશોધનકાર્યને જગવવાનું, જગવીને માથે લેવાનું અને તેમાં ગણનાપાત્ર સિદ્ધિ મેળવી જવાનું માન કર્તાને અવશ્ય ઘટે છે. કર્તા પણ વૃદ્ધિને અસ્તિત્વ પછીની પ્રક્રિયા ગણતા હોઈ, વધારે વિદ્વાનો આ દિશામાં પગરણ કરશે અને કર્તાની ય આશા પણ ફળીભૂત થશે એવી આકાંક્ષા રાખીએ.

## (શબ્દાવલિ)

શબ્દસૂચિમાં માતૃકાક્રમે ૨૫૨૬ શબ્દો આપવામાં આવ્યા છે. જેમાં ૭૬૪ ક્રિયાવાચક છે, ૧૭૬૨ નામાદિ છે.

લેખકનો ભારે પરિશ્રમ છતાં કેટલાક શબ્દોમાં કંઈક અધુરાશ રહી ગયેલી જોવા મળે છે. ક્યાંક શબ્દાર્થ અને જોડણી પુનરાલેખન માગી લે છે. ક્યાંક મુખ્ય ક્રિયાવાચક સહાયકની સામે પક્ષે આવી ઊભું રહે છે, તો કયાં વકળી શબ્દનું રૂપ-સ્વરૂપ જ પુનર્વિચારણા માગી લે છે. આ સાથેના કોઠામાં 'ફેરફાર માગતા' અને 'નિશ્ચિત' એવા શબ્દોની વીગતવાર સંખ્યા દર્શાવવામાં આવી છે અને તે તે શબ્દોની યાદી પણ સાથે મૂકવામાં આવી છે. આ પ્રયાસ કચ્છીને તેની વધુમાં વધુ શુદ્ધ શબ્દાવલિ પ્રત્યે દોરી જશે એવા આ અવલોકનકારના મંતવ્ય સાથે સૌ સંમત થશે એ જ અભિપ્સા.

સૌ પ્રથમ ક્રિયાવાચક પદ લઈએ :

કેટલાંક ક્રિયાવાચક પદ, મુખ્ય પદ તરીકે (એકલું) મુકાયાં હોય કે અન્ય પદ સાથે—સહાયક તરીકે—મુકાયાં હોય તોપણ એક જ ઇષ્ટ સ્વરૂપે પ્રયોજેલા જોવા મળે છે. ઉ. ત. :—

## ક્રિયાવાચક

| ક્રમ | મુખ્ય | અન્ય સહાયક સાથે |
|---|---|---|
| (૧) | રખણૂ-રાખવું. (પૃ. ૭૪) | જમા રખણૂ—જમા રાખવું. (પૃ. ૩૫). |

'રખણૂ' જેવાં અન્ય છે : અચૂણૂ, કઢણૂ, કેણૂ, ચોણૂ, અને થીણૂ (અનુક્રમે આવવું, કાઢવું, કરવું, કહેવુ અને થવું). આ ક્રિયાવાચકો સહાયક હોય કે મુખ્ય, એમના મૂળ સ્વરૂપ (ક્રમ ૧ મુજબ)માં, કશો ફેરફાર થતો નથી. સમગ્ર સૂચિમાં એવાં અનેક સફળ દષ્ટાંતો જોવા મળે છે. પણ કેટલાંક ક્રિયાવાચક પદોમાં ભિન્ન સ્વરૂપો જોવા મળે છે. ઉ.ત. :—

| અનુ. | મુખ્ય | પર્યાય | પૃષ્ઠ | સહાયક સાથે | પર્યાય | પૃષ્ઠ | કર્તા પ્રયોજિત લિપિ મુજબ ઇષ્ટ કચ્છી સ્વરૂપ |
|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨ | ખાટણૂ | ખાવું | ૨૦ | ગોથલૌ ખાણૂ | ગોથું ખાવું | ૨૫ | ખેણૂ |
| | ખેણૂ | ખાવું | ૨૧ | લોડા ખેણા | હીંચકા ખાવા | ૭૯ | |
| ૩ | ગીનણૂ | લેવું | ૨૪ | સમ્ભાર ગીનણી | સંભાળ લેવી | ૮૭ | ગિનણૂ |
| | | | | વાસ ગુનણી | વાસ લેવી | ૮૩ | |
| ૪ | ડેણૂ | દેવું | ૪૨ | પગડેણૂ | પગ દેવો | ૫૩ | ડીણૂ |
| | | | | ડેખા ડીણૂ | દેખાવું (દેખાવ દેવો) | ૪૨ | |
| ૫ | નિકરણૂં | નીકળવું | ૫૨ | બાહર નુકણૂં | બહાર નીકળવું | ૬૩ | નિકણૂં |
| ૬ | નેણૂં | જોવું | ૫૩ | પુઠ્ઠા નેણૂ | પાછું જોવું | ૫૯ | ન્યાણૂં |
| | | | | નીચે ન્યાણૂં | નીચું જોવું | ૫૨ | |
| ૭ | પુજણૂ[૧] | પહોંચવું | ૫૮ | પાર પોજણૂ | સફળ થવું (પાર પહોંચવું) | ૫૭ — | પુજણૂ |

| અનુ. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|---|
| ૮ | રોણુ | રહેવું | ૭૬ | મન્ઢયો રોણુ | મ'ઝા રહેવું | ૭૦ | રોણુ |
| | | | | પ્યો રુણુ* | પડ્યા રહેવું | ૬૦ | |
| ૯ | – | – | – | છાપો વુજણો | છાપો મારવો (છાપો 'નાંખવો') | ૩૩ | વિજણુ |
| | – | – | – | નીસાસો વુીજણો | નિશાસો નાંખવો | ૫૨ | |
| ૧૦ | – | – | – | રખે લાણુ | રાખવું (રાખી 'મૂકવું') | ૭૪ | લાટણુ |
| | | | | ઢકે લાટણુ | ઊંચે જવું [ખરો અર્થ-ઢાંકી મૂકવું] | ૪૨ | |

ખરી રીતે ક્રિયાવાચક પદમાંથી અંત્ય 'ણુ' બાદ કરતાં જે રહે તે ધાતુ ધાતુ તો અવિકારી હોય. ક્રમ ૨ થી ૧૦માં અનુક્રમે જુદા જુદા ધાતુઓ મળે છે: ખાય્-ખે, ગીન્-ગન્, ડે-ડી, નિક્કર્-નકર્, નેર્-ન્યાર્, પુજ્-પોજ્, રો-રૂ વજ્-વીજ્, અને લા-લાય્. 'ઇષ્ટ કચ્છી સ્વરૂપ હેઠળ ધાતુને 'ણુ' લગાડી તેનું ખરું રૂપ દર્શાવવામાં આવ્યું છે.

## કચ્છીમાં જેમનો પ્રયોગ નથી

(નામ)

શબ્દાવલિમાં

| કચ્છી ૧ | ગુજરાતી પર્યાય ૨ | ગુજરાતી પર્યાય માટે કચ્છીમાં પ્રયોજાતો ખરો શબ્દ: જાતિ | ૩ |
|---|---|---|---|
| કમર | કેડ, કટિ | (પુ.) | તિફો, ભાંઢો |
| કાકીન્ઢો | કાકીડો | (પુ.) | કેડ઼ો |
| કિચડ | કાદવ | (પુ.) | ચીખલ |
| ખોટરી | સળગી ગયેલા છાણાનો ટુકડો | (પુ.) | ટાંઢો |
| ગરધન | ગરદન | (સ્ત્રી.) | ગિચી |
| ગાડર | ઘેટું | (સ્ત્રી.) | રિઢ |
| ગામતરો | મુસાફરી | (સ્ત્રી.) | ગોઠઈ |
| ગૂન્ઘો (પુ.) | ગુંદીનું વૃક્ષ | ગૂન્ઘી | (સ્ત્રી) |
| ગોઠખેણુ (સ્ત્રી.) | આખા ગામનો જમણવાર | (પુ.) | ધૂઆભન્ઘ |
| ચસ્કો | ચસકો | (પુ.) | સૂલો |
| ચૂમ્બી | ચૂંટી | (સ્ત્રી.) | ચોંઢી |
| છકડ઼ (સ્ત્રી.) | લપાટ | (પુ.) | થેપો |

* ખરી રીતે 'રૂણુ' એટલે 'રડવું' (નહિ કે 'રહેવું'). ઇષ્ટ અર્થ પૃ. ૭૬. જુદાં પડતાં સ્વરૂપો નીચે—નિશાન કરેલ છે.

| ૧ | ૨ | જાતિ ૩ |
|---|---|---|
| છબ્ડો | ત્રાજવું | ( પુ. ) કાંટો |
| થાબા | ફાંફા | (સ્ત્રી બ.વ.) જોતું |
| થિદ્ગૌ ( પુ. ) | થીંગડું | (સ્ત્રી) અદ્ગડી |
| ધાંધેટ્ટો ( પુ. ) | ધડધડ અવાજને કારણે થતું નડતર | (સ્ત્રી) છાંછોડ |
| ધાન્ધલ ( પુ. ) | ધાંધલ | હુલ |
| દરો | ૧. દર્ભ, ૨. એક ઘાસ, ૩. ધરવ. | અર્થ ૧ અને ૨ માટે—ધ્રભ (પુ.) ૩નો એ જ. |
| પપેયો | પપૈયું | કાર્ચિભડ |
| પામ | ખરજ, ચળ | ઢેડ |
| પિલ્લ | પીલુડીનાં ફળ | પેરુ |
| ફેફસો | ફેફસું | ફિફડ |
| ફોડકી | ફોલ્લી | બિરોલી |
| બરડો | ઝાવું | જાવો |
| બેડો | બેડું, વહાણ | (સ્ત્રી.)હેલ, બેડી. |
| ભાભર્કો ( પુ. ) | મળસ્કું | (સતિ સપ્તમી) ભાંગ ફૂટે |
| ભાજ (સ્ત્રી ) | ભુજા, બાહુ | ( પુ. ) હથ |
| માટી | ધણી | ધણી |
| લકડી | લાકડી | લઠ |
| વનોર્યો | નોળિયો | નૌરિયો |
| વિકબો | દુઃખ | ડુખ |
| સમ્ણો | સ્વપ્ન | સોણુ |
| સમ્રી | સમળી | સેણ |
| સરીણા (પુ. બ.વ.) | બાળવાનાં લાકડાં | (પુ. એ.વ.) બાટણ |

૩૪

## કચ્છીમાં જેમનો પ્રયોગ નથી

( સર્વનામ )

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| પોતમાડો | પોતે, જાતે | પિનંઈ |

૧

( વિશેષણ )

| | | |
|---|---|---|
| ઓર્માઈ | ઓરમાન | મત્રઈ |
| ગરમ | ગરમ, ઊનું | કોસો |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ગાન્ઢો | ગાંડો | ચર્યો |
| ચડ્કધો | ચળકતું | ભખંધો |
| છક્ક | ચક્તિ | ધ્ધિબ |
| તગદર | ઉપલક | હથઉધાર |
| નબ્ડો | નબળું | નાબ્રો |
| નિકટો | નાક વગરનું | નિસ્ડો |

૮

(અવ્યય)

| | | |
|---|---|---|
| તગદે | અગાઉથી | મોરઇ |
| ધૂર | દૂર | પર્યા |
| નિક્કારો | કારણ વગર | હૂંઈ હૂંઈ |
| પરો | દૂર | પર્યા |
| વધર | વિના | ધારાં |
| વારિસરિ | વારંવાર | અસોસાર |

૬/૪૯

## કચ્છીમાં જેમનો પ્રયોગ નથી

(ક્રિયાવાચક પદ—મુખ્ય તરીકે)

| શબ્દાવલિમાં કચ્છી | ગુજરાતી પર્યાય | ગુજરાતી પર્યાય માટેનું કર્તાપ્રયોજિત લિપિ મુજબનું ખરું શબ્દસ્વરૂપ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| અક્ડાણુ | અકડાવું | સીકડાણુ |
| અજમાટણુ | અજમાવવું | આમાટણુ |
| આંભણુ | આંબવું | પોજણુ |
| ઊમેણું | ઉમેરવું | વિજણુ |
| ઓડાણું | (આંખ) મીંચવી | (અખ) બૂરણી |
| ઓડ્ખણુ | ઓળખવું | સુગ્ણણુ * |
| ઓડણુ[1] | ઊડવું To fade (lose colour) | ઓપટણુ |
| ઓસ્કેણું | ઉશ્કેરવું | વિર્ચાટણુ |
| કર્ઘણુ | કરગરવું | રિગણુ |

* ગ્ન્ રૂઢિગત છે.

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| કણુસ્ણુ<br>કરન્જાણુ | કણુસવું<br>કરાંજવું | કન્જાણુ |
| ખન્ખેણું | ખંખેરવું | છપ્ટણુ |
| ખોપ્ણુ | ખૂંપવું | ગરણુ |
| ખોલ્ણુ | ખોલવું | ઑપટ્ણુ |
| ગટ્ગટાટણુ | ગટગટાવવું | તિક ઢીણી |
| ગમ્ણુ | ગમવું | જરણુ–આડ્ણુ |
| ગૂંથ્ણુ [૨] | વણવું | ગન્દ્ણુ |
| ઘસેણું | ઘસેડવું | ઢિસેડ્ણુ |
| ચડ્ણુ | મસળવું | આઢ્ણુ |
| છલ્ણુ | છળકપટ કરવું | ફોણું |
| જઘડ્ણુ | ઝઘડવું | વિડ્ણુ |
| જીત્ણુ | જીતવું | ખટ્ણુ |
| જોડાણુ [૩] | શોધવું | લજ્ણુ |
| ડુબ્ણુ | ડૂબવું | બૉડણુ |
| ધબકણુ | ધબકવું | ધ્રચક્ણુ |
| ધૂત્કાણું | ધુત્કારવું | અવઠોણું |
| દરજણુ | ધ્રૂજવું | ધોબ્ણુ |
| નાટ્ણુ | નહાવું | વેંજાણુ |
| નિપ્યાટ્ણુ | નીપજાવવું | ઑપાટણુ |
| નિક્કાણું | નકારવું | નાક્કાણું |
| પકડ્ણુ | પકડવું | જલ્ણુ |
| પાથણું | પાથરવું | વિછાટણુ |
| પૂણું | પૂરવું To plug ( a leak ) | બૂણું |
| ફૂંકાટ્ણુ | ફૂંકવું To blow | લગણુ |
| બોલ્ણુ | બોલવું | કોછ્ણુ |
| ભામ્ભણું | ભાંભરવું | રમ્ભણુ |
| મિરૂણુ | વીંચવું | બૂશ્ણુ |
| રખડ્ણુ | રખડવું | રોલ્ણુ |
| રન્જાડ્ણુ | રંજાડવું | ડપ્જાડ્ણુ |
| રમ્ણુ | રમવું | રાંધ કોણી |
| રોપ્ણુ | રોપવું | ચોપ્ણુ |
| લટકણુ | લટકવું | ટિણું |
| લન્ગ્ડાણુ | લંગડાવું | સન્ઢાણુ |

| ૧ | ૨ | ૩ |
| --- | --- | --- |
| લેપ્સણુ | લપસવું | તિર્કણુ |
| વકણું | વહેંચવું | વિકડ્ણુ |
| વટાણુ[૧] | વટાવવું ( પૈસા ) | મટાણુ |
| વટાણુ[૨] | ઓળંગી જવું | વરોટ્ણુ |
| વાણુ | વાવું To blow ( as wind ) | લગણુ |
| વાપણું | વાપરવું | વાવણું |
| સમાટણુ | સમાવું | માવાણુ |
| સર્ખાટણુ | સરખાવવું | મિલાટણુ |

૫૨

## કચ્છીમાં જેમનો પ્રયોગ નથી

( ક્રિયાવાચક પદ–અન્ય સહાયક સાથે )

| શબ્દાવલિમાં<br>કચ્છી<br>૧ | ગુજરાતી પર્યાય<br>૨ | ગુજરાતી પર્યાય માટેનું કર્તાપ્રયોજિત લિપિ મુજબનું ખરું શબ્દસ્વરૂપ<br>૩ |
| --- | --- | --- |
| આજીજી કેણી | આજીજી કરવી | ‾જીબો જીબો કેણુ |
| ગપ્પા લઘાટણા | ગપ્પાં લગાવવાં | ટાપા સટ્ણા |
| ગરમ કેણુ | ગરમ કરવું | કોસો કેણુ |
| ગૉસ્સે કેણુ | ગુસ્સે કરવું | તપાટણુ |
| ઘીરે રખ્ણુ | ગીરો મૂકવું | અડાણે રખ્ણુ |
| ઘૂર્ઘૂર કેણુ | ઘૂરકવું | ઘોન્દણુ |
| ચતાર ડીણુ | ચિતાર દેવો | મન્ઢે ચોણુ |
| ચિટકો ડેણુ | સજા કરવી | ડન્ણુ |
| ચોટ ડેણી | એકાએક ખેંચવું | છિકી ડીણી |
| છણાવટ કેણી | છણાવટ કરવી | માન્યા કેણી |
| તૉમત વીજણુ | તહોમત મૂકવું | ભય વિજણુ |
| ધૂંઆફૂંઆ થીણુ | ધૂંઆપૂઆ થવું | વિખછેર્જણુ |
| નજીક અરણુ | નજીક આવવું | ઓડો અરણુ |
| નસ્કોરા બોલાટણા | નસકોરાં બોલાવવાં | ફોન્ણુ |
| પરખે કેણુ | પડખું બદલાવવું | પાસો ફેર્ણુ |
| પલ્ડે વન્ણુ | ઓગળવું | ગર્ણું |
| પસ્તાવો થીણુ | પસ્તાવું | પછ્ટાણુ |
| પીછો કેણુ | પીછો પકડવો | પુઠ ગિન્ણી |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ફાંફા માર્ણા | ફાંફા મારવા | જોંતું ડીણ્યૂં |
| ફૂંકાર માર્ણી | ફુંફાડા મારવા | ફુઆડણૂ |
| બેભાન થીણૂ | બેભાન થવું | ઓરાંટ્ણૂ |
| મુલત્વી રખ્ણૂ | મુલતવી રાખવું | ઠેલ્ણૂ |
| રજ કેણૂ | રાજ કરવું | રાજ કેણૂ |
| લિબ્ડ઼ી કેણી | વાતચીત કરવી | ગાલાટણૂ |
| સમ્મત થીણૂ | સંમત થવું | કબૂલ્ણૂ |
| સર્ખા કેણૂ | યોગ્ય રીતે કાપીને ગોઠવણ કરવી | સોન્જાણૂં |

૨૬

## જોડણીફરક દર્શાવતાં
(નામ)

| શબ્દાવલિમાં કચ્છી<br>૧ | ગુજરાતી પર્યાય<br>૨ | કર્તાપ્રયોજિત લિપિ મુજબ ખરેખરી જોડણી<br>૩ |
|---|---|---|
| અગેણી | અધરણી | આગેણી |
| અડડ | બાધા | અડ઼ |
| અધ્યો | કોરીનો અરધો ભાગ | આધિયો |
| અધેલી | આઠ આની | અઠ આની |
| અબ્ભ | આકાશ | ઑભ |
| આડ઼યો | ચોરણા પર ભેઠ બાંધવા માટે વપરાતું પોતિયું | આડિયો |
| ઑધઈ | ઊધઈ | ઑડઈ |
| ઑભાલો | ઠપકો | ઑભાલો |
| કકટ્યો | ચકમકનો પથ્થર | કકોટિયો |
| કજ્યો | કજિયો | કજિયો |
| કલાલ | દારૂ વહેંચનાર | કલાડ઼ |
| કસાય | કસાઈ | કાંસાઈ |
| કસારી | કંસારી | કાંસારી |
| કાડ઼જો | કાળજું | કારજો |
| કામ્ભાય | વાવણી વખતની દાણાની કોથળી | કામ્ભઈ |
| ખીટ્યો | મોટી ઉધરસ | ખિટિયો |
| ઘરણું | ગ્રહણ | ઘિરોણુ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ઘિર્યો | ભમરડો | ઘિરિયો |
| ચે | ચિતા | ચી |
| જણ્ઠ | બાળમોવાળા | જણ્ઢા |
| ડલ્લો | ડાલું | ડાલો |
| ડાડ઼ો | દહાડો | ડિયાડ઼ો |
| ડાવો | દાવો | ધાવો |
| ત્રામો<br>તામ્બો } | તાંબું | ત્રામું |
| તીથી | વરસી | તિથ |
| તોમ | તુંબડું | તોમું |
| ધીજ | વાંધો | ધેજ |
| ઘેણુ | દૂઝાણુ | ધીણુ |
| ઘેડ઼ | ખરજ | ઢેડ઼ |
| ઘાણી | બાવાની ભઠ્ઠી | ધૂણી |
| પિપ્પૂ | વડનો ટેટો | પિપ |
| પૂરખ | પુરુષ | પૌરખ |
| પૌખ | વાવણી | પોખ |
| ભત્રીયો | ભત્રીજો | ભાત્રીયો |
| મન્ધર | મંદિર | મિન્ધર |
| મલક<br>મોલક } | પ્રદેશ | મૌલક |
| માડ઼ો | માળો | મારો |
| મીસ | મેસ | મિસ |
| મૌણુ | મરણુ | મરૂણુ |
| મૌડ઼ | ૧(મરણુ), ૨મીણુ | મૌણુ (રજા અર્થ માટે) |
| મોકામ | કબરસ્તાન | મૌકામ |
| લિસ્સ | સળેખમ | લેસ |
| વન્જણી | વીંઝણો | વિન્જણી |
| વાણ્યૂ | વાણિયો | વાણિયો |

૪૬

## (વિશેષણ)

| | | |
|---|---|---|
| ઊનો | ઊંડો | ઊનૂં |
| જોડો | ત્રાંસો | જોડો |
| ડન્ધરો | લાંબા દાંતવાળો | ડંન્ધરે |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| નયોં | નવું | નૌં |
| ભૉડ઼ો | બહેરો | ભોડ઼ો |
| ભીલો | નીચાં શીંગડાંવાળો | ભિલો |
| રનૉલ | વિધવા | રનલ |

૭

## ( અવ્યય )

| | | |
|---|---|---|
| એધ્યા | આગળ | અધિયા |
| એચ્છે | અહીં | ઍછે |
| ઓર્યા | પાસે | ઑર્યા, |
| નાં[૨] | ના | નં |
| ભીસ્યાલ | ખૂબ | ભિસિયાલ. |

૫

## જોડણીફરક દર્શાવતા

( ક્રિયાવાચક મુખ્ય તરીકે )

શબ્દાવલિ

| કચ્છી | ગુજરાતી પર્યાય | કર્તાપ્રયોજિત લિપિ મુજબ ખરી જોડણી |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| આથણૂ | આથવું | અથણૂ |
| ઊગણૂં | ઊગવું | ઑગણૂ |
| ઓતાણૂં | ઉતારવું ( કપડાં ) | ઑતાણૂં |
| ઑભૂણૂ | ઊભવું | ઑભણૂ |
| ઠરાટણૂ | ઠરાવવું | ઠેરાટણૂ |
| નિક્કાણૂં | નકારવું | નાકાણૂં |
| પરસણૂ | પીરસવું | પિરસણૂ |
| ભઘડ઼ણૂ | બગડવું | ભિઘડ઼ણૂ |
| રન્ધણૂ | રાંધવું | રધણૂ |
| વખાણણૂ | વખાણવું | વાખાણણૂ |

૧૦

( ક્રિયાવાચક–સહાયક સાથે )

| | | |
|---|---|---|
| ઇચ્છા હોણી | ઇચ્છા હોવી | ઇચ્છા હૂણી |
| ઇસારો કેણૂ / એસારો કેણો | ઇશારો કરવો | એંસારો કરવો |
| ઊચું કેણૂ / ઓચો કેણૂ | ઊંચું કરવું | ઑચું કેણૂ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ઊન્ધાણુ કેણી | ઊણુપવું | ઑન્ધાણુ કેણી |
| ઊલ્ટી કેણી | ઊલ્ટી કરવી | ઑલ્ટી કેણી |
| ઓછૂ કેણૂ | ઓછું કરવું | ઓછો કેણૂ |
| ઓબાકી કેણી | બગાસું ખાવું | ઑબાકી ડીણી |
| ઓભો થીણૂ | ઊભા થવું | ઑભો થીણૂ |
| ખામી હોણી | ખામી હોવી | ખામી હૂણી |
| ખારૂ થીણૂ | ગુસ્સે થવું | ખારો થીણૂ |
| પડ્પડ્ કેણી | બડબડવું | પૉડ્પૉડ્ કેણી |
| બચી ડેણી | બચી કરવી | બૉચી કરવી |
| રજા ડેણી | રજા દેવી | રજા ડીણી |
| રત્ત નકર્ણી | લોહી નીકળવું | રત નિકર્ણી |

૧૬

## જોડણી ફરકવાળાં

( ક્રિયાવાચક મુખ્ય તરીકે )

( અંત્ય 'ણૂ' પૂર્વે ય્ માગતાં માત્ર )

| શબ્દાવલિમાં કચ્છી ૧ | ગુજરાતી પર્યાય ૨ | કર્તાપ્રયોજિત લિપિ મુજબ ૩ |
|---|---|---|
| ચુકાણૂ | ચૂકવવું | ચુકાટણૂ |
| ચોરાણૂં | ખીજવવું | ચોરાટણૂ |
| જમાણૂ | જમાવવું | જમાટણૂ |
| ઠલાણૂ | ઠાલવવું | ઠલાટણૂ |
| ભચાણૂ | બચાવવું | ભચાટણૂ |
| વજાણૂ | વગાડવું | વજાટણૂ |
| વતાણૂ | બતાવવું | વતાટણૂ |

૧૦ + ૭ = ૧૭

## ક્રિયાવાચક સહાયક સાથે

| | | |
|---|---|---|
| ખોટા ઠેરાણૂ | ખોટું ઠેરાવવું | ખોટા ઠેરાટણૂ |
| ચમ્લાણૂ | ઉતેડવું | ચમ્લાટણૂ |
| છણ્ઠા ઓડાણા | છાંટા ઉડાડવા | છણ્ઠા ઓડાટણા |
| ધમ ભરાણૂ | દમ દેવો | ધમ ભરાટણૂ |
| રખે લાણૂ | રાખવું | રખે લાટણૂ |

૨૬ + ૫ = ૨૧

## જોડણીફરક તથા અન્ય ફરકવાળાં

(નામ)

| શબ્દાવલિમાં કચ્છી | ગુજરાતી પર્યાય | કર્તાપ્રયોજિત લિપિ મુજબ ખરી જોડણી અને સ્વરૂપ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| કણેર | કરેણુવૃક્ષ | કણ્યાર |
| કોર | કુળ | કોલ |
| તિર્પોટો | તરફાળ | તિર્પોતો. |
| લૂંવારા | રૂંવાડા | રૂંછાડ઼ |
| વાટડ઼ો[૧] | ગળાનું ઘરેણું | વાર્લો |
| | ૫ | |

(વિશેષણ)

| | | |
|---|---|---|
| આન્ઘેલ | આંકેલો (સાંઢ) | આન્કલ |
| ભાગ્વાન | ભાગ્યવાન | ભાગ્સારી |
| લીલો | લીલું | નીલો. |
| | ૩ | |

(અવ્યય)

| | | |
|---|---|---|
| અસોસ | વારંવાર | અસોસાર. |
| | ૧ | |

## જોડણીફરક

(અંત્ય 'ણૂ' 'પૂર્વે' 'ય્' માગતાં)
(ક્રિયાવાચક પદો મુખ્ય તરીકે)

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ઓઘ્રાણૂ | ઉઘરાવવું | ઓઘ્રાટણૂ |
| ઓથ્લાણૂ | ઉથલાવવું | ઓથ્લાટણૂ |
| ખખ્ડ઼ાણૂ | ખખડાવવું | ખોખ્ડ઼ાટણૂ |
| ઘુસાણૂ | ઘુસાડવું | ઘોસાટણૂ |
| ધિર્જાણૂ | બીવડાવવું | ધિર્જાટણૂ |
| ધોખાણૂ | સળગાવવું | ધોખાટણૂ |
| ફીટાણૂ | ભૂંસવું | ફિટાટણૂ |
| ફૂગાણૂ<br>ફોંગાણૂ | ફગાવવું<br>નાંખવું | ફિગાટણૂ |
| લિકાણૂ | છુપાવવું | લિકાટણૂ |
| સલ્ગાણૂ | સળગાવવું | સિલ્ગાટણૂ |
| સિખાણૂ | શીખવવું | સિખાટણૂ |
| સોણાણૂ | વર્ણવવું | સૉણાટણૂ |
| | ૧૩ | |

## જોડણીફરક તથા અન્ય ફરકવાળાં
(ક્રિયાવાચક પદો સહાયક સાથે)

| શબ્દાવલિમાં કચ્છી | ગુજરાતી પર્યાય | કર્તા પ્રયોજિત લિપિ મુજબ ખરી જોડણી |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| આશીવાડ ડેણા | આશીર્વાદ દેવા | આસર્વાડ ડીણા |
| આંટી ભરાણી | આંટી ભરાવવી | આંટાટણૂ |
| ગોથ્લોં ખાણું | ગોથું ખાવું | ગોણથ્લો ખેણૂ |
| નીસાસો વીજણો | નિસાસો નાંખવો | નીંસાકો વિજણૂ |
| પરે રોણું | દૂર રહેવું | પર્યા રોણૂ |
| બન્ધ કેણૂ | બંધ કરવું | ભન્ધ કેણૂ |
| બાટર નકણૂં | બહાર નીકળવું | બારાં નિકણૂં |
| ભેગા થીણૂ | ભેગા થવું | ભેરા થીણૂ |
| લીટા પાડણા | લીટા પાડવા | લીટા કઢણા |

૯

## અર્થફરક દર્શાવતાં
(નામ)

| શબ્દાવલિમાં કચ્છી | ગુજરાતી પર્યાય | ખરેખરો અર્થ/ અથવા શું ફેરફાર થઈ શકે? |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| અચો | જીવાત | ગીંગોડું |
| અમાં | ડોસીમા | મા |
| આઈ | ૧ મા<br>૨ સાસુ | ૨જો અર્થ બાદ થવા પાત્ર |
| ઓકાર | ઢોળાવ | પાર થવાનો માર્ગ |
| કણ્ઠો | કાંઠો<br>1 A bank<br>2 a coast | 1 A bank બાદ થવા પાત્ર |
| કન્धो | કંધો, ખભો | નદીકાંઠો |
| ગત | શક્તિ, પહોંચ | કૌશલ્ય |
| ચિબ્બ | પાડ<br>Gratitude | લવરી |
| થણુ | સ્તન<br>women's breast | જાનવરનાં આંચળ |
| થૂઓ | ૧ ખૂંધ<br>૨ ઢેકો | ૨જો અર્થ બાદ થવા પાત્ર |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ધડો | જમીનનો એક પ્રકાર | જમીનનો દળ |
| પતન્ધ | આગિયો | તણખો |
| પિડ઼ી | મજૂરી નક્કી કરવાની જગ્યા | હટાણું કરવાનું મથક |
| | A place where daily wages are fixed | shopping centre |
| બુમ્ભ | બારણું | ઉંબર |
| બૂ | દુર્ગંધ | ગંધ |
| બૂર | ૧ આંબાનો મોર<br>૨ કુંડાની થૂલી | ૧ વૃક્ષનો 'મોર'<br>૨ એ જ |
| ભન્ધો[1] | ગુલામ | ભક્ત |
| ભોથો[1] | ચોટલો | ચોટલો (તિરસ્કાર અર્થે) |
| ભોપો | ભૂવો | ભરવાડ |
| મચ્છ | માછલું | મોટું માછલું |
| મોચ્છો | કૂચો | પશુને મોઢે બાંધવાની ગૂંથેલી જાળી |

૨૧

## અર્થફરક દર્શાવતાં

### (સર્વનામ)

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ભન્ધા[2] | પોતે | ભડવીર |

૧

### (વિશેષણ)

| | | |
|---|---|---|
| ચંઈ | ચાર | ચારેય |
| મલુક | સારો | માસુમ |
| રબ+ધબક | લઘરો | (અ). આડેધડ |

૩

### (અવ્યય)

| | | |
|---|---|---|
| કડેંમડેં | માંડ માંડ, જેમતેમ કરીને | ક્યારેક |
| મલ | 'પાસે' અર્થ સૂચવતો અનુગ | 'સિવાય' અર્થ સૂચવતો અનુગ |
| રેજો | છૂટક | (ના.) વેચતાં વધેલો કાપડનો કટકો |
| વટા | પાસે | પાસેથી |
| વિચા | વચ્ચે | વચ્ચેથી |

૫

## અર્થફેરક દર્શાવતા

(ક્રિયાવાચક મુખ્ય તરીકે)

શબ્દાવલિમાં

| કચ્છી | ગુજરાતી પર્યાય | ખરેખરો અર્થ/અથવા શું ફેરફાર થઈ શકે? |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ઉજાડ઼ણૂ | ઉજાળવું | ઉજ્જડ કરવું |
| ઓકાણૂં | ઊકળવું | ઉકાળવું |
| છણણૂ | પાછું કૂદવું | પડવું |
| તોડ઼ણૂ[૨] | તોડવું (ફળ, ફૂલ વ.) | તોડવું (કંઈ પણ) |
| પચાટણૂ | પચાવવું | પકાવવું |
| પુજણૂ[૨] | મુલાકાત લેવી | પહોંચવું |
| ભચાણૂ[૧] | સામા થવું | રક્ષણ કરવું, બચત કરવી. |
| ભધ્લાટણૂ | બદલાવું | બદલાવવું |
| ભોગણૂ | દુઃખ લાગવું | ભોગવવું |
| મટાણૂ | મટાડવું | છૂટા પૈસા લેવા |
| મુન્જાટણૂ | મૂંઝાવું | મૂંઝવવું |
| રોડણૂ | રીખવું | રોળવું |
| લજણૂ[૧] | સાજા થવું | શોધવું |
| લભણૂ | શોધવું | પ્રાપ્ત કરવું |
| વધ્ણૂ | ખાઈ જવું | હોલવાવું |
| વધાણૂં | વધારવું | વધેરવું |
| વેરાટણૂ | ભાગ પાડવો | બેસાડવું |

૧૭

(ક્રિયાવાચક સહાયક સાથે)

| | | |
|---|---|---|
| આછલય વીજણૂ | મસળીને સાફ કરવું | |
| જૂણ્ઢો થીણૂ | પોક મૂકવી | હઠે ચડવું |
| ઢકજી રોણૂ | ઢાંકી દેવું | ઢંકાઈ જવું |
| ઢકે લાટણૂ | ઊંચે જવું | ઢાંકી દેવું |
| નાલો રખણૂ | નામ દાખલ કરવું | નામ રાખવું |
| પાસો કઢણૂ | દૂર રહેવું | આનાકાની કરવી |

૬
―
૨૩

## કચ્છી શબ્દાવલિ

### ફેરફાર માગતા અને નિશ્ચિત સ્વરૂપવાળા શબ્દોનો કોઠો

| | | નામ | સર્વનામ | વિશેષણ | ક્રિયાવાચક પદ | | અવ્યય | એકંદર કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | મુખ્ય તરીકે | અન્ય સહાયક સાથે . | | |
| ફેરફાર માગતા | કચ્છીમાં જેમનો પ્રયોગ નથી | ૩૪ | ૧ | ૮ | ૫૧ | ૨૬ | ૬ | ૧૨૬ |
| | જોડણીફરક દર્શાવતાં | ૪૬ | — | ૭ | ૧૭ | ૨૧ | ૫ | ૯૬ |
| | જોડણીફરક તથા અન્ય ફરકવાળાં | ૫ | — | ૩ | ૧૩ | ૯ | ૧ | ૩૧ |
| | અર્થફરક દર્શાવતાં | ૨૧ | ૧ | ૩ | ૧૭ | ૬ | ૫ | ૫૩ |
| કુલ | | ૧૦૬ | ૨ | ૨૧ | ૯૮ | ૬૨ | ૧૭ | ૩૦૬ |
| નિશ્ચિત | | ૧૩૩૧ | ૨૪ | ૧૯૬ | ૩૧૧ | ૨૯૩ | ૬૫ | ૨૨૨૦ |
| એકંદર કુલ | | ૧૪૩૭ | ૨૬ | ૨૧૭ | ૪૦૯ | ૩૫૫ | ૮૨ | ૨૫૨૬ |

# મારા સ્વાધ્યાયની વાનગી

## ( નવસારીના પુરાતત્ત્વ વિષે થોડુંક )

**કલ્યાણરાય ન. જોષી**

મારી પત્રવ્યવહારની પોથીઓ ફેંદતાં–નવસારીના વિદ્યાપ્રેમી સજ્જન શ્રી મણિભાઈ દ્વિવેદીનો પત્ર મળી આવ્યો છે. આજથી ચાલીસ વરસ પહેલાં હું એમને નવસારીના ઇતિહાસમાં રસ લેતા સાક્ષર તરીકે ઓળખતો આવ્યો છું. એમની સંશોધનવૃત્તિ બહુ પ્રશંસનીય ગણાય એવી જણાઈ છે.

વાત એવી છે કે, નવસારીમાં વડોદરા રાજ્યની પુસ્તકાલય પરિષદની બેઠક યોજવામાં આવી હતી. તે બેઠકમાં સ્વાગત સભાના સભાપતિએ રજૂ કરેલા વ્યાખ્યાનમાં નવસારી શબ્દનો અર્થ ઐતિહાસિક દૃષ્ટિથી અને વ્યુત્પત્તિના નિયમોને આધારે સમજાવવામાં આવ્યો હતો. નવ તળાવ-વાળું ગામ = નવ સરોવરવાળું ગામ તે **નવસારી.**

મને આ વ્યુત્પત્તિ ઉપજાવી કાઢેલી ભાસવા લાગી. એ બાબતની સ્પષ્ટતા કરી લેવા મેં શ્રી મણિભાઈ દ્વિવેદીને પત્ર લખી તેમનું વિવેચન એ ભાષણ પરત્વે મંગાવ્યું હતું. તેના ઉત્તરમાં એમનો પત્ર મને મળ્યો હતો, તે મારે ત્યાં સંઘરાઈ રહ્યો છે. નવસારીના સારસ્વત ધર્માનુયાયી મંડળ માટે એ પત્રમાં ભરેલી સામગ્રી ઉપયોગી બનશે એવી સમજથી એ પત્ર “ સ્વાધ્યાય ”માં પ્રકટ કરવાનું મને સૂઝી આવ્યું છે.

( પત્રમાં જણાવેલાં **નર્મદાબેન** વડોદરા રાજ્યમાં કન્યા કેળવણીક્ષેત્રે જાણીતાં થયેલાં શિક્ષિકા હતાં. એ સમયે નર્મદાબેન નવસારીની કન્યાશાળામાં સારી કામગીરી કરતાં હતાં. નર્મદાબેનને મેં વડોદરાની સ્ત્રી શિક્ષણપદ્ધતિ પાઠશાળામાં, જિજ્ઞાસુ જીવ તરીકે કેટલાક સંસ્કાર અર્પ્યા હતા. )

રા. શ્રી કલ્યાણરાયભાઈ,

વિ. શ્રીમતી નર્મદાબ્હેન મારફતનો આપનો પત્ર મળ્યો. જવાબ આ સાથે જુદો જોડેલો છે. પુસ્તકાલયની પ્રવૃત્તિ અંગે સારા કાર્યકર્તા તરીકે મારે માટે આપે અનુમાન કર્યું એ તો ભ્રમ છે.

સ્વાગત પ્રમુખશ્રીનું ભાષણ નવસારીની તવારીખ પર જરૂર પ્રકાશ નાખે છે પણ કોઈ પણ સ્થળની મહત્તા નાની થતી બચાવવા ખાતર તવારીખના સંશોધકોએ દન્તકથાઓનાં આભરણ ચઢાવવાં એ ઠીક નથી એવું મારું નમ્ર માનવું છે.

હું તો અન્ય પ્રવૃત્તિઓમાં સંકળાએલો સાધારણ માણસ છું એથી આપની પૂછપરછનો સંતોષકારક જવાબ તો આપી શકીશ નહીં છતાંય મારી સાધારણ જાણ મુજબનો જવાબ સાથે સામેલ છે તે આપને ભવિષ્યમાં કદાચ લખવું પડે તો મારું સરનામું ઉપર મુજબનું છે.

સેવક—**મણિભાઈ**નાં વન્દન.

# નવસારી વિષે નોંધ

નવસારીનું પ્રાચીન નામ નવસારી જ હતું એમ ઐતિહાસિક પુરાવાઓ પરથી માનવું પડે છે અને દન્તકથાઓનાં નામો એ કેવળ કલ્પિત વાતો જેવાં જણાય છે.

આ બાબતમાં સૌથી જૂનો પુરાવો [1]સ્વ. જયકૃષ્ણ ઇંદ્રજીને નવસારીમાંથી મળેલાં ત્રણ પ્રાચીન તામ્રપત્રો છે. સ્વ. ભાંડારકરે Three Copper plates of Navsari એ શીર્ષક નીચે આ તામ્રમત્રો પ્રસિદ્ધ કરેલાં અને તેમાંનું એક મહારાષ્ટ્રી ઇતિહાસવિશારદ શ્રીયુત વૈદ્યે પોતાના " મધ્યયુગીન ભારત " નામના ( ગુ. ભા. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી ) ગ્રંથમાં પ્રસિદ્ધ કરેલું છે.

આ તામ્રપત્રોમાં नवसारि શબ્દ છે ને તેની પાછળ का શબ્દ છે. મારું અનુમાન તો એવું છે કે નવસારિ પછી મૂકેલો का એ 'નવસારીકા' નામ બતાવનારો નહિ પણ કેવળ પ્રત્યય છે.

" पौरुषवान्विद्याधर चक्रवर्त्तीवे श्रयाश्रय श्री शिलादित्य युवराज नवसारीकामधिवसत् " આ પ્રમાણે એ પ્રાચીન તામ્રપત્રમાં ઉલ્લેખ છે. આ તામ્રપત્રો ઈસુની સાતમી સદીનાં જણાયાં છે.

આ ઉપરાંત મારી પાસે બે શિલાલેખના ફોટોગ્રાફ છે તેમ જ એ લેખની મૂળ લિપિ મેં જોએલી છે. આમાંના એક પર વિ. સં. ૧૨૫૫ છે ને તેમાં 'નવસારી' નામ છે. બીજો લેખ જેના પર હિ. સ. ૧૦૦૧ અને

" બદોરા * જલાલુદ્દીન મહોમદ
કે બાશદ અકબરશાહ આદીલ "—

એવો સમ્રાટ અકબરના નામનો પણ ઉલ્લેખ છે તેમાં પણ 'नवसारीनागमंडल' આ પ્રમાણે લખાણ છે.

ટૉલેમીનો આધાર હું બતાવી શકું એમ નથી પણ મને એટલું ચોકસ યાદ છે કે આજથી છએક મહિના ઉપરના કરજણથી પ્રકાશિત થતા 'યુવક' માસિકમાં આપણા દેશના જૂના વેપારને લગતો એક લેખ પ્રસિદ્ધ થયેલો. તેમાં મને યાદ છે ત્યાં સુધી ટૉલેમીની નવસારીને લગતી કાંઈ નોંધ છે ખરી.

---

૧ જયકૃષ્ણ ઇન્દ્રજીને બદલે ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજીનું નામ લખાવું જોઈએ :—સૌરાષ્ટ્રના વલ્લભી વંશનાં અનેક તામ્રશાસનો સાંપડયાં છે. તે બ્રાહ્મી લિપિમાં લખાયાં હતાં. તેના ઉકેલ માટે મુંબઈના ડૉ. ભાંડારકર, અને ડૉ. ભાઉ દાજી તથા શ્રી વિશ્વનાથ માંડલિક વગેરે વિદ્વાન પંડિતો, જૂનાગઢના વિદ્વાન ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજીની મદદ લેતા હતા—મુંબઈ રૉયલ એશિયાટિક સોસાયટીના દફતરે એ વાતનો ઘણી વાર ઉલ્લેખ થયેલ છે.

નવસારીનું સદરહુ તામ્રપત્ર, શ્રી ગિરિજાશંકર ભટ્ટે ( અમદાવાદના ) 'બુદ્ધિપ્રકાશ', સને ૧૮૮૪ના નવમા અંકમાં પ્રકટ કરાવ્યાનો ઉલ્લેખ શ્રી ગિરિજાશંકરની નોંધવહીમાંથી મારા વાંચવામાં આવ્યો છે.

* રાજ્ય અમલમાં

નવ-સર (તળાવ) પરથી નવસારી બન્યું હોય એ માની શકાય એમ જરાયે નથી, કારણ નવસારીની આજુબાજુ નવ-તળાવ છે નહીં. સ્વાગતપ્રમુખે જણાવેલાં નવ-તળાવમાંના 'ભેંશાડખાડા' 'વેરાવળયું,' 'કાલ્યાવાડીવાળું', એ ત્રણે કોઈ પણ કાળે તળાવો હતાં નહીં પણ નવસારીની પૂર્ણા નદીનાં ઉત્તર અને દક્ષિણ પૂર્ણાનાં જે બે વ્હેણ છે તેમાંનું દક્ષિણ વ્હેણ એ પહેલાં મુખ્ય વ્હેણ હતું અને જ્યારે બંદરી વેપાર ચાલતો ત્યારે એ દક્ષિણ વ્હેણમાં જ સફરી વ્હાણો આવી લંગારતાં એના પુરાવા મારી પાસે છે. કાળે કરી એ પ્રવાહ બદલાયો ને જે નાનો પ્રવાહ હતો તે મુખ્ય બન્યો. આ તૂટી ગયેલા પ્રવાહના કોતર જેવા ખાડા કે સાધારણ ઢોળાવની જગાઓને તળાવમાં ગણાવી નવની સંખ્યા પૂરી કરવી એ વધારે પડતો શ્રમ ઉઠાવવા જેવું છે. વળી તળાવની સંખ્યામાં "તળાવતું" એ નામને ગણાવવામાં આવ્યું છે એ પણ વાસ્તવિક નથી. પણ હાલમાં 'તરોટા' નામની જગા છે અને રાનીપરજની ભાષામાં એનો અર્થ 'ઘણી નીચાણવાળી જગા' અગર 'નદીના તળિયાની જગા' એવો અર્થ થાય છે. ને એ જગા છે પણ એવી.

રાનીપરજની ભાષાઓનો ને તેનાં મૂળિયાં તપાસવાનો કંઈક શ્રમ મેં લીધો છે ને તે પરથી મેં ઉપર પ્રમાણે સમર્થન કર્યું. આ પ્રમાણે નવમાંથી ચાર તળાવ નીકળી જાય એટલે પાંચ બાકી રહે.

નવ-સરાહ નવ ધર્મશાળાઓ નવસારીમાં હોવાનો પુરાવો મળતો નથી, અને પારસી ભાઈઓ અત્રે આવ્યા ત્યારે તો આ સ્થળના વતનીઓના આશ્રિત જેવા કૃષિકાર અને શ્રમજીવી તરીકે આવી રહેલા. ધર્મના પ્રચારક કે ભૂમિના વિજેતા તરીકે વિશિષ્ટ પ્રભાવ સાથે નથી આવ્યા કે જેથી કોઈ સ્થળનું જૂનું નામ એ આગમનની યાદમાં બદલાય. મુસલમાન તવારીખનવેશમાંથી મિરાતે-સિકંદરીના લેખક આ સ્થળને નવસારીને નામે ઓળખાવે છે.

સુવિખ્યાત ચિનાઈ યાત્રી 'હુએનત્શાંગ'નાં ભ્રમણોમાં સુરત અને તેની આસપાસના પ્રદેશોની હકીકત મળી આવે છે (બીલનો અનુ. પુ. ૪) પણ તેમાં નવસારી નામનો ઉલ્લેખ મળતો નથી.

આ નામ બાબતમાં તો મારી આટલી જ ટૂંકી માહિતી છે પણ એ પ્રમુખ સાહેબના ભાષણના પૃ. ૫ પર શિવાજી મહારાજના લશ્કરે નવસારીમાં લૂંટ ચલાવી હતી એમ જણાવ્યું છે. ઇતિહાસવિદ્ જદુનાથ સરકાર અને અન્ય મહારાષ્ટ્રી ઇતિહાસકારોને જોતાં એ વાતને ટેકો મળતો નથી. પિંપળનેરથી ગૂજરાતમાં આવવાનો આખો પગરસ્તો હું એક કરતાં વધુ વાર ભટક્યો છું ને તે રસ્તો નવસારી પર થઈને છે જ નહીં. વિસ્તારના ભયથી આટલે અટકું છું.

દૂધ્યુંનો અર્થ દ્વિમુખી તેઓ જણાવે છે એ પણ બંધબેસતો નથી પણ એ તળાવનું તળિયું જ એવું છે કે તેમાં હંમેશાં નવા વરસાદના ડહોળાયલા પાણી જેવું પાણી રહે છે. પાવાગઢ પર દુધ્યું તળાવ છે એ પાણીના જેવું આ પાણી રહે છે ને તેથી તેનું નામ દૂધ્યું પડયું હશે એ વધારે બંધબેસતું છે અને રાનીપરજની બોલીમાં દૂધને 'દુદ' કહે છે. આ તરફની ભાષામાં રાનીપરજની બોલીનો ઘણો સંસર્ગ છે, ને મુસલમાનો વગેરેએ એ શબ્દ સ્વીકારી લીધો હોય,

૨

**નવસારીમાં અને નવસારી પ્રાન્તમાં પુરાતત્ત્વની નજરે તો એક ગ્રંથ થાય એટલું બધું ભર્યું છે:**

૧ રાનીપરજની પ્રાચીન ભાષા, સંગીત, નૃત્ય, પહેરવેશ, હાલના સ્મૃતિસ્તૂપો વગેરે.

૨ સિક્કાઓ.

૩ બાગલાણ( સાલ્હેર )નો કિલ્લો, રૂપગઢ, પ્રગટનો કિલ્લો સોનગઢ, વાજપુરનો કિલ્લો, મોગરાણના કિલ્લાના ભગ્નાવશેષ અને ચોપાટી, ખેરવાડાનો કિલ્લો, ગઢીઓ જુદી.

૪ જૂના બંધારા, બાલપુરના ભગ્નાવશેષ, ભસ્મીભૂત અંતઃપુરમાંથી મળતા ભસ્મના બા. સરોણાનું શિવાલય.

૫ પ્રાચીન મૂર્તિઓ—નવસારીમાં.

જામે–મસ્જિદનો શિલાલેખ,

તળાવ પરની મસ્જિદનો શિલાલેખ,

લુણસી કુઇની મસ્જિદનો શિલાલેખ.

૬ તાપીતટે ઋષિ વાલ્મિકીનાં પગલાં અને પ્રાચીન શિવાલયો, સહસ્રધારા પરનાં મંદિર, કુંડ વગેરે

૭ શાહી દાન-પત્રોના દસ્તાવેજો.

૮ અંગરખા સુરવાળ ઉપર દક્ષિણી ઢબની ભારે વજનની પાઘડી પહેરતા પારસીભાઈનો રહ્યોસહ્યો જૂના-લિબાસનો નમૂનો.

રહ્યોસહ્યો આટલું ટૂંકમાં.

લિ. સેવક

**મણિભાઈ દ્વિવેદી**

# વિમલવસહીની કેટલીક સમસ્યાઓ

**મધુસૂદન ઢાંકી**

આબુ પર્વત પર સ્થિત દેલવાડા ગામનાં પાંચ જિનમન્દિરોમાં, લોકજીભે "વિમળશાનાં દહેરાં" તરીકે પરિચિત 'વિમલવસહી' અને "વસ્તુપાળ–તેજપાળનાં દહેરાં" નામે ઓળખાતાં 'લૂણવસહી'નાં જગવિખ્યાત આરસી મન્દિરો, વિશેષ મહત્ત્વપૂર્ણ છે. મન્ત્રીશ્વર તેજપાળ–વિનિર્મિત 'લૂણવસહી'ના કાળનો નિર્ણય તો તદ્દવસતીના 'બલાનક' (પ્રવેશ–મણ્ડપ)માં રહેલ પ્રશસ્તિલેખ તેમ જ દેવકુલિકાઓના લેખો પરથી નિર્વિવાદ થઈ જાય છે:[૧] પણ 'વિમલ-વસહી'ની રચના સમસ્યાપ્રદ છે. પ્રસ્તુત જિનાલયના દર્શને આવતો યાત્રી કે મુલાકાતી-પ્રવાસી-પૃથક્જન સારીયે સંરચનાને વિમલમન્ત્રિકર્તૃક હોવાનો ખ્યાલ ધરાવે છે. મન્દિરના ભોમિયાઓ પણ વર્ષોથી તેવું જ સમજાવતા આવ્યા છે. પણ સામ્પ્રતકાળે જોઈએ છીએ તે વિમલવસહીનાં બધાં જ અંગો વિમલમન્ત્રીના સમયનાં નથી. અગાઉ એનાં સમકાલીનતા અને એકકર્તૃત્વ વિષે કોઈ શંકા ઉઠાવાઈ નહોતી. એનાં કંડારમંડિત, આભૂષિત-શોભિત આરસી સ્તમ્ભોનાં ઉપલક સમરૂપત્વ અને એકરંગત્વથી પ્રગટતી મરીચિકાના પ્રભાવ તળે, તેમ જ તેની આન્તરસૃષ્ટિની પરમ શોભાની સંમોહિનીથી ભલભલા વિદ્વાનો પણ સંભ્રમમાં પડી સારીયે રચનાને વિમલમન્ત્રીના કાળની માનતા આવેલા.[૨]

આજે તો અલબત્ત વિમલવસહિકાના પૃથક્ પૃથક્ ભાગો સમકાલીન ન હોવા અંગે કેવળ સન્દેહ જ નહીં પણ પ્રતીતિ થવા જેટલી—આરંભિકથી વિશેષ કહી શકાય તેવી-પ્રગતિ થઈ ચૂકી છે. વિમલવસહીનો મહાન રંગમંડપ વિમલમન્ત્રીના સમયથી દોઢેક સદી બાદનો, એમના વરિષ્ઠ બન્ધુ નેઢના પ્રપૌત્ર મત્રી પૃથ્પીપાલે કરાવ્યાની પૃથ્વીપાલના કુટુમ્બગુરુ વડગચ્છીય આચાર્ય હરિભદ્ર સૂરિ-રચિત અપભ્રંશ 'નેમિનાથચરિઉ'ની પ્રશસ્તિના આધારે પ્રથમ નોંધ દા. રસિકલાલ પરીખે લીધી હતી.[૩] પણ તે મહત્ત્વપૂર્ણ નોંધ તરફ દુર્ભાગ્યે કોઈનું લક્ષ ગયું હોય તેમ લાગતું

---

૧ 'લૂણવસહિકા'નો મોટો ભાગ સં. ૧૨૮૭/ઈ.સ. ૧૨૩૧માં બંધાઈ ચૂકેલો અને તે સાલમાં મૂળનાયકની તેમ જ કેટલીક દેવકુલિકાઓમાં પ્રતિષ્ઠા થઈ ચૂકેલી. બાકીનું કામ ઈ.સ. ૧૨૪૦ સુધી ચાલેલું જણાય છે (જુઓ મુનિરાજ શ્રી જિનવિજયજી, **શ્રી અર્બુદ–પ્રાચીન–જૈન લેખ સંદોહ (આબૂ–ભાગ બીજો)**, ઉજ્જૈન વિ.સં. ૧૯૯૪,માં અપાયેલ લૂણવસતિના લેખો.

૨ જયન્તવિજયજી, દત્તાત્રય રામકૃષ્ણ ભણ્ડારકર, Percy Brown, ત્રિપુટી મહારાજ, ઇત્યાદિ લેખકોનાં લેખન એવી છાપ મૂકી જાય છે. અહીં લંબાણભયે મૂળ સન્દર્ભો આપીશ નહીં.

૩ વિમલવસહી વિશે તેઓ *Kāvyānuśāsana* by Ācārya Hemacandra, Vol. II, Part 1, "Introduction", p. CXLIX – 1149 (Bombay 1938, 3rd ed.)માં લખતાં અવલોકે છે કે: "This temple is known after him (Vimala) as Vimalavasahi....It appears that the construction of the whole temple was not finished in Vimala's

નથી.[૪] તે પછી બે'એક દાયકા બાદ દા. ઉમાકાન્ત શાહે એ જ મુદ્દા પર વિશેષ પ્રમાણો રજૂ કરી સૌનું ધ્યાન ખેંચવા પ્રયાસ કરેલો.[૫]

વિમલવસહીનાં સ્થાપત્યનાં ઝીણવટભર્યાં સર્વેક્ષણ-નિરીક્ષણ-પરીક્ષણ અર્થે સન્ ૧૯૫૭ અને ત્યારબાદ સન્ ૧૯૬૧ તેમ જ ૧૯૬૨માં દેલવાડાની મારી મુલાકાતો દરમિયાન એ મન્દિર અનુલક્ષી કેટલીક બીજી પણ સમસ્યાઓ નજરે ચડી એના ફલરૂપે, સ્થાપત્યના સૂક્ષ્માવલોકનથી તારવાતા મુદ્દાઓનો પ્રાપ્ત અભિલેખો અને વાઙ્મયના પ્રમાણો સાથે મેળ બેસાડી, તેનો યથાસમ્ભવ ઉકેલ સૂચવવા પ્રયાસ કરતું તેમ જ દેલવાડાનાં સમસ્ત જિનમન્દિરોનાં ઇતિહાસ અને કલા વિવેચતું

---

life-time; for the raṅga-maṇḍapa according to the P.P.S. ( Purātanaprabandha-Saṅgraha ) was made by his son Cāhila ( p. 152 )—According to the N.N.C.P ( Neminātha carita praśasti ),† however, it was constructed by his grandson Pṛthvīpāla in the region of Kumārapāla. "

† Colophon of an Apabhraṁśa work called Nemināthacariu of one Haribhadrasūri who completed the work in V.S. 1216 ( = A.D. 1160 ) in the residence provided by Minister Pṛthvīpāla in the reign of Kumārapāla, p. CIII ( K.S. Vol. II, *Intro* ). [ મન્ત્રી પૃથ્વીપાલ વિમલના નહીં પણ વિમલના વરિષ્ઠ બન્ધુ નેઢના પ્રપૌત્ર હતા. ]

૪ દા. પરીખના ઉપર્યુક્ત પુસ્તક બાદ છપાયેલાં વિમલવસહી પરનાં ( મારા સહિતનાં ) લેખનોનું અવલોકન આ વિધાન કરવા પ્રેરે છે.

૫ *See* U. P. Shah, " Introduction ", *Holy Abu* by Munishri Jayanta-vijayaji, Bhāvnagara 1954, pp. iii—vi :

" The famous *sabhāmaṇḍapa* of Vimala-vasahī with its wonderful lotus-pendent in the main ceiling and figures of the sixteen Vidyādevīs, was either rebuilt or newly added by Pṛthvīpāla, a minister of Kumārapāla in C. 1204-06 V.S. ( 1148-1150 A.D. ), i.e., at least 116 years after the erection of the shrine by Vimala. " " In an adjacent smaller dome, in one of the porticos, is a figure of Sarasvatī having on each side a male worshipper standing on a lotus....with his name inscribed below....showing that the two figures represent two artists, *Sūtradhāra Kelā* ( with a measuring rod in hand ) on the left of Sarasvatī and *Sūtradhāra Loyaṇa* ( with folded hands on the right of the goddess ) who must be identified as the chief architect and sculptor ( respectively ) of this maṇḍapa. The figures of Vidyādevīs, in the main ceiling of the Maṇḍapa, alike in style to that of the Sarasvatī image or of the Lakṣmī in the corresponding dome of the Portico on the other side of the Raṅgamaṇḍapa, as also the many-armed goddesses in the corridor-ceiling of this shrine, belong to the same style and age, which must be of Kumārpāla. The inference is further supported by a study of figure sculptures on the outer walls of the Jaina shrines at Jālor fort and Tāraṅgā, built by Kumārapāla, which show the same style in figure sculpture. "

એક પુસ્તક **દેલવાડાનાં દેહરાં** મેં ૧૯૬૩માં તૈયાર કરેલું. તેને છાપતાં હજી સમય લાગે તેમ હોઈ, અહીં વિદ્વદ્જનોને ઉપયોગી એવી સંશોધનાત્મક સામગ્રી વિમલવસહીના ઉપલક્ષમાં રજૂ કરવા વિચાર્યું છે.

મન્ત્રીશ્વર વિમલે નિર્માણ કરાવેલ જિનાલયમાં એમનો કે એમના સમયનો કોઈ જ લેખ

---

"Pṛthvīpāla, the minister of Kumārapāla, was a descendent of Neḍha, the brother of Vimala Sāha. An inscription on the wall of cell 14, Vimala Vasahī (See Abu, Vol. II, inscription no. 72) states that Pṛthvīpāla, the son of Ānanda, did the tīrthoddhāra (extensive repairs and conservation) of this shrine in V.S. 1206 (c. 1150 A.D.). It is, therefore, natural to expect sculptures of the age of Kumārapāla in the shrine erected by Vimala, the Daṇḍanāyaka of Bhīma I. Fortunately, reliable contemporary literary evidence, supporting our inferences, is preserved in the Praśastis of three unpublished works of Haribhadra Sūri whose writing activity was patronised by Pṛthvīpāla. According to the Candraprabha-caritra-praśasti of Haribhadra Sūri (Ms. at Paṭaṇa), Pṛthvīpāla erected a big lovely Maṇḍapa (in this shrine) with figures of his ancestors riding on elephants. The relevant passage in as under :—

ता अब्बुयगिरिसिरि नेढ-विमलजिणमंदिरे करावेउं ।
मंडयमइव्वजणयं मज्झे पुणो तस्स ।
विलसिरकरेणुयाणं सवंसपुरिसुत्तमाण मुत्तीओ ।
विहिउं च संघभत्तिं बहुपुत्थय-वत्थदाणेण ॥*

Obviously, this refers to the erection of the Hastiśālā in front of the Vimala Vasahī. Now, in his Mallinātha-caritra-Praśasti, the same author replaces पुरओ पुणो तस्स for मज्झे पुणो तस्स in the above verse.† This reading would show that Pṛthvīpāla erected a very beautiful Maṇḍapa in the shrine and a Hastiśālā in front of it. Another work Neminātha-cariu, also composed by this author, but in the Apabhraṁśa, contains a Praśasti at the end, eulogising the family of Pṛthvīpāla and giving us the same type of historical data as the other two Praśastis in Prakrit. A manuscript of this work is preserved in the Jaina collections at Jesalmer. Here the author says :—

तेण अब्बुयगिरिहिं सिरिविमलनिम्माबिय जिणभवणि असमरुवुं मंडवु कराविवि तसु पुरउ करेणुगय सत्त मुत्ति पुव्वयहं ठाविवि ।†

In none of the Praśastis is it said that Pṛthvīpāla repaired the old Maṇḍapa. It is, therefore, safer to assume that this wonderful Maṇḍapa was a work of the age of Kumārapāla. As stated above, a study of the art-style of the sculptures points to the same conclusion. Incidentally, we might note that Sūtrahāra Kelā and Sūtrahāra Loyaṇa, attending upon Sarasvatī, noted above, must be regarded as the architect and sculptor of this famous maṇḍapa."

મળી આવ્યો નથી. પ્રાપ્ત લેખોમાં જૂનાનાં જૂનો લેખ દેવકુલિકા ક્રમાંક ૧૩માં સં. ૧૧૧૯-ઈ. સ. ૧૦૬૩માં શાન્ત્યામાત્યની પત્ની શિવાદેવીએ ભરાવેલ પ્રતિમાનો છે;[૬] પણ તેમાં વિમલમન્ત્રી કે વિમલવસતીનો ઉલ્લેખ નથી. પણ પરમ્પરાથી આ દેવાલય વિમલનિર્મિત મનાતું આવ્યું છે અને ચૌદમા-પંદરમા શતકના ગ્રન્થોમાં આ મન્દિરના નિર્માણ-સંબંધ દંડપતિ વિમલ અનુલક્ષિત દન્તકથાનાં આલેખનો મળી આવે છે.[૭]

પણ આ મન્દિરનું નિર્માણ મૂળે મન્ત્રીશ્વર વિમલે કરેલું તેમાં સન્દેહ ન રાખવા માટે બારમા શતકના મધ્યભાગનાં બે-એક અભિલેખીય પ્રમાણો વિમલવસહીમાં જ મોજૂદ છે. જેમકે ત્યાં દેવકુલિકા ક્રમાંક ૧૦ની અંદર રહેલ મન્ત્રી પૃથ્વીપાલના પિતરાઈ શ્રે૦ દશરથના સં. ૧૨૦૧-ઈ. સ. ૧૧૪૫ના પ્રશસ્તિલેખમાં મન્ત્રી વીરના પ્રથમ પુત્ર નેઢ વિશે કહ્યા પછી આગળ ચાલતાં કહ્યું છે કે "(વીરમન્ત્રીનો) બીજો દ્વૈતમતાવલમ્બિત" દંડાધિપ વિમલ (નામનો પુત્ર) હતો, જેણે અહીં ભવસિન્ધુ પરના સેતુ સમાન ઊંચું (જિન) વેશ્મ કરાવ્યું."[૮] આ સિવાય દેવકુલિકા ક્રમાંક ૫માં કેલ્હા-વોલ્હાદિ સૂત્રધારોએ ભરાવેલ જિન કુંથુનાથની પ્રતિમાના સં. ૧૨૦૨-ઈ. સ. ૧૧૪૬ના લેખમાં તેની પ્રતિષ્ઠા "શ્રી વિમલવસતિકાતીર્થે" થયાનું સ્પષ્ટપણે કહ્યું છે.[૯]

આ મન્દિર દણ્ડનાયક વિમલે કઈ સાલમાં બંધાવેલું તે વિષે કોઈ સોલંકીકાલીન અભિલેખ કે વાઙ્મયિક ઉલ્લેખ તો હજી સુધી જડયો નથી: પણ તેના સં. ૧૩૬૮-ઈ. સ. ૧૩૧૨માં થયેલા ભઙ્ગ પશ્ચાત્ સં. ૧૩૭૮-ઈ. સ. ૧૩૨૨માં થયેલ જીર્ણોદ્ધાર સમ્બન્ધના પ્રશસ્તિલેખમાં યુગાદિદેવનું આ મન્દિર દણ્ડાધિપ વિમલે વિ. સં. ૧૦૮૮-ઈ. સ. ૧૦૩૨માં કરાવ્યાની નોંધ મળે છે.[૧૦] પ્રસ્તુત જીર્ણોદ્ધાર પછી થોડાક સમય બાદ જિનપ્રભસૂરિએ એમના **વિવિધતીર્થકલ્પ**

---

૬ જુઓ જયન્તવિજયજી, **શ્રી અર્બુદ૦**, પૃ. ૩૭, લેખાંક ૬૩. આ શાન્ત્યમાત્ય તે કર્ણદેવના મહામાત્ય તરીકે જાણીતા સાન્તૂમન્ત્રી હોવાના સંભાવના છે.

૭ જુદા જુદા મૂળ ગ્રન્થોનો સન્દર્ભ આપી ત્રિપુટી મહારાજે આ સૌ કથાનકોનો સાર આપ્યો છે તે જોઈ લેવો: (**જૈન પરમ્પરાનો ઇતિહાસ** [ભાગ બીજો] અમદાવાદ ૧૯૬૦, પૃ. ૧૮૧-૮૩)

૮ द्वितीयको द्वैतमतावलंबी दंडाधिपः श्रीविमलो बभूव ।
येनेदमुच्चैर्भवसिंधुसेतुकल्पं विनिर्मापितमत्र वेश्म ॥ ७ ॥
**શ્રી અર્બુદ૦**, પૃ. ૨૬, લેખાંક ૫૧.

૯ **શ્રી અર્બુદ૦**, પૃ. ૧૯-૨૦, લેખાંક ૩૪.

૧૦ अथान्यदा तं निशि दंडनायकं
समादिदेश प्रयता किलांबिका ।
इहा( चि?च )ले त्वकुरु सद्म सुंदरं ।
युगादिभर्तुर्निरपायस श्रयः ॥ १० ॥
श्रीविक्रमादित्यनृपाद् व्यतीते
ऽष्टाशीतीयाते( युक्ते ) शरदां सह( स्रे ?स्रे ) ॥
श्रीआदिदेवं शिखरे[ ऽ ]र्बुदस्य
निवे( सि?शि )तं श्री( रि?वि )मलेन वंदे ॥ ११ ॥
—**શ્રી અર્બુદ૦**, પૃ. ૩, લેખાંક ૧.



આદિનાથ
ભાંડાગાર
ગર્ભ ગૃહ
ગૂઢ મંડપ
સમવસરણ
ખત્તક
નવચોકી
રંગ મંડપ
ભ્રમન્તિકા
ભ્રમન્તિકા
બલાનક
હસ્તિશાલા
તોરણ
વિમલ મંત્રીના સમયનો ભાગ (ઈ. સ. ૧૦૩૨)
સંભવતઃ ચાહિલ્લના સમયનો ભાગ (૧૧મી શતાબ્દીનું ત્રીજું ચરણ)
મંત્રી પૃથ્વીપાલ અને ધનપાલના સમયનો ભાગ (ઈ. સ. ૧૧૪૬-૮૯)
વીજડ લાલિગના સમયની પ્રતિમા
૧૭મી શતાબ્દીનો ભાગ

અન્તર્ગત દીધેલ "અર્બુદાદ્રિકલ્પ"માં જીર્ણોદ્ધારની સાલ શ. સં. ૧૨૪૩–ઈ. સ. ૧૩૨૨ આપવા ઉપરાન્ત મૂળ મન્દિર દણ્ડપતિ વિમલે વિ. સં. ૧૦૮૮–ઈ. સ. ૧૦૩૨માં બંધાવ્યાનું સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે.[૧૧] આ સમયથી લઈ પંદરમા શતક સુધીના કેટલાક પ્રબન્ધો, ચરિત્રાત્મક રચનાઓમાં આ જ મિતિ નિર્વિવાદ આપવામાં આવી છે. જેમકે રાજશેખરસૂરિના **પ્રબન્ધકોશ** (સં. ૧૪૦૫-ઈ. સ. ૧૩૩૯) અન્તર્ગત 'વસ્તુપાલ પ્રબન્ધ',[૧૨] **પુરાતનપ્રબન્ધસંગ્રહ**-માંની B સંજ્ઞક પ્રબન્ધાવલિ—જેનો કાળ ધર્મસિંહસૂરિરચિત **ઉપદેશતરઙ્ગિણી** (સં. ૧૪૬૧–ઈ. સ. ૧૪૦૫) પૂર્વનો હોવા વિષે સમ્પાદકે અટકળ કરી છે;[૧૩]—તત્પશ્ચાત્ જિનહર્ષ-કૃત **વસ્તુપાલચરિત્ર** (સં. ૧૪૯૭–ઈ. સ. ૧૪૪૧)[૧૪] ને તે પછીનાં થોડાંક જ વર્ષમાં સોમ-ધર્મ દ્વારા રચાયેલ **ઉપદેશસપ્તતિકા** (સં. ૧૫૦૩–ઈ. સ. ૧૪૪૭)[૧૫] આદિ ગ્રન્થોમાં પણ વિમલવસહીની સ્થાપનાની એ જ મિતિ બતાવી છે.[૧૬] આ સૌ પાછળના કાળનાં પણ ઢગલાબંધ પ્રમાણો જોતાં વિમલવસહીનું નિર્માણ ઈ. સ. ૧૦૮૮માં થવા બાબત શંકા કરવાને કોઈ જ કારણ

---

૧૧ वैक्रमे वसुवस्वाशा( १०८८ )मितेब्दे भूरिरैव्ययात् ।
सत्प्रासादं स विमलवसत्याहं॰ व्यधापयत् ॥ ४० ॥
અને
अस्योद्धारं द्वौ शकाब्दे वह्निवेदार्कसंमिते( १२४३ ) ॥ ४८ ॥

(સં. મુનિ જિનવિજય, સિંઘી જૈન ગ્રન્થમાલા, શાન્તિનિકેતન ૧૯૩૫, પૃ, ૧૬)

૧૨ विक्रमादित्यात् सहस्रोपरिवर्षाणामष्टाशीतौ गतायां चतुर्भिः सूरिभिरादिनाथं प्रत्यतिष्ठिपत् । विमलवसतिः इति प्रासादस्य नाप [ दत्तम् ] ।

(સં. જિનવિજયમુનિ, શાન્તિનિકેતન ૧૯૩૫, પૃ. ૧૨૧)

૧૩ श्रीविक्रमादित्यनृपाद्व्यतीतेऽष्टाशीतियाते शरदां सहस्रे ।
श्रीआदिदेवं शिखरेऽर्बुदस्य निवेशितं श्रीविमलेन वन्दे ॥

(સં. જિનવિજયમુનિ, કલકત્તા ૧૯૩૬, પૃ. ૫૧. કાળ માટે જુઓ એજન પૃ. ૧૧.)

૧૪ આમાં સં. ૧૦૮૮માં રત્નસૂરિએ પ્રતિષ્ઠા કરી એમ જણાવ્યું છે (જુઓ મોહનલાલ દલિચંદ દેસાઈ: **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ**, મુંબઈ ૧૯૩૨, પૃ. ૨૧૦, ટિપ્પણ ૨૨૪). મૂળ ગ્રન્થ મને સન્દર્ભાર્થે ઉપલબ્ધ નથી બન્યો. દેસાઈ પોતાના "વિમલમન્ત્રી અને તેની વિમલવસતિ" વક્તવ્યના પ્રારંભે અમ્બિકાના આદેશથી વિમલમન્ત્રીએ સં૦ ૧૦૮૮માં પ્રાસાદ બનાવ્યાને લગતો શ્લોક ટાંક્યો છે, પણ તે કયા ગ્રન્થમાંથી તેમણે લીધો છે તે જણાવ્યું નથી :

श्रीमान् गौर्जरभीमदेवनृपतेर्धन्यः प्रधानाग्रणीः
प्राग्वाटान्वयमंडनः स विमलो मंत्रिवरोऽप्यस्पृहः ।
योऽष्टाशीत्यधिके सहस्रगणिते संवत्सरे वैक्रमे
प्रासादं समचीकरच्छशिरुचि श्रीअंबिकादेशतः

૧૫ આ ગ્રન્થની મિતિ મને ડા૦ ભોગીલાલ સાંડેસરા તરફથી મારી પૃચ્છાના ઉત્તરમાં મળી છે, જેનો અહીં સાભાર ઉલ્લેખ કરું છું.

૧૬ આ ગ્રન્થ પણ જોવા નથી મળ્યો. અહીં કરેલી નોંધનો આધાર ત્રિપુટી મહારાજ છે.

નથી. ચૌદમા શતકના પ્રથમ ચરણે જીર્ણોદ્ધારકોના સમયમાં, તેમ જ એમના સમકાલીન જિનપ્રભસૂરિની અર્બુદયાત્રા સમયે મન્ત્રીશ વિમલનો મૂળ પ્રશસ્તિલેખ મોજૂદ હશે[૧૭] તેમ જ તદ્વિષયક અન્ય પુરાણાં વાઙ્મયિક સાધનો તે કાળે હજી ઉપલબ્ધ હશે જેના આધારે તેઓ, અને તેમને અનુસરીને પંદરમા શતકના લેખકો, પ્રતિષ્ઠા-મિતિ સંબન્ધમાં આટલા નિશ્ચયપૂર્વક કહી શક્યા હશે.

વિમલ-વસતિકાનું વર્તમાન સ્વરૂપ આ પ્રકારે છે : કાળા પથ્થરનો 'મૂલપ્રાસાદ' અને 'ગૂઢમંડપ', એને જોડાયેલાં આરસનાં 'મુખમંડપ' (નવચોકી) અને 'રંગમંડપ', એ સૌ ફરતી આરસી દેવકુલિકાઓના સમૂહથી સંયોજાતી 'ભ્રમન્તી' (ભમતી); તે પછી આ બાવન જિનાલયની સામે કાળા પથ્થરની 'હસ્તિશાલા,' અને હસ્તિશાલાને બાવન જિનાલયની 'મુખચતુષ્કી' (મુખચોકી) સાથે જોડતો 'વિતાન'(છત)વાળો સાદો મણ્ડપ: (જુઓ અહીં તળદર્શનં).

મન્ત્રીશ્વર વિમલે કરાવેલ મૂળ વસતિકા આ પ્રમાણે હતી : મન્દિર છે ત્યાં મૂળ ખડકાળ ભૂમિ જરા પૂર્વ અને દક્ષિણ તરફના ઢાળવાળી છે; એટલે જ્યાં જ્યાં ઢાળ નડચો હશે ત્યાં પૂરણી કરી નીચી શી જગતી જેવું કરી લેવામાં આવ્યું. એ ભૂમિ પર ગર્ભગૃહયુક્ત મૂલપ્રાસાદ, ગૂઢમણ્ડપ, રંગમંડપ અને હસ્તિશાલાની રચના વિમલમન્ત્રીએ કરાવી; જ્યારે સોમધર્મના કથન અનુસાર "મોટા વ્યવહારીઓએ દેવકુલિકાદિક કરાવ્યું."[૧૮] સારુંયે બાંધકામ સાદાઈભર્યું અને કાળા પથ્થરમાં હતું. જે કંઈ થોડું રૂપકામ હતું તે મોટા ભાગનું શ્વેત આરસમાં કરેલું.[૧૯] આમ કેમ બન્યું હશે? ધનાઢ્ય મનાતા ને ચન્દ્રાવતીશ ગણાતા મન્ત્રીશ્વરનું સમસ્ત મન્દિર આરસનું અને અલંકારપૂર્ણ શા માટે નહોતું? સમ્ભવતયા સંચારવ્યવસ્થાની મુશ્કેલીઓને કારણે બાંધકામ માટેના મોટા કદના આરસના ખણ્ડો નીચેથી ઉપર લઈ જવાનું હજી એ કાળે શક્ય નહીં બન્યું હોય; એથી જ તો કદાચ સ્થાનિક કે નજીકમાં મળતાં કાળા પથ્થરથી ચલાવી લેવું પડચું હોય; જ્યારે આરસી રૂપકામના તૈયાર કરેલા ટૂકડાઓ ચન્દ્રવતીથી ઉપર લાવી લગાવ્યા હોય કે પછી આરાસણની ખાણમાંથી નાના નાના આરસી ખણ્ડો ડુંગર ઉપર લઈ જઈ એના ઉપર ચન્દ્રાવતીના શિલ્પીઓએ ત્યાં રૂપ ઘડચાં હોય.[૨૦]

---

૧૭ જયન્તવિજયજી કહે છે કે : "મહામંત્રી વિમલશાહે ક્રોડો રૂપિયા ખર્ચીને જગતમાં કોઈ પણ તેની બરાબરી ન કરી શકે એવું આ વિમલ-વસહી નામનું ભવ્ય મંદિર બંધાવ્યા છતાં અને પોતે ગુજરાતના મહારાજા ભીમદેવ (પહેલા)ના પ્રેમપાત્ર મુખ્ય સેનાપતિ હોવા છતાં આ મંદિરની અંદર પ્રશસ્તિ તરીકે પોતાના નામનો એક અક્ષર પણ ખોદાવ્યો નથી..." (**શ્રી અર્બુદ૦**, પૃ. ૨૮૯.) પણ મને લાગે છે કે મૂળ પશસ્તિલેખ અને મૂળ પ્રતિમાનો પબાસણનો લેખ નષ્ટ થયા છે.

૧૮ દેસાઈ, પૃ. ૨૧૧, ટિ. ૨૨૪.

૧૯ આ અંગે એક બહુ જ નાનકડું પ્રમાણ ઉપલબ્ધ છે, જે વિષે અહીં 'હસ્તિશાલા' અંગે ચર્ચા કરતી વેળાએ વિશેષ કહીશું.

૨૦ આબુ પર શિલ્પીઓ અને સ્થપતિઓની શ્રેણીઓ સ્થિર થઈ વસી રહી હોવાનો સંભવ ઘણો જ ઓછો છે. સ્થપતિઓને અવિરત આશ્રય ત્યાં પહાડ પર તો ક્યાંથી સાંપડે? વિમલવસહીની રચના સમયે તક્ષણકારો ક્યાંથી આવ્યા હશે તેનો વિચાર કરતાં એક જ સ્થાન હૈયે ચઢે છે : ચન્દ્રાવતી. ચન્દ્રાવતી અર્બુદમણ્ડલની રાજધાની હોવા ઉપરાન્ત એક મહાન કલાસ્રોત હોવાનું ત્યાંનાં ખંડેરોના કાટમાળની કલા પરથી કહી શકાય છે.

મન્ત્રીશ્વર વિમલે કરાવેલ જિનાલયનો કેટલો ભાગ આજના સમયે હજુ કાયમ રહ્યો છે તે જોવા જઈએ તો કાળા પથ્થરનો મૂલપ્રાસાદ નિશ્ચયતયા એ કાળનો જ છે તેમ તેની શૈલી પરથી જણાઈ આવે છે. મૂલચૈત્યનું તળ તેમ જ ઘાટડાં સાદાં છે. ઉપરના ભાગે શિખર કરવાને બદલે ભૂમિકાયુક્ત, ઘણ્ટાવિભૂષિત સાદી 'ફાંસના' (તરસટ) કરી છે. 'નાગર' શિખર અહીં ન હોવાના કારણમાં એક અનુમાન એવું રજૂ કરવામાં આવ્યું છે કે ધરતીકંપથી બચાવવા આમ કર્યું હશે.[૨૧] આ તર્કને અલબત્ત સમર્થન સાંપડી શકતું નથી. આબુમાં ભૂકંપના આંચકાઓ લાગતા હોત તો અત્યારે દેલવાડાનાં મન્દિરો ઊભાં રહ્યાં ન હોત કે અત્યાર સુધીમાં તો ઘણું નુકસાન પામી ગયાં હોત.[૨૨] બીજી બાજુ જોઈએ તો ઉત્તર ગુજરાતમાં અગિયારમી શતાબ્દીના ઉત્તરાર્ધમાં નિર્માયેલ ખેડબ્રહ્માના અમ્બિકા તેમજ બ્રહ્માના પ્રાસાદો તેમ જ સિદ્ધપુર પાસેના કામળીગામના બ્રહ્માણીમાતાના મન્દિર (૧૧મી સદીનો પૂર્વાર્ધ) પર લગભગ આવી જ ફાંસના કરી છે. ખુદ દેલવાડામાં કુમારી-માતાના મન્દિર પર તેમજ એક શિવાલય પર પણ આ પ્રમાણે ફાંસના જ કરેલી છે, જે નિશ્ચયતયા ૧૧મી શતાબ્દીની છે. આ સૌ પ્રમાણમાં સાદાં મન્દિરોના પ્રમાણો લક્ષમાં લેતાં 'નાગર-શિખર'-ને બદલે 'ફાંસના' કરવાનો હેતુ કદાચ કરકસરનો હોઈ શકે. બીજી વાત એ છે કે વિમલવસહીનું મૂલ્યચૈત્ય (તેમ જ લૂણવસહીનું પણ) નિરલંકૃત હોઈ, એને ચૌદમી શતાબ્દીના જીર્ણોદ્ધાર સમયનું ગણી કાઢવામાં આવ્યું છે.[૨૩] પણ અહીં આગળ જોઈશું તેમ આરસી બાંધકામ સોલંકીયુગમાં

---

૨૧ "આબૂ ઉપરનાં મંદિરોનાં શિખરો નીચાં હોવાનું ખાસ કારણ એ છે કે અહીં લગભગ છ છ મહિને ધરતીકંપ થયા કરે છે. તેથી ઊંચાં શિખરો હોય તો જલદી પડી જવાનો ભય રહે, માટે શિખરો નીચાં કરાવવામાં આવ્યાં હોય એમ જણાય છે."

(જયન્તવિજયજી, **આબૂ**, ભાગ પહેલો, પૃ. ૩૪.)

૨૨ દેલવાડામાં વિમલવસહીની પાસે ઈ.સ. ૧૪૫૯માં બંધાયેલ ચતુર્મુખ મન્દિર તેમ જ અચલગઢનું ચૌમુખ મન્દિર (ઇ.સ. ૧૫૧૦) તો મજલાવાળાં અને પ્રમાણમાં ઠીક ઠીક ઊંચાં છે!

૨૩ આ અંગે જયન્તવિજયજી આ પ્રમાણે અવલોકે છે: "આ વિમલવસહી મંદિરની અપૂર્વ શિલ્પકળા અને વર્ણન ન કરી શકાય એવા પ્રકારની આરસની અંદર કરેલી બારીક કોતરણીનું આ ઠેકાણે વર્ણન કરવું નકામું છે. કારણ કે મૂલ ગભારો અને ગૂઢમંડપ સિવાયના બીજા બધા ભાગો લગભગ જેવી ને તેવી જ સ્થિતિમાં વિદ્યમાન હોવાથી વાચકો અને પ્રેક્ષકો સાક્ષાત્ ત્યાં જઈને તે સંબંધી ખાત્રી કરવા સાથે આનંદ મેળવી શકે તેમ છે." (**આબૂ**, ભાગ પહેલો, પૃ. ૩૨) અને

"અહીંનાં મુખ્ય બન્ને મંદિરોમાં દર્શન કરનારને સ્વાભાવિક રીતે આવી શંકા ઉત્પન્ન થયા વિના રહેતી નથી – કે જે મંદિરોના બહારના ભાગની નવચોકીઓ, રંગમંડપ અને ભમતીની દેરીઓમાં પણ આવી અપૂર્વ કોતરણી છે તે મંદિરોનો અંદરનો ભાગ (ખાસ મૂલગભારો અને ગૂઢમંડપ) બિલકુલ સાદો કેમ? અને શિખરો સાવ નીચાં – બેઠા ઘાટનાં કેમ? વાત ખરી છે કે જે મંદિરોના બહારના ભાગમાં આવું સુંદર કામ હોય તેના ખાસ મૂલગભારા અને ગૂઢમંડપો તદ્દન સાદા હોય અને શિખરો સાવ નીચાં હોય, તે બનવાયોગ્ય નથી. પરંતુ તેમ હોવામાં ખાસ કારણ છે અને તે એ કે તે બન્ને મંદિરો બંધાવનાર મંત્રીવરોએ તો મંદિરોના અંદરના ભાગો બહારના ભાગો કરતાં પણ અધિક સુંદર નકશીદાર અને સુશોભિત કરાવ્યા હશે. પરંતુ સંવત્ ૧૩૬૮માં મુસલમાન બાદશાહે આ બન્ને મંદિરોનો ભંગ કર્યો ત્યારે આ બન્ને મંદિરોના મૂલ ગભારા, ગૂઢમંડપો, ભગવાનની બધી મૂર્તિઓ અને બન્ને હસ્તિ-

પાછળના સમયે નોખા નોખા તબક્કે થયેલું છે; અને મૂલપ્રાસાદ નિરાભરણ હોવા છતાં એની શૈલી ચૌદમી શતાબ્દી નહીં પણ સ્પષ્ટતયા અગિયારમા સૈકાની જ છે. મુંગથલા, ઝાડોલી અને નાડલાઈના (નેમિનાથના) સમકાલીન જૈન મન્દિરોના મૂલગભારા પણ આવા જ સાદા પ્રકારે કરેલા છે;[૨૪] એટલું જ નહીં પણ અહીં તો મૂલપ્રાસાદના ત્રણે ભદ્રના ગોખલાઓની જૂની સપરિકર પ્રતિમાઓ હજી પણ એના મૂલસ્થાને પ્રતિષ્ઠિત છે. પ્રસ્તુત મૂર્તિઓના પરિકરોના સુડોળ, લલિત ભઙ્ગીવાહિકો (ચિત્ર ૧) અને અન્ય વિગતો અગિયારમા શતકના પૂર્વાર્ધની તક્ષણાનાં લક્ષણો પ્રગટ કરતા હોઈ નિઃશંક એ ઈ. સ. ૧૦૩૨ એટલે કે મન્દિરની પ્રતિષ્ઠાના સમયના જ ગણવા જોઈએ. એટલે મૂલપ્રાસાદ વિમલમન્ત્રીના સમયનો જ છે એમાં સન્દેહને સ્થાન નથી. અંદર ગર્ભગૃહની દ્વારશાખા પ્રાચીન નથી તેમ જ મૂલચૈત્યની આરસની મૂલનાયક ઋષભદેવ ભગવાનની પ્રતિમા પણ ઈ. સ. ૧૩૨૨ના જીર્ણોદ્ધાર સમયની છે.

સદ્‌ભાગ્યે વિમલમન્ત્રીએ પ્રતિષ્ઠા કરાવેલ અસલી પ્રતિમા ભમતીના નૈર્ઋત્યખૂણે આવેલા ભાણ્ડાગારમાં મોજૂદ છે. એને હાલ મુનિસુવ્રતસ્વામીની ૨૫૦૦ વર્ષ પુરાણી પ્રતિમા માનવામાં આવે છે. વિમલમન્ત્રીએ ચમ્પકવૃક્ષ નીચે દટાયેલી કાઢેલી પ્રતિમા તે આ જ, એવી પણ માન્યતા છે. પણ પ્રતિમાના ખંધોલા પર કેશવલ્લરી બતાવી હોઈ, તે જિન સુવ્રતદેવની નહીં પણ આદીશ્વરની માનવી ઘટે.[૨૫] શ્યામ પથ્થરના આ અત્યન્ત પ્રભાવશાળી, મોટા ભામંડળવાળા વિશાળ જિનબિમ્બની શૈલી અગિયારમી શતાબ્દીનો પૂર્વાર્ધ દર્શાવતી હોઈ, તેમ જ તેનું માન ગભારાના માન સાથે બંધબેસતું હોઈ, વિમલમન્ત્રીએ આ વસતિકામાં મૂલનાયક તરીકે યુગાદિદેવની જે પ્રતિમા અધિવાસિત કરી હશે તે આ જ પ્રતિમા હોવી ઘટે. આટલી સુન્દર અને મહાકાય પ્રતિમા જો ચમ્પકવૃક્ષ તળેની ભૂમિમાંથી પ્રગટ થઈ હોય તો તો એ વિશેષ મહિમાવન્ત ગણાય અને તો પછી એને અહીં ભંડારમાં સ્થાપિત કરવાને બદલે મૂલગભારામાં પ્રતિષ્ઠિત કરવામાં શું હરકત

---

શાળાની ઘણીખરી મૂર્તિઓનો સાવ નાશ કરી નાખ્યો હશે એમ લાગે છે; તેમ જ મૂલ ગભારો અને ગૂઢમંડપથી બહારના ભાગની કોતરણીમાંના પણ થોડા થોડા ભાગને નુકસાન પહોંચાડયું હોય તેમ જણાય છે. આવી રીતે ભંગ થયા બાદ પાછળથી આ બંને મંદિરોનો જીર્ણોદ્ધાર થએલો હોવાથી અંદરનો ભાગ સાદો બનેલો જણાય છે." (**આબૂ**, ભાગ પહેલો, પૃ. ૩૩)

૨૪ હજી સુધી અપ્રસિદ્ધ છે. સમયાંકન મારા તદ્‌મંદિરોના સર્વેક્ષણ સમયે ઘાટડા અને અલંકારની શૈલીના આધારે કરેલું છે.

૨૫ "દંતકથા છે કે—આ મૂર્તિ વિમલમંત્રીએ આ મંદિર બંધાવતાં પહેલાં એક સામાન્ય ગભારો બનાવીને તેમાં વિરાજમાન કરી હતી, કે જે ગભારો અત્યારે વિમલવસહીની ભમતીમાં વીશમી દેરી તરીકે ગણવામાં આવે છે. આ મૂર્તિ શ્રી ઋષભદેવ ભગવાનની છે, પરંતુ લોકો વીશમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામિની કહે છે. આ મૂર્તિ અહીં સારા મુહૂર્તમાં સ્થાપન થયેલી હોવાથી અને મૂલનાયકજી તરીકે બિરાજમાન કરવા માટે વિમલ મંત્રીશ્વરે ધાતુની નવી સુંદર મૂર્તિ કરાવેલી હોવાથી આ મૂર્તિને અહીં જ રહેવા દીધી." (જયન્તવિજયજી, **આબૂ**, ભાગ પહેલો, ઉજ્જૈન ૧૯૩૩, પૃ. ૨૭ *Infra.*) (સરખાવો ત્રિપુટી મહારાજ, **જૈન પરંપરાનો૦**, પૃ. ૧૮૩.) આ પ્રતિમાનું ચિત્ર લેવા દેવાની મન્દિરના સંચાલકો યાત્રિકો–પ્રવાસીઓને પરવાનગી આપતા નથી. એનું ચિત્ર મન્દિરની સ્થાનિક 'ગાઈડ બૂક'માં છપાયેલું જોયાનું સ્મરણ છે.

હોઈ શકે ? મન્ત્રીશ્વર વિમલે બંધાવેલ મૂલચૈત્ય કાળા પથ્થરનું હતું, આદિનાથને સમર્પિત હતું; આ પ્રતિમા પણ શ્યામશિલાની અને આદીશ્વરની જ છે એ વાત પણ એને મૂલનાયકની પ્રતિમા હોવાની હકીકતને પૂર્ણતયા પુષ્ટિ આપી રહે છે. ચૌદમી–પંદરમી સદીના પ્રબન્ધોમાં મૂલનાયકની પ્રતિમા ધાતુની હોવાની વાત કહી છે;[૨૬] પણ પાછલા યુગના એ પ્રબન્ધકારોની અહીં કશીક ભૂલ થતી લાગે છે. વાસ્તવમાં તો ઈ. સ. ૧૩૨૨માં જીર્ણોદ્ધારકોએ આક્રમણ સમયે ખણ્ડિત થયેલી આ પ્રતિમાને બદલી મૂલનાયકની નવી મૂર્તિ ગર્ભગૃહમાં બેસાડી અને એક વખતની ઉપાસ્ય અને પુનિત એવી આ અસલ પ્રતિમાનું વિસર્જન ન કરતાં અહીં ભાણ્ડાગારમાં સુરક્ષા અર્થે મુકાવી જણાય છે.

( મન્ત્રીશ્વર વિમલના સમયની એક બીજી પણ ઉપાસ્ય પ્રતિમા હાલ વસહીમાં વિદ્યમાન છે. દેવકુલિકા ક્રમાંક ૨૧માં અમ્બિકાદેવીની બે પ્રતિમાઓ છે, જેમાંની મોટી તો મન્ત્રી વિમલના વંશજ હોવાનો દાવો કરનાર હોઈ ભાણે સં. ૧૩૯૪–ઈ. સ. ૧૩૩૮માં ભરાવી છે.[૨૭] પણ નાની અતીવ લાવણ્યમયી, ધમ્મિલમુકુટધારિણી અમ્બાની આરસની મૂર્તિની શૈલી અગિયારમા શતકના પૂર્વાર્ધની હોઈ, મન્ત્રીશ્વરના કાળની હોવી ઘટે.[૨૮] વિમલમન્ત્રી અમ્બિકાના પરમ ભક્ત હોવાની વાત પ્રબન્ધોમાં અને લોકોક્તિમાં ખૂબ જાણીતી છે. )

વિમલચૈત્યના મૂલપ્રાસાદને જોડેલો કાળા પથ્થરનો અને સહેજ નીચેરી ફાંસનાવાળો ગૂઢમણ્ડપ પણ મન્ત્રીશ્વરના સમયનો છે; પણ તેનાં ઉત્તર-દક્ષિણ મુખનાં આરસી દ્વારો અને પાર્શ્વ-ચતુષ્કીઓ ( પડખા–ચોકીઓ ) એ સમયનાં નથી; ને ગૂઢમણ્ડપના મોઢા આગળનો મુખમણ્ડપ ( નવચોકી ) પણ વિમલનિર્મિત નથી. એ મુખમણ્ડપ અને આનુષઙ્ગિક ભાગ વિમલના ( લઘુ ? ) ભ્રાતા ચાહિલ્લે ઉમેર્યો હોય તેમ જણાય છે. ઉપદેશસપ્તતિકાર સોમધર્મે ભ્રાતા ચાહિલ્લે મણ્ડપાદિક કરાવ્યાની નોંધ લીધી છે.[૨૯] એક અન્ય પ્રબન્ધમાં વિમલપુત્ર ચાહિલ્લે રંગમણ્ડપ કરાવ્યાનો ઉલ્લેખ છે.[૩૦] પણ આ છેલ્લા પ્રબન્ધકારે આ સન્દર્ભે બે ગોટાળા કર્યા છે. એક તો એ કે

---

૨૬　'વિવિધતીર્થ'માં આ પ્રકારે નોંધાયેલું જોવા મળે છે :

कलयन् विमलां बुद्धिं विमलो दण्डनायकः ।
चैत्यमत्रर्षभस्याधात्　　पैत्तलप्रतिमान्वितम् ॥ ३६ ॥
आराध्याम्बां भगवतीं पुत्रसंपद्यस्पृहः ।
तीर्थस्थापनमभ्यर्थ्य　चाम्पकद्रुमसन्निधौ ॥ ३७ ॥

८—अर्बुदाद्रिकल्पः ।

પ્રબન્ધકોશકાર રાજશેખર પણ એવી જ મતલબનું કહે છે :

तत्तथेव दृष्ट्वा चम्पकद्रुमसन्निधौ तीर्थमस्थापयत् ।
पैत्तलप्रतिमा तत्र महती ।

( જિનવિજય મુનિ, પૃ. ૧૨૧. )

૨૭　**શ્રી અર્બુદ૦**, લેખાંક ૫૩.

૨૮　આની તસ્વીર લઈ શકાઈ નથી.

૨૯　દેસાઈ, પૃ. ૨૧૧, ટિ. ૨૨૪; અને ત્રિપુટી મહારાજ, પૃ. ૧૮૪.

૩૦　આનો ઉલ્લેખ દા૦ પરીખે કર્યો છે ( જુઓ અહીં પાદટીપ ૩ ).

રઙ્ગમણ્ડપ મન્ત્રી પૃથ્વીપાલે કરાવ્યાનાં ઘણાં મજબૂત પ્રમાણો છે; બીજી વાત એ કે ચાહિલ્લ વિમલનો પુત્ર નહીં પણ ભ્રાતા હતો (લઘુભ્રાતા હશે). આ ચાહિલ્લના પ્રપૌત્ર નરસિંહના અગાઉ અનુલક્ષાયેલ ઈ. સ. ૧૧૪૪ના પ્રતિમાલેખમાં જે વંશાવળી છે તેમાં ચાહિલ્લને 'વિમલાન્વયે' કે 'વિમલસૂનુ' ન કહેતાં તેને 'વીરસન્તાને' કહ્યો છે[૩૧] અને તેનો ક્રમ વીરમન્ત્રીના વંશમાં આ પ્રમાણે આવે છે (જુઓ લેખાન્તે વંશવૃક્ષ).

હવે વિમલમન્ત્રીને પુત્ર હતો કે નહીં તે વાત વિષે વિચારતાં તે વિવાદાસ્પદ જણાય છે. દેસાઈ નોંધે છે કે:[૩૨] "વિમલ અપુત્ર મરણ પામ્યો એવી કથા-સામાન્ય માન્યતા છે. તે સત્ય હોય તેમ પાકે પાયે કહી શકાતું નથી, કારણ કે વિમલના પછીની વંશાવલી મળતી નથી. કેવળ એક લેખ તેના ઉક્ત મન્દિરમાં અંબાજીની મૂર્તિ પર સં. ૧૩૯૪નો મળે છે કે જેનો આશય એવો છે કે 'મહં. વિમલાન્વયે' એટલે વિમલના વંશજ અભયસિંહના પુત્ર જગસિંહ, લખમસિંહ અને કુરસિંહ થયા તથા જગસિંહનો પુત્ર ભાણુ થયો. તે સર્વેએ મળી વિમલવસહીમાં અંબાજીની મૂર્તિ સ્થાપિત કરી."[૩૩] વિમલમન્ત્રી અપુત્ર હોય કે ન હોય પણ એ વાત ખરી છે કે ચાહિલ્લ તેમનો પુત્ર નહીં પણ ભ્રાતા હોવો જોઈએ. મન્ત્રી પૃથ્વીપાલના કે એમના પિતરાઈ હેમરથ-દશરથના લેખમાં, કે હરિભદ્રસૂરિની પ્રશસ્તિઓમાં ચાહિલ્લનો નેઢ-વિમલ સાથે ઉલ્લેખ નથી એ વાત સાચી, પણ પ્રસ્તુત લેખોના સમકાલીન, ઉપર કથિત નરસિંહના લેખમાં ચાહિલ્લને સ્પષ્ટ રીતે 'વીરમન્ત્રી સન્તાને' કહ્યો છે તેથી તે વીરમન્ત્રીનો પુત્ર અથવા ઓછામાં ઓછું વીરમન્ત્રીના વંશમાં થયાનું સિદ્ધ થાય છે. હવે ધારો કે તે વીરમન્ત્રીનો પુત્ર ન હોય તો પ્રપૌત્ર તો હોવો જોઈએ. નરસિંહે ઈ. સ. ૧૧૪૪માં પ્રતિમા પ્રતિષ્ઠાવી ત્યારે તે જુવાન હોય તો તેના સમયથી ચાહિલ્લ પચાસેક વર્ષ પહેલાં થયેલો માનીએ તો તે વીરમન્ત્રીનો પ્રપૌત્ર હોવાની સમ્ભાવના રહે; પણ જો નરસિંહની ઉમર તે સમયે મોટી હોય તો ચાહિલ્લનો કાળ લગભગ ૧૦૭૦ અને તેથી પૂર્વનો ઠરે; અને એ અન્વયે તે વીરનો પુત્ર અને વિમલનો બન્ધુ ઠરે તેમ જ સમયની દૃષ્ટિએ તે વિમલનો નાનો ભાઈ હોવાનું (અને વીરમન્ત્રીને બીજી સ્ત્રી હોય તો સાવકો ભાઈ હોવાનું) સમ્ભવિત માની શકાય. સોમધર્મે તો ચાહિલ્લને વિમલનો ભાઈ જ માન્યો છે.

પંદરમા શતકના પ્રબન્ધકારો વિમલ સાથે લોહીની સગાઈ ધરાવનાર ચાહિલ્લ તેમ જ તેણે વિમલવસહી મણ્ડપ (પછી ભલે રઙ્ગમણ્ડપ નહીં તો મુખમણ્ડપ) કરાવ્યો એવી વાતથી વાકેફ હતા. સમકાલીન પ્રમાણ ન હોવા છતાં આ નોંધ વિમલવસહીના ઇતિહાસમાં મહત્ત્વની પ્રકાશકણી બની રહે છે.

---

૩૧ संवत् १२०० ज्येष्ठ वदि १ शुक्रे म. वीरसंताने चाहिल्ल सुत राणाक सत्सुत नरसिंहेन कु[टुं]ब सहितेनात्म श्रेयोऽर्थे मुनिसुव्रत प्रतिमा कारितेति । प्रतिष्ठिता श्री नेमिचंद्र सूरिभिः ॥

(**શ્રી અર્બુદ૦**, લેખાંક ૫૩)

૩૨ દેસાઈ, પૃ. ૨૧૫-૨૧૬.

૩૩ આ અમ્બિકાના ચિત્ર માટે જુઓ **આબૂ**, ભાગ પહેલો, પૃ. ૪૬ સામેની પ્લેઈટ. લેખ માટે જુઓ અગાઉ કહ્યો તે **શ્રી અર્બુદ૦**, લેખાંક ૫૩.

હવે પ્રશ્ન એ છે કે વિમલવસહીનો 'મુખમણ્ડપ' ચાહિલ્લે કરાવ્યો તેમ કહી શકવા માટે અન્ય આધાર શું છે.[૩૪] પ્રસ્તુત તર્ક કરવા માટે વાસ્તવમાં છ એક જેટલાં પ્રમાણો છે: (૧) મુખમણ્ડપના સ્તમ્ભોનું મન્ત્રી પૃથ્વીપાલે ઉમેરેલ રઙ્ગમણ્ડપના સ્તમ્ભોથી (બન્ને એક જાતિના હોવા છતાં) પ્રમાણૌચિત્ય, સુડોલત્વ, ભૂષાના પ્રાચુર્ય અને તેના સંઘટનમાં છતો થતો વિવેક તેમ જ તદ્દઅલઙ્કરણની વિગતોનું સાપેક્ષ દૃષ્ટિએ અવલોકતાં ચઢિયાતાપણું: (ચિત્ર ૨); (૨) મુખમણ્ડપના સ્તમ્ભોના કણ્ડાર અને આકારની કર્ણદેવ (ઈ. સ. ૧૦૬૫-૧૦૯૫)ના સમયના હોવાની સમ્ભવિતતાવાળા મોઢેરાના વિખ્યાત નૃત્યમણ્ડપના સ્તમ્ભોનાં આકાર-પ્રસ્તાર અને અલઙ્કારલીલાની સાથે સમતા; (૩) સ્તમ્ભો પરના પાટના તળિયે કરવામાં આવતાં 'કમલ'ના રાબેતા મુજબના સુશોભનને સ્થાને ઉત્તર બાજુના પાટોમાં ચક્રવ્યૂહમાં 'નરરૂપો' કાઢેલાં છે, જે નાડલાઈના તપેશ્વરના મન્દિરમાં પાટડા નીચે કોરેલ એવા પ્રકારના સુશોભનનું (ચિત્ર ૩) સ્મરણ કરાવે છે. તપેશ્વરના કહેવાતા એ મન્દિરનો નિર્માણકાળ અગિયારમી શતાબ્દીના પ્રથમ ચરણનો છે.[૩૫] વિમલવસહીનું પ્રસ્તુત સુશોભન કલાની દૃષ્ટિએ ઊતરતું છે તેમ જ રૂપકામનો ઢઙ્ગ નાડલાઈથી થોડો પાછોતરો કાળ સૂચવી જાય છે: ઉલટપક્ષે આ શોભન બારમી શતાબ્દીના કોઈ પણ બાંધકામમાં જોવા મળતું નથી.) (૪) મુખમણ્ડપની મધ્યમાં રહેલા 'નાભિચ્છન્દ' અને 'પદ્મનાભ' જાતિનાં વિતાનોની કુમ્ભારિયાના મહાવીર

---

૩૪ અગાઉ આ બાબતમાં વિશેષ ચર્ચા ભવિષ્ય માટે રાખવાનો સંકલ્પ કરી મેં મારા "The Date of the Dancing Hall of the Sun temple, Modhera" (*Journal of the Asiatic Society of Bombay*, Vol. 38/1963 (NS), p. 216) અન્તર્ગત તેનો આ રીતે પ્રથમ નિર્દેશ કરેલો: "The problem of the dates of the different components of Vimala vasahī has been immensely complicated by later renovations. The marble, now aged to a deep, lovely ivory-cream suffused with delicate and vivid hues of a rainbow, casts a subtle camouflage that sucessfully eludes the observer. To the Vimala's *own heroic and glamorous personality, the tradition and legends liberally allowed* all the credit of the marble splendours treasured in this temple, to gravitate. This explicit faith has now been shaken by recent researches on this world famous monument. Recent findings on the problem have in fact some revelations to make. The Main Shrine, the Closed Hall and the Hastiśālā certainly date from the time of Vimala. The authorship of the great Raṅgamaṇḍapa, the Devakulikās and the seven elephants inside the Hastiśālā goes, on unimpeachable contemporary literary authorities, supported by epigraphic evidence, to Pṛthvīpāla, minister of Kumārapāla, who completed this work round about A.D. 1150. The Vestibule and the two lateral porches of the Closed Hall, occupy an intermediate position in style, and are attributed to the 3rd quarter of 11th century. Its authorship should go to Cāhilla, a brother of Vimala, as literary evidence ultimately points out."

૩૫ આ મન્દિર વિષે હું અન્યત્ર સવિસ્તર ચર્ચી રહ્યો છું. વિમલવસહીવાળા સમાન્તર શોભનનું ચિત્ર અહીં તસ્વીર બગડી જવાને કારણે રજૂ કર્યું નથી.

જિનાલય ) સં. ૧૧૧૮—ઈ. સ. ૧૦૬૨ )ની ૭ ચોકીના મધ્યમાં રહેલ 'નાભિચ્છન્દ' અને 'પદ્મનાભ' વિતાનો સાથે રીતિ અને રૂપનું સામ્ય; ( સરખાવો અહીં ચિત્ર ૪, ૫ અને ૬ );[૩૬] બારમી સદીમાં એવાં વિતાનો થયાનાં પ્રમાણો નથી; (૫) મુખમણ્ડપ જ્યાં પૂરો થાય છે ત્યાં પૃથ્વીપાલના સમયમાં ત્રણ ચોકીપદ વધારી મુખમણ્ડપનું નવચોકીમાં પરિવર્તન કરવામાં આવ્યું છે તે સન્ધાન પછીના પાટડા અને સ્તમ્ભોની શૈલી, તેમ જ સાંધો કરેલ છે તે ઠેકાણું-સન્ધિસ્થાન-ઝીણી નજરે જોતાં જુદા તરી આવે છે ( ચિત્ર ૭ ); (૬) એ જ રીતે મુખમણ્ડપના મોઢા આગળ વધારેલ ચોકીઓનાં વિતાનોની શૈલી અને પ્રકાર મુખમણ્ડપમાં રહેલાં વિતાનોની મુદ્રા અને ભઙ્ગિથી નોખાં પડી જાય છે. મૂલચૈત્ય અને ગૂઢમણ્ડપથી પથ્થરની જાતમાં જુદા પડી જતા અને શૈલીની દૃષ્ટિએ તેનાથી પ્રમાણમાં અર્વાચીન, પથ્થરની જાતમાં રઙ્ગમણ્ડપ સાથે એકત્વ ધરાવનાર પણ શૈલીની દૃષ્ટિએ ભિન્ન અને તેનાથી પ્રાચીન, ને છેલ્લે સ્થાપત્ય-પરીક્ષણની દૃષ્ટિએ રાજા ભીમદેવનાં અન્તિમ વર્ષોથી લઈ કર્ણદેવના શાસનના મધ્યકાળ સુધી એટલે કે અગિયારમી સદીના ત્રીજા ચરણમાં નિર્માયેલ હોય તેવા આ મુખમણ્ડપના કારપક તરીકે પ્રબન્ધોની સાક્ષીના આધારે ચાહિલ્લ—કે જેની ઐતિહાસિકતા તેમ જ વિમલ સાથેનો સમ્બન્ધ શિલાલેખથી નિશ્ચિત થાય છે—ને માનવામાં અવરોધ કરે તેવો કોઈ મુદ્દો આ પળે તો દેખાતો નથી.

મુખમણ્ડપ પછી આવતો રઙ્ગમણ્ડપ મન્ત્રી પૃથ્વીપાલે કરાવેલો તેનાં દા. પરીખે આપેલ તેમ જ દા. શાહે એકત્ર કરેલ પ્રમાણો વિષે આગળ કહેવાઈ ગયું છે.[૩૭] વિમલના જ્યેષ્ઠ બન્ધુ નેઢના પ્રપૌત્ર પૃથ્વીપાલ ગુર્જરેશ્વર મહારાજ કુમારપાલના મન્ત્રીમંડલના સદસ્ય હતા. એમણે કરાવેલ સુકૃત્યોના ઉલ્લેખો એમના ગુરુ હરિભદ્રસૂરિએ રચેલ ગ્રન્થોની પ્રશસ્તિઓમાંથી પ્રાપ્ત થયા છે. મન્ત્રીવર્ય પૃથ્વીપાલે સ્વમાતૃ પદ્માવતીની પુણ્યવૃદ્ધિ માટે અણહિલવાડ-પાટણના પુરાતન 'વનરાજવિહાર'નો રઙ્ગમણ્ડપ કરાવેલો તેમ જ ત્યાં પૂર્વજ નિન્નયે કરાવેલ ઋષભદેવના મન્દિરનો રઙ્ગમણ્ડપ પણ કરાવેલો : એ જ પ્રમાણે નિન્નકે ચન્દ્રાવતીમાં બંધાવેલ જિનભવનમાં માતૃપક્ષીય માતામહીના શ્રેયાર્થે રંગમંડપ કરાવ્યો હતો. આ સિવાય માતા પદ્માવતીના પિતા બોલ્હણના કલ્યાણ માટે રોહમણ્ડલના સાયણવાડપુરમાં શાન્તિનાથનું મન્દિર કરાવેલું; પાલી( પલ્લિકાગ્રામ )ના દશમા શતકના ત્રીજા પ્રહરમાં બંધાયેલા વીરનાથના ચૈત્યમાં અનન્તનાથની પ્રતિમા સં. ૧૨૦૧-ઈ. સ. ૧૧૪૫માં મુકાવી, ઇત્યાદિ.* આટલાં સ્થાપત્યો નિર્માવનાર, સુકૃત કરાવનાર મન્ત્રીશ પોતાના પૂર્વજના બન્ધુ વિમલના આબુ-પરના મન્દિરને કેમ ભૂલે? મન્ત્રીએ અહીં ઈ. સ. ૧૧૪૪ આસપાસ તીર્થોદ્ધારના કાર્યનો આરમ્ભ કર્યો. ચૌદમી દેવકુલિકાના લેખ અનુસાર ઈ. સ.

૩૬ વિગતોમાં થોડો થોડો ફર્ક છે પણ શૈલી-સાધારણ એક જ કાળની હોવાનું જણાય છે.

૩૭ જુઓ અહીં પાદટીપ ક્રમાંક ૩ તથા ૫.

* જુઓ અંબાલાલ પ્રેમચંદ શાહ, **જૈનતીર્થસર્વસંગ્રહ**, ભાગ પહેલો, ખંડ બીજો, પૃ. ૧૭૫ : ( પાલીનો મન્ત્રી પૃથ્વીપાલનો શિલાલેખ ). મન્ત્રીશ્વરનાં સુકૃતોનું વર્ણન હરિભદ્રસૂરિની ગ્રન્થપ્રશસ્તિઓમાં અપાયેલું છે.



ચિત્ર ૧

વિમલવસહીના ભદ્રના ખત્તકની અંદર સ્થિત જિનમૂર્તિ

( ભદ્રદેવતા ) ઈ. સ. ૧૦૩૨



ચિત્ર ૨

નવચોકીની ડાબી પાંખનું રંગમંડપમાંથી દેખાતું દૃશ્ય;
સરખાવો નવચોકી અને રંગમંડપના થાંભલા



ચિત્ર ૩

નાડલાઇના તપેશ્વર મન્દિરના અન્તરાલના પાટ નીચે કંડારેલ
'ચક્રવ્યૂહ' સમય ૧૧મી સદીનો પ્રારંભ



ચિત્ર ૪

નવચોકીમાં ગૂઢમંડપના દ્વાર ઉપરનો પદ્મનાભ જાતિનો વિતાન, વિમલવસહી, ચાહિલ્લ નિર્મિત: ૧૧મી સદીનું ત્રીજું ચરણ (પુરાતત્ત્વ ખાતું, ગુજરાત રાજ્યના સૌજન્યથી)



ચિત્ર ૫

નવચોકીનો વચલો પદ્મનાભ જાતિનો વિતાન, વિમલવસહી, ચાહિલ્લનો સમય

(પુરાતત્ત્વ ખાતું, ગુજરાત રાજ્યના સૌજન્યથી)



ચિત્ર ૬

૭ ચોકી, મહાવીર જિનાલય, કુમ્ભારિયા, વચ્ચેનો પદ્મનાભ જાતિનો વિતાન, ઈ. સ. ૧૦૬૨ (પુરાતત્ત્વખાતું, ગુજરાત રાજ્યના સૌજન્યથી)



ચિત્ર ૧૦

સમતલજાતિનો વિતાન : વિદ્યાદેવીઓનો ચતુર્વ્યૂહ, દક્ષિણ ભમતી, વિમલવસહી (આશરે ઈ. સ. ૧૧૮૯.)



ચિત્ર ૧૧

પદ્મનાભ જાતિનો વિતાન



ચિત્ર ૧૨

હસ્તિશાલા અને પૂર્વદ્વારનું તોરણ

વિમલવસહી, વિમલયુગ.

૧૧૫૦માં તે કામ પૂરું થયું લાગે છે.[૩૮] આ તીર્થોદ્ધાર મન્દિરના કોઈ ખંડન–ભંજનના પ્રસંગ બાદ કરવામાં આવ્યો હોય એવાં કોઈ ઐતિહાસિક કે આન્તરિક પ્રમાણો ઉપલબ્ધ નથી.[૩૯] એનો હેતુ તો વિમલવસહીની ભીતરી કાળા પથ્થરની સાદી અનુઠાવદાર બાંધણીને જરૂરી લાગ્યું ત્યાં દૂર કરી, સંગેમરમરના પથ્થર વાપરી, તેના પર વિપુલ કારિગરી કરાવી, શોભાસમ્પન્ન બનાવી, વસહીના આયોજનને વ્યવસ્થિત કરવા પૂરતો જ હશે. પૃથ્વીપાલે વિમલભવનમાં શું શું કરાવ્યું તે વિશે જોઈએ તો એમનું સૌથી મહત્ત્વનું કાર્ય તો હતું રંગમંડપના નિર્માણનું. અણહિલપુરના બે પૃથક્ પૃથક્ જિનાલયોમાં અને ચન્દ્રાવતીના જિનમન્દિરમાં તેમણે રઙ્ગમણ્ડપો કરાવેલા જે હકીકત ઉપરથી એમ જણાય છે કે રંગમંડપો નિર્માવવા તરફ તેમની વિશેષ રુચિ હતી, જેને માટે વિમલવસહીમાં અવકાશ હોઈ તેઓ અનાયાસે તેમ કરવા પ્રેરાયા હશે.

આ રંગમંડપના અલંકરણમાં આવતાં રૂપકામને દા. શાહે બારમા શતકનું અને કુમારપાળયુગ (ઈ. સ. ૧૧૪૪–૧૧૭૪)નું યોગ્ય રીતે જ માન્યું છે. સ્થાપત્યની દૃષ્ટિએ—સ્તમ્ભના માન–પ્રમાણ, આકૃતિ, ભૂષા–વિન્યાસ, પટ્ટ પરનો કણ્ડાર અને મહાવિતાનના 'કોલ–ગજતાલુ'નો છન્દવિલાસ અને તેમનાં આકાર–પ્રકાર—નિશ્ચયતયા કુમારપાળના સમયનાં છે. માત્ર વિતાન વચ્ચોવચ્ચનું લમ્બન—પદ્મશિલા—કંઈક અંશે (આકાર પૂરતું) અગિયારમી સદીની પરંપરાને અનુસરતું લાગે છે[૪૦] (ચિત્ર ૮).

આ મંડપ વિમલના સમયનો નથી પણ બાદનો બનેલો છે તેવું એક પ્રમાણ મન્દિરના તાજેતરમાં થયેલા જીર્ણોદ્ધારના પ્રધાન સ્થપતિ, સોમપુરા શિલ્પી શ્રી અમૃતલાલ ત્રિવેદીએ શોધ્યું છે. રંગમંડપની છો બેસતી જતી હોવાનું જણાતાં તેનું સ્તર ઊંચું લાવવા સમારકામાર્થે છોની ઊંચકાવેલી આરસી લાદીઓ નીચેથી અગાઉના સમયના રંગમંડપના સ્તમ્ભોની કાળા પથ્થરની પડઘલીઓ પ્રકાશમાં આવેલી; નિઃશંક આથી વર્તમાન આરસી મણ્ડપ બાદનો બનેલો, અને વાઙ્મયિક તેમજ શિલ્પ-સ્થાપત્યનાં નિર્વિવાદ પ્રમાણોના આધારે મન્ત્રી પૃથ્વીપાલ–કર્તૃક ઠરે છે, એટલું જ નહીં પણ પૂર્વે વિમલમન્ત્રીના સમયમાં પણ મંડપ હતો અને તે મૂલપ્રાસાદ અને ગૂઢમંડપના કામની જેમ કાળા પથ્થરનો હતો તેવું પણ સિદ્ધ થાય છે.

---

૩૮ સં૦ ૧૨૦૬ ॥

> श्री शीलभद्रसूरीणां शिष्यैः श्रीचंद्रसूरिभिः ।
> विमलादिसुसंघेन युतैस्तीर्थमिदं स्तुतं ॥
> अयं तीर्थसमुद्धारोऽत्यद्‌भुतोऽकारि धीमता ।
> श्रीमदानंदपुत्रेण श्रीपृथ्वीपालमंत्रिणा ॥

**શ્રી અર્બુદ૦**, ભાગ બીજો, લેખાંક ૭૨.

૩૯ દા૦ ઉમાકાન્ત શાહે કે કોઈ અન્ય વિદ્વાને આ તીર્થોદ્ધાર પાછળ કોઈ મુસ્લિમ આક્રમણ હોવાનું લખ્યું હોવાનું આછું આછું સ્મરણ ઝબકે છે, પણ તે અંગેનો કોઈ સન્દર્ભ આ પળે હૈયે ચઢતો નથી.

૪૦ પદ્મશિલાનો ઘાટ અમુક અંશે કુમ્ભારિયાના મહાવીર જિનાલયના રંગમણ્ડપના વિતાનની પદ્મશિલા સાથે નાતો ધરાવે છે.

આ સ્થળે સવાલ એ ઉપસ્થિત થાય છે કે ચાહિલ્લે આરસી મુખમંડપ કરાવ્યો તે અગાઉ ત્યાં શું રચના હશે અને મોઢા આગળના રઙ્ગમણ્ડપ સાથે તેનું જોડાણ કેવી રીતે હશે. ચાહિલ્લે કરેલ ફેરફાર પહેલાંનો મુખમણ્ડપ પણ બાકીનાં કામ સાથે સુસંગત રહેવા કાળા પથ્થરનો જ હોવાનો સમ્ભવ છે. અગાઉ કહ્યું તેમ પૃથ્વીપાલના સ્થપતિઓએ રઙ્ગમણ્ડપને મુખમંડપ સાથે જોડવા ત્રણ ચોકીપદો વધારેલા. વિમલના સમયનો રંગમંડપ મુખમણ્ડપથી છૂટો હતો કે જોડાયેલો, અને ચાહિલ્લના સમયમાં મૂળ કાળા પથ્થરની છ ચોકી દૂર કર્યા બાદ નવા આરસી મુખમંડપને કાળા પથ્થરના રઙ્ગમણ્ડપ સાથે જોડી દીધેલો કે કેમ તે વિશે આજે કહેવું મુશ્કેલ છે. જે કંઈ પ્રમાણો હશે તે પૃથ્વીપાલનાં સમયમાં નષ્ટ થયાં છે, યા તો સંગોપન પામ્યાં છે.

નવચોકી બનાવવા ત્રણ પદો વધારવાની સાથે એ મુખમણ્ડપમાં ચઢવા માટેની ત્રણ સોપાનમાલાઓ પણ પૃથ્વીપાલના સમયમાં નવેસરથી બનાવી હોય તેમ લક્ષપૂર્વક જોતાં, ખાસ કરીને 'શુણ્ડિકાઓ'(હાથણીઓ)નાં પગથિયાં આજુબાજુ કોરેલ રૂપના અભ્યાસથી અનુમાન પર આવવા પ્રેરણા થાય છે.

મન્ત્રી પૃથ્વીપાલ આટલું જ કરાવી અટકી નથી ગયા. કેટલીક દેવકુલિકાઓ તેમણે કરાવી હોવાનું અને બીજી કેટલીક તેમની પરવાનગી અને પ્રેરણાથી સગાસમ્બન્ધીઓ દ્વારા તે જ સમયે નિર્મિત થઈ હોવાનું પ્રતિમાલેખોથી પુરવાર થઈ શકે છે. વિમલના સમયની એક પણ દેવકુલિકા વસહીમાં નથી. એનો જ અર્થ એમ થાય કે વિમલમન્ત્રીના સમયમાં હજી દેવકુલિકાઓ ઉમેરાઇ નહીં હોય, યા તો તે કાળા પથ્થરની હશે, જેથી જીર્ણોદ્ધારકોએ દૂર કરી તેને સ્થાને આરસની દેવકુલિકાઓ રચી હોય; કદાચ મન્દિર મૂળે બાવન જિનાલયને બદલે ચતુર્વિંશતિ જિનાલયના રૂપમાં હોયઃ પણ તો સવાલ એ ઊભો થાય છે કે દેવકુલિકાઓનું પૃથ્વીપાલના સમયમાં જીર્ણોદ્ધારસમયે નવનિર્માણ થાય તોપણ જૂની પ્રતિમાઓ તો તેમાં ફરીને પધરાવવી ઘટે, પધરાવેલી હોવી જોઈએ; કંઈ નહીં તો યે તેવો તર્ક તો કરી શકાય; જ્યારે વાસ્તવમાં દેવકુલિકાઓમાં કે ત્યાં અન્યત્ર એક પણ પ્રતિમાલેખ વિમલમન્ત્રીના સમયનો મળ્યો નથી. આથી તારવણી તો એમ નીકળે કે મન્ત્રીશ્વર વિમલના સમયમાં દેવકુલિકાઓ બંધાઈ નહોતી. તો પછી 'સોમધર્મ' વિમલવસહીની પ્રતિષ્ઠા અને ચાહિલ્લ ભ્રાતાએ મણ્ડપ કરાવ્યાની વાત સાથે "મોટા વ્યવહારીઓએ દેવકુલિકાદિક કરાવ્યું" તેવું નોંધે છે તેનું શું? વાત એમ છે કે સોમધર્મ છેક પંદરમા શતકમાં જે કંઈ લખે છે તેની પ્રમાણભૂતતા ખૂબ ચોક્કસાઈભરી તપાસણીમાં ટકી રહે તો જ સ્વીકારવી જોઈએ. વિમલવસહીમાં પૃથ્વીપાલ પૂર્વેના કેવળ પાંચ જ પ્રતિમાલેખો મળ્યા છેઃ એક તો આગળ સન્દર્ભ અપાઈ ગયો છે તે શાન્ત્યમાત્યનો સં. ૧૧૧૯–ઈ. સ. ૧૧૬૩નો; ત્યાર બાદ આવે છે સં. ૧૧૩૧–ઈ. સ. ૧૦૭૫, સં. ૧૧૪૩-ઈ. સ. ૧૦૮૭, ૧૧૮૬–ઈ. સ. ૧૧૩૦ અને સં. ૧૧૮૭-ઈ. સ. ૧૧૩૧ના ચાર લેખો.[૪૧] આ પાંચ પૈકીના પહેલા કહ્યા તે ત્રણ અગિયારમી સદીના ઉત્તરાર્ધના છે અને છેલ્લા બે બારમી સદીના દ્વિતીય ચરણના. વિશેષમાં કોઈ પણ એક જ મિતિના નથી, પણ એક બીજા વચ્ચે સારો એવો સમયનો ગાળો રહેલો છે. આથી વિમલમન્ત્રી અને મન્ત્રી પૃથ્વીપાલ વચ્ચેના ગાળામાં દેવકુલિકા-નિર્માણની ક્રિયા સિલસિલાબન્ધ ચાલી હતી, અને ચતુર્વિંશતિ જિના-

---

૪૧ જુઓ **શ્રી અર્બુદ૦**, લેખાંક ૭૪, ૮૦, ૬૮ અને ૧૧૪.

લયનું નિર્માણ વિમલના સમયે નહીં તો પછીનાં પચાસ-પોણોસો વર્ષમાં થઈ ચૂકેલું તેમ પણ કહી શકાય નહીં. ભમતીની દેહરીઓમાં દ્વારશાખાઓ અને તેમનાં ચોકીઆળાંનાં સ્તમ્ભ, પાટ અને વિતાનોનું નિરીક્ષણ કરતાં તેમાંનું કશું અગિયારમી સદીનું હોય તેમ જણાતું નથી. સમ્ભવ છે કે આ ચારે પ્રમાણમાં જૂની પ્રતિમાઓ વિમલવસહીમાં અન્યત્ર (ગૂઢમંડપ, મુખમંડપના ખત્તકો, ગર્ભાગાર ઇત્યાદિમાં) હશે અને પૃથ્વીપાલે જીર્ણોદ્ધારસમયે તેને માટે દેવકુલિકાઓ કરી તેમાં તે સૌ અનુક્રમે પધરાવવામાં આવી હોય. ખરેખર શું બન્યું હશે તે એકદમ નિશ્ચયપૂર્વક કહેવું કઠિન છે; કલ્પી શકાય તેવાં સૂચનોથી અતિરિક્ત, બીજું કંઈ આજે તો બની શકે તેમ નથી. આ પાંચમાંથી પહેલી બે પ્રતિમાઓ ચાહિલ્લના મુખમણ્ડપના સંભાવ્ય નિર્માણ લગોલગની મિતિ ધરાવે છે; અને બીજી ત્રણ ચાહિલ્લના કાળ બાદની છે. ચાહિલ્લ અને મન્ત્રી પૃથ્વીપાલ વચ્ચેના ગાળામાં વિમલવસહીમાં કોઈ સુધારા-વધારા થયાનું પ્રમાણ ઉપલબ્ધ નથી.

રંગમંડપ અને ફરતી કેટલીક દેવકુલિકાઓ તૈયાર થઈ ગયા બાદ પૃથ્વીપાલના સ્થપતિઓનું બીજું કામ તેમનું અરસપરસ સંયોજન કરવાનું હતું: તેમાં સૌ પ્રથમ તો પૂર્વે પ્રવેશ તરફના મુખાલિન્દ ભાગનું જોડાણ કર્યું હશે. અહીં સન્ધાન ચોકીઓમાં શિલ્પીઓએ બારમા શતકના સર્વોત્તમ કોટિનાં વિતાનોની જોડી ગોઠવી છે: (જુઓ અહીં ચિત્ર ૯).[૪૨] ત્યારબાદ ઉત્તર બાજુના પાર્શ્વાલિન્દને પણ ત્રણ ત્રણ સન્ધાન ચોકીઓ ઊભી કરી ભમતીનું રઙ્ગમણ્ડપ સાથે જોડાણ કરી દીધું છે. આમાં દક્ષિણ બાજુના સન્ધાનનાં વિતાનોમાંનાં બે મહત્ત્વપૂર્ણ છે. ત્યાં આગલી હરોળની વચલી ચોકીનો જે વિતાન છે તેમાં દેવી સરસ્વતીની પ્રતિમા કંડારી છે. શારદાની આજુબાજુ બે નામોલ્લિખિત સૂત્રધારો—લોયણ અને કેલા—ની અઞ્જલિબદ્ધ, આરાધના કરતી મૂર્તિઓ બતાવી છે. આ સૂત્રધારો મન્ત્રી પૃથ્વીપાલે રોકેલા પ્રધાન સ્થપતિઓ હોવાનો તર્ક દા. ઉમાકાન્ત શાહે કર્યો છે.[૪૩] આ અંગે જોઈએ તો પાંચમી દેવકુલિકાના અગાઉ સન્દર્ભ આપેલો હતો તે જિન કુન્થુનાથની પ્રતિમાના ઈ. સ. ૧૧૪૬ના તુલ્યકાલીન લેખમાં કારાપકોના ચાર સૂત્રધારોનાં નામમાં લોયણ અને કેલાનાં નામ મળી આવતાં હોઈ, પ્રસ્તુત સૂત્રધારોની મન્ત્રી પૃથ્વીપાલના તીર્થોદ્ધાર કાળમાં વિદ્યમાનતા સિદ્ધ થઈ જાય છે. સૂત્રધારોનો ધર્મ તો હશે શૈવ, પણ જિનમન્દિર બાંધવાનાં કામો તેમને મળી રહેતાં હશે; અને અહીં તેમને આજીવિકા મળવા ઉપરાન્ત કલા અને આવડત દેખાડવાનો પણ મોકો મળ્યો, તેથી જિનદેવને કારણ માની ભક્તિભાવથી પ્રેરાઈએ સરલમના સૂત્રધારોએ પોતાના આત્મશ્રેયાર્થે જિનપ્રતિમા ભરાવી; મન્ત્રી પૃથ્વીપાલ પણ તેઓને તે માટેની પરવાનગી તો જ આપે જો એમની સાથે કોઈક પ્રકારનો ઘનિષ્ઠ સમ્બન્ધ હોય; જે આ સંયોગોમાં તેમના પ્રીતિપાત્ર સ્થપતિઓ હોવાના દાવે સમ્ભવે છે. વળી સરસ્વતીની છતમાં તેઓએ પોતાની સૂત્રધારની હેસિયતથી કંડારાવેલ આરાધક મૂર્તિઓનું કૃત

---

૪૨ આના કલાવિવેચન માટે જુઓ J. M. Nanavati and M. A. Dhaky, "The ceilings in the Temples of Gujarat," *Bulletion, Museum and Picture Gallary, Baroda*, Vol. XVI–XVII., 1963, p. 75.

૪૩ જુઓ અહીં પાદટીપ ક્રમાંક ૫, તેમ જ *Holy Abu*, Plt. [23].

પણ સુસંગત તો જ ગણાય જો તેઓ આ વસહીમાં બાંધકામ સાથે સંકળાયેલા હોય. આ મુદ્દાઓ વિચારતાં દા. શાહે કરેલ કલ્પનાને પૂરતું સમર્થન સાંપડી રહે છે.[૪૪]

એમ જણાય છે કે મન્ત્રી પૃથ્વીપાલના સમયમાં તો અમુક જ દહેરીઓ બની છે. આજે બધી જ દહેરીઓના મૂળ પ્રતિષ્ઠાલેખો મોજૂદ નથી; પણ જેટલા છે એના આધારે એટલું કહી શકાય કે પ્રવેશની ડાબી બાજુથી શરૂ કરી ક્રમાંક ૯ સુધીની દેરીઓમાંની ઘણીખરીમાં સં. ૧૨૦૨–ઈ. સ. ૧૧૪૬માં પ્રતિષ્ઠા થઈ છે; એટલે તે સૌ એ કાળમાં બની હોવી જોઈએ. ક્રમાંક ૧૦ સં. ૧૨૦૧–ઈ. સ. ૧૧૪૫, દશરથ-હેમરથનો લેખ ધરાવે છે; જ્યારે ક્રમાંક ૧૧ ચાહિલ્લ સન્તાનીય નરસિંહનો સં. ૧૨૦૦–ઈ. સ. ૧૧૪૪નો લેખ ધરાવે છે. તે પછીની દેવકુલિકાઓ– ૧૩, ૧૪, ૧૫ અને ૧૬–અનુક્રમે સં. ૧૧૧૯, ૧૧૮૬, ૧૧૩૧ અને ૧૧૪૧ના મન્ત્રી પૃથ્વીપાલના સમય પહેલાંના લેખો ધરાવે છે; અને તે સૌ એ વર્ષમાં પૂર્ણ થઈ હોવી જોઈએ, જ્યારે છેલ્લી ૫૪મી દહેરી સં. ૧૨૨૨–ઈ. સ. ૧૧૬૬માં બનેલી જણાય છે. વચ્ચે આવતી દહેરીઓ પૃથ્વીપાલના પુત્ર ધનપાલના સમયની છે (વિગતો માટે જુઓ નીચે તાલિકા).

| દેવકુલિકા ક્રમાંક | જયન્તવિજયજી લેખાંક ક્રમ | લેખની સાલ | મૂલનાયક–કારાપક |
|---|---|---|---|
| ૧ | ૨૪ | સં. ૧૨૦૨ | પૃથક્-શ્રાવકો |
| ૨ | ૨૮ | સં. ૧૨૦૨ | ,, ,, |
| ૩ | ૨૯ | સં. ૧૨૪૫ | (બાજુની મૂર્તિ) પૃથક્-શ્રાવકો |
| ૫ | ૩૪ | સં. ૧૨૯૨ | (સૂત્રધારો) |
| ૭ | ૪૦ | સં. ૧૨૦૨ | પૃથક્ શ્રાવક |
| ૯ | ૪૫ | સં. ૧૨૦૨ | ,, |
| ૧૦ | ૫૧ | સં. ૧૨૦૧ | દશરથ-હેમરથ |
| ૧૧ | ૫૩ | સં. ૧૨૦૦ | વીરસન્તાનીય નરસિંહ |
| ,, | ૫૫ | સં. ૧૨૪૫ | (બાજુની મૂર્તિ) |
| ૧૩ | ૬૩ | સં. ૧૧૧૯ | શાન્ત્યમાત્યની પત્ની શિવાદેવી |
| ૧૪ | ૬૮ | સં. ૧૧૮૬ | |
| ૧૪ | ૭૨ | સં. ૧૨૦૬ | મન્ત્રી પૃથ્વીપાલના જીર્ણોદ્ધારનો લેખ |
| ૧૫ | ૭૪ | સં. ૧૧૩૧ | |
| ૧૬ | ૮૦ | સં. ૧૧૪૩ | બોહિત્થગણિ |
| ૨૩ | ૯૫ | સં. ૧૨૪૫ | મહામાત્ય ધનપાલ |
| ૨૪ | ૯૮ | સં. ૧૨૪૫ | ,, |

૪૪ ડાબી બાજુની આવી બીજી છતમાં ગજલક્ષ્મી કંડાર્યાં છે, પણ તેમાં સૂત્રધારોને બદલે ચામરધારિણીઓ કોરી છે. પદ્માસના, ચન્દ્રાનના, મંગલમયી ઈન્દિરાની આ પ્રતિમા મન્ત્રી પૃથ્વીપાલના સમયની, મન્દિરમાંની શ્રેષ્ઠ કૃતિ છે (*See Holy Abu*, Plt. [24]).

| દેવકુલિકા ક્રમાંક | જયન્તવિજયજી લેખાંક | લેખની સાલ | મૂલનાયક–કારાપક |
|---|---|---|---|
| ૨૫ | ૧૦૦ | સં. ૧૨૪૫ | મહામાત્ય ધનપાલ |
| ૨૬ | ૧૦૩ | સં. ૧૨૪૫ | ,, |
| ૨૭ | ૧૦૪ | સં. ૧૨૪૫ | ,, |
| ૨૮ | ૧૦૬ | સં. ૧૨૪૫ | ,, |
| ૨૯ | ૧૦૮ | સં. ૧૨૪૫ | જગદેવ |
| ૩૦ | ૧૦૯ | સં. ૧૨૪૫ | ધનપાલભાર્યા |
| ૩૨ | ૧૧૪ | સં. ૧૧૮૭ | પૃથક્ શ્રાવક |
| ,, | ૧૧૫ | સં. ૧૨૪૫ | પૃથક્ શ્રાવક (બાજુની મૂર્તિ) |
| ૩૩ | ૧૧૮ | સં. ૧૨૪૫ | પૃથક્ શ્રાવક |
| ૩૪ | ૧૨૧ | સં. ૧૨૪૫ | દેવકકુલિકા કરાવી |
| ૩૫ | ૧૨૪ | સં. ૧૨૪૫ | પૃથ્વીપાલનો પ્રતિહાર પુનચન્દ્ર |
| ૩૮ | ૧૩૨ | સં. ૧૨૪૫ | પૃથક્ શ્રાવક |
| ૪૪ | ૧૪૭ | સં. ૧૨૪૫ | પૃથક્ શ્રાવકો |
| ૪૫ | ૧૫૦ | સં. ૧૨૪૫ | મન્ત્રી યશોવીર |
| ૪૫ | ૧૫૧ | સં. ૧૨૪૫ | ,, (દ્વાર પર ખોદેલ) |
| ૪૭ | ૧૫૬ | સં, ૧૨૧૨ | પૃથક્ શ્રાવક |
| ૪૮ | ૧૫૯ | સં. ૧૨૧૨ | ,, |
| ૪૯ | ૧૬૦ | સં. ૧૨૧૨ | ,, |
| ,, | ૧૬૧ | સં. ૧૨૧૨ | (ચતુર્વિંશતિપટ્ટ પર) |
| ૫૦ | ૧૬૩ | સં. ૧૨૪૫ | — |
| ૫૧ | ૧૬૬ | સં. ૧૨૧૨ | — |
| ૫૪ | ૧૭૧ | સં. ૧૨૨૨ | પૃથક્ શ્રાવક |
| ,, | ૧૭૨ | સં. ૧૨૩૦ | પૃથક્ શ્રાવક (પ્રતિમાનાં તોરણ) |

આનો અર્થ એ થાય કે સં. ૧૨૦૦ / ઈ. સ. ૧૧૪૪થી લઈ સં. ૧૨૪૫/ઈ. સ. ૧૧૮૭ સુધીના ૪૫ વર્ષના ગાળામાં મન્ત્રી પૃથ્વીપાલ અને તેમના પરિવાર અને પિતરાઈઓથી લઈ મન્ત્રી યશોવીર અને અન્ય શ્રાવકો દ્વારા ઉમેરવામાં આવેલી. આમાં પશ્ચિમ તેમ જ ઉત્તર બાજુની દેવકુલિકાઓ સં. ૧૨૪૫ પહેલાં બની નહોતી; તેથી રંગમણ્ડપના ઓતરાદા પાર્શ્વાલિન્દનું ભમતી સાથેનું સન્ધાન અને છાવણુ ઈ. સ. ૧૧૮૭ પછી જ બન્યાં હશે. ત્યાંનાં વિતાનોની

શૈલી પણ પૂર્વ અને ઉત્તર બાજુનાં વિતાનોની શૈલીથી અર્ધી સદી મોડો કાળ બતાવે છે. (ધનપાલના સમયનાં ઉત્તર તરફની ભમતીનાં બે વિતાનો અહીં ચિત્ર ૧૦ અને ૧૧માં રજૂ કર્યાં છે.)

વિમલવસહીના પ્રવેશદ્વારમાંથી બહાર નીકળી ઉપર જોઈએ તો આરસની ચાર નાયિકાઓથી શોભિત કાળા પથ્થરની એક નાભિચ્છન્દ પ્રકારની છત જોવામાં આવે છે. આનું કામ વિમલના સમયનું જણાય છે.[૪૫] પૃથ્વીપાલના સમયની દેવકુલિકાઓની દીવાલો એને ટેકવે છે એ વાત કાલાતિક્રમ કરતી લાગે; પણ એમ જણાય છે કે જૂની છતને અહીં ફરીને ઉપયોગમાં લીધી હોય.

વિમલવસહીની સામે પૂર્વમાં એની હસ્તિશાલા આવેલી છે (ચિત્ર ૧૨), તેના વિશે હવે વિચારીએ. સાદા સ્તમ્ભો વચ્ચે કાળા પથ્થરની ખંડયુક્ત જાળીવાળી દીવાલો ધરાવતી આ લમ્બચતુરસ્ર તલની નીચા ઘાટની હસ્તિશાલાને ચાર દ્વારો કરેલાં છે. પાયો નિર્બળ, છીછરો હોવાને કારણે એની દીવાલો કયાંક કયાંક ઝૂકી ગઈ છે. પૂર્વ દ્વારે બે મોટા દ્વારપાળો મૂકેલા છે અને અડીને જ બે કાળા પથ્થરના સ્તંભોવાળું તોરણ ઊભું કરેલું છે. તેમાં અર્ધચન્દ્રાકાર ઇલ્લિકા ઘાટની વંદનમાલિકા હજુ સાબૂત છે. ઉપર ભારપટ્ટ પરના શ્યામ પાષાણના ઇલ્લિકા-વલણમાં બેસાડેલી આરસની મૂર્તિઓમાંથી ઘણીખરી નષ્ટ થઈ ચૂકી છે. હસ્તિશાલાની અંદર સામે જ વિમલમન્ત્રીની લેખ વિનાની અશ્વારૂઢ છત્રધારી મૂર્તિ છે. એ પ્રતિમા વિમલના સમયની લાગતી નથી. આ ઉપરાન્ત અહીં આરસના દશ હાથીઓ ગોઠવેલા છે. એમાંના સાત તો મન્ત્રી પૃથ્વીપાલે સં. ૧૨૦૪/ઈ. સ. ૧૧૪૮માં પોતાના અને છ પૂર્વજો (નીના, લહર, વીર, નેઢ, ધવલ અને આણંદ) માટે કરાવેલા છે. બે હાથીઓ એમના પુત્ર ધનપાલે સં. ૧૨૩૭/ઈ. સ. ૧૧૮૧માં ઉમેરેલા છે. છેલ્લા હાથીનો લેખ નષ્ટ થઈ ચૂક્યો છે. ગજારૂઢ પુરુષ મૂર્તિઓમાંની ઘણીખરીનો નાશ થયો છે. હસ્તિશાલાની વચ્ચે મન્ત્રી ધાધુકે સં. ૧૨૨૨/ઈ. સ. ૧૧૬૬માં કરાવેલ આરસનું આદિનાથનું સમવસરણ ગોઠવેલું છે.

આ હસ્તિશાલાના રચનાકાળનો પણ એક જબરો કોયડો ઉપસ્થિત થયો છે. આચાર્ય હરિભદ્રસૂરિની અગાઉ નિર્દેશિત બે કૃતિઓ ઉપરાન્ત 'ચંદપ્પહચરિયમ્' (ચન્દ્રપ્રભચરિત્ર)ની પ્રાકૃતભાષાની પ્રશસ્તિમાં પૃથ્વીપાલે કરાવેલ પૂર્વજ પુરુષો સહિત સાત ગજારૂઢ મૂર્તિઓના ઉલ્લેખ તરફ દા. ઉમાકાન્ત શાહે ધ્યાન દોર્યું છે; પણ પ્રસ્તુત પ્રશસ્તિમાં તેના સ્થાન-નિર્દેશ હોવા છતાં હસ્તિશાલા કરાવી હોવાનું તદ્દન સ્પષ્ટ કહ્યું નથી. એટલે આ ઇમારત પૃથ્વીપાલે કરાવી નથી જ; પણ સમવસરણના ઈ. સ. ૧૧૬૬ જેટલા જૂના લેખમાં તો એને હસ્તિશાલા કહી જ છે.[૪૬] એટલે પૃથ્વીપાલે એના સમયના સાત હાથીઓ અત્યારે છે ત્યાં જ મુકાવ્યા

---

૪૫ તેમાં મુકાયેલી નાયિકાઓનાં આરસી રૂપો અલબત્ત પછીના કાળનાં જણાય છે.

૪૬ सं. १२१२ ज्येष्ठ वदि ८ भोमे श्री कोरंटगच्छे श्री नन्नाचार्यसंताने श्री ओशवंशे मंत्रि धाधुकेन श्री विमलमंत्रिहस्तिशालायां श्री आदिनाथसमवसरणं कारयांचक्रे श्रीनन्नसूरिपट्टे श्रीकक्क-सूरिभिः प्रतिष्ठितं । वेलापल्ली वास्तव्येन ।

શ્રી અર્બુદ., લેખાંક ૨૨૯.

હોવાનો સમ્ભવ છે અને એ સમયથી આ રચના હસ્તિશાલા તરીકે પ્રસિદ્ધિમાં આવી હશે. વિમલ મન્ત્રીના સમયમાં તેનો ઉપયોગ કદાચ વિશ્રાન્તિ યા આસ્થાન-મણ્ડપ તરીકે થતો હોય.

હસ્તિશાલાની જાળીના ખંડોની ભીંતોમાં બારીકાઈ ન હોવા છતાં કોઈ કોઈ દાખલાઓમાં ભૂમિતિના સાદા પણ સમર્થ નિયોજનને કારણે આકર્ષક્તા જરૂર દેખાઈ આવે છે. રૂપકામની વાત કરીએ તો અહીંના તોરણના સ્તંભોની મૂર્તિઓ ટોચાઈ જવાને કારણે હવે કલોપયોગી રહી નથી. સદ્‌ભાગ્યે એ સ્તંભની ઉપરની તુંડિકા પર પાછલી બાજુએ હોવાને કારણે ભંજકોથી બચી ગયેલી એક ચમરનાયિકાની પ્રતિમાને અહીં ચિત્ર **૧૩**માં રજૂ કરીશું. મૃણાલવલ્લીને સન્નિવેશિત કરી, એના આશ્રયે દ્વિભંગમાં સહસા સંસ્થિર બની, દક્ષિણ કમલકરાંગુલીઓ વતી ચામરને કલામય રીતે ગ્રહણ કરતી, જંઘા પર મૃદુતાથી સ્પર્શતી કટિસૂત્રની મુક્તાદામો અને રત્નખચિત કેયૂર, હાર અને શ્રોણુમાલાથી શોભતી, શાંત રૂપમાધુરી રેલાવતા માર્દવભર્યા વિશાલ મુખને એકબાજુ વક્રભંગ કરી ઊભેલી આ ચામરધારિણી મંત્રીશ્વર વિમલના સમયનું અવશિષ્ટ રહેલું એક ઉત્તમ કલારત્ન છે.[૪૭]

હસ્તિશાલા મન્ત્રીશ્વર વિમલના સમયની હોવાનું અનુમોદન આપણને અન્ય ત્રણ પ્રમાણોથી પણ મળે છે. જેમકે (૧) જાળીઓનું પ્રાચ્યપણું; (૨) દ્વારપાળોમાં દેખાતો ૧૧મી શતાબ્દીનો અંગભંગ અને (૩) રચના કાળા પથ્થરની હોઈ, કાળા ગર્ભગૃહ અને ગૂઢમણ્ડપની તે સમકાલીન હોવી ઘટે.

અને હવે આખરી પ્રશ્ન રહે છે **પ્ર**વેશમણ્ડપના કાળનો. આનો ઉત્તર મુનિશ્રી જયન્ત-વિજયજીએ ચોક્કસ **પ્ર**માણ સાથે નિર્ણયી દીધો હોઈ તેમના શબ્દોમાં જ તે રજૂ કરી લેખની સમાપ્તિ કરીશું : " વિમલવસહી મંદિરના મુખ્ય દરવાજાની અને હસ્તિશાળાની વચ્ચે એક મોટો સભામંડપ છે. તે કોણે અને ક્યારે કરાવ્યો તે સંબંધી કાંઈ જાણી શકાયું નથી. હસ્તિશાળાની સાથે તો નહીં જ બન્યો હોય એમ લાગે છે; કારણ કે 'હીરસૌભાગ્ય મહાકાવ્ય' ઉપરથી જણાય છે, કે—વિ.સં. ૧૬૩૯માં જગત્પૂજ્ય શ્રીમાન્ હીરવિજયસૂરીશ્વરજી અહીં યાત્રા કરવા પધાર્યા, ત્યારે વિમલવસહીના મુખ્ય દરવાજામાં પ્રવેશ કરતાં કઠોડાવાળી સીડી—દાદરો હતો. હસ્તિશાળા અને વિમલવસહીની વચ્ચેના સભામંડપનું તેમાં જરાપણ વર્ણન નથી. મંદિરના બીજા ભાગોના વર્ણન સાથે મુખ્ય દરવાજામાં **પ્ર**વેશ કરતાં કઠોડાવાળા દાદરાનું વર્ણન આવે છે, તેથી જણાય છે કે—આ મંડપ વિ.સં. ૧૬૩૯ની પછી અને વિ.સં. ૧૮૨૧ની પહેલાં વચ્ચેના સમયમાં બનેલો છે".[૪૮] શૈલીની દૃષ્ટિએ સભામણ્ડપનો વિતાન સત્તરમી સદી દર્શાવતો હોઈ સભામણ્ડપ પણ સત્તરમીનો જ માનવો જોઈએ. આ મંડપની રચના વર્ષાઋતુ વખતે પડતી અગવડ દૂર કરવા માટે થઈ હશે તેમ લાગે છે. મંડપ સાદો અને લાલિત્યવિહોણો હોઈ તે અંગે કશું કહેવાપણું રહેતું નથી.

---

૪૭ આ પ્રતિમા કેટલાંક વર્ષો પહેલાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં મેં જોયેલી, તેની તસ્વીર શ્રી અમૃતલાલ ત્રિવેદી (સોમપુરા) તરફથી પ્રાપ્ત થયેલી, જે અહીં તેમના સૌજન્યથી પ્રગટ કરું છું.

૪૮ શ્રી જયન્તવિજયજી, **આબૂ**, ભાગ પહેલો, પૃ. ૮૮-૮૯.


વીરમન્ત્રી
મહામાત્ય નેઢ
દણ્ડનાયક-વિમલ (ઈ. સ. ૧૦૩૨)
ચાહિલ્લ
ધવલ
લાલિગ
રાણુક
પદ્માવતી = આણુંદ = સલૂણા
મહિંદુક
નાના
મન્ત્રી પૃથ્વીપાલ = નામલદેવી
હેમરથ
દશરથ
નરસિંહ
જગદેવ
ધનપાલ
અભયસીહ
જેતલદે = જગસીહ
લખમસીહ
કુરસીહ
ભાણ (ઈ. સ. ૧૩૩૮)

# લોલિમ્બરાજ અને 'વૈદ્યજીવન'

બાપાલાલ ગ. વૈદ્ય

વૈદ્યકમાં '**વૈદ્યજીવન**' નામનો ગ્રન્થ ઘણો જ લોકપ્રિય છે. પોતાની પત્નીને કવિ વૈદ્યકના ટુચકા બતાવે છે. બે લીટીમાં પોતાની પ્રિયાને એ સંબોધે છે અને બીજી બે લીટીમાં વૈદ્યકનો ટુચકો કહે છે. આખો ગ્રન્થ આ શૈલીએ લગભગ લખાયલો હોઈ વૈદ્યોમાં એ ખૂબ જ લોકપ્રિય બન્યો છે. પ્રિયતમાના કહેવાથી જ આ ગ્રન્થ લખ્યો છે એમ લેખક અંતમાં કહે છે† કે કવિ જગન્નાથ પેઠે એ એક મુસલમાન અમીરની સ્વરૂપવાન પુત્રી સાથે પરણેલો છે. रत्नकला નામ કવિએ જ આપેલું લાગે છે કારણ મુસલમાનોનું એ નામ ન હોય. કવિને બીજી પણ પત્ની હશે એમ '**मुरासापतेः**' ઉપરથી લાગે છે. પછી આ મુરાસા જ રત્નકલા હોય તો નવાઈ નહીં. મુરાસા મુસ્લીમ નામ લાગે છે. *

કવિ મંગલાચરણમાં શ્રીકૃષ્ણને અને પોતાની કુલદેવી સપ્તદશશ્રૃંગ[1] ઉપર રહેનારી અષ્ટાદશભુજાવાળી ભવાનીને નમસ્કાર કરે છે. આ ભવાનીની કૃપાથી જ લેખક કહે છે કે "ઘડીનાં છઠ્ઠા ભાગમાં હું સ્ત્રીઓના અધરોષ્ઠની સુધાની ઈર્ષ્યા કરવામાં સમર્થ એવા સો શ્લોકો કરી શકું છું"[2] (શ્લોક-૨) કેટલાક લેખકના પિતાનું નામ 'દિવાકર' કહે છે.

> दिवाकर प्रसादेन रोगारोग्यसमीहया
> समासेन वयं कुर्मः काव्यं सद्वैद्यजीवनम् । श्लो. ३

અહીં દિવાકરનો અર્થ સૂર્ય પણ થાય છે. લેખક સૂર્યની કૃપાથી આ "**सद्वैद्यजीवन**" નામનો ગ્રંથ રચે છે. લેખકના પિતાનું નામ પણ દિવાકર હોવાનો સંભવ છે. અહીં '**सद्वैद्यजीवनम्**' એવું નામ ગ્રન્થનું સમજવું કે એકલું 'વૈદ્યજીવન'? દક્ષિણ ભારતના મૅન્યુસ્ક્રીપ્ટોમાં ગ્રન્થનું નામ सद्वैद्यजीवनम्' આપેલું છે, એમ મદ્રાસ યુનિવર્સિટીના 'કેટેલોગસ્ કેટેલોગોરમ્'માં ડૉ. વી. રાઘવન્ કહે છે.

આ ગ્રન્થકાર પોતાના આ ગ્રન્થના અન-અધિકારીઓ પણ ગણાવે છે :—

> येषां न चेतो ललनासु लग्नं, मग्नं न साहित्य सुधासमुद्रे ।
> तास्यन्ति ते किं मम हा प्रयासान्, अन्धो यथा वारवधूविलासान् ॥

---

†"कान्तोक्त्याऽकृत वैद्यजीवनमिदं लोलिंबराजः कविः ।"

* "मम प्रकृतिनीरसा नृपभिषग्भिरंगीकृता, भविष्यति सरस्वती रसवती **मुरासापतेः** ॥ ११."

૧ **સુખાનન્દકૃત 'લોલિંબદીપિકા'** નામની સંસ્કૃત ટીકામાં સપ્તશ્રૃંગનો અર્થ હિમાલય, યદ્વા દક્ષિણદેશ પ્રસિદ્ધ ગિરિવિશેષ એવો આપ્યો છે. પરન્તુ કવિ મહરાષ્ટ્રના વતની હોઈ સપ્તશ્રૃંગ એ નાસિકની ઉત્તરે આવેલ કોઈ ગિરિમાલાનું શૃંગ એવો જ અર્થ કરવો ઉચિત છે (પી. કે. ગોડે).

૨ पद्यानां शतमङ्गनाधरसुधास्पर्धामिधानोद्धुरम् ।

જે પુરુષોનું ચિત્ત લલનાઓમાં લાગેલું નથી, જેમનું ચિત્ત સાહિત્યના સુધાસાગરમાં લીન થયું નથી તેવા, આંધળો પુરુષ જેમ વેશ્યાઓના હાવભાવોને સમજી શકતો નથી તેમ, આ મારા ગ્રન્થ-લેખન-પ્રયાસને શું સમજવાના છે ?

અરસિકો માટે આ ગ્રન્થ નથી એ લેખકની ઉક્તિ સાચી જ છે.

લેખક ગ્રન્થના અંતે પોતાનો થોડો પરિચય આ પ્રમાણે આપે છે :—

आयुर्वेदवचोविचारसमये धन्वन्तरिः केवलं,
सीमा गानविदां, दिवाकरसुधाम्भोधित्रिवामापतिः ।
उत्तंसः कवितावतां मतिमतां, भूभृत्सभाभूषणं,
कान्तोक्त्याऽकृत वैद्यजीवनमिदं लोलिंबराजः कविः ॥

આયુર્વેદ વાકયોના વિચાર વખતે કેવલ ધન્વન્તરિ સમાન, ગાનવિદ્યા જાણવાવાળાઓમાં સીમારૂપ, લોલિંબરાજના પિતા દિવાકર તે સુધા સમુદ્ર : એમને માટે ચંદ્રરૂપ, અત્યંત બુદ્ધિવાળા કવિઓમાં મુકુટરૂપ, રાજાની સભાના ભૂષણરૂપ—આવા જે લોલિંબરાજ કવિ છે તેમને પોતાની સ્ત્રીના કહેવાથી આ વૈદ્યજીવન નામનો ગ્રન્થ કર્યો છે.

'सर्वाङ्गसुन्दरी नारी कान्ता काव्येषु कथ्यते ।' રત્નકલાનું સર્વાંગસુંદર સ્વરૂપ कान्ता શબ્દથી કવિએ જણાવ્યું છે.

ધન્વન્તરિ એ નારાયણના અંશ, સમુદ્રમંથન વખતે ક્ષીરસાગરમાંથી આયુર્વેદને લઈને જે પૃથ્વી ઉપર અવતાર પામ્યા તે—આ દિવ્ય આયુર્વેદના આદિદેવ—કવિ પોતાને ધન્વન્તરિ તુલ્ય ગણાવી પોતાનો આયુર્વેદનો ઊંડો અભ્યાસ બતાવે છે—લોલિંબરાજ ઉત્તમ વૈદ્ય હતા એમ બતાવે છે. ગાનવિદ્યામાં એ બહુ કુશળ હતા. એમનો ગાન ઉપર—સંગીતશાસ્ત્ર ઉપર કોઈ ગ્રન્થ વિદ્યમાન નથી એટલે એમની આ ગર્વોક્તિ વિષે કંઈ કહી શકાય એમ નથી. પરંતુ એ અચ્છા ગાયક હતા એ સૂચવે છે.

સુધાપતિ જેવા પોતાના પિતાને ચંદ્ર જેવા કહે છે. પોતાના પિતા તરફની ભક્તિ સાથે પોતાની ખ્યાતિ દર્શાવી જાય છે.

તેમને ભલભલા કવિઓના મુકુટરૂપ કહે છે. એમનાં બીજાં કાવ્યો ઉપરથી એમની લલિતકોમલ કાવ્ય પંક્તિઓ જોવાથી આ વાત સ્પષ્ટ થાય છે.

એ રાજસભાના ભૂષણરૂપ હતા. અર્થાત્ રાજાના દરબારમાં એમનું ઉત્તમ વૈદ્ય તરીકે, ઉત્તમ ગાયક તરીકે, ઉત્તમ કવિ તરીકે સન્માન હશે જ.

પોતાને લોલિંબરાજ 'કવિ' કહેવડાવે છે. ગ્રન્થનું નામ **વૈદ્યજીવન** છે. કવિના આ સુપરિચિત ગ્રન્થ ઉપર અનેક ટીકાઓ હશે જ. અમારી પાસે શ્રી હરિહરાનન્દશિષ્ય બ્રહ્માવધૂત શ્રી સુખાનન્દનાથ વિરચિત વૈદ્યજીવનદીપિકા નામની ટીકા (શરૂઆતમાં 'लोलिम्बदीपिका' નામ આપે છે) અને તે સાથે રવિદત્તસૂરિની હિંદીભાષા ટીકા છે. સંવત ૧૯૨૦માં સુખાનંદે આ ટીકા રચીને શ્રીનાથચરણામ્બુજમાં સમર્પી છે એમ તે જણાવે છે.

હવે આપણે આ કવિની બીજી કૃતિઓ સંબંધી જોઈશું. કીથ[૧] કહે છે કે લોલિંબરાજની વૈદ્યજીવન નામનો વૈદ્યક ગ્રન્થ ૧૭મી સદીનો છે.

"મધ્યયુગીન ચરિત્રકોષ" (મરાઠી)ના સંપાદક ચિત્રાવશાસ્ત્રી (પુણા—ઈ.સ. ૧૯૩૭, પૃ. ૭૨૧) કહે છે કે પુણા જિલ્લામાં આવેલા જુન્નરના દિનકર ભટ્ટ જોષીના લોલિંબરાજ પુત્ર હતા. તે રત્નકલા નામની મુસલમાન કન્યાને પરણ્યા હતા. એણે વૈદ્યક ઉપર 'વૈદ્યજીવન' નામનો ગ્રન્થ અને ભાગવત ઉપર **હરિવિલાસ** નામની ટીકા—બે લખ્યાં છે. એમણે આ ઉપરાંત બીજાં કેટલાંક ગીતો લખેલાં છે. એમનું ખરું નામ ત્ર્યંબકરાજ હતું અને પોતાને એ "કવિ પાદશાહ" કહેવડાવે છે.

શ્રી. કૃષ્ણમાચાર્ય[૨] લખે છે કે લોલિંબરાજ હરિહરના દરબારમાં હતા. આ હરિહર કોણ હતા, ક્યારે થઈ ગયા—એ વિષે આ વિદ્વાન કંઈ કહેતા નથી. 'ઑફ્રેક્ટ કેટલોગ'માં લોલિંબરાજ વિશે નીચેની માહિતી આપેલી છે :—

| | | |
|---|---|---|
| C C I.546 | लोलिम्बराज, દિવાકરના પુત્ર, હરિહરના ક્લાયન્ટ, સૂર્યાના પુત્ર. | |
| C C I.183 | चमत्कार चिन्तामणि (વૈદ્યક) | वैद्यविलास see हरिविलास |
| C C I.489 | रत्नकलाचरित्र (વૈદ્યક) | वैद्यावतंस |
| C C I.671 | वैद्यजीवन. | हरिविलास काव्य |

**ટીકાઓ :—**

૧ ज्ञानदेव અથવા दामोदर રચિત K. 220

૨ प्रयागदत्तની विज्ञानन्दकरी Oudh XI. 34.

૩ भवानीसहाय રચિત. N. W. 582.

૪ रुद्रभट्ट રચિત

૫ हरिनाथ રચિત

हरिविलास[૩] ઉપર એ. બી. કીથ કહે છે કે "લોલિંબરાજે પોતાનું हरिविलास કાવ્ય, ૧૦૫૦ આસપાસ લખ્યું છે. એના ત્રીજા સર્ગમાં ઋતુઓનું વર્ણન છે જ્યારે ચોથો સર્ગ कृष्ण ઉપર છે."[૪]

---

૧ Sanskrit Literature, Oxford, 1928, p. 511.

૨ "Classical Sanskrit Literature," 1937, p. 216.

૩ Sanskrit Literature, p. 137, Footnote.

૪ ઑફ્રેક્ટ કહે છે કે જો **હરિવિલાસ** ૧૦૫૦માં અને **વૈદ્યજીવન** ૧૭મી સદીમાં લખાયેલાં હોય તો લોલિંબરાજ બે છે એમ માનવું જોઈએ. ઑફ્રેક્ટ પોતે બે લોલિંબરાજ માને છે.

ઑફ્રેક્ટ કહે છે हरिविलास काव्यનો ઉલ્લેખ શ્રી પુરુષોત્તમ દેવે એમના 'वर्णदेशना' નામના ગ્રંથમાં કરેલો છે. પુરુષોત્તમ દેવ સંબંધી વડોદરાથી પ્રસિદ્ધ થયેલ कल्पद्रुकोषની પ્રસ્તાવના તેમ જ अमरकोष-टीकामां ઉલ્લેખ છે. સમય ૧૨મી સદીની શરૂઆત મનાય છે.

## રત્નકલા ચરિત્ર.

ઑફ્રેટે આનાં બે મૅન્યુસ્ક્રીપ્ટો નોંધ્યાં છે. ઇન્ડિયા ઑફિસ લાયબ્રેરીવાળી પ્રતમાં લોલિંબરાજે મોટે ભાગે પ્રાકૃતભાષામાં ૮૪ શ્લોકોનું આ નાટચ–કાવ્ય લખ્યું છે અને તેની ઉપર સંવત ૧૭૦૮ = ઈ.સ. ૧૬૫૧ = સમય લખ્યો છે. આ નાટક જેવા કાવ્યમાં લોલિંબરાજ, રત્નકલા, એકસખી, બુદ્ધિ, દૌલત અને આત્મારામ—આટલાં પાત્રો છે. બુહ્લર 'રત્નકલા ચરિત્ર'ની પ્રત નોંધે છે ખરા પરંતુ તે વૈદ્યક ઉપર છે એમ નોંધે છે.

રત્નકલા ચરિત્ર મુખ્યત્વે પ્રાકૃતમાં છે, થોડું સંસ્કૃત પણ છે. "મહારાષ્ટ્ર સારસ્વત" નામના મરાઠી સાહિત્યના ઇતિહાસમાં એના કર્તા વી. એલ. ભાવે ૧૬મી સદીના કેટલાક કવિઓ વિષે લખતાં લોલિંબરાજ માટે નીચે મુજબ લખે છે :—

લોલિંબરાજની ભાગવત દશમસ્કંધ ઉપરની ટીકા છે. તે જુન્નરનો વતની હતો. એની અટક **જોષી** હતી અને એના વંશવારસો હજીય જુન્નર કસ્બામાં રહે છે. એણે વૈદ્યક ઉપર 'વૈદ્યજીવન' નામનું સંસ્કૃત પુસ્તક લખ્યું છે. એણે ઘણાં ગીતો રચ્યાં છે જે મરાઠી સાહિત્યમાં તેમ જ કેટલીક પ્રતોમાં મળી આવે છે. उद्धवचिद्घन, रङ्गनाथ અને शिवराम જેવા સંતોની યાદીમાં એનું નામ જોવામાં આવે છે એટલે તે એક સુપ્રસિદ્ધ સાધુ હતા. દેવદાસ પણ લોલિંબરાજનો ઉલ્લેખ કરે છે. લોલિંબરાજ દિવાકર ભટ્ટના પુત્ર હતા. એની જુવાનીમાં એ બહુ મોજીલો જીવ હતો અને મોજશોખમાં મશગૂલ રહેતો. लोलिंबराज आख्यान નામના એક પુસ્તકમાં જણાવેલું છે કે તે એક મુસલમાન સ્ત્રી સાથે પરણ્યા હતા અને એનું નામ रत्नकला પાડચું હતું. રત્નકલા સાથે લોલિંબરાજને ખૂબ જ આસક્તિ હતી. રત્નકલાના મરણ બાદ લોલિંબરાજનું આખુંય જીવન પલટાઈ ગયું અને તે सप्तशृंगभवानिनो ભક્ત બન્યો અને થોડા વખતના તપસ્વી જીવનમાં તેની કીર્તિ એક સારા સાધુમાં થવા લાગી. એનું વૈદ્યજીવન પુસ્તક શાક સંવત ૧૫૫૫ (ઈ.સ. ૧૬૩૩)માં રચ્યું છે."

આપણે તો સંસ્કૃત 'વૈદ્યજીવન' વિષે જ જાણીએ છીએ. પરંતુ શ્રી ભાવે 'વૈદ્યજીવન' નામની બીજી મરાઠી પ્રત વિષે કહે છે. આ મરાઠી કાવ્ય પણ એની પત્નીને સંબોધેલું છે. આ કાવ્યના અંતે "इति श्री लोलिंबराज ग्रन्थ वैद्यजीवन संपूर्ण" આમ લખેલું છે.

'હરિવિલાસ' કાવ્ય ઉપર રઘુનાથ નામના માણસે ટીકા લખી છે. આ ટીકાકાર એક त्र्यम्बकराजને લોલિંબરાજના ગુરુ તરીકે બતાવે છે, જ્યારે શ્રી ભાવે કહે છે કે મરાઠી વૈદ્યજીવનમાં त्र्यम्बकराजના ઘણા ઉલ્લેખો જોવામાં આવે છે. આ ઉપરથી એમ માનવું રહ્યું કે લોલિંબરાજનું જ નામ त्र्यम्बक હશે ?

---

શ્રી ભાવે કહે છે કે મરાઠી સાહિત્યમાં બે **દેવદાસો** છે. આ બેમાંથી એક **દેવદાસ** પ્રસિદ્ધ રામદાસના શિષ્ય હતા જ્યારે બીજા चैतन्यशिष्य હતા.

### चमत्कार चिन्तामणी

બીકાનેર મૅન્યુસ્ક્રીપ્ટોમાં રાજેન્દ્રલાલ મિત્ર કહે છે તેમ આ ગ્રન્થનો ઉલ્લેખ છે. તે આ ગ્રન્થને વૈદ્યકગ્રન્થ તરીકે વર્ણવે છે. દિવાકર પંડિતના પુત્ર લોલિંબરાજે એ ગ્રન્થ લખ્યો છે એમ એ કહે છે. આ ગ્રન્થના અંતમાં લોલિંબરાજનો પરિચય નીચે મુજબ (ચમત્કાર ચિંતામણીએ) આપેલો છે.—

"इति श्रीमद्दिवाकरपण्डितसूनु लाल लोलिंबराज–विरचिते चमत्कार-चिन्तामणौ नरप्रदिको नाम समाप्तः ॥ "

આ બીકાનેરી પ્રતમાં ઉપર મુજબ 'लाल लोलिम्बराज' લખ્યું છે અને रत्नकलाचरित्र (I-o-MS)માં પણ "क्षणभरि तुम्हि आणा'' लाल लोलिम्बराजः" એવી પંક્તિ છે. બર્નેલ પણ આ चमत्कारचिन्तामणीનો ઉલ્લેખ તો કરે છે જ પરંતુ એના કર્તા વિષે કંઈ જ લખતા નથી કારણ એ પ્રત ઘણી અધૂરી–અપૂર્ણ છે.*

### वैद्यावतंस

બર્નેલ† આ ગ્રન્થ સંબંધી ઉલ્લેખ કરે છે અને તે લોલિંબરાજનું છે એમ કહે છે. કવિના ચરિત્ર ઉપર કે એના વંશ ઉપર એ કંઈ પણ કહેતા નથી. બર્નેલ જે પોથીનો ઉલ્લેખ કરે છે તે ભાંડારકર ઓરિએન્ટલ રીસર્ચ ઇન્સ્ટિટ્યુટ(B.O.R)ની પોથીઓમાં પણ છે જ. એની સાલ શાક સંવત ૧૭૨૪=ઈ. સ. ૧૮૦૨ છે. આ પોથી-ગ્રન્થમાં બધા મળીને ૧૫૫ શ્લોકો છે જેમાંથી ૭ તો એકલા तमाखू નામના છોડ ઉપર જ છે[1] આ શ્લોકના નંબરો ૫૬ થી ૬૨ છે અને બીજા ગ્રન્થ ઉપરથી તે લીધું છે એમ કહે છે.[1]

ઉપર જોઈ ગયા તેમ ઑફ્રેટ બે લાલિંબરાજ માને છે. ૧. 'હરિવિલાસ કાવ્ય'ના કર્તા, અને (૨) વૈદ્યજીવનના કવિ, શ્રી પી. કે. ગોડેએ 'હરિવિલાસ કાવ્ય'ના કર્તાને લોલિંબરાજ પહેલા–I અને 'વૈદ્યજીવન'નાં કર્તાને લોલિંબરાજ બીજા–II કહે છે.

મદ્રાસના એક મૅન્યુસ્ક્રીપ્ટમાં (Trien. Cata. No. 2221, 2371, 2844(a))માં वैद्यजीवनનું નામ सद्वैद्यजीवन આપેલું છે.

---

*અષ્ટાંગહૃદય ઉપર આયુર્વેદ રસાયન ટીકા લખનાર હેમાદ્રીએ "**चतुर्वर्ग चिन्तामणी**" નામનો એક મહાગ્રન્થ લખ્યો છે તેનું અહીં સ્મરણ થાય છે. પરન્તું લોલિંબરાજના ગ્રન્થનું નામ છે 'चमत्कार चिन्तामणी' છે જ્યારે હેમાદ્રીના આ મહાગ્રન્થ (હેમાદ્રીનો magnum opus)નું નામ છે 'चतुर्वर्ग चिन्तामणी'; હેમાદ્રીનો સમય ૧૨મી સદી છે જ્યારે લોલિંબરાજની ૧૬મી સદી છે.

†Tanjore Mss, Part I, London, 1879, P. 67

१ धूमाख्यो धूमवृक्षश्च......श्लेष्माणं च विनश्यति ॥ ६२ ॥
"इति तमाखू नाम गुणाश्च ग्रन्थान्तरात्संग्रहीतः ।"

આ જ મૅન્યુસ્ક્રીપ્ટ (નં. ૨૩૭૧)માં પુષ્પિકામાં કહેલું છે કે લોલિંબ વિદર્ભના રાજા મુંજનો પુત્ર હતો.

આમ લોલિંબરાજ અને વૈદ્યજીવન વિષે જેટલી મળી શકે તેટલી સામગ્રી વાચકો સમક્ષ મૂકી છે. કોઈએ વધુ પ્રકાશ પાડવા વિનંતી છે.[1]

---

૧ "Lolimbaraja and His Works." by P. K.Gode, M A. in "Indian Culture," Vol VII, Nos. 3-4. આ લેખમાંથી જ આ લેખ લખવાની મને પ્રેરણા મળી છે. વૈદ્ય ન હોવા છતાં આ વિદ્વાને (હવે તો એ સ્વર્ગસ્થ થઈ ગયા છે) વૈદ્યક વિષયો ઉપર ઘણા માહિતીપ્રચુર લેખો લખ્યા છે. વૈદ્યજગત ઉપર આ એમનું ઋણ છે.

# ગણિતશાસ્ત્રનું તર્કશાસ્ત્રીય સ્વરૂપ

એન. એમ. ભટ્ટ

૧. સૈકાઓ પહેલાંની પુરાતન સંસ્કૃતિઓમાં ઇજિપ્ત, બેબીલોન, અરબસ્તાન, ગ્રીસ, રોમ, ભારત વગેરે દેશોમાં ગણિતશાસ્ત્રનો વિકાસ થયેલ માલૂમ પડે છે. ભારતમાં તો, તેનાં હિંદુ ધર્મશાસ્ત્રોમાં, ગણિતશાસ્ત્રને ઘણું ઊંચું અને પવિત્ર સ્થાન આપવામાં આવ્યું હતું. સંસ્કૃતમાં એક સુભાષિત છે કે :

> यथा शिखा मयूराणाम् नागानाम् मणयो यथा ।
> तद्वद्वेदांगशास्त्राणाम् गणितम् मूर्ध्नि तिष्ठति ॥

જેમ મયૂરને માથે કલગી તથા નાગને માથે મણિ છે તેમ વેદાંગ અને શાસ્ત્રોમાં ગણિત શિરમોર છે. આજે પણ, સર્વ વિજ્ઞાનોમાં, ગણિતશાસ્ત્રને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવે છે અને ગણિતશાસ્ત્રને સર્વ વિજ્ઞાનોની રાણી કહેવામાં આવે છે. ગણિતશાસ્ત્ર એક પ્રાચીન શાસ્ત્ર છે, પરંતુ તેનો મોટા ભાગનો વિકાસ તો છેલ્લાં બસોત્રણસો વર્ષોમાં જ થયો છે. ગણિતશાસ્ત્રના, શુદ્ધ (Pure) અને વ્યાવહારિક (Applied) એમ બે વિભાગો ગણવામાં આવે છે. અહીં આપણે શુદ્ધ ગણિતશાસ્ત્રનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો તથા તેના તર્કશાસ્ત્રીય સ્વરૂપનો સાધારણ ખ્યાલ સરળ રીતે આપવા પ્રયત્ન કરીશું.

૨. ગણિતશાસ્ત્ર એ પદાર્થવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, જીવશાસ્ત્ર વગેરે આધુનિક વિજ્ઞાનના શાસ્ત્રોથી ભિન્ન પ્રકારનું શાસ્ત્ર છે. આધુનિક વિજ્ઞાનોમાં નિગમનિક તર્કપદ્ધતિ, જેને અંગ્રેજીમાં ડિડક્ટીવ લૉજીક (Deductive Logic) કહેવામાં આવે છે તેની સાથે આનુમાનિક અથવા વ્યાપ્તિ તર્કપદ્ધતિ, જેને અંગ્રેજીમાં ઈન્ડક્ટીવ લૉજીક (Inductive Logic) કહેવામાં આવે આવે છે તે બન્ને તર્કપદ્ધતિઓ વપરાય છે. ગણિતશાસ્ત્રમાં તો ફક્ત નિગમનિક તર્કપદ્ધતિ જ વાપરી શકાય છે. વિજ્ઞાનનાં બીજાં શાસ્ત્રોમાં, આપણે વાસ્તવિક જગતનો અભ્યાસ કરી, તે સંબંધી નિયમો શોધવા માગીએ છીએ. ગણિતશાસ્ત્રની સંકલ્પનાઓ સાથે એકરૂપતા ધરાવતા પદાર્થો વાસ્તવિક જગતમાં હોવા જ જોઈએ તે આવશ્યક નથી. ગણિતશાસ્ત્રની સંકલ્પનાઓ (Concepts) તો કાલ્પનિક અને અરૂપ (Abstract) હોય છે.

૩. નિગમનિક અને આનુમાનિક તર્કપદ્ધતિનાં સરળ ઉદાહરણો આપણે જોઈએ. " દરેક મનુષ્ય મૃત્યુ પામે છે અને અમરચંદ મનુષ્ય છે. માટે અમરચંદ મૃત્યુ પામશે " : આ છે નિગમનિક તર્કપદ્ધતિનું એક સરળ ઉદાહરણ. આ વિધાનનો પૂર્વ ભાગ સાચો હોય તો અમરચંદ મૃત્યુ પામશે એ પશ્ચિમ ભાગ સાચો હોય જ અને તે વિશે શંકાને કોઈ સ્થાન હોઈ શકે જ નહિ. " મેં ૧૦૦૦ કાગડાઓ જોયા અને તેમાંનો દરેક કાગડો મને કાળો માલૂમ પડ્યો. માટે કાગડા કાળા

હોય છે” : આ છે આનુમાનિક તર્કપદ્ધતિનું એક સરળ ઉદાહરણ. મેં જોયેલ ૧૦૦૦ કાગડામાં મને દરેક કાગડો કાળો માલૂમ પડ્યો તેથી કાગડા કાળા હોય છે તેમ નિ:શંક સિદ્ધ તો થતું નથી જ, પરંતુ તે અનુમાન સાચું હોવાની સંભાવના મોટી ગણાય. મેં ૧૦,૦૦૦ કાગડાઓ જોયા હોત અને તેમાંનો દરેક કાગડો મને કાળો માલૂમ પડ્યો હોત તો આ અનુમાન સાચું હોવાની સંભાવના તેનાથી વધારે મોટી ગણાત. નિગમનિક તર્કપદ્ધતિ નિ:શંક સત્ય પરિણામ આપે છે પરંતુ આનુમાનિક તર્કપદ્ધતિ દ્વારા મેળવેલ પરિણામ અસત્ય ઠરવાની ઓછીવત્તી સંભવના હોય છે ખરી. જેને ગણિતશાસ્ત્રીય આગમન, મેથેમેટીકલ ઈન્ડકશન (Mathematical Induction) કહેવામાં આવે છે એ ખરી રીતે, આનુમાનિક તર્કપદ્ધતિની નહીં પણ નિગમનિક તર્કપદ્ધતિની રીત છે. અવલોકનો અને પ્રયોગોનાં પરિણામો પરથી નિયમો અથવા નિર્ણયો મેળવવા માટે આજે એક નવીન પ્રકારનું શાસ્ત્ર, જેને આંકડાશાસ્ત્ર અથવા સાંખ્યિકી (Statistics) કહેવામાં આવે છે, તે શોધાયું છે. આ શાસ્ત્ર ગણિતશાસ્ત્રીય છે અને ગણિતશાસ્ત્રનો સારા પ્રમાણમાં ઉપયોગ કરે છે. છતાં, આંકડાશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના પાયાના તર્કશાસ્ત્રમાં તથા અન્ય સ્વરૂપમાં તફાવત છે. ગણિતશાસ્ત્ર તો ચોક્કસ (Exact) શાસ્ત્ર છે કે જેમાં સિદ્ધ કરેલ વિધાનો, અમુક પૂર્વધારણાઓ નીચે, પૂર્ણ સત્ય હોય જ. પરંતુ આંકડાશાસ્ત્રનું સાંખ્યિકીય અનુમાન તો ૯૫ ટકા, ૯૯ ટકા, ૯૯·૯ ટકા, વિશ્વાસનાં અનુમાનો આપે છે.

૪. ગણિતશાસ્ત્રનું એક ઉદાહરણ આપણે જોઈએ. ધનપૂર્ણાંક સંખ્યાઓની શ્રેણિ છે : ૧, ૨, ૩, ૪, ૫,... .....આ શ્રેણિની કોઈ પણ સંખ્યાને ૧ અથવા તે સંખ્યા સિવાયની બીજી કોઈ ધનપૂર્ણાંક સંખ્યાથી નિ:શેષ ભાગી ન શકાય તો, તે સંખ્યાને અવિભાજ્ય (Prime) સંખ્યા કહેવાય છે. આ અવિભાજ્ય સંખ્યાઓની શ્રેણિ છે : ૨, ૩, ૫, ૭, ૧૧, ૧૩, ૧૭, ૧૯, ૨૩, ૨૯,.........હવે આપણે એ પ્રશ્ન પૂછીએ કે :એવું કોઈ સૂત્ર છે કે જે આ શ્રેણિની બધી સંખ્યાઓ આપે, પરંતુ અવિભાજ્ય ન હોય તેવી કોઈ પણ સંખ્યા ન આપે ? આ પ્રશ્નનો સંપૂર્ણ સાચો જવાબ હજુ સુધી કોઈ ગણિતશાસ્ત્રી મેળવી શકયા નથી. તો આપણે પ્રશ્નને હળવો બનાવીએ કે : સૂત્ર છે કે જે આ શ્રેણિની બધી નહિ પણ આ શ્રેણિમાંની જ સંખ્યા આપે, પરંતુ અવિભાજ્ય ન હોય તેવી કોઈ પણ સંખ્યા ન આપે ? ધારો કે આ માટે સૂત્ર આપવામાં આવે : $न^2+न+४१$, જ્યાં न = ०, ૧, ૨, ૩,......લેવામાં આવે. नના એકાદ મૂલ્ય માટે આ સૂત્ર સાચું નથી તેમ દર્શાવવાથી આ સૂત્રને અસત્ય ઠરાવી શકાય. પરંતુ આ સૂત્ર સાચું છે એમ સાબિત કરવું હોય તો नને શૂન્યથી અનંત સુધીનાં ધનપૂર્ણાંક મૂલ્યો આપી, દરેક મૂલ્ય માટે આ સૂત્ર સાચું છે તેમ દર્શાવવું જોઈએ. અનંત સુધી જવાનું કાર્ય તો અનંત સમય લે તેથી ગણિતશાસ્ત્રમાં તો આવી રીતથી આવા સૂત્રને સાબિત કરી શકાય નહિ. છતાં આ સૂત્ર સાચું છે કે નહિ તેની કસોટી માટે, આપણે नને ૦, ૧, ૨, ૩,......મૂલ્યો આપી, દરેક મૂલ્ય માટે સૂત્ર અવિભાજ્ય સંખ્યા આપે છે કે નહિ તેની તપાસ કરીશું. नને ૦ થી ૪૦ સુધીનાં પૂર્ણાંક મૂલ્યો આપતાં માલૂમ પડે છે કે આમાંના દરેક મૂલ્ય માટે સૂત્ર અવિભાજ્ય સંખ્યા જ આપે છે. આ સૂત્ર સ્વીકારવા ઘણો મજબૂત પુરાવો આપણને મળ્યો. પરંતું આ સૂત્ર હજુ સાબિત થયું ગણાય નહિ અને કસોટી આગળ ચલાવવી જ જોઈએ. न = ૪૧ લઈએ તો, $न^2+न+४१=(४१)(४३)=१७६३$ આવે છે માટે ૧૭૬૩ને ને ૪૧ અને ૪૩ વડે નિ:શેષ

ભાગી શકાય છે તે ૨૫૯ છે. न = ૪૧ માટે આ સૂત્ર સાચું નથી તેથી, અસત્ય ઠરે છે. આ માટેનું સાચું સૂત્ર પણ હજુ સુધી કોઈ ગણિતશાસ્ત્રી મેળવી શકયો નથી.

૫. આપણે એક બીજા પ્રકારનું ઉદાહરણ જોઈએ. ધારો કે ૧, ૨, ૩,......એ ધનપૂર્ણાંક સંખ્યાઓની શ્રેણિની न રકમોના સરવાળા स માટે આપણે સૂત્ર મેળવવું છે. આ સૂત્ર મેળવવાનું કાર્ય આપણે નીચે પ્રમાણે સહેલાઈથી કરી શકીએ છીએ.

स = ૧ + ૨ + ૩ + ...... + ( न − ૨ ) + ( न − ૧ ) + न.

स = न + ( न − ૧ ) + ( न − ૨ ) + ...... + ૩ + ૨ + ૧.

ઉમેરતાં મળે છે : ૨ स = ( न + ૧ ) + ( न + ૧ ) + ( न + ૧ ) + ...એમ न વખત. માટે, ૨ स = न ( न + ૧ ), એટલે કે स = न ( न + ૧ )/૨ એ સૂત્ર મળી ગયું. नના કોઈ પણ ધનપૂર્ણાંક મૂલ્ય માટે આ સૂત્ર સાચું ઠરશે તે નિ:શંક છે અને તે સાબિત કરવાની જરૂર નથી, કારણ કે આપણે નિગમનિક તર્કપદ્ધતિ વાપરી છે. જો કોઈએ स = न ( न + ૧ )/૨ એ સૂત્ર અનુમાનથી આપ્યું હોય તો તેને સાબિત કરવા માટે ગણિતશાસ્ત્રીય આગમનની રીત છે. પરંતુ આગલા ઉદાહરણમાંની नને મૂલ્યો આપીને કસોટી કરવાની રીતથી આ સૂત્ર સાબિત કરી શકાશે નહિ.

૬. કેટલાક ગણિતશાસ્ત્રીઓએ, ફક્ત અંતર્પ્રજ્ઞાથી ( Intuition ), ગણિતશાસ્ત્રનાં કેટલાંક આશ્ચર્યજનક પરિણામો, રીત કે સાબિતી આપ્યા વગર, લખી નાખ્યાના દાખલાઓ છે. ભારતના ગણિતશાસ્ત્રી રામાનુજન આવી અસાધારણ શક્તિ ધરાવતા હતા. સાબિતી કે મેળવવાની રીત આપ્યા વગર તેમણે ગણિતશાસ્ત્રનાં કેટલાંક મહત્ત્વનાં અને નવાં પરિણામો આપ્યાં હતાં. તેમાંનાં કેટલાંક પરિણામો બીજા ગણિતશાસ્ત્રીઓએ સાબિતી મેળવી સિદ્ધ કરી આપ્યાં છે. પરંતુ, હજુ પણ ગણિતશાસ્ત્રીઓ તેમાંનાં કેટલાંક પરિણામોની સાબિતી મેળવી શકયા નથી અથવા તો તે અસત્ય છે તેમ સાબિત કરી શકયા નથી. સાબિત ન થાય ત્યાં સુધી આવું કોઈ પરિણામ અનુમાન જ કહેવાય અને તે સત્ય છે તેમ સ્વીકારી શકાય નહિ. કોઈ પણ સમ ( Even ) એટલે કે બેકી ધનપૂર્ણાંક સંખ્યાને બે અવિભાજ્ય સંખ્યાના સરવાળા તરીકે દર્શાવી શકાય તે અનુમાન સૈકાઓથી ગણિતશાસ્ત્રમાં જાણીતું છે. પરંતુ, હજુ સુધી, તે અનુમાન વિરુદ્ધનો દાખલો કોઈ આપી શકતું નથી કે તેને કોઈ સાબિત કરી શકતું નથી. મહાન ગણિતશાસ્ત્રીઓનાં અનુમાનો હંમેશાં સત્ય જ ઠરે છે તેમ પણ નથી. બસોએક વર્ષો પહેલાં, ઑઇલર ( Euler ) નામના એક મહાન ગણિતશાસ્ત્રીએ દર્શાવ્યું હતું કે : ૬ વર્ગના લંબ( Orthogonal ) લેટિન ચોરસો રચી ન શકાય અને તે પરથી તેણે અનુમાન કર્યું હતું કે ૪ न +.૨ જ્યાં न = ૧, ૨, ૩, ....લેવામાં આવે તેવા વર્ગનો લંબ લેટિન ચોરસો રચી ન શકાય. વર્ષો સુધી ઑઇલરનું આ અનુમાન સાચું છે તેમ માનવામાં આવ્યું. દસેક વર્ષ પહેલાં જ, ભારતના બે ગણિતશાસ્ત્રીઓ બોઝ અને શ્રીખંડેએ તથા અમેરિકન ગણિતશાસ્ત્રી પાર્કરે સાબિત કરી આપ્યું કે ઑઇલરનું આ અનુમાન સાચું નથી અને ગણિતશાસ્ત્રના જગતમાં આશ્ચર્ય ફેલાયું કે ઑઇલરનું અનુમાન અસત્ય ઠર્યું ! ગણિતશાસ્ત્રમાં, કોઈ પરિણામ સત્ય છે કે અસત્ય છે તેમ સિદ્ધ ન થાય ત્યાં સુધી તેની સત્યતા કે અસત્યતા સ્વીકારી શકાય નહિ.

૭. ગણિતશાસ્ત્રમાં નિગમનિક તર્કપદ્ધતિનો ઉપયોગ ગ્રીક ગણિતશાસ્ત્રીઓએ અઢી ત્રણ હજાર વર્ષો પહેલાં શરૂ કર્યો હતો. ઈ. સ. પૂર્વે લગભગ ૩૦૦ વર્ષો પહેલાં, યુકિલડે આપેલ ભૂમિતિ નિગમનિક તર્કપદ્ધતિના ગણિતશાસ્ત્રમાંના ઉપયોગનું એક સુંદર દૃષ્ટાંત છે. ભારત અને બીજા દેશોમાં ગણિતશાસ્ત્રનો વિકાસ થયેલ, પણ પુરાતન કાળમાં, આ દેશોમાં જે પરિણામો મેળવવામાં આવ્યાં હતાં તેમાં વ્યાહારિક ઉપયોગ, અનુમાન અને અંતર્પ્રજ્ઞા વિશેષ પ્રમાણમાં હતાં. કોઈ વર્તુળનો પરિઘ અને તેના વ્યાસનો અચલ ગુણોત્તર, જે $\pi$ (પાઈ) નામના ગ્રીક અક્ષરથી દર્શાવાય છે, તે સંખ્યાના મૂલ્યનાં અનુમાનો પ્રાચીન કાળમાં ઘણા દેશોમાં મેળવાયેલ. ઈ. સ. પૂર્વે લગભગ ૧૭૦૦માં, ઈજિપ્તમાં લખાયેલ એક પેપીરસ (તાડપત્ર) પર આ સંખ્યાનું મૂલ્ય ૨૫૬/૮૧ એટલે કે ૩·૧૬ લખેલ માલૂમ પડયું છે. ઈ. સ. પૂર્વે લગભગ ૨૦૦માં, ગ્રીસમાં, આર્કીમિડીઝે આ સંખ્યાનું મૂલ્ય ૨૨/૭ એટલે કે ૩·૧૪૨૮૫...આપેલ. ઈ. સ. લગભગ ૫૦૦માં, ભારતમાં, આર્યભટ્ટે આ સંખ્યાનું મૂલ્ય ૬૨૮૩૨/૨૦૦૦૦ એટલે કે ૩·૧૪૧૬ આપેલ. ઓછીવત્તી ચોકસાઈનાં $\pi$નાં આ મૂલ્યો આ સંખ્યાનું સાચું સ્વરૂપ કે મૂલ્ય દર્શાવતાં નથી. $\pi$નું મૂલ્ય ચોક્કસ રીતે દર્શાવવું હોય તો, અઢારમી સદીમાં સાબિત કરવામાં આવ્યું તેમ, તેને અપૂર્ણાંકમાં કે દશાંશમાં કે કોઈ સમીકરણના બીજ તરીકે નહિ, પણ એક બીજાતીત (Transcendental) પ્રકારની સંખ્યા તરીકે, એક અભિસારી (Convergent) અનંતશ્રેણિના સરવાળા તરીકે, નીચે પ્રમાણે દર્શાવી શકાય :

$$\frac{\pi}{૪} = \frac{૧}{૧} - \frac{૧}{૩} + \frac{૧}{૫} - \frac{૧}{૭} + \frac{૧}{૯} - \ldots\ldots \text{ એટલે કે } \pi = ૩·૧૪૧૫૯\ldots\ldots$$

સાધારણ ઉપયોગમાં, $\pi$નાં મૂલ્યો ૨૨/૭ કે ૩.૧૪ વપરાય છે તે ચોક્કસ મૂલ્યો નથી. વધારે ચોક્કસાઈ માટે ૩.૧૪૧૬ મૂલ્ય વાપરવું જોઈએ. $\pi$નું એકસોથી વધારે દશાંશના સ્થળો સુધીનું મૂલ્ય ગણવામાં આવેલ છે તે પણ ચોક્કસ મૂલ્ય ગણાય નહિ. ગણિતશાસ્ત્રમાં $\pi$ની સંખ્યા ખૂબ જ અગત્યની માલૂમ પડી છે. આવી જ બીજી એક અગત્યની બીજાતીત સંખ્યા ગણિત-શાસ્ત્રમાં છે. તેને e ની સંજ્ઞાથી દર્શાવાય છે. e = ૨.૭૧૮......... અથવા

$$e = \frac{૧}{૧} + \frac{૧}{૧} + \frac{૧}{૧·૨} + \frac{૧}{૧·૨·૩} + \frac{૧}{૧·૨·૩·૪} + \frac{૧}{૧·૨·૩·૪·૫} + \ldots\ldots$$

૮. નિગમનિક તર્કપદ્ધતિથી મેળવેલ કોઈ વિધાનને આપણે બે ભાગમાં વહેંચીને, તેના પૂર્વભાગને આધારકથન અને પશ્ચિમભાગને ફલિતકથન કહીશું. અગાઉ આપેલ ઉદાહરણમાં, "દરેક મનુષ્ય મૃત્યુ પામે છે અને અમરચંદ મનુષ્ય છે" તે આધારકથન છે અને "અમરચંદ મૃત્યુ પામશે" તે ફલિત કથન છે.

૯. કોઈ પણ વિજ્ઞાન કે શાસ્ત્રનું સ્વરૂપ સમજવા માટે તેની જો વ્યાખ્યા આપી શકાય તો તે ઉપયોગી થઈ પડે છે. પદાર્થવિજ્ઞાન એ પદાર્થ (Matter) તથા ઊર્જા કે શક્તિ-(Energy)ના ભૌતિક ગુણધર્મોનો અભ્યાસ કરે છે તેવી પદાર્થવિજ્ઞાનની વ્યાખ્યા સંપૂર્ણ નથી પણ તે પદાર્થવિજ્ઞાન શું છે તેનો ખ્યાલ આપે છે. ગણિતશાસ્ત્ર વિષે કોઈ સરળ વ્યાખ્યા

નથી. પ્રખ્યાત દાર્શનિક અને ગણિતશાસ્ત્રી બર્ટ્રાન્ડ રસેલે "ગણિતશાસ્ત્રના સિદ્ધાંતો" (Principles of Mathematics)માં લખ્યું છે કે : ગણિતશાસ્ત્ર એ એવાં વિધાનોનો સમૂહ છે કે જેમાં અમાંથી બ ફલિત થાય છે (A implies B); અહીં અ અમુક અધારકથનોનો સમૂહ અને બ અમુક ફલિતકથનોનો સમૂહ દર્શાવે છે. ગણિતશાસ્ત્રનાં વિધાનો અ → બ પ્રકારનાં એટલે કે "આમ હોય" તો "આમ થાય" એ પ્રકારનાં હોય છે – દાખલા તરીકે; જો કોઈ ચતુષ્કોણની સામસામેની બાજુઓ સરખી હોય" તો "તેના સામસામેના કોણો સરખા થાય" બર્ટ્રાન્ડ રસેલનું ઉપરનું કથન ગણિતશાસ્ત્રનું મૂળ સ્વરૂપ શું છે તેનો ખ્યાલ આપી શકે છે.

૧૦. ગણિતશાસ્ત્રના કોઈ વિષયનાં વિધાનોને આપણે અનુક્રમમાં એ રીતે ગોઠવી શકીએ કે કોઈ વિધાન તેના પૂર્વવિધાનોમાંથી નિગમનિક તર્કપદ્ધતિથી સિદ્ધ કરી શકાય. યુક્લિડની ભૂમિતિનાં પ્રમેયો આનું સરળ, પ્રાચીન અને જાણીતું દૃષ્ટાંત છે. તમારે આ પ્રમેયોનો ક્રમ બદલવો હોય તો, નવી સાબિતીઓ આપી, તમે એ ક્રમ એ શરતે બદલી શકો છો કે કોઈ પ્રમેય સિદ્ધ કરવા તમે પૂર્વધારણાઓ અને પૂર્વે સિદ્ધ કરેલાં પ્રમેયોનો જ ઉપયોગ કરો. કોઈ પ્રમેય સિદ્ધ કરવા તે જ પ્રમેયનો આધાર ન જ લઈ શકાય, તેમ જ કોઈ પ્રમેય સિદ્ધ કરવા બીજું પ્રમેય અને તે બીજું પ્રમેય સિદ્ધ કરવા પહેલું પ્રમેય વાપરી ન શકાય.

૧૧. નિગમનિક તર્કપદ્ધતિ વાપરીને, એક વિધાનમાંથી બીજું વિધાન મેળવીને, તે બે વિધાનોમાંથી ત્રીજું વિધાન મેળવીને, એ પ્રમાણે વારંવાર કરતાં આગળ વધીને, ક્રમિક અને તર્કબદ્ધ વિધાનોનું સર્જન કરતાં કરતાં, ગણિતશાસ્ત્રના કોઈ વિષયની રચના અને તેનો વિકાસ કરવામાં આવે છે. આમ છે તો, અહીં એક પ્રશ્ન સહજ ઊઠશે કે પ્રથમ વિધાન સાબિત કરવા, તર્કશાસ્ત્ર સિવાય, બીજી કઈ બાબતોનો આધાર લેવાય છે ? જો પ્રથમ વિધાન સાબિત કરવા કોઈક બાબતોનો આધાર લેવાતો હોય તો તે બાબતોનો આધાર શું ? આમ આ પ્રશ્ન ઉપસ્થિત થયા જ કરે, કારણ કે શૂન્યમાંથી શરૂઆત તો ન થઈ શકે. તેથી આપણે સ્વીકારવું પડે છે કે પ્રારંભ તો અમુક પૂર્વનિશ્ચિત અને સ્વીકારેલ કથનોથી જ કરવો પડે. આ પ્રાથમિક અને પાયાનાં કથનોની સત્યતા પુરવાર કરી શકાતી નથી. આથી ગણિતશાસ્ત્રમાં સિદ્ધ કરેલાં પરિણામો અબાધિત સત્ય તરીકે સ્વીકારી શકાય નહિ. અબાધિત સત્યો મેળવવાનો દાવો ગણિતશાસ્ત્ર કરતું નથી. ત્રિકોણના ત્રણ કોણોનો સરવાળો ૧૮૦ ડીગ્રી બરાબર થાય તે વિધાન હંમેશાં સાચું નથી; અમુક પ્રકારની ભૂમિતિમાં જ એ સાચું નથી; અમુક પ્રકારની ભૂમિતિમાં જ એ સાચું છે. આ છે ગણિતશાસ્ત્રનું એક વિશિષ્ટ અને અગત્યનું લક્ષણ. આ લક્ષણ ગણિતશાસ્ત્રની મર્યાદા દર્શાવે છે તે ખરું. તે સાથે, તે ગણિતશાસ્ત્રને ખૂબ જ ચોકસાઈભર્યું અને તર્કબદ્ધ બનાવે છે.

૧૨. ગણિતશાસ્ત્રના કોઈ વિષયની રચનાનો પ્રારંભ કરવા પ્રથમ તો આપણે અમુક સંકલ્પનાઓ (Concepts), પદો (Terms) અને વ્યાખ્યાઓ તૈયાર કરીએ છીએ. તે પછી સંકલ્પનાઓ કે પદો વચ્ચે અમુક સંબંધોની ધારણાઓ તથા બીજી પૂર્વધારણાઓ (Postulates) નક્કી કરીએ છીએ. તે ઉપરાંત, આપણે સ્વયંસ્વીકૃત સિદ્ધાંતો જેને અંગ્રેજીમાં એક્ષમ (Axiom) એટલે કે સ્વયંસિદ્ધ સત્ય કહેવામાં આવે છે, તેને ધારીએ છીએ. આ

બધાંને આપણે પ્રાથમિક કથનો કહીશું. આ પ્રાથમિક કથનો સત્ય છે તેમ ધારી, તર્કશાસ્ત્ર વાપરી, આપણે તે વિષયનાં વિધાનો રચીએ છીએ.

૧૩. ગણિતશાસ્ત્રની સંકલ્પનાઓ અને પદો કાલ્પનિક હોય છે અને ભૌતિક પદાર્થોથી તેને હંમેશાં ઓળખાવી શકાતાં નથી. આ સંકલ્પનાઓ કે પદોની વ્યાખ્યા આપવામાં પણ મુશ્કેલી પડે છે. કોઈ નવી સંકલ્પનાની વ્યાખ્યા તો જાણીતી સંકલ્પનાઓ દ્વારા જ આપવી જોઈએ. તેથી, તદ્દન નવીન પ્રકારની સંકલ્પનાને સમજાવી શકાય ખરી, પણ તેની વ્યાખ્યા આપવાનું મુશ્કેલ બને છે. ધારો કે આપણે ભૂમિતિમાં બિંદુની વ્યાખ્યા આપવી છે. આપણે વ્યાખ્યા આપીએ કે: જેને લંબાઈ, પહોળાઈ કે ઊંડાઈ નથી અને જે ફક્ત સ્થાન (Position) દર્શાવે છે તે બિંદુ. આ વ્યાખ્યામાં આપણે લંબાઈ અને સ્થાનની જે સંકલ્પનાઓ વાપરી તે વિષે આપણે કંઈ જાણતા નથી. જો આપણે એમ કહીએ કે આ રહ્યું બિંદુ ., તો વાંધો આવશે કે સૂક્ષ્મદર્શક યંત્રથી તપાસતાં માલૂમ પડે છે કે આ બિંદુને લંબાઈ, પહોળાઈ તથા વિસ્તાર છે, માટે આ ગણિતશાસ્ત્રનું બિંદુ નથી. ભૌતિક જગતમાં આપણને ગણિતશાસ્ત્રનું બિંદુ મળી શકે નહિ. ગણિતશાસ્ત્રની બિંદુ, લીટી, વર્તુલ, સંખ્યા વગેરે સંકલ્પનાઓ કાલ્પનિક અને અરૂપ હોય છે. સંકલ્પનાઓ કે પદોની વ્યાખ્યા આપવાને બદલે, તેમનું કાલ્પનિક અસ્તિત્વ સ્વીકારી, તેના અમુક ગુણધર્મો ધારી, સંકલ્પનાઓ કે પદોને વ્યાખ્યાવિહીન રાખવાથી, ઘણી વખત, ગણિતશાસ્ત્રમાં કાર્ય સરળ અને વિશેષ તર્કબદ્ધ બને છે.

૧૪. સ્વયંસ્વીકૃત સિદ્ધાંત અને પૂર્વધારણા વચ્ચે જે ભેદો ગણવામાં આવે છે તેમાં મુખ્ય ભેદ એ છે કે સ્વયંસ્વીકૃત સિદ્ધાંત એ દેખીતી રીતે અથવા સ્વયંસિદ્ધ સત્ય ગણી શકાય તેવો જણાય છે, જ્યારે પૂર્વધારણા તો ધારણા તરીકે સ્પષ્ટ જણાય છે. અમુક સ્વયંસ્વીકૃત સિદ્ધાંતોને સ્વયંસિદ્ધ સત્ય ગણવાને બદલે તેને પૂર્વધારણાઓ ગણીએ તે વધારે યોગ્ય ગણી શકાય છે. આમાં આપણે અહીં ઊંડા ઊતરીશું નહિ. આપણા માટે તો અહીં એટલું જ જાણવું પૂરતું થઈ પડશે કે, ગણિતશાસ્ત્રના કોઈ વિષયના પ્રારંભમાં, સંકલ્પનાઓ, પદો, સંબંધો, પૂર્વધારણાઓ અને સ્વયંસ્વીકૃત સિદ્ધાંતો, એ પ્રાથમિક કથનો કહ્યાં છે. આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે, ગણિતશાસ્ત્રના કોઈ વિષયનાં વિધાનોમાં, તે વિષયનાં પ્રાથમિક કથનો આધાર-કથનનો અકથિત ભાગ છે અને આપણે સિદ્ધ કરેલાં ફલિતકથનોની સત્યતાનો આધાર આ પ્રાથમિક કથનો તથા તર્કશાસ્ત્ર પર છે.

૧૫. નવાં પ્રાથમિક કથનો કલ્પી અને જૂનાં પ્રાથમિક કથનોમાં ફેરફારો કરી, ગણિત-શાસ્ત્રી નવા વિષયોનું સર્જન અને જૂના વિષયોની રચના કર્યા જ કરે છે. યુકિલડે તેની ભૂમિતિમાં આપેલ પ્રાથમિક કથનોમાં પૂર્ણ તર્કબદ્ધતા ન હતી, તેથી વેબ્લેન અને બીજા ગણિતશાસ્ત્રીઓએ, પ્રાથમિક કથનોમાં આવશ્યક ફેરફારો કરી, યુકિલડની ભૂમિતિની નવરચના કરેલ છે. યુકિલડની અમુક પૂર્વધારણામાં અતિ કાલ્પનિક અને ક્રાંતિકારી ફેરફાર કરી કેટલાક ગણિતશાસ્ત્રીઓએ નવીન પ્રકારની, નોન-યુકિલડીઅન, ભૂમિતિઓ રચી છે. યુકિલડની ભૂમિતિમાં પ્લેફેરનું એક્ષમ નામનો એક સ્વયંસ્વીકૃત સિદ્ધાંત વાપરવામાં આવે છે તે એમ છે કે: કોઈ સમતલમાં, એક સીધી લીટીની બહાર આપેલ બિંદુમાંથી, એ સીધી લીટીને સમાંતર,

**એક જ** સીધી લીટી દોરી શકાય. આ સિદ્ધાંત સ્વયંસિદ્ધ સત્ય નથી તેવી શંકા તો કેટલાક ગણિતશાસ્ત્રીઓને થઈ હતી જ. કેટલાક ગણિતશાસ્ત્રીઓએ તો તેને સાબિત કરવા પ્રયત્નો કર્યા, પણ તે બધા નિષ્ફળ ગયા. ખરી રીતે તો આ પ્લેફેરનું એક્ષમ, એ એક્ષમ નહિ પણ પૂર્વધારણા જ છે અને તેને બદલે તેનાથી ભિન્ન બીજી પૂર્ણધારણા કરી શકાય. પ્લેફેરનું એક્ષમ સ્વયંસિદ્ધ સત્ય છે માટે બીજી કોઈ પૂર્વધારણા કરી ન શકાય તે ખોટી માન્યતાએ ઘણાં વર્ષો સુધી ભૂમિતિનો વિકાસ રૂંધ્યો. ઓગણીસમી સદીમાં રશિયાના લોબાચેવસ્કીએ, હંગેરીના બોલ્યાઈએ તથા જર્મનીના ગાઉઝે, એકબીજાથી સ્વતંત્ર રીતે, જે નવી નોન-યુક્લિડીઅન ભૂમિતિ રચી, તેના પાયામાં છે પૂર્વધારણા : કોઈ સમતલમાં, એક સીધી લીટીની બહાર આવેલ બિંદુમાંથી, એ સીધી લીટીને સમાંતર, **બે** સીધી લીટી દોરી શકાય. વાસ્તવિક જગતના અનુભવને આધારે રચેલ આપણી માન્યતા તથા વ્યાવહારિક સામાન્ય બુદ્ધિ વિરુદ્ધ આ પૂર્વધારણા છે તે ખરી વાત છે. પરંતુ ગણિતશાસ્ત્ર કાલ્પનિક છે અને તેમાં આવી કલ્પના કરી શકાય છે. કોઈ પણ ધન કે ઋણ સંખ્યાનો વર્ગ ધન જ આવે છે તેથી ઋણ સંખ્યાને વર્ગમૂળ હોઈ શકે નહીં. છતાં $i^2 = -1$ કલ્પી, $i = \sqrt{-1}$ નામની કાલ્પનિક સંખ્યાની સંકલ્પના રચી, કાલ્પનિક સંખ્યાના એક વિષયની રચના ગણિતશાસ્ત્રમાં કરવામાં આવેલ છે.

૧૬. ગણિતશાસ્ત્રના કોઇ વિષયની રચનાના પ્રારંભમાં, પ્રાથમિક કથનો નક્કી કરવામાં, ગણિતશાસ્ત્રીઓને ઘણી સ્વતંત્રતા હોય છે, પણ તે સાથે અમુક બંધનો પણ હોય છે. આ બંધનોમાં ત્રણ મુખ્ય બંધનો છે: (i) પ્રાથમિક કથનોની સંખ્યા બને તેટલી ઓછી કરવી જોઈએ; (ii) આ કથનો આપણા વિષયની રચના માટે પૂરતાં હોવાં જોઈએ; (iii) આ કથનો વ્યાઘાતી એટલે કે પરસ્પર વિરોધી હોવાં ન જોઈએ અને કોઈ કથન આત્મવ્યાઘાતી ન હોવું જોઈએ. આત્મવ્યાઘાતી કથન એટલે કે એવું કથન કે જેમાંથી તે કથનથી વિરોધી કથન મેળવી શકાય. "દરેક નિયમને અપવાદ હોય છે" તે કથન આત્મવ્યાઘાતી છે તે આપણે દર્શાવીશું. ધારો કે આ કથન સત્ય છે. તો આ કથન પણ એક નિયમ હોવાથી તેને પણ અપવાદ હોવો જોઈએ અને તેથી આ કથન અસત્ય છે. આ કથનને જો સત્ય તરીકે સ્વીકારીએ તો સાબિત કરી શકાય કે આ કથન અસત્ય છે ! બીજો દાખલો લઈએ. એક સભાગૃહમાં એક વક્તા કહે છે કે "આ સભાગૃહમાંના સર્વ માણસો હંમેશાં અસત્ય બોલે છે." ધારો કે આ વક્તાનું આ કથન સત્ય છે. તો વક્તા પોતે સભાગૃહમાંનો એક માણસ હોવાથી અને આ કથન સત્ય છે તેમ ધારેલ હોવાથી, સાબિત થાય છે કે આ કથન અસત્ય છે ! આ ત્રણ બંધનો ઉપરાંત, ગણિતશાસ્ત્રીઓનાં કોઈ વિષયની સંકલ્પનાઓ, પૂર્વધારણાઓ વગેરે પ્રાથમિક કથનો તે વિષયને અનુરૂપ અને ઉપયોગી હોવાં જોઈએ અને તે એવાં હોવાં જોઈએ કે તેમાંથી તે વિષયનો વિકાસ સાધી શકાય.

૧૭. ગણિતશાસ્ત્રી તેની સંકલ્પનાઓને તથા પરિણામોને વધારે અને વધારે વ્યાપક બનાવવા તથા જુદા જુદા ગણિતશાસ્ત્રના વિષયોનું એકીકરણ કરવા પ્રયત્ન કરે છે. સંખ્યાની મૂળ સંકલ્પના તો ધનપૂર્ણાંક સંખ્યાઓ ૧, ૨, ૩, ૪,......... થી કરવામાં આવી, પણ તે પછી ઋણપૂર્ણાંક અને શૂન્યની સંકલ્પના દાખલ કરી સંખ્યાના ગણને વધારે વ્યાપક સ્વરૂપ

આપવામાં આવ્યું. તે પછી અપૂર્ણાંક અસંમેય તથા કાલ્પનિક સંખ્યાઓની સંકલ્પનાઓ રચી, સંખ્યાની સંકલ્પનાને ખૂબ વ્યાપક બનાવવામાં આવી. બીજગણિતમાં, $क्ष^{म}$, જેમાં **म** ઘાતચિહ્ન છે, તેને **પ્રથમ** ઘનપૂર્ણાંક સંખ્યા ધારી, $क्ष^{म} = क्ष \times क्ष \times क्ष \times \ldots\ldots$ म વખત, એવો અર્થ કરી, ઘાતોના નિયમો મેળવી, બીજગણિતની શરૂઆત કરવામાં આવી. પછી ઘાત, પૂર્ણાંકને બદલે અપૂર્ણાંક હોય, અથવા ઘન ન હોય પણ ઋણ હોય, અથવા શૂન્ય હોય, તેવી કલ્પના કરી, $क्ष^{म}$-ને એવા **અર્થો** આપવામાં આવ્યા કે ઘાતોના મૂળ નિયમો એના એ જ રહે. આ રીતે બીજગણિતને વધારે વ્યાપક બનાવવામાં આવ્યું. **ભૂમિતિમાં**, પ્રથમ દ્વિપરિમાણની સમતલ ભૂમિતિ પછી ત્રિપરિમાણની ઘનભૂમિતિ રચવામાં આવી અને તેનાથી આગળ જઈ ન-પરિમાણની ભૂમિતિ તથા બીજી ભૂમિતિઓ રચીને, ભૂમિતિને વધારે વ્યાપક બનાવવામાં આવી. ગણિતશાસ્ત્રના જુદા જુદા વિષયોનું એકીકરણ કરવા પણ ગણિતશાસ્ત્રીઓ સતત પ્રયત્ન કર્યા જ કરે છે. ગણના સિદ્ધાંતને પાયામાં મૂકી, બીજગણિત, ત્રિકોણમિતિ, કલનશાસ્ત્ર વગેરે ભિન્ન ગણાતા વિષયોને એકસૂત્ર કરવાના સફળ પ્રયત્નો થઈ રહ્યા છે. ગણિતશાસ્ત્રના જુદા જુદા વિષયોની રચનાના પાયામાં જે મૂળભૂત તર્કશાસ્ત્ર તથા તત્ત્વજ્ઞાન રહેલાં છે તેનો તલસ્પર્શી અભ્યાસ કરી, પાસ્ચ, પીનો, પીરી, હિલ્બર્ટ, બર્ટ્રાન્ડ રસેલ, ગોડેલ વગેરે ગણિતશાસ્ત્રીઓએ ગણિતશાસ્ત્રના પાયાને મજબૂત બનાવવામાં સારો ફાળો આપેલ છે.

૧૮. ગણિતશાસ્ત્રની સંકલ્પનાઓ અરૂપ અને કાલ્પનિક હોય છે છતાં, કલ્પનાને ટેકો આપવા ગણિતશાસ્ત્રીઓ આકૃતિ દોરે છે, પરંતુ તેમ કરવું તે ખાસ જરૂરનું નથી. ભૂમિતિના પ્રમેયો સિદ્ધ કરવા સારી આકૃતિ દોરવી જ જોઈએ તે માન્યતા ખોટી છે. ગણિતશાસ્ત્ર તો તર્કશાસ્ત્ર અને અરૂપ ચિંતનની સારામાં સારી તાલીમ આપે છે. આમાં વાસ્તવિક જગતના અનુભવમાંથી ઉદ્ભવતી માન્યતાઓ, કોઈક વખત, મદદરૂપ થવાને બદલે વિઘ્નરૂપ થઈ પડે છે. એવા પણ દાખલાઓ આપી શકાય કે જેમાં ભૂમિતિના કોઈ પરિણામની સાબિતી મેળવવામાં આકૃતિ આપણને ઉંધે રસ્તે દોરી જાય અથવા જેને સાબિત કરવાની જરૂર હોય તેને આકૃતિઓ દ્વારા સત્ય માની લેવાય. સમતલ ભૂમિતિનાં પ્રમેયોની સાબિતી માટે આકૃતિ દ્વારા જ વિચાર કરવાની ટેવવાળો વિદ્યાર્થી, ઘનભૂમિતિ કે જેમાં કાગળ પર કે પાટિયાં પર સાચી આકૃતિ દોરી ન શકાય, તેના અભ્યાસમાં મૂઝવણ અનુભવે છે.

૧૯. ગણિતશાસ્ત્રના કોઈ વિષયનાં **પ્રાથમિક** કથનો રચતી વખતે ગણિતશાસ્ત્રીને ઘણી સ્વતંત્રતા હોવાથી, તેની કલ્પનાશક્તિ તથા તેની સર્જનશક્તિને પૂરો અવકાશ મળે છે. પરંતુ પ્રાથમિક કથનો નક્કી કર્યા પછી, ગણિતશાસ્ત્રના જે તે વિષયનો વિકાસ કરવા માટે, ગણિતશાસ્ત્રીને, પ્રાથમિક કથનોને આધારે, અસ્ત્રાની તીક્ષ્ણ ધાર જેવા તર્કશાસ્ત્રના અતિ સાંકડા રસ્તા પર જ ચાલવું પડે છે. અલબત્ત, પ્રાથમિક કથનોમાં ફેરફાર કરી, ગણિતશાસ્ત્રી તે વિષયની નવરચના કરી શકે છે.

૨૦. ગણિતશાસ્ત્રી કોઈ વૈજ્ઞાનિક સાધનો કે સામગ્રી વાપરતો નથી. તેને કોઈ પ્રયોગશાળાની જરૂર પડતી નથી. **પ્રયોગશાળામાં** રાતદિવસ પ્રયોગો કરી, અવલોકનો નોંધી, તે પરથી કોઈ અનુમાન કરતો નથી. તેનાં સાધનો **છે** બુદ્ધિ અને તર્કશાસ્ત્ર. ગણિતશાસ્ત્રીને પરિશ્રમ કરવો

પડતો નથી તેમ નથી. ગણિતશાસ્ત્રનો અભ્યાસ અને સંશોધન માગે છે કુશાગ્ર બુદ્ધિ, એકાગ્રતા તથા સતત ઊંડું ચિંતન અને મનન. ઉપરથી નાનું જણાતું કોઈક પરિણામ મેળવવામાં, ગણિતશાસ્ત્રીને, કોઈક વખત, વર્ષો સુધી ચિંતન કરવું પડે છે. વિજ્ઞાનની સિદ્ધિઓ આપણને જેટલી પ્રભાવિત કરી જાય છે તેટલી ગણિતશાસ્ત્રની સિદ્ધિઓ આપણને પ્રભાવિત ન કરે. પરંતુ મહાન ગણિતશાસ્ત્રીઓએ કરેલ કેટલાંક સંશોધનોમાં માનવીની અગાધ પ્રજ્ઞાનાં દર્શન આપણને થઈ શકે છે.

૨૧. ગણિતશાસ્ત્ર તો વિજ્ઞાન તેમ જ કલા બન્ને છે. પ્રખ્યાત ગણિતશાસ્ત્રી વીઅરસ્ટ્રાસે કહ્યું છે કે ગણિતશાસ્ત્રી જો થોડોક કવિ ન હોય તો સંપૂર્ણ ગણિતશાસ્ત્રી ન બની શકે. ગણિતશાસ્ત્રના કોઈ વિષયની રચના કરવામાં, સંકલ્પનાઓ અને પૂર્વધારણાઓ યોજી તે વતી એક સુંદર તર્કબદ્ધ ઇમારત ચણવામાં, ગણિતશાસ્ત્રી, બુદ્ધિ, કલ્પના અને કલાકૌશલ્ય વાપરે છે. ગણિતશાસ્ત્રને તેનું જે આગવું અને વિશિષ્ટ સૌન્દર્ય છે તે જોવા માટે ગણિતશાસ્ત્રીની દષ્ટિ હોવી જોઈએ. $e^{i\pi} + ૧ = ૦$, એ પરિણામમાં સાધારણ માણસને કંઈ સુંદરતા ન દેખાય. પરંતુ, ગણિતશાસ્ત્રની પાંચ અગત્યની સંખ્યાઓ, $e$, $\pi$, $i$, ૧ અને ૦ વચ્ચેનો ચોક્કસ સંબંધ દર્શાવતું, આ એક અદ્ભુત અને સુંદર પરિણામ છે કે જેમાં, હિંદુધર્મના પંચદેવો જેવી, ગણિતશાસ્ત્રની વિભૂતિ સમ, આ પાંચ ભિન્ન પ્રકારની સંખ્યાઓ, એક આશ્ચર્યજનક અને તદ્દન સરળ સંબંધથી જોડાયેલી છે.

૨૨. અંતમાં એ પ્રશ્ન સહજ ઊઠશે કે ગણિતશાસ્ત્ર આવું કાલ્પનિક અને અરૂપ હોય તો આવું ગણિતશાસ્ત્ર માનવીને કેવી રીતે ઉપયોગી થઈ શકે ? ઉપયોગી બનવું તે ગણિતશાસ્ત્રનો હેતુ નથી. શુદ્ધ ગણિતશાસ્ત્રી તો, વાસ્તવિક જગતથી દૂર જઈ, તેની કલ્પનાના ગણિતશાસ્ત્રમાં સ્વૈરવિહાર કરવા માગે છે. છતાં વિરોધાભાસી અને આશ્ચર્યજનક વાત તો એ છે કે આ કાલ્પનિક અને અરૂપ ગણિનશાસ્ત્ર, ભૌતિક જગતને સમજવામાં તથા કુદરતના નિયમો શોધવામાં, વિજ્ઞાનના તેમ જ અન્ય ક્ષેત્રેમાં ઉપયોગી માલૂમ પડયું છે. ગણિતશાસ્ત્રની ઉપયોગિતાની કથા બીજા કોઈ પ્રસંગે આપણે કરીશું.

# આલ્કોહોલ, આસવ, દારૂ

## ('ક્રિયાવિજ્ઞાન'-ફીઝિયોલોજીની દૃષ્ટિએ)

જે. ડી. પાઠક

આસવ-આલ્કોહોલનો ઉપયોગ માનવસંસ્કૃતિ જેટલો પુરાણો તો છે જ, કદાચ તેથીયે તે જૂનો હશે. આદિ ધાર્મિક ક્રિયાઓમાં તેને સારું સ્થાન હતું. વેદનો સોમરસ એક પ્રકારનો આસવ જ હતો એમ મનાય છે, માત્ર તૈયાર કરવાની રીતની આજે આપણને માહિતી નથી. આદિ મીસર, સિરિયામાં આસવ લેવાતો. યહુદી, જરથોસ્તી, ખ્રિસ્તી ધર્મોએ તેને અપનાવ્યો હતો. જેણે જગતની માનવ વિચારણા પલટી નાખી હતી એવા સૉક્રેટીસ, જીસસ ક્રાઈસ્ટ જેવા મહાનુભાવો આસવના ઉપાસક હતા. આયુર્વેદમાં આસવોની ઘણી બનાવટોનો ઉપયોગ દર્શાવ્યો છે. રામ ને કૃષ્ણના કાળમાં પણ ભારતમાં આસવનો ઠીકઠીક ઉપયોગ થતો.

પ્રભાસ આગળની 'યાદવાસ્થળી' આસવના અતિરેકથી થઈ હતી. કેટલાક ધર્મોએ તે પર પ્રતિબંધ પણ મૂક્યો છે. બુદ્ધ ભગવાન, મહમંદ પયગંબર દારૂના કટ્ટર વિરોધી હતા. તાજેતરની વાત કરીએ તો ગાંધીજી જેવા મહાપુરુષ દારૂબંધીના પ્રખર હિમાયતી હતા.

આમ માનવ-ઉપભોગની એવી થોડી ચીજો હશે જે વિષે આવડો ઊગ્ર મતભેદ પ્રવર્તતો હોય. એવાં થોડાં પીણાં હશે કે જે માટે આટલી સખત બંધી હોવા છતાંયે તેનો આટલો બધો ઉપયોગ ચાલુ રહેતો હશે.

એ કારણે જ ચર્ચામાં કેવળ વૈજ્ઞાનિક દૃષ્ટિ રાખી, આવેશને આઘો મૂકી, વાત કરીશ.

આસવ, આલ્કોહોલ, દારૂની વૈજ્ઞાનિક ચર્ચા ઈથેનોલ—$C_2H_5OH$—પર મુખ્યત્વે રહેશે, કારણ સઘળા દારૂ, આસવની અસર આ ઈથેનોલ આલ્કોહોલને આભારી છે. જગતમાં અનેકવિધ જાતના આસવ મળે છે; તેમના સ્વાદ, સુગંધ, વિશિષ્ટતા જોકે તેમાં જૂજ પ્રમાણમાં સમાયેલાં અન્ય તત્ત્વોને આભારી હોય છે, પરંતુ તેના ગુણ આસવ—ઈથેનોલ પર નિર્ભર છે.*

ક્રિયાવિજ્ઞાન—ફીઝિયોલોજીની દૃષ્ટિએ પાયાના પ્રશ્નો આ છે:

૧ આસવ, આલ્કોહોલ એ આહાર, જળ, હવાના જેવી પ્રાથમિક મૂળભૂત આવશ્યકતા છે?

---

* પરદેશી માનીતાં પીણામાં, બીઅર, ઍઈલ, શેરીમાં ૪–૬%, પોર્ટવાઈન, શેમ્પેઈનમાં ૧૩–૧૪% જ્યારે જીન, જીંજરવાઈન, રમ, બ્રાંડીમાં ૪૦–૪૫% આલ્કોહોલ—ઈથેનોલ હોય છે.

દેશી દારૂ કડક હોય છે. તેમાં પણ ૪૦–૪૫% પ્રમાણ રહે છે. તે એટલા બધા મંદથી તેજ હોય છે કે તેનું કોઈ ધોરણ નથી. દારૂના અભાવે સ્પિરિટ, મીથાઈલ આલ્કોહોલ—ફ્રેન્ચ પૉલિશ લોકો પીએ છે તે અત્યંત ઝેરી છે. એમાં ઈથાઈલ આલ્કોહોલ નથી—મીથાઈલ છે.

૨ આસવની અન્ન–આહારમાં ગણત્રી થાય ?

૩ તેમાંથી દેહને પુષ્ટિ મળે ?

પ્રથમ પ્રશ્નનો ઉત્તર સ્પષ્ટ છે. અન્ન, જળ, હવાની જેમ આસવ એક આવશ્યકતા તો ન જ ગણાય. લાખો માનવી આસવનું ટીપું ચાખ્યા વિના કુદરતી જીવન જીવી, લાંબો આવરદા ભોગવી શકે છે. આસવ જીવનની એક અનિવાર્ય વસ્તુ નથી જ.

બીજો પ્રશ્ન છે તેના અન્ન તરીકે ઉપયોગનો. અન્નની વ્યાખ્યા પ્રમાણે માત્ર પોષક, પાચ્ય, હાનિરહિત દ્રવ્યને અન્નમાં સ્વીકારાય. આ બધાં લક્ષણો આસવમાં નથી. તે આદિથી અંત સુધી કંઈ નિર્દોષ, પોષક દ્રવ્ય નથી જ. ત્રીજા પ્રશ્નની બાબતમાં, કવચિત્ આસવનો દેહને ગરમી ઊર્જા આપવા ઉપયોગ કરી શકાય. અનેક મર્યાદાઓ જાળવી તેનો એવો કેલરી, ઊર્જા અર્થે ઉપયોગ થઈ શકે છે. આહારનાં મૂળ ઘટકો પૈકીનું એકે ઘટક આસવમાં નથી. તેમાં પ્રોટીન, ફેટ, કાર્બોહાઈડ્રેટ કે નથી એવા અગત્યના ક્ષારો કે વિટામિન. એટલે આસવ-આલ્કોહોલ કોઈ પણ દષ્ટિએ પૌષ્ટિક આહાર બની શકે એમ નથી. અન્નનાં બીજાં ઘટકો કરતાં આલ્કોહોલ આસવ જઠર આંતરડામાંથી વહેલો સીધો શોષાઈ શકે છે. અન્ય ખોરાકની હાજરીમાં તેનું શોષણ ઓછું ત્વરિત રહે છે. આથી દારુ-આસવ ભૂખ્યે નરણે કોઠે પીવાની મનાઈ કરાય છે. કોઈ ખોરાક સાથે તે લીધો હોય તો તે ઓછો હાનિકર્તા નીવડે.

શોષાયા પછી આસવ-આલ્કોહોલ સીધો લીવર–યકૃતને પહોંચે છે, ત્યાં તેનું $CO_2$, $H_2O$ માં જારણ થઈ રૂપાંતર થાય છે. તે પછી દેહની બહાર વિસર્જન થાય છે. લીધેલો આસવ માત્ર ૫–૧૦% જેટલો મૂળ સ્વરૂપમાં શ્વાસ કે મૂત્રમાં બહાર નીકળે છે. બાકીનો ૯૦–૯૫% તો પૂરો જારણ થઈને જ દેહમાં વટૂકાર પામે છે.

આસવ જળમાં સહેલાઈથી પ્રસરે છે. એટલે દારૂ પીધા પછી ઝડપથી સમગ્ર દેહના જળમાં વહેંચાઈ જાય છે. રક્તમાં તેનું પ્રમાણ તપાસીએ તો તેના જોખમનો ખ્યાલ આવે. દારૂ પીધા પછી લગભગ ૧½ કલાકે તેનું રક્તમાં માપ સૌથી ઊંચું જાય છે.

બોગને ૧૯૩૨માં રક્તમાં આસવના પ્રમાણ સાથે માનવી—પીનારની સ્થિતિનો સંબંધ વર્ણવ્યો હતો. તેનું સામાન્ય તારતમ્ય આવું છે : રક્તમાં ૧૦૦ મિલિગ્રામ ટકા આસવનું પ્રમાણ હોય ત્યાં સુધી વ્યક્તિ સ્વસ્થ જણાય છે, ૨૦૦ મિ. ગ્રા.% હદે ખુશખુશાલ આનંદમાં આવે છે, પરંતુ ૩૦૦ મિ. ગ્રા.% પ્રમાણ પર પહોંચતાં તેવી વ્યક્તિ બેહૂદી ને બેહાલ રીતે વર્તે છે, ૪૦૦ મિ. ગ્રા.% એ તો તે તદ્દન બેકાબૂ કે બેહોશ બને છે અને ૫૦૦ મિ. ગ્રા. સીમાએ પહોંચતાં શ્વાસના ઠેકાણા વિનાની, ખતરનાક અવસ્થામાં ઊતરે છે.

સામાન્ય રીતે રક્તમાં ૧૫૦ મિ. ગ્રા.% પ્રમાણ વાળાને પીધેલો ગણવામાં આવે છે.

સ્વસ્થ માનવીનું લીવર–યકૃત ૭–૧૦ સી. સી. આલ્કોહોલનું $CO_2$, $H_2O$માં રૂપાંતર એક કલાકમાં કરી શકે છે. અર્થાત્ સ્વસ્થ વ્યક્તિ કલાકના ૭–૧૦ સી. સી. આસવ જીરવી શકે, ઉપયોગ કરી શકે. શરૂ શરૂમાં તો સ્વસ્થ માણસની આસવ હજમ કરવાની શક્તિ સુધરતી જણાય

છે તો વધારે દારૂ પચાવવાની તાકાત તેનું યકૃત–લીવર ધરાવતું જાય છે. પછીથી તેની શકિત મંદ પડતી જાય છે. આમ સ્વસ્થ વ્યકિત રોજના ૧૧૦૦ જેટલી—બેઠાડુ અવસ્થાની જરૂરિયાતના ૪૦% જેટલી—કેલરી દારુમાંથી મેળવી શકે છે. આટલી કેલરી ચાર લિટર બીઅર કે બે લિટર વાઈન કે અર્ધો લિટર સ્પિરિટમાંથી મળી શકે. દારૂનો ઉદ્યોગ સારો વિકસ્યો છે એવા દેશોમાં, પ્રત્યેક માણુસ રોજના ૨૦૦–૩૦૦ કેલરી દારુ આસવ રૂપે લે છે. ગ્રેટ બ્રિટનમાં રોજના દારૂનો વપરાશ એટલો છે કે ૧૦૦ કેલરી રોજના આ રીતે પ્રત્યેક વ્યકિતને મળે. બેશક, આસવમાંથી મેળવેલી કેલરી મોંઘી ને જોખમરૂપ છે, પરંતુ એ અલગ ચર્ચાની વાત છે.

દારૂનું અનિયમિત સેવન થતું હોય ત્યારે એ દ્વારા અનિયમિત ઊર્જા-પ્રાપ્તિ થતી હોય છે. એવી વ્યક્તિના યકૃત પર તેનો અનિયમિત બોજ પડે છે. તે પ્રમાણે યકૃતનું કાર્ય વણસે છે. પશ્ચિમના સમાજમાં તો આસવનું નિયમિત ખાસ કરીને સેવન કરનારી અસંખ્ય વ્યક્તિઓ મળે છે, જે સમાજને વિઘ્નરૂપ થઈ પડતી નથી, કારણુ કે તે પોતાની મર્યાદા જાળવી પીવે છે. દિવસે ટીપું પણુ ન લેતા ન હોય એવા લોકો ત્યાં મળે છે, પરંતુ રાત્રે–નવરાશે, પોતાના સ્થળે, બીજાને જાણુ ન થાય એમ, પીવાની વૃત્તિ સંતોષે છે. તેમનો દાવો હોય છે કે દારૂબંધી માનવ-સ્વાતંત્ર્ય પર એક જાતની તરાપ છે. દારૂનિષેધને વરેલી સરકારનું આરોગ્ય-ખાતું આપણે ત્યાં તેમને " હેલ્થ પરમીટ "–' આરોગ્ય અર્થે ' દારૂ પીવાનો પરવાનો કાઢી આપે છે !

દારૂડિયામાં સૌથી આગળ તરી આવતી પોષણ ન્યૂનતા-વિટામિન ' બી સમૂહ ' સંબંધી હોય છે. તેનું કારણુ એ નથી કે આસવ પચાવવા વધારે વિટામિનની જરૂર રહે છે. વાસ્તવમાં દારુનું આસવનું જારણુ (ઓકિસડેશન) કરતાં ઓછા વિટામિન જોઈએ છે તે કરતાં તો શર્કરા, 'સ્ટાર્ચ', મેંદો પચાવતાં વધારે વિટામિનની જરૂર પડે છે. યકૃત-લીવરમાં આલ્કોહોલની હાજરીમાં ઊલટું પાઈરુવેટનું લેકટેટ જલદી બને છે. આ પાઈરુવેટનો ઉપયોગ કરવા બી વિટામિન બીજી પરિસ્થિતિમા વધારે જોઈએ છે. દર્શાવે છે કે આલ્કોહોલ-આસવનો ઉપયોગ થતો હોય ત્યારે દેહને વિટામિનની જરૂરત ઓછી રહે છે. ત્યારે પ્રશ્ન એ થશે કે આસવના સેવન કરનારમાં વિટામિન બી સમૂહની ન્યૂનતાનાં લક્ષણુ કેમ વધારે જોવા મળે છે ?

આસવ મૂત્રલ છે. વધારે મૂત્ર પસાર કરતાં વધારે વિટામિન મૂત્રમાં શરીર બહાર જતાં રહે છે એથી અતિશય આસવનું સેવન કરનારમાં જળદ્રાવ્ય વિટામિન બી સમૂહની ન્યૂનતા વિશેષ નડે છે.

ઉંદરડા પર પોષણુ પ્રયોગો કરતાં એક આશ્ચર્યજનક બીના મળે છે કે જો ઉંદરડાંને પૂરતાં વિટામિન મળતાં હોય તો તેમના પાંજરામાં પાસે ખુલ્લા મૂકેલા આસવ-આલ્કોહોલના પાત્રને તે અડકતાં પણુ નથી; તેની કોઈ સ્પૃહા પણુ કરતાં નથી. પરંતુ એ જ ઉંદરડામાં વિટામિન ' બી 'ની ન્યૂનતા ઉત્પન્ન કરી હોય તો તે દારૂ-આસવને હોંશે હોંશે સાફ કરી જાય છે. પ્રાણી પરના પ્રયોગ પરથી કહી શકાય કે પોષણુ ન્યૂનતાવાળા લોકો આસવ તરફ વધારે વળશે. પૂરતું પોષણુ પામતા લોકો કદાચ દારૂનું સેવન નહીં કરે. કમ પોષણુવાળી પ્રજામાં દારૂની બદી વહેલી પેસશે ને પ્રસરશે.

આસવપરના પ્રયોગોમાં એડ્રીનલ ગ્રંથિ(કોર્ટેકસ)-ન્યૂનતાનો પુરાવો મળ્યો છે. આધુનિક હાડમારીભર્યું જીવન માનવ મગજ પર એક જાતનો બોજ, ભાર, અંજપો લાદે છે. આવી વેળાએ એડ્રીનલ ગ્રંથિના બાહ્યભાગ-કોર્ટેકસના સ્રાવ આપણને કટોકટીમાંથી ઉગારે છે. આજનું જીવન જ એવું ઘડાયું છે કે નથી એમાં નિરાંત કે શાંતિ. દારૂ-આસવ એડ્રીનલ ન્યૂનતામાં ઉમેરો કરે છે. માનવ તેનું દુઃખ દારૂમાં ડૂબાડવા મથે છે. ત્યારે એડ્રીનલ ન્યૂનતા તેને વધારે ને વધારે અંજપાની અવસ્થામાં દોરી લઈ જાય છે.

આજકાલના અજંપાભર્યા જમાનામાં માનવ શાંતિ ચાહે છે તે મેળવવા અનેક 'ટ્રાન્કવીલાઈઝર' ઔષધોનું સેવન કરે છે. એવાં ટ્રાન્કવીલાઈઝરો પૈકી આસવ એક ઓછી હાનિભર્યું ઔષધ ગણાય.

આસવ જીવન હળવું કરે છે, ક્ષોભ કાઢી નાખે છે, મુક્ત મને વાત કરાવે છે. જીભ સીવી નાખી હોય એવી અબોલી વ્યક્તિને પણ આસવ આપીને વાતોડિયા બનાવાય છે. मूकं करोति वाचालं —એવું પરમાત્માની કૃપાથી બને છે, એમ પ્રાર્થનામાં કહ્યું છે. એક રીતે તેથી એવા બંધાણીનો ઈશ્વર આસવ છે. તે અંતર્લક્ષી (ઈન્ટ્રોવર્ટ) વ્યક્તિને બહિર્લક્ષી (ઍકસ્ટ્રોવર્ટ) બનાવે છે.

તોયે અત્રે ભારપૂર્વક જણાવવું રહ્યું કે આસવ આદિથી અંત સુધી બુદ્ધિ, ચેતા સંહતિની શક્તિને મંદ કરતી વસ્તુ છે. તેના સેવનથી શરૂમાં માનવી કંઈક મુક્તિ અનુભવે છે તે એટલા કારણે કે માનવીને નિત્ય-દમતા, વશ-રાખતા ક્ષોભ તેના થોડા સેવનથી હવે નડતા નથી. બાકી ચેતાની સઘળી ક્રિયાઓ તો પ્રથમથી જ મંદ પડે છે. આપણું આધુનિક જીવન ધમાલભર્યું, ઉતાવળિયું દોડધામવાળું છે. તેમાં ભાગ લેવા સ્વસ્થ ચિત્ત આવશ્યક છે. આસવ લઈ તેમાંથી મુકત બનવાને લોભે કંઈક ભૂલ કરવાને હવે આસવને અવકાશ મળે છે.

સુધરેલા જગતમાં આજે અકસ્માતથી થતા મૃત્યુનું પ્રમાણ ૧૦% જેટલું ઊંચું ગયું છે ને હજુ વધુ ઊંચું જશે. એવા અકસ્માતોના ઊંડાણમાં ઊતરીએ તો આસવનું સેવન સૌથી મહત્ત્વનું કારણ મળે છે.

માપસરના આસવસેવનથી પાચકરસો વધારે ઝરે છે, ભૂખ ઊઘડે છે, પાચન સુધરે છે. સામાન્ય સ્વાસ્થ્ય પણ સારું રહે છે. મર્યાદિત પ્રમાણમાં આસવ લઈ સંપૂર્ણ સ્વાસ્થ્ય અને આવરદા ભોગવનાર અનેક વ્યક્તિઓ નજરે પડે છે. સુખી જીવનની ચાવી તેમને નિત્યના આસવ-સેવનમાં જણાય છે ને નિષ્ઠાપૂર્વક આસવની આદતમાં કોઈ નુકસાન નથી એમ માને છે. તે તેમના જીવનને એવી સારી રીતે ગોઠવી જાણે છે કે આસવનો ઉપયોગ વિક્ષેપ કે વિઘ્ન કરતાં મદદરૂપ વધારે જણાય. પરંતુ એવી હંમેશ મર્યાદા જાળવી શકે એવી વ્યક્તિઓ અતિ વિરલ હોય છે.

આસવનું નિત્ય સેવન કરવું ને ટેવ પડવા ન દેવી એ વિરોધાભાસી વાત છે. જાપાનમાં કહેવત છે તેમ, પ્રથમ માનવ દારૂનું સેવન કરે છે, પછી દારૂ દારૂનું અને છેવટે દારૂ માનવીનું. આમાં છે આસવનું મોટું જોખમ. મોટે ભાગે પછી દારૂ જ માનવીના કરુણ અન્તનું કારણ બને છે.

લાંબા ગાળાના સેવનથી આમાશય (જઠર) તથા યકૃત (લીવર) હ્રાસ પામે છે. તેમાં ફેટ જામે છે. પાચક-રસો ઝરતા નથી. ભૂખ મરી જાય છે. ઉત્તરોત્તર ઓછા આસવનું પણ હવે જારણ કરી ઉપયોગ કરી શકાતો નથી. સઘળા દારૂડિયામાં આગળ જતાં પ્રોટીનન્યૂનતા, પાંડુરોગ, સોજા, હૃદયની મંદતા લાગુ પડે જ છે.

પરંતુ જૂના ગ્રીક કાળથી 'બૅકસ' દારૂના દેવ અને કામની દેવી 'વીનસ'નો ગાઢ સંબંધ જાણીતો છે. એટલો નિર્દેશ કરી નીતિશાસ્ત્રના ક્ષેત્રને અહીં આઘું મૂકીશું.

સઘળી વ્યક્તિઓ સરખા પ્રમાણમાં આસવ જીરવી શક્તી નથી એ જાણીતી વાત છે. વય, જાતિ, પરંપરા, પ્રણાલિ ઇત્યાદિ અનેક બાબતો પ્રમાણે વ્યક્તિ વ્યક્તિમાં ફેર પડે છે. કેટલાક આસવનાં થોડાં ટીપાંથી સમતોલપણું ગુમાવે છે ત્યારે રશિયત રાસ્પ્યુટિન જેવી ઐતિહાસિક વ્યક્તિ ગમે તેટલો દારૂ પી સ્વસ્થ શાંત ને જાગ્રત રહી શકે છે. આસવનું સેવન અધિકારીનું કાર્ય છે.

કવિ દયારામે ગઈ સદીમાં નહોતું ગાયું ?

સોમરસપાન જે શુદ્ધ બ્રાહ્મણ હોય તે કરે,
વગરવંશીને વમળ કરાવે, વેદવાણી ઉચરે.

ટૂંકમાં, આ બાબતમાં પણ બધાને સરખી કુદરતી બક્ષિસ સરખી મળી નથી હોતી.

અંતમાં પાછો ક્રિયાવિજ્ઞાનીની દૃષ્ટિએ પૂછેલા પ્રથમ ત્રણ પ્રશ્નોના ઉત્તર પર આવીશ.

પ્રથમ તો આસવ માનવીની સ્વાભાવિક આવશ્યક્તા નથી. તે વગર માનવી વધારે સ્વસ્થ ને સારી રીતે જીવી શકે છે.

બીજું, આસવ આહાર નથી, અને ત્રીજું, ક્વચિત્ તેનો કેલરી—ઊર્જા અર્થે મર્યાદિત રીતે ઉપયોગ કરી શકાય, પરંતુ તે નિત્યસેવન માટેનું 'ખાદ્ય' તો નથી જ.

# ગ્રન્થાવલોકન

**નરસિંહ મહેતો : એક અધ્યયન :** લેખક અધ્યા. કેશવરામ કાશીરામ શાસ્ત્રી (બાંભણિયા), પ્રકાશક : ભો. જે. વિદ્યાભવન, ર. છો. માર્ગ, અમદાવાદ-૯; પૃ. ૧૬+૩૧૭; મૂલ્ય રૂપિયા પાંચ.

આમ તો નરસિંહ મહેતા વિષે અત્યાર સુધી છૂટક લખાણોમાં ઘણું કહેવાઈ-ચર્ચાઈ ચૂક્યું છે એ સર્વનો આ ગ્રંથમાં મુદ્દાસર વ્યવસ્થિત અને સંક્ષિપ્ત પણ સંકલિત રૂપે સમાવેશ કરવા ઉપરાંત વિદ્વાન લેખકે તેમની સૂક્ષ્મ પર્યેષક દૃષ્ટિથી ચકાસણી કરી છે એટલું જ નહીં પણ તુલનાત્મક અને તલાવગાહી રીતના પોતાના સ્વાધ્યાયની નીપજ રૂપે નવીન અને સંગીન આધારભૂત નિર્ણયો પ્રસ્તુત કર્યા છે. શ્રી ઉમાશંકરનો અખો અને શ્રી ચીમનલાલ ત્રિવેદીનો નાકર વિષે ગ્રંથ છે તેમ શ્રી શાસ્ત્રીજીના પોતાના પ્રેમાનંદ અને ભાલણ વિષેના અધ્યયનગ્રંથોની શ્રેણીમાં 'નરસિંહ : એક અધ્યયન' કીમતી ઉમેરો કરે છે. આજે પ્રકટ થઈ રહેલા શોધપ્રબંધો-(થિસિસ)નો વિચાર કરતાં એમ કહેવાનું પ્રાપ્ત થાય છે કે શ્રી શાસ્ત્રીજીનો પ્રસ્તુત ગ્રંથ (જોકે આ ગ્રંથ ઉપાધિ મેળવવા લખાયેલો પ્રબંધ ન હોવા છતાં) સારા શોધપ્રબંધનો આદર્શ પૂરો પાડે છે.

આરંભમાં, હૈમયુગના અંત સાથે રાસયુગના અનુસંધાનમાં ખડા થતા નરસિંહયુગને ભાષાને ગૌરવાન્વિત કરે અને નવા યુગને સબળ રીતે પ્રેરણા-પોષણ આપે એવા વિપુલ સાહિત્યનો–મુખ્યત્વે કવિતાનો–વિવિધ શાખાઓમાં ફંટાયેલો ધોધબંધ પ્રવાહ મળ્યો હતો, એનું સંક્ષિપ્ત ચિત્ર આપ્યું છે. સાદા દોહરા સોરઠા ચોપાઈના વાહનમાં વ્યક્ત થયેલા હેમચંદ્રે આપેલા દોહલા પછી રાસયુગની કવિતાએ વસ્તુ, રોળા વગેરે માત્રામેળ છંદો અને તેમાંથી દેશીઓનો વિકાસ સાધ્યો. હરિગીતના માપનો પ્રયોગ (સં. ૧૨૪૧) "ભરતેશ્વરબાહુબલિ રાસ" જેટલો જૂનો છે અને ઝૂલણાનો પ્રયોગ સોમગૂર્તિ કૃત "વીવાહલઉ" (સં. ૧૩૩૧)માં ૪૨ કડીઓમાં થયા બાદ "સમરારાસુ"માં (લગભગ સં. ૧૩૭૧) તો ૯ કડીના આખા કડવામાં જ થયો છે એ હકીકત તરફ શ્રી શાસ્ત્રીએ અવતરણો ટાંકી આપણું પ્રથમ વાર ધ્યાન ખેંચ્યું છે. આમ નરસિંહ મહેતા અને ભાલણ સમક્ષ વિવિધ દેશીઓના પ્રચલિત ઢાળો હતા જ અને વિશેષમાં બંગાળાના જયદેવ કવિના "ગીત ગોવિંદ"ના ચોવીસે પ્રબંધો કોઈ ને કોઈ એક દેશીબંધમાં જ પ્રયોજાયેલા છે. તાત્પર્ય કે નરસિંહના દેશી-બંધ એ કોઈ નવીન સર્જન નથી પરંતુ પરંપરાપ્રાપ્ત છે.

લેખક નરસિંહયુગ સુધીનાં રાસ-કાવ્યોના (૧) નાનાં કડવાં-પદ-ભાસ-ઠવણિનાં ઝૂમખાં રૂપ, (૨) એક જ બંધમાં સળંગ અને (૩) ખંડબદ્ધ વૈવિધ્યવાળા લાંબા રાસ–એમ ત્રણ પ્રકાર પાડી, નરસિંહનાં કાવ્યોને પહેલા પ્રકારમાં સમાવે છે, માત્ર 'દાણલીલા'ને બીજા પ્રકારમાં ગણાવે છે. નરસિંહયુગમાં અસ્તિત્વમાં આવેલા આખ્યાનપ્રકારનો પણ લેખક પહેલા પ્રકારના રાસ-કાવ્યમાં જ સમાદર કરે છે. તેઓ જૈન-જૈનેતર તમામ ધાર્મિક કથાનકો આપતાં કાવ્યોને (૧) 'આખ્યાનકાવ્યો' તરીકે અને (૨) બાકીનાં લોકવાર્તાવિષયક કાવ્યોને 'લૌકિકકથાકાવ્યો'

તરીકે ઓળખાવે છે, અને આ બેથી ત્રીજો છૂટાં પદોનો 'આત્મલક્ષી' પ્રકાર જણાવી નરસિંહે (૧) અને (૩) પ્રકારનો વિસ્તાર કર્યો હોવાનું જણાવે છે. અલબત્ત શ્રીકૃષ્ણબાળલીલા વગેરેનાં પદો અને હાર, હૂંડી, મામેરું, વિવાહનાં પદોને આ રીતે આખ્યાનકાવ્ય કહેવામાં શ્રી શાસ્ત્રીજીનું આગવું દષ્ટિબિન્દુ તરી આવે છે.

ભાસનાં નાટકો, તામિલ સાહિત્ય, ભાગવત ઉપરાંત પદ્મ, વરાહ, બ્રહ્મ, બ્રહ્મવૈવર્ત, વિષ્ણુ વગેરે વિવિધ પુરાણો અને ગર્ગસંહિતામાંના સાહિત્યિક ઉલ્લેખો ટાંકી તથા ઐતિહાસિક અવશેષોની ચર્ચા કરી લેખકે, વિદ્વાનોના રાધા અને રાસક્રીડાવિષયક મતમતાંતરોથી અલિપ્ત રહીને તદ્દન તટસ્થ રીતે સંખ્યાબંધ પુરાવા આપીને એમ બતાવવાનો પ્રયાસ કર્યો છે કે રાધાકૃષ્ણની ભક્તિનાં મૂળ જૂનાં હતાં અને એની પરંપરા કવિઓનાં કાવ્યોમાં ઊતરી આવી છે.

આ અધ્યયનગ્રંથના પ્રકરણ ૪ થી ૧૦માં શ્રી શાસ્ત્રીની સમતોલ સંશોધક અને વિવેચક તરીકેની પ્રતિભા પ્રોજ્જ્વલ રીતે પ્રકાશે છે. નરસહિંના સમયનિર્ણય વિષે ભૂતકાળમાં થયેલા સર્વશ્રી નર્મદાશંકર, દલપતરામ, ડાહ્યાભાઈ, હરગોવિંદદાસ કાંટાવાળા, ઇચ્છારામ દેસાઈ, આનંદશંકર, ગોવર્ધનરામ, નરસિંહરાવ, કનૈયાલાલ મુનશી વગેરે વિદ્વાનોના વિસ્તીર્ણ પણ પાંડિત્યપૂર્ણ વાદવિવાદમાંના મહત્ત્વના તમામ મુદ્દાઓનો—કોઈને લેશ પણ અન્યાય ન થાય એ રીતે—પૂર્વપક્ષ તરીકે સાર આપીને શ્રી શાસ્ત્રીજીએ તમામ દલીલોની ઊંડાણપૂર્વક સૂક્ષ્મતઃ યથાર્થતા તપાસી તેના ઉત્તરો આપવાનો સન્નિષ્ઠ પ્રયત્ન કર્યો છે. સર્વશ્રી મુનશી, ધ્રુવ અને દિવેટિયા જેવા વિદ્વાનોએ નરસિંહને જૂના માન્ય સમય( લગભગ ઈ. સ. ૧૪૧૪–૧૪૭૪ )માંથી ખસેડવાને જે જે કારણો આપ્યાં હતાં તેનો ખુલાસો અથવા ઉત્તર આપવાનો પ્રયત્ન કરવામાં લેખકે ખૂબ સાવધાની રાખી છે. કોઈ પણ પ્રકારનો પક્ષાગ્રહ રાખ્યા સિવાય કેવળ સંશોધનબુદ્ધિ અને ઐતિહાસિક દષ્ટિને જ પ્રાધાન્ય આપી લેખકે છેવટે જણાવ્યું છે કે :

"ભવિષ્યોત્તર પુરાણ, બ્રહ્મવૈવર્ત, પદ્મપુરાણ વગેરેની 'કલ્પના કરીને'* નહિ, પણ ગુજરાતમાંની એ પુરાણોની વ્યાપકતા સં. ૧૪૭૮ જેટલી જૂની હોવાથી એ પુરાણકોનાં કથાનકોને પણ વાંચીને ભાગવત-હરિવંશ અને જયદેવના ગીતગોવિંદને વાંચી, પચાવી તન્મયતામાં મહાલતા નરસિંહે પોતાની કવિતાધારા વહાવી હતી એમ કહેવામાં શાને સંકોચ હોવો જોઈયે ?" (પૃ. ૧૩૬)

નરસિંહ પર ચૈતન્યની તો કોઈ પણ જાતની અસર હોવાનો સંભવ જ નથી, એ મુદ્દાને શ્રી શાસ્ત્રીજીએ સારી રીતે સ્પષ્ટ કર્યો છે. વળી 'હારમાળા'ની સં. ૧૬૭૫ની જૂની હાથપ્રતમાંથી આધારો આપી તથા સર્વસંપ્રાપ્ત સાધનોના સંદર્ભ-અન્વય દ્વારા લેખકે કૌશલપૂર્વક સૂચવ્યું છે કે નરસિંહ મહેતાનો સમય નિદાન રા'માંડલિક ૫ માના રાજ્યકાળ( સં. ૧૪૮૮–૧૫૨૯ )માં જ નિશ્ચિત હોવાનું માની શકાય તેમ છે.

નરસિંહના કાલનિર્ણયને લગતા પ્રશ્નોની પ્રામાણિક અને સવિવેક થયેલી રજૂઆત—અત્યારના સંદર્ભમાં—જો કે દીર્ઘસૂત્રી લાગે છતાં લેખકની નિરૂપણપદ્ધતિને લીધે તે નીરસ કે

* 'કલ્પના કરીને' એ શબ્દો શ્રી આનંદશંકર ધ્રુવના છે.

નકામી લાગતી નથી. વિશેષમાં, એક જ કોયડાને લગતી વિગત એક સ્થળે મેળવ્યાનો વાચકપક્ષે લાભ છે.

નરસિંહનાં ચરિત્રો ગુજરાતના અને અન્ય પ્રાંતના કવિઓએ પણ ગાયાં છે, પરંતુ નરસિંહે પોતે જ પોતાનાં રચેલાં (૧) મામેરું (૨) વિવાહ (૩) હૂંડી (૪) ઝારી અને (૫) હાર—એ પાંચ સ્વચરિતાત્મક કાવ્યોના અભ્યાસનો આધાર લઈને શ્રી શાસ્ત્રીજીએ કવિની દિવ્ય પ્રતિભામાં વ્યક્ત થતું નરસિંહનું પોતાનું પ્રામાણિક શબ્દચિત્ર ઉપસાવવાનો સફળ પ્રયાસ કર્યો છે.

પ્રકરણ ૧૧માં નરસિંહ મહેતાએ પોતાનું અનેકવિધ સાહિત્ય જે ગેય દેશી ઢાળોમાં (શ્રી શાસ્ત્રીને મતે પાછળથી 'દેશી' સંજ્ઞા પામેલા બધા હકીકતે 'ઢાળ' જ છે, શુદ્ધ છંદ તો નથી જ, તેમાં 'ઝૂલણા' પણ અપવાદરૂપ નથી !) યોજ્યું છે તે ઢાળો પૈકી મુખ્યત્વે નરસિંહે પ્રયોજેલી દોહરો, ચોપાઈ, હરિગીત, સવૈયા અને ઝૂલણા–ની દેશીઓની શ્રી શાસ્ત્રીજીએ ઉદાહરણોસહ સંક્ષિપ્ત ચર્ચા કરી છે. નરસિંહે પ્રયુક્ત કરેલી બીજી પણ કેટલીક દેશીઓનાં ઉદાહરણ આપીને તેમણે અંતે નોંધ્યું છે કે ભાલણથી દયારામ પર્યંત યોજાયેલ દેશી ઢાળોમાં ગેયતા અને માધુર્યની દષ્ટિએ ઉદ્ભવેલા અનેક પેટાપ્રકારો નરસિંહમાં ખાસ અનુભવાતા નથી. અહીં તો આછો આરંભ જ માત્ર જોઈ શકાય છે.

'નરસિંહ ઉપર પૂર્વના સાહિત્યકારોનું ઋણ'નું ૧૨મું પ્રકરણ ઘણી અભ્યાસસામગ્રી પૂરી પાડે છે. વિવિધ ઉદાહરણોને આધારે વિશદ ચર્ચા કરતાં લેખકે આ પ્રમાણે પ્રતિપાદન કરવાનો પ્રયત્ન કર્યો છે કે :

(૧) પોતાને પ્રાપ્ત વેદ, ગીતા, ભાગવતાદિ પુરાણોની દીર્ઘ પરંપરાનો નરસિંહને સારો પરિચય હતો અને એની સ્વયંભૂ પ્રકારની ઉજ્જ્વલ પ્રતિભાને એનું સારું ભાથું મળ્યું હતું. છતાં પોતાની સ્વાયત્ત પ્રતિભાને લીધે પોતાની આગવી રીતે નરસિંહે કરેલું પ્રદાન વિશિષ્ટ પ્રકારનું ઠરે છે.

(૨) નરસિંહ જયદેવને, તેના ચરિતને અને 'ગીત ગોવિંદ'ને સારી પેઠે જાણે-સમજે છે. 'ચાતુરીઓ'માં ઘણે ઠેકાણે 'ગીત ગોવિંદ'ના પડઘા સંભળાય છે. બેત્રણ સ્થળે તો 'ગીત ગોવિંદ'માંના શબ્દોનો જ ઉપયોગ થયેલો જણાય છે. છતાં નિરૂપણમાં નરસિંહની વિશિષ્ટતા વરતાઈ આવે છે.

(૩) નરસિંહ કબીર(૧૩૨૪–૧૪૪૯)નો તેમ જ નામદેવ(૧૨૭૨–૧૩૫૧)નો પણ ઉત્તરકાલીન હતો. 'હારમાળા'માં તે બન્નેનો એકી સાથે ઉલ્લેખ કરે છે :

"**નામા**નું છાપરા છાહિ આપ્યૂં, **કબીરા**ની અવિચલ વાણી."

પરંતુ શ્રી શાસ્ત્રીજી સ્પષ્ટતાપૂર્વક જણાવે છે કે નરસિંહ ઉપર કબીરનાં જ્ઞાનાશ્રયી પદોની કોઈ ખાસ અસર પડેલી જણાતી નથી, પણ 'હાર સમેનાં પદો' જોતાં તો તેના અને નામદેવના અભંગોના વિચારો અને ભાવોમાં તથા ઝૂલણાના ઢાળસ્વરૂપમાં ('વિઠ્ઠલ' વગેરે શબ્દોના વ્યાપક ઉપયોગમાં પણ) 'ઊડીને આંખે વળગે તેવું' સામ્ય જોવા મળે છે.

છેલ્લા પ્રકરણમાં તેમણે નોંધ્યું છે કે આત્મચરિતનાં પદો આપવાની પરંપરા નરસિંહને નામદેવના અભંગોમાંથી મળી હોય એમ જણાય છે છતાં "નરસિંહ નામદેવથી આ દિશામાં કયાંય આગળ વધી ગયો છે." (૨૨૪). તેમણે આત્મચરિતની કૃતિઓ, આખ્યાનકોટિની નિરૂપણાત્મક કૃતિઓ, જ્ઞાન-ભક્તિ-નિરૂપક તેમ જ ઉપદેશાત્મક પદો અને ઊર્મિના ઉછાળા લેતાં રસપ્રચુર—આત્મલક્ષી કહી શકાય એવાં—ભાવગીતો : "આ સર્વમાંથી ચૂંટીને પુષ્કળ ઉદાહરણો આપી નરસિંહની ઉચ્ચ આગવી કવિપ્રતિભાનો પરિચય કરાવ્યો છે. વિશેષમાં, ઉભય શૃંગાર, હાસ્ય, કરુણ, અદ્ભુત, બીભત્સ અને શાંત રસોનું નિર્વહન કરનારાં તથા વિવિધ શબ્દાર્થાલંકારોને સ્ફુટ કરનારાં વીણી વીણીને ઉદાહરણો ટાંકીને વિવેચક શાસ્ત્રીએ સ્પષ્ટ કર્યું છે કે નરસિંહ પ્રથમ ભક્ત અને પછી કવિ હતો. એટલે તેમની કવિતામાં ક્યાંય કૃત્રિમતા કે કૃતકતાનો આભાસ જણાતો નથી અને તેથી કવિતામાં—અલબત્ત જૂજ પ્રમાણમાં—અલંકારો કોઈ પણ પ્રકારના આયાસ વિના યથાસ્થાને યોજાઈ ગયા છે. નરસિંહ જેમ આપણો આદિ કવિ છે, તેમ સર્વથા સમર્થ કોટિનો સર્જક રસકવિ છે, તેથી કાંઈ તેણે સૈદ્ધાંતિક રચનાઓ પરત્વે કોઈ વિશિષ્ટ પ્રકારનું પ્રદાન કર્યું છે એમ તો કહી શકાય નહીં; પરંતુ લેખક કહે છે તેમ આંગળીને ટેરવે ગણાય તેટલાં થોડાં જ્ઞાનાશ્રયી અને કેટલાંક ભક્તિપદો ખરેખર કવિત્વપૂર્ણ છે.

પ્રકરણ ૧૩માં શ્રી શાસ્ત્રીજીએ નરસિંહના તત્ત્વજ્ઞાન અને ભક્તિદર્શનની સંક્ષિપ્ત પણ સોદાહરણ સમાલોચના કરી છે. એમાં એમણે તારવેલો નિષ્કર્ષ ધ્યાન ખેંચે એવો છે. કનકકુંડળના ઉદાહરણદ્વારા " નરસિંહ ' અવિકૃત–પરિણામવાદ ' કિંવા ' અખંડ બ્રહ્મવાદ 'નો શુદ્ધાદ્વૈત સિદ્ધાંત ઉપસાવી આપે છે. " બ્રહ્મની જ ક્રીડારૂપ સમગ્ર બ્રહ્માત્મક સૃષ્ટિની ઉત્પત્તિમાં માયા કે અવિદ્યા જેવી વચ્ચે વ્યવધાનરૂપ બનેલી વસ્તુનો નરસિંહની કવિતામાં કયાંય નિર્દેશ થયેલો નથી. આ અદ્ભુત ખેલચિત્ત અને ચૈતન્યનો સમગ્ર વિલાસ છે, છતાં એ પૂર્ણ છે. પોતે પોતાના ખેલમાં જ સર્વત્ર વિલસી રહ્યો છે—એમ શિવ-જીવની એકાત્મકતાનું આરોપણ શ્રી શાસ્ત્રીજી નીચેના અપ્રસિદ્ધ પદ દ્વારા કરે છે :

" તેહ તું, તેહ તું જેહેને જોતો ફરે. આત્મ-અનુભવે જોને વિચારી.
આતમ-દરસે તું આપ સંભાલી જો : શું ભમ્યો સપને તે જોને ધારી "

પરંતુ આ રીતે ઘટાવવામાં–અને તે પણ થોડાંક જ પદોને આધારે–નરસિંહ કોઈ ચોક્કસ દર્શન-ચોકઠામાં ગોઠવાઈ જવાની ભીતિ કે ભ્રાન્તિ ઊભી થાય છે. એટલે પ્રકરણના અંતે લેખકે કરેલું કથન વધુ સ્વીકાર્ય બને છેઃ

"નરસિંહ મહેતો પોતાને કોઈ સિદ્ધાંતપ્રસ્થાપક આચાર્ય કહેવા નથી માગતો; એના ભક્તહૃદયને ઉપનિષદો-ગીતા-ભાગવતના પરિશીલનથી જે સમઝાયું છે તે આપવાનો એનો સ્વાભાવિક, આયાસ-વર્જિત પ્રયત્ન છે. એના કથનની એક જ વિશિષ્ટતા છે કે એ કોઈ સંપ્રદાયમાં ઝકડાયેલો હોય એવી રીતે ખંડનમંડનમાં પડતો નથી અને સિદ્ધાંત જ નિરૂપી લે છે." (પૃ. ૨૧૩)

આશા છે કે આ અધ્યયનગ્રંથને વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને સાહિત્યરસિકોનો આવકાર સાંપડશે.

મહેન્દ્રકુમાર મો. દેસાઈ ( કુમાર )

**પ્રેમસખી પ્રેમાનંદ :** લેખક હરિપ્રસાદ ત્રિ. ઠક્કર; પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, મહાત્મા ગાંધી રોડ, અમદાવાદ–૧; પૃ. ૬૬૭, કિંમત : રૂા. ૧૫.

મહાનિબંધની આડપેદાશરૂપે 'તુલસીવિવાહ'નું સંપાદન પ્રસિદ્ધ કર્યા પછી ડૉ. ઠક્કરે 'પ્રેમસખી પ્રેમાનંદ' એ શીર્ષક હેઠળ પોતાનો મહાનિબંધ પ્રસિદ્ધ કર્યો છે. 'પ્રેમસખી' સ્વામિનારાયણ સંપ્રદાયના કવિવૃંદમાંના એક મહત્ત્વના ભક્તકવિ હતા. સહજાનંદસ્વામીમાં સ્વયં શ્રીકૃષ્ણનો ભાવ ધારણ કરી એમણે સદ્ગુરુનું પરમ દૈવત સ્વીકાર્યું હતું. એથી 'પ્રેમસખી'-ના ક્ષર-અક્ષર જીવનનું કેન્દ્ર એમના ઇષ્ટ સ્વામિનારાયણ રહ્યા છે.

'પ્રેમસખી'ના ક્ષરજીવન વિશે અલ્પ માહિતી સુલભ છે. પરંતુ એમનું વિપુલ પદ્ય-સાહિત્ય સુપ્રાપ્ય હોવાથી ડૉ. ઠક્કરને અભ્યાસની સારી તક મળી છે. 'પ્રેમસખી'ના ક્ષર-અક્ષર જીવનની વિગતો મેળવવા માટે અને મળેલી વિગતોની ચકાસણી માટે ડૉ. ઠક્કરે ઠીક ઠીક જહેમત ઊઠાવી છે, એની પ્રતીતિ પ્રસ્તુત ગ્રંથ કરાવે છે.

ક્ષર-જીવન આલેખતાં ડૉ. ઠક્કરે કિંવદન્તિઓને શક્ય તેટલી દૂર રાખવાનું વલણ સ્વીકાર્યું છે. તે યોગ્ય જ છે. સમયરંગની સંક્ષિપ્ત ભૂમિકા રચીને 'પ્રેમસખી'ની જીવનરેખા ઉપસાવતાં ડૉ. ઠક્કરે 'પ્રેમસખી'ના જન્મકાળ અંગે નિર્ણય પર આવવાનો પ્રયત્ન કર્યો છે. (પૃ. ૬૮ પર) એ જણાવે છે કે કવિનો જન્મસમય આશરે સંવત ૧૮૩૫નો નક્કી રાખીશું' આ નિર્ણય માટે એમની પાસે કવીશ્વર દલપતરામના અનુમાનનો આધાર છે. કવીશ્વરના અનુમાનને એમણે 'તર્કબદ્ધ' કહ્યું છે; પરંતુ એ શાથી 'તર્કબદ્ધ' છે, એ સ્પષ્ટ કરી આપ્યું નથી. અને જો 'પ્રેમસખી'નું આ જન્મવર્ષ સ્વીકારીએ તો પૃ. ૭૩ પરનું 'મધ્યયુગીન પ્રેમલક્ષણા ભક્તિ-ધારાના સાહિત્યસ્વામીઓના અનુસંધાનમાં જોતાં પ્રેમસખી કાળાનુક્રમે એ ધારાના દયારામ પહેલાંના મહત્ત્વના પ્રતિનિધિ છે' એ વિધાન વિસંગત જ બને.

'પ્રેમસખી'ના સમગ્ર સાહિત્યરાશિનું કેન્દ્ર સ્વામિનારાયણીય ભક્તિ હોવાથી ડૉ. ઠક્કરે ઉચિત રીતે જ ગ્રંથના બીજા પ્રકરણમાં સંપ્રદાયની વિચારધારાની રૂપરેખા આપી છે. સ્વામિ-નારાયણીય ભક્તિ તત્ત્વતઃ પ્રેમલક્ષણા ભક્તિધારાનો એક વિશિષ્ટ સ્રોત હોવાથી 'પ્રેમસખી'માં પ્રેમલક્ષણા ભક્તિનો પ્રવાહ પણ સમાન બળમાં વહ્યો છે. ડૉ. ઠક્કરે આથી જ કદાચ પ્રકરણ એકમાં પ્રેમલક્ષણા ભક્તિપ્રણાલીનો ઐતિહાસિક વિકાસ આપવાનું યોગ્ય ગણ્યું છે. પરંતુ આ વિકાસરેખા ટૂંકાવીને સ્વામિનારાયણ સંપ્રદાયની રૂપરેખામાં સંપ્રદાયના સત્શાસ્ત્રોનો આપ્યો છે તેથી પણ વધુ વિસ્તારી પરિચય કરાવ્યો હોત તો 'પ્રેમસખી'ની કૃતિઓના ઉકેલમાં વધુ ઉપકારક નીવડત, એમ લાગે છે. પ્રેમલક્ષણાભક્તિપ્રણાલી નિરૂપતાં એની ભાવસૃષ્ટિના સંદર્ભમાં ડૉ. ઠક્કર ક્યારેક 'ભક્તિશૃંગાર' તો ક્યારેક 'શૃંગારભક્તિ' એમ બે રીતે શબ્દો પ્રયોજે છે. શબ્દરચનામાં દેખાતો આ ભેદ સહેતુક છે? –લાગતું નથી. આજ પ્રકરણના પૃ. ૧૯ પર 'મધ્યકાલીન યુગ' જેવો અશુદ્ધ પ્રયોગ પણ જડ્યો છે.

'પ્રેમસખી'ના સાહિત્યને વિષયવૈવિધ્ય પ્રમાણે નવ વર્ગોમાં વહેંચી પ્રકરણ ચારથી અગિયારમાં એનો વિગતપૂર્ણ અભ્યાસ હાથ ધર્યો છે. 'પ્રેમસખી'નો વિશેષ કલાવૈભવ વિયોગની

કાવ્યસૃષ્ટિમાં જોવા મળે છે. કૃષ્ણ-રાધાની વિરહસૃષ્ટિ સદ્‌ગુરુ સહજાનંદના સંદર્ભમાં ' પ્રેમસખી ' એ નિરૂપી છે. એમના સમગ્ર સાહિત્યમાં હૃદયદર્દથી ભરપૂર આ વિરહનાં પદો વિશેષ સ્મરણીય રહેશે, એ નિઃશંક. પ્રકરણ બારમાં ડૉ. ઠક્કરે ' પ્રેમસખી ' ની કવિત્વશક્તિનું મૂલ્યાંકન હાથ ધર્યું છે. મધ્યકાલીન ભક્તકવિઓને મન કાવ્યપ્રવૃત્તિ એ સાધ્ય નહીં પરંતુ પોતાના ઇષ્ટ પ્રતિ હૃદયોર્મિઓને અભિવ્યક્ત કરવાનું એક સાધન માત્ર હતી, એથી કાવ્યત્વનું મૂલ્યાંકન કદાચ ભક્તહૃદયને અન્યાયકર્તા નીવડે; પરંતુ ભક્તો તો સ્તુતિ-નિંદાથી મુક્ત એટલે એમની હૃદયોર્મિનું કાવ્યત્વ તપાસવામાં કદાચ ટીકા કરવી પડે તો એનો એમને રંજ નહીં જ. ડૉ. ઠક્કરે ' પ્રેમસખી ' ની હૃદયોર્મિનું કાવ્યત્વ તપાસતાં પરંપરાના કવિઓ સાથે તુલના કરી છે, પરંતુ એ અત્યન્ત મિતાક્ષરી નોંધ જેવી બની છે. પછી ' પ્રેમસખી ' ની ભાષાશક્તિની ચર્ચામાં પણ સ્થૂળ વર્ગીકરણના સહારે વિગતો જ મુકાઈ છે, એથી આ પ્રકરણ એક રીતે અપૂર્ણ રહે છે, એમ કહી શકાય—એમ છતાં ' પ્રેમસખી ' ના સાહિત્યરાશિને વ્યવસ્થિત વર્ગીકરણમાં મૂકી સ્વામિનારાયણ સંપ્રદાયના એ મહત્ત્વના કવિના અક્ષરદેહનું વિશદ અધ્યયન સંપ્રદાયભક્તો તેમજ અભ્યાસીઓ માટે સુલભ કરી આપ્યા બદલ ડૉ. ઠક્કરને અભિનંદન.

સુભાષ મ. દવે

* * *

**ગુજરાતના પાટીદારો :** લે. ડૉ. ભાઈલાલભાઈ પટેલ ( ભાઈકાકા ), પટેલ પ્રકાશન, વલ્લભવિદ્યાનગર. પૃ. ૮૨. કિં. ૧–૫૦.

જીવનના પૂર્વાશ્રમમાં ઈજનેર તરીકે અને ઉત્તરાવસ્થામાં સક્રિય રાજકારણી તરીકે લોકહિતૈષી કાર્યો કરનાર પૂ. ભાઈકાકાને ગુજરાતમાં કોણ નહીં ઓળખતું હોય ! સફળ વહીવટકર્તા, વિરોધપક્ષના નેતા, કેળવણીકાર અને ગ્રામજીવનના સ્વપ્નદ્રષ્ટા—એ એમના જીવનનાં બહુવિધ પાસાં છે. વિદ્યાનગરના વિશ્વકર્મા તરીકે ઓળખાયેલા ભાઈકાકાના જીવનની ક્ષણેક્ષણ કેવી મૂલ્યવાન હતી તે તો એમના અંતિમ દિવસોમાં તેમણે જે લેખનકાર્ય હાથ ઉપર લીધું હતું તેમાંથી સમજાય છે. આત્મકથાનું પુસ્તક ' ભાઈકાકાનાં સંસ્મરણો ', મુખ્યત્વે ચરોતરની પાટીદાર કોમનો ઇતિહાસ આલેખતું ' ગુજરાતના પાટીદારો ' તથા હજી હમણાં જ વલ્લભવિદ્યાનગરની રજતજયંતી પ્રસંગે પ્રકાશન પામેલું ' લંકાનો સ્થળવિચાર ' એમનાં મરણોત્તર પ્રકાશનો છે.

' સંસ્મરણો 'માં એમણે એક જગાએ કહ્યું છે કે, ' દુનિયાના કોઈપણ દેશ કરતાં ભારતમાં એક વિશિષ્ટતા નજરે પડે છે, અને તે છે તેની વિવિધ જ્ઞાતિઓ. જ્ઞાતિસંસ્કાર તો હજારો વર્ષનો પરિપાક છે. પેઢીઓના જ્ઞાતિસંસ્કાર બાળકોમાં ઊતરી આવ્યા છે. જ્ઞાતિપ્રથામાં બીજાં ગમે તેટલાં દૂષણ હોય, પણ એક મોટો ફાયદો તો થયો જ છે કે જે તે જ્ઞાતિએ શ્રેષ્ઠ પુરુષોને જન્મ આપ્યા છે. . . ખેડૂતોએ સુંદર ગ્રામવ્યવસ્થા ગોઠવી, ગામડાંને આબાદ કર્યાં અને આબાદ ગામડાંએ દેશની આબાદીમાં વધારો કર્યો. આ બધું જ્ઞાતિઓને લીધે જ શક્ય બન્યું.... આપણા દેશની જ્ઞાતિપ્રથામાં પણ એવરેસ્ટ જેવાં શિખરો નીકળી આવ્યાં છે '. સરદાર વલ્લભભાઈ અને વિઠ્ઠલભાઈ, મોતીભાઈ અમીન અને ગોપાળદાસ દરબાર, મણિબેન અને ડાહ્યાભાઈ પટેલ,

ભાઈકાકા અને ભીખાભાઈ સાહેબ, એચ. એમ. પટેલ અને આઇ. જી. પટેલ, ઇશ્વર પેટલીકર, ત્રિભુવનદાસ પટેલ અને બીજા અનેક મહાનુભાવોએ દેશસેવા, રાજકારણ, કેળવણી, વેપારઉદ્યોગ, વહીવટી સેવા, સાહિત્ય, કલા આદિ ભિન્નભિન્ન ક્ષેત્રોમાં નામના મેળવી છે એ હકીકત જ ઉપર કરેલા વિધાનને સાર્થક કરે છે. એટલે સહેજે ભાઈકાકાને એવો વિચાર ઝબકે કે ખેડા જિલ્લાના પટેલોમાં એવી કઈ વિશેષતા છે કે જેથી ખેડૂતવર્ગમાંથી પણ મહાનપુરુષો પેદા થઈ શકયા. 'ગુજરાતના પાટીદારો 'એ આવી વિચારપ્રક્રિયાનું મૂર્ત ફલસ્વરૂપ છે.

ચરોતરના ખેડૂતોએ ગુજરાતના જનજીવનમાં અને ઇતિહાસમાં અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું છે. બારડોલી અને ખેડાના સત્યાગ્રહમાં જન્મેલી લોકશક્તિએ ચરોતરને ભારતના નકશામાં સ્થાન અપાવ્યું છે. આ ચરોતર કે ચારુતર શબ્દનું નામકરણ છેક અકબરે દાખલ કરેલી જમાબંધી સુધી પાછે પગલે આપણને લઈ જાય છે. ખેતીની દૃષ્ટિએ સારાંનબળાં વર્ષોને ધ્યાનમાં રાખી ઓછીવત્તી ( ચડઉતર ) મહેસૂલ ઉઘરાવવાની પદ્ધતિ જે ગામો કે પ્રદેશોએ કબૂલ રાખેલી તે ગામો યા પ્રદેશો ચડાતર, ચડાઉતર કે ચરોતર તરીકે ઓળખાયાં. અને આબાદ બનેલાં આ ગામડાં ' ચારુન્તર ' બને એમાં શી નવાઇ ! ચરોતર તો ગુજરાતનો બાગ છે. અહીં અન્નપૂર્ણાના ચારે હાથ છે; હરિયાળી ક્રાંતિનો નાદ બહારથી ગજવવાની જરૂર નથી. અહીં ગ્રામજીવનનો સહકાર દૂધમંડળી દ્વારા યોગ્ય રીતે સાકાર બન્યો છે. શ્વેતક્રાંતિ શબ્દ તો પાછળથી યોજાયો અને દેશવ્યાપી ' મીલ્ક ગ્રીડ 'નું તો હજી સ્વપ્ન જ આવ્યું છે. ' કાચું સોનું પકવનાર, એ છે ગુજરાતનો પાટીદાર ' એ સૂત્રને ચરિતાર્થ કરતા મુખ્યત્વે તમાકુ જેવા રોકડિયા પાક પકવનાર આ જ પાટીદારો છે. ધંધાર્થે, જીવનનિર્વાહાર્થે પણ તેમણે ઠેઠ આફ્રિકા સુધી પહોંચી જવામાં પાછી પાની કરી નથી. ઈશ્વર પેટલીકર સાચું જ કહે છે કે ચરોતર પાટીદારોનું પિયર અને સાસરું આફ્રિકા બની ગયાં છે. ૧૮૭૯નું ' બોમ્બે ગેઝેટિયર ' નોંધે છે : ' લોકો ઉદ્યમી ખેડૂતો છે, સમૃદ્ધ છે. સુવ્યવસ્થિત બાંધેલાં મોટાં મકાનોમાં રહે છે. લેઉવા પાટીદારો ભારે મહેનતુ અને પ્રગતિશીલ ખેડૂતો છે...., આજે પણ ગુજરાતમાં ખેડા જિલ્લો ગીચ વસ્તીવાળો, અક્ષરજ્ઞાનનું પ્રમાણ વિશેષ, તેમ જ પ્રગતિશીલ અને સમૃદ્ધ પ્રદેશ ગણાય છે.

પરંતુ એ પ્રગતિ અને સમૃદ્ધિ શી રીતે થઈ ? રોમ કંઈ રાતોરાત બંધાયું નહોતું. એની પાછળ સૈકાંઓનો ભગીરથ પુરુષાર્થ પડેલો હતો. ચરોતર પ્રદેશ અને તેના ખેડૂતોની પ્રગતિ અને સમૃદ્ધિ પાછળ પણ આવો જ ભગીરથ પુરુષાર્થ પડેલો છે. એણે જે લીલીસૂકી જોઈ છે, તેનો નવસો વર્ષનો ઇતિહાસ સાક્ષી છે એમ બતાવી, ભાઈકાકા આ પુસ્તકમાં પાટીદારોનું અસલ વતન, આ પ્રદેશમાં આગમન, વસવાટ, ગ્રામ અને શહેરી જીવનમાં તેમણે ભજવેલો ભાગ, ખેતી વેપાર-વણજ વગેરેમાં સાધેલી પ્રગતિનું સર્વેક્ષણ કરે છે. એક રીતે કહીએ તો ચરોતરનાં ગામડાંઓમાં નવો પ્રાણ ફૂંકનાર જીવનરીતિનું આ સર્વેક્ષણ છે. તેઓ કહે છે કે સોલંકીઓની, ખેતીને ઉત્તેજન આપી પ્રદેશને આબાદ કરવાની શુભનીતિનું પરિણામ એ આવ્યું કે ગુજરાત સમૃદ્ધ બન્યું. ખંભાત બંદરનો વિકાસ થયો અને અહીંના વ્યાપારીઓની હૂંડી વેનિસના બજારમાં સ્વીકારાવા લાગી. ઠેઠ વાઘેલાઓના કાળ સુધી એ આબાદી ટકી. પરંતુ અલાઉદ્દીને ગુજરાતને પાયમાલીના પંથે મૂકયું. અહમદશાહે સ્થિરતા લાવવા સંનિષ્ઠ પ્રયત્નો કર્યા. મહંમદ બેગડાના વખતમાં ફરી ખેતી સમૃદ્ધ થઈ. ખેડૂતોમાં સ્વમાન પ્રગટયું અને ' અમારા રાજયમાં તો જાર બાજરી પાકે છે પણ ગુજરાતના

સુલતાનોને ઘેર તો મોતી પાકે છે' એવું પ્રશસ્તિવચન પણ લોદી બાદશાહો પાસેથી કઢાવ્યું. ભાઈકાકાના એક પૂર્વજ જેસંગ પટેલના વખતમાં તો 'પાટીદારોનું એકએક ગામ એકએક રજવાડું હતું' એવી પ્રશંસા પણ થઈ હતી. મોગલો, મરાઠાઓ અને અંગ્રેજોના સમયમાં સમયાનુસાર કુશળતાપૂર્વક તેઓ સમાજજીવનના પ્રવાહમાં ભળી ગયા.

હિંદ સ્વરાજ્યની લડતમાં પણ તેઓ પાછા પડયા નથી, એમ બતાવી ભાઈકાકા એક કિસ્સો નોંધે છે. ૧૯૧૮માં ખેડામાં દુકાળ પડ્યો ત્યારે જમીન મહેસૂલ માફીની અરજી તે વખતના કમિશ્નર મિ. પ્રેટે નામંજૂર કરી; ત્યારે એક સભામાં ખેડૂતો અને મિ. પ્રેટ વચ્ચે થયેલો સંવાદ જોવા જેવો છે—

'...અમને ગાંધીજીની દોરવણી પ્રમાણે સત્યાગ્રહ કરવાની શ્રી વિઠ્ઠલભાઈ પટેલે પણ સલાહ આપી છે. આપ એમ નહીં કહી શકો કે એમને મહેસૂલી ખાતાનો અનુભવ નથી; કારણકે એ પોતે ખેડૂતના દીકરા છે. આપ એમ નહીં કહી શકો કે એમને કાયદાનું જ્ઞાન નથી; કારણકે એ બેરિસ્ટર છે. આપ એમ નહીં કહી શકો કે એ બેજવાબદાર છે; કારણકે એ કાઉન્સિલના સભ્ય છે. અને વિઠ્ઠલભાઈ પટેલે જો અમને એવી સલાહ આપી હોય તો આપને શું કહેવાનું છે તે મહેરબાની કરી જણાવશો ?' મિ. પ્રેટનો જવાબ: 'યાદ રાખો, જો તમે મહેસૂલ નહીં ભરો તો તમારી જમીનો જપ્ત થશે. તે પાણીને મૂલે વેચાશે. આજે તમે જમીનદાર છો, પણ આવતીકાલે તમે મજૂર બની જશો. સરકાર જોશે કે સાત પેઢી સુધીયે જમીન તમારે ઘેર પાછી નહીં ફરે. આ હું કહેતો નથી. પણ ગવર્નર સાહેબનો હુકમ છે. આ રહ્યો તે મારી પાસે.' એમ કહી તેમણે ગજવામાંથી એક કાગળ કાઢી બતાવ્યો. આ સાંભળી એક બીજો પાટીદાર ડોસો ઊભો થયો. એણે કહ્યું—'સાહેબ, અંગ્રેજોની ઘણીઘણી શોધો અમે જોઈ છે; કંઈક તે વિશે સાંભળ્યું છે પણ ખરું; પરંતુ હજુ સુધી એવી કોઈ શોધની અમને ખબર નથી કે અમારી જમીન નીચે પૈંડાં મુકાશે અને તે વિલાયત લઈ જવામાં આવશે. સાહેબ અમારી જમીન તો અહીં જ રહેવાની છે. અમે જોઈશું કે કોનું હળ અમારી જમીનમાં આવે છે.'

કહેવાની જરૂર ખરી કે અંતે ધાર્યું જ પરિણામ આવ્યું. જનમત આગળ સરકારે નમતું જોખ્યું. જમીન મહેસૂલ માફ થયું. પણ ઉપરના સંવાદ વખતે આપણા મનપ્રદેશમાં પન્નાલાલની 'માનવીની ભવાઈ'નો કાળુ આપણને સહેજે યાદ આવી જાય છે. એવી જ રીતે બારડોલીના 'રિવિઝન સેટલમેન્ટ'ના વિરોધમાં સરદારશ્રીએ પ્રજાને મક્કમ દોરવણી આપેલી: 'અંગ્રેજ રાજ્યની શરૂઆતથી જ આપણે કરવેરા ભરીએ છીએ અને આપણા પૈસા વડે સરકારે તોપો અને મશીનગનો ખરીદી છે. એમને અહીં લાવવા દો, જેથી કરીને આપણાં છોકરાં એ જુએ અને એના ઉપર ચડીને રમે !' આમ ગંભીર બાબતને પણ સરદારે હસી કાઢી, પ્રજાને નિર્ભયતાનો મંત્ર આપ્યો. આવા તો અનેક પ્રસંગો આ પુસ્તિકામાં જોવા મળે છે.

ઠેઠ અત્યારના રાજકારણમાં પણ પાટીદારોએ ખેતી અને ખેડૂતોની સમસ્યાઓને હલ કરવામાં તથા જાહેરજીવનમાં પડી લોકમત કેળવવામાં કેવો સક્રિય ફાળો આપ્યો છે તેની માહિતી પણ છેવટનાં પાનાંઓમાં આપી છે. બ્યાશી વર્ષની ઉંમરે પણ કાર્યવ્યસ્ત ભાઈકાકાએ પોતાની

ખમીરવંતી અને બહાદુર કોમનું રસળતી શૈલીમાં સુંદર નિરૂપણ કર્યું છે; છતાં એ નિરૂપણમાં છે. ઐતિહાસિક દૃષ્ટિનું વિસ્મરણ ક્યારે પણ થયું નથી તે આ પુસ્તિકાનું એક વિશિષ્ટ લક્ષણ છે.

**રમેશ એમ. ત્રિવેદી**

**સ્મૃતિ અને સંસ્કૃતિ** (રાજરત્ન શ્રી નાનજી કાલિદાસ મહેતા સ્મૃતિગ્રન્થ) : ખંડ ૧-૨ : પ્રકાશક : સ્મૃતિગ્રન્થ સંપાદન સમિતિ, પોસ્ટ બોકસ નં. ૧, પોરબંદર; પૃ. ૧૧૫૨, મૂલ્ય નોંધેલું નથી.

શાહસોદાગર, દાનવીર અને સમાજસેવક સ્વ. નાનજી કાલિદાસ મહેતાના આ સ્મૃતિ-ગ્રન્થમાં પ્રારંભે તેમનું સંક્ષિપ્ત સુવાચ્ય, જીવનચરિત્ર, એમના નિધન પ્રસંગે આવેલા સંદેશા તથા એમને વિષેના ૩૮ સંસ્મરણાત્મક લેખો છપાયા છે. એ પછી શિક્ષણ, સંસ્કૃતિ, ધર્મ, તત્ત્વજ્ઞાન, પ્રકૃતિદર્શન અને પ્રવાસ, વિજ્ઞાન, આયુર્વેદ, ઇતિહાસ-પુરાતત્ત્વ, લોકજીવન, શિલ્પ અને સ્થાપત્ય, નૃત્ય, નાટ્ય, ચિત્ર, સંગીત, સાહિત્ય, વિવેચન—એ વિભાગોમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એ ત્રણ ભાષામાં નિબંધો કે અભ્યાસલેખો અપાયા છે. નિબંધોનું વિષયવૈવિધ્ય ગણનાપાત્ર છે, પણ એમની ગુણવત્તાનું ધોરણ અણસરખું છે. આમ છતાં અમુક વિશિષ્ટ લેખોને કારણે આ ગ્રન્થ ઉપયોગી અને સંગ્રહયોગ્ય બન્યો છે. ગ્રન્થનાં કાગળ, મુદ્રણ, ઉઠાવ અને બાંધણી પ્રથમ પંક્તિનાં છે.

**'વાચક'**

* * *

## સાભાર સ્વીકાર

૧ **રણટંકાર :** લે. હિંમતલાલ ઉમિયાશંકર દવે; પ્ર. : ચંદ્રકાન્ત લાભશંકર દવે, નિહારિકા પ્રકાશન ૧, નીલમ સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૬, પૃ : ૩૬, કિંમત : રૂા. ૧-૦૦.

૨ **સમીર :** લે. ભાનુશંકર ઓધવજી વ્યાસ; પ્ર. : વિજયકુમાર ભાનુશંકર વ્યાસ, ૩, કાશીબા કુંજ, બાકરોલ રોડ, વલ્લભ વિદ્યાનગર, પૃ. : ૯૦, કિંમત : રૂા. ૩-૫૦.

૩ **સંનિવેશ :** લે. ભાનુશંકર ઓધવજી વ્યાસ; પ્ર. : નીરજ પ્રકાશન, પ્રતાપપુરા, જીનની વંડી પાસે, વાંકાનેર (સૌરાષ્ટ્ર), પૃ. : ૮ + ૧૦૪, કિંમત : અમૂલ્ય.

૪ **નિર્ઝર :** લે. ભાનુશંકર ઓધવજી વ્યાસ, પ્ર. : નીરજ પ્રકાશન, પ્રતાપપુરા, જીનની વંડી પાસે, વાંકાનેર (સૌરાષ્ટ્ર), પૃ. : ૧૦૪, કિંમત : અમૂલ્ય.

૫ **દેશદેશની લોકકથાઓ :** લે. મૂળશંકર મો. ભટ્ટ પ્ર. : સોમૈયા પબ્લિકેશન પ્રા. લિ., ૧૭૨, નાયગાવ ક્રોસ લેન, મુંબઈ-૧૪, પૃ. : ૭૪, કિંમત : રૂા. ૬-૫૦ પૈ.

૬ **ગુજરાતના પાટીદારો :** લે. ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ, પ્ર. : પટેલ પ્રકાશન, વલ્લભ વિદ્યાનગર (ગુજરાત), પૃ. : ૮૪ + ૪, કિંમત : રૂા. ૧-૫૦ પૈ.

૭ **જીવન-વાટિકા :** લે. સ્વામી શિવગિરિ પ્ર. : શ્રી લક્ષ્મીદાસ હરખચંદ લાખાણી, રાજકોટ, પૃ. : ૧૭૬ + ૪, કિંમત : રૂા. ૨-૫૦ પૈ.

૮ **નિસર્ગ :** લે. અમૃતલાલ દવે, પ્ર. : અ. સૌ. સરસ્વતીબેન તુ. દવે, "ગુરુ નિવાસ", મુ. પો. વણાદરા, જિ. વડોદરા, પૃ. : ૬૪, કાવ્યો, કિંમત : રૂા. ૨-૫૦ પૈ.

૯ **ઓહ, ઇન્ડિયા ! :** લે. નાનુભાઈ નાયક; મ. : જનક પ્રિન્ટરી, ગોપીપુરા, સુરત-૨, પૃ. : ૭ + ૨૨૯ + ૩, કિંમત : રૂા. ૩-૦૦ પૈ.

૧૦ **સૂક્ષ્મ જીવોની સૃષ્ટિ :** લે. કૃષ્ણલાલ બી. કોટાડાવાલા, પ્ર. : કૃ. રા. સામંત, સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિમિટેડ, ૧૭૨, નાયગાવ ક્રોસલેન, મુંબઈ-૧૪, પૃ : ૮ + ૪૮ + ૨, કિંમત : રૂા. ૨-૭૫ પૈ.

૧૧ **ભગવદ્ગીતાનો યોગ :** લે. કિશનસિંહ ચાવડા, પ્ર. : કૃ. રા. સામંત, સોમૈયા પબ્લિકેશન્સ પ્રાઈવેટ લિમિટેડ, ૧૭૨, નાયગાવ, ક્રોસલેન મુંબઈ-૧૪, પૃ. : ૩૭ + ૧૯૫ કિંમત : રૂા. ૨૦-૦૦ પૈ.

૧૨ **શ્રૃણ્વન્તુ :** લે. સુરેશ જોષી. પ્ર. : ભદ્ર બુટાલા, બુટાલા, એન્ડ કું., આનન્દપુરા, વડોદરા-૧. પૃ. : ૩૦૪ + ૧૬, કિંમત રૂા. ૧૦=૦૦ પૈ.

૧૩ **અમર આદેશ :** લે. રંગ અવધૂત; પ્રકાશક : અમૃતલાલ નાથાભાઈ મોદી, પ્રમુખ : શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વર; પૃ : ૨૫૬, મૂલ્ય રૂા. ૧=૫૦ પૈ.

૧૪ **રાત પણ રડી પડી :** લે. નવલભાઈ શાહ; પ્રકાશક : બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧; પૃ. ૨૦૦; મૂલ્ય રૂા. ૪=૫૦ પૈ.

૧૫ **સોનાર બાંગ્લા :** લે. નારાયણ દેસાઈ; પ્રકાશક : ઉપર પ્રમાણે; પૃ. ૨૫૬; મૂલ્ય રૂા. ૬=૫૦ પૈ.

## ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદનાં પ્રકાશનો

૧૬ **નીરવ ચાંદનીનું ધુવડ :** લે. વારિસ અલવી; પૃ. ૩૦૨; મૂલ્ય રૂા. ૭=૦૦ પૈ.

૧૭ **કચ્છની રસધાર :** લે. દુલેરાય કારાણી; પૃ. ૧૬૦; મૂલ્ય રૂા. ૩=૭૫ પૈ.

૧૮ **કૃષ્ણાવતાર : ખંડ છઠ્ઠો :** (મહામુનિ વ્યાસનું કથાનક) : લે. કનૈયાલાલ મુનશી; પૃ. ૪૭૧; મૂલ્ય રૂા. ૮=૨૫ પૈ.

૧૯ **પર્વોત્સવ :** લે. ફાધર વાલેસ; પૃ. ૯૦; મૂલ્ય રૂા. ૪=૫૦ પૈ.

## બાલગોવિંદ પ્રકાશન, અમદાવાદનાં પ્રકાશનો

૨૦ **બાંગલા દેશ મુક્ત બને છે :** લે. નરહરિ ભટ્ટ; પૃ. ૧૪૦; મૂલ્ય રૂા. ૩=૯૦ પૈ.

૨૧ **રસેલના વાર્તાલાપ :** અનુ. મૃદુલા મહેતા; પૃ ૧૧૬; મૂલ્ય રૂા. ૩=૦૦ પૈ.

૨૨ **નૈવેદ્ય :** અનુ. નગીનદાસ પારેખ; પૃ. ૧૦૨; મૂલ્ય રૂા. ૩=૫૦ પૈ.

૨૩ **સ્વાઈત્ઝર :** લે. વીણા શાહ; પૃ. ૩૨, મૂલ્ય રૂા. ૦=૫૦ પૈ.

૨૪ **દાદાની વાણી :** સં. શિવાભાઈ જે. પટેલ અને મુકુલ વિદ્યાર્થી; પૃ. ૩૬; મૂલ્ય રૂા. ૦=૭૫ પૈ.

૨૫ **જ્યોર્જ વૉશિંગ્ટન કારવર :** લે. વીણા શાહ; પૃ. ૩૨; મૂલ્ય રૂા. ૦=૫૦ પૈ.

૨૬ **બહાઈ સંપ્રદાય :** લે. રમણિક વિ. શાહ; પ્રકાશક : ચીનુભાઈ ગી. શાહ, ખાદી નિકેતન, વાડજ, અમદાવાદ; પૃ. ૫૪; મૂલ્ય રૂા. ૧=૨૫ પૈ.

૨૭ **મહાત્મા ગાંધીજીનો સંદેશ :** સંકલન અને સંપાદન : યુ. એસ. મોહનરાવ; પ્રકાશક : પબ્લિકેશન્સ ડિવીઝન, મિનિસ્ટ્રી ઑફ ઈન્ફર્મેશન એન્ડ બ્રોડકાસ્ટિંગ, ભારત સરકાર, પતિયાલા હાઉસ, ન્યુ દિલ્હી-૧; પૃ. ૧૬૦; અમૂલ્ય.

૨૮ **ભારતીય દુર્ગ વિધાન :** લે. પ્રભાશંકર ઓ. સોમપુરા; પ્ર. સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિ., ૧૭૨, નાયગાવ, ક્રોસ રોડ, મુંબઈ-૧૪, પૃ. ૭૬ + ૧૦ આર્ટ પ્લેટ; મૂલ્ય રૂા. ૩૫=૦૦ પૈ.

૨૯ **આત્મકથા :** લે. ડૉ. સુમંત મહેતા; સંક્ષેપ સંપાદન : ભોગીલાલ ગાંધી; પ્ર. મહાકવિશ્રી નાનાલાલ સ્મારક ટ્રસ્ટ, ૪૬ પરિમલ સોસાયટી, અમદાવાદ-૬; પ્રાપ્તિસ્થાન : ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદ-૧; પૃ. ૪૭૭; મૂલ્ય રૂા. ૨૦-૦૦ પૈ.

૩૦ **ભારતીય પુરાતત્ત્વ—પુરાતત્ત્વાચાર્ય મુનિ જિનવિજય અભિનન્દન ગ્રંથ :** પ્ર. મુનિશ્રી જિનવિજય સન્માન સમિતિ, કિશોર નિવાસ, ત્રિપોલિયા બજાર, જયપુર-૨ (રાજસ્થાન); પૃ. ૩૫૦ + ૨૪; મૂલ્ય રૂા. ૨૫=૦૦ પૈ.

૩૧ **પ્રતિભાવ :** લે. ધીરુભાઈ ઠાકર; પ્ર. ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ફુવારા, અમદાવાદ-૧; પૃ. ૨૦૪; મૂલ્ય રૂા. ૪=૦૦ પૈ.

૩૨ **તારતમ્ય :** લે. અનંતરાય મ. રાવળ; પ્ર. ઉપર પ્રમાણે; પૃ. ૨૬૨; મૂલ્ય રૂા. ૫=૫૦ પૈ.

# સ્વાધ્યાય


પુસ્તક ૯ : અંક ૩ મે, ૧૯૭૨

અક્ષયતૃતીયા વિ. સં. ૨૦૨૮


## અનુક્રમ


| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | સંરક્ષક શ્રીકૃષ્ણ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા ... ... ... | ૨૬૫–૩૦૨ |
| ૨. | જયવંતસૂરિકૃત નેમિનાથ-રાજિમતી બારમાસ—શિવલાલ જેસલપુરા ... | ૩૦૩–૩૨૪ |
| ૩. | ' કચ્છી શબ્દાવલિઃ ' એક અધ્યયન—પ્રતાપરાય ગો. ત્રિવેદી ... | ૩૨૫–૩૪૪ |
| ૪. | મારા સ્વાધ્યાયની વાનગી—કલ્યાણરાય ન. જોષી ... ... | ૩૪૫–૩૪૮ |
| ૫. | વિમલવસહીની કેટલીક સમસ્યાઓ—મધુસૂદન ઢાંકી ... ... | ૩૪૯–૩૬૮ |
| ૬. | લોલિમ્બરાજ અને વૈદ્યજીવન—બાપાલાલ ગ. વૈદ્ય ... ... | ૩૬૯–૩૭૪ |
| ૭. | ગણિતશાસ્ત્રનું તર્કશાસ્ત્રીય સ્વરૂપ—એન. એમ ભટ્ટ ... ... | ૩૭૫–૩૮૩ |
| ૮. | આલ્કોહોલ, આસવ, દારૂ—જે. ડી. પાઠક ... ... | ૩૮૪–૩૮૮ |
| ૯. | ગ્રન્થાવલોકન : | |
| | ૧. નરસિંહ મહેતો—મહેન્દ્રકુમાર મો. દેસાઈ ( કુમાર ) ... ... | ૩૮૯–૩૯૨ |
| | ૨. પ્રેમસખી પ્રેમાનંદ—સુભાષ મ. દવે ... ... ... | ૩૯૩–૩૯૪ |
| | ૩. ગુજરાતના પાટીદારો—રમેશ એમ. ત્રિવેદી ... ... | ૩૯૫–૩૯૬ |
| | ૪. સ્મૃતિ અને સંસ્કૃતિ—" વાચક " ... ... ... | ૩૯૭ |
| | ૫. સાભાર સ્વીકાર ... ... ... | ૩૯૮–૩૯૯ |
| ૧૦. | प्रासादतिलकम्—પ્રભાશંકર ઓ. સોમપુરા ... ... ... | ૫૭–૬૮ |

# બેન્ક ઑફ બરોડા હવે આપશે નાણાંકિય સહાય વિચક્ષણ વિદ્યાર્થીઓ માટે.



કોલેજના શિક્ષણ માટે, અનુસ્નાતક અભ્યાસ માટે અથવા ટેકનીકલ કે વ્યાવસાયિક વિષયોના ડિપ્લોમા અભ્યાસક્રમ માટે તેમજ વધુ તાલીમાર્થે વિદેશપ્રવાસ માટે વિદ્યાર્થીઓને હવે નાણાંકિય સહાય મળી રહેશે.

વધુ વિગતો માટે આપની નજીકની બૅન્ક ઑફ બરોડાની શાખાના એજન્ટને મળો. એ આપને તમામ જરૂરી માર્ગદર્શન આપશે.

ચિર સમૃદ્ધિનું પ્રતીક

**બૅન્ક ઑફ બરોડા**

વડી કચેરી : માંડવી, વડોદરા

ભારત અને વિદેશોમાં ૫૦૦ થી વધુ શાખાઓ

Shilpi-BOB-18A/70 Guj.

**Statement about the ownership and other particulars about newspapers**

**SVADHYAYA (स्वाध्याय)**

(To be published in the first issue every year after the last day of February)

FORM IV

(See Rule 8)

| | | |
|---|---|---|
| 1 | *Place of the Publication*: | Oriental Institute,<br>M. S. University of Baroda, Baroda. |
| 2 | *Periodicity of its Publication*: | Quarterly—November, February,<br>May & August |
| 3 | *Printer's Name*: | Shri B. M. Shah |
| | *Nationality*: | Indian |
| | *Address*: | Vidya Vilas Building, near Tarkeshwar<br>Mahadeo, Raopura, Baroda |
| 4 | *Publisher's Name*: | Dr. B. J. Sandesara |
| | *Nationality*: | Indian |
| | *Address*: | 'Samvad', 6 Shreyas Society,<br>Race Course Circle (West), Baroda-7 |
| 5 | *Editor's Name*: | Dr. B. J. Sandesara, |
| | *Nationality*: | Indian |
| | *Address*: | 'Samvad', 6 Shreyas Society,<br>Race Course Circle (West), Baroda-7 |
| 6 | *Names & addresses of Individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital* | The M.S. University of Baroda, Baroda. |

I, B. J. Sandesara, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**B. J. Sandesara**
*Signature of Publisher*

# રાષ્ટ્રની તાકાત

## આજે આપણે પ્રતિજ્ઞા કરીએ કે :

* રાષ્ટ્રીય એકતાને અડગ, ઉચ્ચતર અને અપરાજેય બનાવી, બળવત્તર બનાવીશું.
* ઉદ્યોગ, ખેતી અને ઉત્પાદનનાં તમામ ક્ષેત્રોમાં સ્વાવલંબી બનીશું.
* માત્ર અનિવાર્ય ખરીદી જ કરીશું.
* ગરીબી અને બેરોજગારી મીટાવવા કામ કરીશું.
* વધુમાં વધુ બચત કરીશું અને તે નાણાં બચત યોજનાઓમાં રોકીશું.
* આવશ્યક ચીજવસ્તુઓ વ્યાજબી ભાવે પૂરી પાડીશું. ભાવની સપાટી જાળવીશું અને સંગ્રહખોરી કે નફાખોરી કરીશું નહિ.
* હડતાળ કે તાળાબંધી કરીશું નહિ.
* દરેક બાબતમાં સ્વાવલંબી બનવાના ખંતીલા પ્રયાસો કરીશું. કોઈની સહાય પર નિર્ભર રહીશું નહિ.

ગુજરાતમાં આપણે શુભ કામમાં કદીયે પાછી પાની કરી નથી, પછી ભલે તે ગમે તેટલું વિકટ હોય. આજે ગરીબી સામેના યુદ્ધમાં પણ મને દૃઢ વિશ્વાસ છે કે આપણે આપણી આ ઉચ્ચ પ્રણાલિ જાળવીશું જ. આપણે આપણા વહીવટને કાર્યદક્ષ અને લોકાભિમુખ બનાવવા તમામ પ્રયત્નો કરી છૂટીશું. આપણો સૌનો સહિયારો પુરુષાર્થ કોઈ પણ મંઝિલ સર કરતાં આપણને રોકી શકશે નહિ. ગુજરાતનું ભાવિ આપણે સૌ એક થઈને અથાગ પરિશ્રમ કરીને ઉજ્જવળ બનાવીએ.

**—ઘનશ્યામભાઈ ઓઝા**

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

## કૈ. મહારાજા સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન

# ઇનામી નિબંધ ૧૯૭૧-૭૨

કૈ. મહારાજા સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન સમિતિ તરફથી **"ભારતીય રાજકારણમાં વિરોધ પક્ષ–સમસ્યાઓ અને ભાવિ"** એ વિષય ઉપર ઇનામી નિબંધ લખાવવાનો નિર્ણય થયો છે, અને તે માટેની હરીફાઈમાં, આ ટ્રસ્ટફંડના નિયમ પ્રમાણે, ગુજરાત રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અમરેલી, વડોદરા, અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરૂચ, સૂરત અને વલસાડ જિલ્લાનો કોઈ પણ વતની ભાગ લઈ શકશે. હરીફાઈમાં ભાગ લેવા ઇચ્છનારે પોતાનો નિબંધ તા. ૩૧-૭-૧૯૭૨ સુધીમાં નીચેના સરનામે મોકલવો. શ્રેષ્ઠ નિબંધ લખનારને રૂા. ૫૦૦ અંકે રૂપિયા પાંચસોનું ઇનામ આપવામાં આવશે. નિબંધ ફુલસ્કેપ કાગળની એક બાજુએ સ્વચ્છ અક્ષરે લખવો. **નિબંધનો વિસ્તાર, ઓછામાં ઓછો દશ હજાર શબ્દનો હોવો જોઈએ, અને તે પચીસ હજાર શબ્દોથી વધવો જોઈએ નહિ.** નિબંધ, ગુજરાતી, હિન્દી અને મરાઠી એ ત્રણમાંથી ગમે તે એક ભાષામાં લખી શકાશે.

**ભોગીલાલ જ. સાંડેસરા**
મંત્રી,
કૈ. મહારાજા સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન સમિતિ,
પ્રાચ્ય વિદ્યામંદિર, શ્રીમતી હંસા મહેતા લાયબ્રેરી બિલ્ડિંગ,
પો. બો. નં. ૭૫, **વડોદરા.**




તમે માનશો કે ગઈ કાલે જ તેમને ત્રાસદાયક ખાંસી હતી? પછી તેમણે **ગ્લાયકોડીન** લીધું.
ગ્લાયકોડીનથી તેમની ખાંસી ઝડપથી અને સંપૂર્ણપણે દૂર થઈ ગઈ.

**ખાંસીના સંપૂર્ણ નિયંત્રણ માટે ગ્લાયકોડીન જેવો**
**અસરકારક બીજો કોઈ પણ ઈલાજ નથી**

આધુનિક તબીબી વિજ્ઞાન દ્વારા સ્વીકૃત **ગ્લાયકોડીન**ની ફોર્મ્યુલા ખાંસીને તેના તમામ પીડિત સ્થાનોમાંથી હાંકી કાઢીને તમને કેવી રીતે રાહત આપે છે તે અહીં દર્શાવ્યું છે:



- **મગજમાં**–ખાંસીના હુમલાનું નિયંત્રણ કરે છે.
- **ગળામાં**–ભરાવો દૂર કરે છે, બળતરા શાંત પાડે છે.
- **છાતીમાં**–જકડાયેલા સ્નાયુઓને આરામ આપીને સહેલાઈથી શ્વાસ લેવામાં મદદ કરે છે.
- **ફેફસામાં**–ગૂંગળાવતા કફ અને ચીકણા પ્રવાહીને છૂટા પાડીને ખાંસીને દૂર કરે છે




# ગ્લાયકોડીન
## ટર્પ વસાકા

સૌથી વધુ વેચાણ ધરાવતો ખાંસીનો વિશ્વસનીય ઘરગથ્થુ ઈલાજ

everest/923b/ACW Guj

# વિજેતા બેલડી

હોડ જીતવા માટે ખેડૂત શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!

## જ્યોતિ યુનિબિલ્ટ

ઉત્પાદક :
જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩
***quality is our creed***





everest/716a/JY gj

# કૌટુંબિક સલામતી...

## આપનાં બાળકોના ભાવિની સુરક્ષા કરો

સમજુ માબાપ જાણે છે કે
દેના બેંકમાં પોતાનાં બાળકોને
નામે સગીર બચતખાતું ખોલવું
એ તેમના ભાવિની સુરક્ષા
કરવાનો તેમ જ તેમની વધતી જતી
જરૂરતો પૂરી પાડવાનો
એક ઉત્તમ માર્ગ છે.
આપના બાળકને નામે આજે જ
ખાતું ખોલાવો. વ્યાજ ૪ ટકા.



**દેના બેંક**
(ગવર્નમેન્ટ ઑફ ઈન્ડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસ : દેના બેંક બિલ્ડિંગ્ઝ,
હૉર્નિમેન સર્કલ, કોટ, મુંબઇ-૧.

RATAN BATRA DB/G/207

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં ૧.૧૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઈન્સ્ટિટ્યુટ વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
લોકમાન્ય ટિળક રોડ,
**વડોદરા.**

**સંપાદક**

---

મુદ્રક: શ્રી બંસીલાલ મોહનલાલ શાહ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, જુન, ૧૯૭૨.



દ્વારપર—ઉત્તરંગ

દ્વારના ઉત્તરંગની જાડાઈના ૨૨ ભાગ કરવા. તેનો મધ્ય ભાગ ૮ રાખવો. નીચેના ભાગની ઊંચાઈ શાખા–પ્રશાખા જેટલી રાખવી. બાકીના ઉપરના અર્ધ ભાગમાં (છાજલી વગેરે) રાખવી. દ્વારની શાખા–પ્રશાખા વિસ્તાર–પૃથુમાન–ઉત્તરંગમાં સવા-દોઢ ભાગ, ઉદયમાં શાખાના ભાગ-વિભાગ-યુક્ત ગર્ભરચના કરવી. એવું શિલ્પજ્ઞ વિશ્વકર્મા કહે છે. દ્વાર ઉપર ઉત્તરંગના સાત ભાગ શાખા–પ્રશાખામાં માલાધર આદિ) રૂપ ભાગ આઠ અને ઉપર સાત ભાગ (દોઢિયા, ઘંટા, ગ્રાસાદિ) એ રીતે ઉત્તરંગના ઉદયના બાવીશ ભાગ થયા. છાદિકાની ઉપર રૂપપદવિધાન પર નાનાંવિધ તિલક અને તોરણાદિ નિર્માણ કરવા. ૨૫

**शार्दूलविक्रीडितम्**

**भित्तिमान्—**

प्रासादे त्वथ पञ्चमांशपृथुला भित्तिः पदे चैष्टके ।
काष्टं कर्म रसैस्तु सप्त रजतां देवालये वा गृहे ॥
शेषं गर्भगृहस्य भूमिरचना त्वर्धे पदे त्र्युम्बरे
निम्ना भूश्च सुरालयस्य पुरतः शस्तं गृहं चोच्छ्रयम् ॥ २६ ॥

પ્રાસાદ રેખાયે હોય તે વિસ્તારના પાંચમા ભાગની પાષાણની ભીંતની જાડાઈ રાખવી. ઈંટના પ્રાસાદને ચોથા ભાગની ભીંતો કરવી. કાષ્ઠનાને છઠ્ઠા ભાગની. ચાંદી ધાતુના પ્રાસાદને સાતમે ભાગે ભીંતો જાડી કરવી. બાકી રહ્યો તે ગર્ભગૃહ જાણવો. ઉંબરાની ઊંચાઈના અર્ધ કે ત્રીજા ભાગે ગર્ભગૃહનું ભૂમિતળિયું ઊંચુ રાખવું. પ્રાસાદના આગળના ભાગે ( મંડપ અને ચોકી ઉત્તરોત્તર ) પ્રમાણથી નીચાં રાખવાં. ૨૬

**उपजातिः**

**मंडोवरस्तम्भ–समन्वय—**

[२८]कुम्भी शिरस्तुल्यमुदुम्बरस्य स्तम्भस्य मानं ह्युद्गमतुल्यमुक्तम्
भरणी भरण्यश्च कपोतशीर्षः छाद्ये समाना पट्टपिण्डवृद्धिः ॥ २७ ॥

મંડોવરના થરવાળાના કુંભા–કુંભી એક સૂત્રમાં રાખવા...સ્તંભ અને ઉદ્ગમ દોઢિયા એકસૂત્રમાં; ભરણી બરાબર ભરણું એકસૂત્રમાં; કપોત અંતરાળ એ સરાના એકસૂત્રમાં રાખવા. પાદ અને છજું એકસૂત્રમાં રાખવાં. એ રીતે ( નિરંધાર ) પ્રાસાદના થરવાળા અને સ્તંભના છોડનો સમન્વય જાણવો. ૨૭

---

૨૮ अपराजित, क्षीरार्णव, ज्ञानरत्नकोश અને दीपार्णवમાં

कुम्भी तु कुम्भके ज्ञेया स्तम्भो ज्ञेयो तथोद्गमम् ।
भरण्या भरणी ज्ञेया कपोताली तथा शिरः ॥ ५३ ॥

कूटछाद्यं पट्टसममर्द्धोदये करोटकः—दीपार्णव अ. ५

નિરંધાર પ્રાસાદને આ ગ્રંથનું પ્રમાણ દીપાર્ણવાદિ ગ્રંથોમાં મંડોવર સ્તંભના સમન્વયને મળતા પ્રમાણ પ્રમાણે છે. સાંધાર પ્રાસાદ વિષે અહીં કહેલ નથી. તેના સમન્વય જુદા હોય છે. અંદરના સ્તંભ, છાડ અને બહારના મોટા મેરુ મંડોવરના સમન્વય નીચે પ્રમાણે—

प्रासादोदयो भवेद्यत्र इदं मानं तु कथ्यते ।
सभ्रमे महाऋषे उदयं च अतः श्रुतु ॥ २७ ॥
कुंम्भि उदुम्बरान्ते च स्तम्भ शिरं च जंङ्घयो.
पट्टं च उद्गमान्तेन शेषभूमि विराजिते ॥ २८ ॥
प्रथमं कूटछाद्यं च उद्गमं छाद्यकीसमम् ।
द्वितीयातृतीयाभूमिपट्टं वै छाद्यकीसमौ ॥ २९ ॥
छाद्यान्ततेमादि पट्टउद्गमोदरसमम् ।
निर्दोषे तद्भवेद्वास्तु पादपट्टं तु छाद्यके ॥ ३० ॥

સાંધાર પ્રાસાદના ઉદય મેરુમંડોવરના થરમાન અને ભૂમિમજલા સંબંધમાં કહ્યુ છે. સભ્રમ પ્રાસાદના મંડોવરના થરના સાથે, હે મહાઋષિ, અંદરના સ્તંભોના છોડના ઉદય સમન્વય વિશે હવે સાંભળો. સાંધાર પ્રાસાદની કુંભી અને ઊંબરા એકસૂત્રમાં રાખવાં. સ્તંભ ભરણસરા જંઘામાં સમાવવા. પાટઉદ્ગમ દોઢિયાના થરમાં મેળવવા. બાકી ઉપરની જાણવી. પહેલું કૂટછાદ્યના પાટ દોઢિયાની છાજલીના સમસૂત્રમાં રાખવાં. બીજી અને ત્રીજી ભૂમિમાં પણ પાટછાજલી સમસૂત્રે રાખવાં. ઉપરના છજા બરાબર પાટ એકસુત્રમાં રાખવાં. પરંતુ વચલી ભૂમિમાં પાટ દોઢિયાના ઉદરમાં સમાવવાં.




મંડોવર અને સ્તંભના છોડનો સમન્વય

**स्तम्भस्वरूप—**

**इन्द्रवज्रा**

[28]रुद्राभिधानं चतुरस्रकञ्च भद्रं तथा चैव सुभद्रयुक्तम् ।
संवर्धमानप्रतिभद्रयुक्तं स्तम्भा गजांशैर्गजस्वस्तिकाश्च ॥ २८ ॥

સ્તંભના સ્વરૂપ અને તેના નામાભિધાન—ચોરસ સ્તંભને રુદ્ર, ભદ્રવાળા સ્તંભને સુભદ્ર, પ્રતિભદ્રવાળા સ્તંભને સંવર્ધમાન અને અષ્ટકોણુ સ્તંભને ગજ અથવા સ્વસ્તિક નામ કહ્યું છે.

**शार्दूलविक्रीडितम्**

**स्तम्भमानप्रमाण—**

प्रासादोऽपि दशांशकं पृथुलं रुद्रांशकं भद्रकं
व्यासे हस्तसुरालये च पृथुलं सूर्यांशकं स्तम्भकम् ।
विश्वोश( विश्वेशो )निलयं वदन्ति विबुधाः शक्रांशकं पञ्चमं
[30]व्यासे दीर्घचतुर्गुणश्च सकलः स्तम्भस्तु कार्यो बुधैः ॥ २९ ॥

સ્તમ્ભમાન પ્રમાણુ

| ગજ | ક્ષીરા | દીપાર્ણુવ | પ્રા. તિ. |
|---|---|---|---|
| ૧ | ૪ | ૪ | ૪ |
| ૨ | ૬ | ૭ | ૬ |
| ૩ | ૯ | ૯ | ૮ |
| ૪ | ૧૧ | ૧૨ | ૧૨ |
| ૫ | ૧૩ | ૧૩॥ | ૧૩॥ |
| ૬ | ૧૫ | ૧૫ | ૧૫ |
| ૭ | ૧૭ | ૧૬॥ | ૧૬॥ |
| ૮ | ૧૯ | ૧૮ | ૧૮ |
| ૯ | ૨૧ | ૧૯॥ | ૧૯॥ |
| ૧૦ | ૨૩ | ૨૧ | ૨૧ |
| ૧૧ | ૨૫ | ૨૨॥ | ૨૨॥ |
| ૧૨ | ૨૭ | ૨૪ | ૨૪ |

| ગજ | ક્ષીરા | દીપાર્ણુવ | પ્રા. તિ. |
|---|---|---|---|
| ૧૫ | ૩૦॥ | ૨૭ | ૨૭ |
| ૨૦ | ૩૩ | ૩૨ | ૩૨ |
| ૨૫ | ૪૧ | ૩૭ | ૩૭ |
| ૩૦ | ૪૬ | ૪૨ | ૪૪ |
| ૩૫ | ૫૧ | ૪૪॥ | ૪૫॥ |
| ૪૦ | ૫૬ | ૪૭ | ૪૮ |
| ૪૫ | ૫૯॥ | ૪૯॥ | ૫૦॥ |
| ૫૦ | ૬૩॥ | ૫૨ | ૫૩ |

૨૯ અન્ય ગ્રંથોમા સ્તંભના આકાર અને નામાભિધાન—

| | સ્તંભઆકાર | ચોરસ | ભદ્ર | પ્રતિભદ્ર | અષ્ટાંશ | સોળાંશ | બત્રીશાંશ | વૃત |
|---|---|---|---|---|---|---|---|---|
| ગ્રંથોનાં નામ | પ્રાસાદ તિલક | રુદ્ર | સુભદ્ર | સંવર્ધન | સ્વસ્તિક | — | — | — |
| | ક્ષીરાર્ણુવ અપરાજિત | રુચક | ભદ્રજા | વર્ધમાન | અષ્ટાંશ્ર | — | — | — |
| | મત્સ્યપુરાણુ | રુચક | — | — | વજ્રક | દ્વિવજ્રક | પ્રથિલક | વૃત |
| | માનસાર | બ્રહ્મકાંત | — | — | વિષ્ણુકાંત | રુદ્રકાન્ત | સ્કંધકાન્ત | — |

એક સ્તંભમાં ચોરસ અષ્ટાંશ ગોળ વચમાં ઘટપલ્લવ આદિ અનેક પ્રકારથી અલંકૃત રૂપવાળા થાય છે.

૩૦ વ્યાસથી ચતુર્ગુણ સ્તંભ દીર્ઘનું પ્રમાણ ઈંટના જેવું સ્થૂળ છે. ઉપરના જે પાંચ પ્રમાણો આપેલા છે તે પાષાણુના સ્તંભના સમજવાં. જુદાં પ્રમાણ દેવાનો હેતુ વાસ્તુદ્રવ્યની દૃઢતા પર આધારિત રહે છે. પોરબંદર, ધ્રાંગધ્રા, જોધપુરી પત્થર માર્બલ વગેરે દ્રવ્યો પર આધાર રાખે છે.

પ્રાસાદોના સ્તંભની જાડાઈનું પ્રમાણ કહે છે. પ્રાસાદ રેખાએ વિસ્તાર હોય તેના દશાંશ અથવા એકાદશાંશ સ્તંભની જાડાઈનું પ્રમાણ રાખવાથી તે ભદ્રનો સ્તંભ જાણવો. ( ભદ્રસ્તંભ થાય છે. ) પ્રાસાદમાનના બારમા, તેરમા અને ચૌદમા ભાગે સ્તંભની જાડાઈ રાખવી. એ રીતે પાંચ પ્રકારે સ્તંભની જાડાઈનું પ્રમાણ કહ્યું. સ્તંભની જાડાઈથી ચાર ગણી લંબાઈ ( ઈંટ કામમાં ) રાખવી. એવું વિદ્‌જ્જનો કહે છે ( પણ તે સ્થૂળમાન છે ) ૨૯

**शार्दूलविक्रीडितम्**

केचिद् हस्तसुरालये च पृथुलः कार्यस्तु वेदाङ्गुलः ।
युग्मे त्वत्र रसाङ्गुलो हि विबुधैः रामे च नागाङ्गुलः ॥
वेदे तत्र च सुरालये च कथितः स्तम्भश्च सूर्याङ्गुलः ।
इ( उ )च्छ्रायश्च( च )तुर्गुणो निगदितः स्तम्भश्च शाखासमः ॥ ३० ॥
हस्ते सूर्य्यमिते ततः प्रतिकरं वृद्धिस्तु सार्धाङ्गुला ।
द्वात्रिंशत्करसम्मिते प्रतिकरे त्वेकाङ्गुला प्रोच्यते ॥
तस्योर्ध्वं च शतार्द्धकं हि पृथुलश्चार्धाङ्गुलो हस्तके ।
कार्या शिल्पिवरेण स्तम्भरचना देवालयादौ क्रमात् ॥ ३१ ॥




સ્તંભના સ્વરૂપ અને નામાભિધાન

સ્તમ્ભની જાડાઈનું માન કહે છે. એક હાથના પ્રાસાદને સ્તંભ ચાર આંગળ જાડો રાખવો. બે હાથને છ આંગુલ, ત્રણ હાથ ને આંઠ આંગુલ, ચાર હાથ ને બાર આંગુલ સ્તંભ જાડો કરવો. સ્તંભવ્યાસથી સ્તંભની ઊંચાઈ ચાર ગણી રાખવી. ( સ્થૂળમાન ઈંટો જેવડું છે ). સ્તંભ શાખા સમાન જેટલા માપનો રાખવો. ૩૦

ચારથી બાર હાથ સુધીનાને પ્રતિહસ્તે દોઢ દોઢ આંગુલની વૃદ્ધિ કરવી. બારથી બત્રીસ હાથ સુધીના પ્રાસાદને પ્રતિહસ્તે એકેક આંગુલની વૃદ્ધિ કરવી. બત્રીસથી પચાસ હાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હસ્તે અર્ધા અર્ધા આંગુલની વૃદ્ધિ કરવી. દેવપ્રાસાદ અને રાજમહેલ આદિનું પણ આ ક્રમથી સમજવું. ૩૧

**शार्दूलविक्रीडितम्**

स्तम्भोऽष्टास्र सुवृत( त्त )भद्रसहितो रूपेण चालङ्कृतो
युक्तः पल्लवकैस्तथा भरणकं स्याताल्लवैः संवृतम् ।
कुम्भी भद्रयुता कुमारसहितं शीर्षं तथा किन्नराः
पत्रं चेति गृहे न शोभनमिदं प्रासादके शस्यते ॥ ३२ ॥

इसि सूत्रधारवीरपालविरचिते वास्तुशास्त्रे(बेडायां) प्रासादतिलके भीट्ट-पीठ-मण्डोवर-द्वार-भित्तिः-स्तम्भ-प्रमाणाधिकारे तृतीयोऽध्यायः ।। ३ ॥

સ્તંભના છોડની રચના-સ્તંભ અષ્ટાંશ ગોળ ભદ્ર આદિથી કરવો. તેને રૂપથી અલંકૃત કરવો. ઘટ્ટ પલ્લવથી શોભતા સ્તંભો, પત્રાકાર, આચ્છાદિત ભરણું, કુંભી ભદ્રની રચનાવાળી, સરામાં કુમાર, કિન્નર કે કીચકના રૂપવાળા (રૂપો) કરવાં. આવા સ્તંભો દેવમંદિર કે રાજ-ભવનમાં કરવાનું કહ્યું છે. પરંતુ સામાન્ય ઘરોમાં તેવા અલંકૃત સ્તંભો કરવા નહીં. ૩૨

ઈતિ સૂત્રધાર વીરપાલે રચેલ પ્રાસાદતિલક ગ્રંથમાં ભીટ પીઠ મંડોવરદ્વાર ભિત્તિ સ્તંભ આદિના પ્રમાણાધિકારનો સ્થપતિ પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરાએ કરેલ ગુજરાતી અનુવાદ સહિતનો ત્રીજો અધ્યાય.




દ્વાર, રૂપવાલા સ્તંભછોડ મદલ તોરણ સાથે




રૂપવાળો સ્તંભ

ઘાટ્યાળો સ્તંભ



ઘટપલ્લવયુક્ત સ્તંભનો સંપૂર્ણ છોડ



ઈલિકા તોરણ



ગવાક્ષુકા તોરણ



હીંડોલક તોરણ

# चतुर्थोऽध्यायः

**इन्द्रवज्रा**

**देवतापदस्थापन –**

प्रासादगर्भस्य दलं विधेयं द्वाराग्रखण्डं परिवर्जनीयम् ।
अन्यद् दलं पञ्चविभागयुक्तं तस्मिन्विधेयानि निजासनानि ॥ १ ॥
यक्षादयश्च प्रथमे विभागे द्वितीयभागे खलु देवतानाम् ।
स्कन्दार्कविष्णुश्च जिनस्तृतीये तुर्ये विरिञ्चिः शिवपञ्चमान्तः ॥ २ ॥

[31]પ્રાસાદના ગર્ભગૃહના બે ભાગ કરી તેમાં દ્વારની તરફનો આગલો ભાગ તજી દેવો. બાકી પાછલી ભીંત તરફના અર્ધ ભાગમાં પાંચ ભાગ કરવા. તેમાં ક્રમશઃ અધિષ્ઠાયક દેવોનાં આસન કરવાં. ભીંતની તરફ પહેલા ભાગમાં યક્ષાદિનું સ્થાન; બીજામાં ઇન્દ્રાદિ દેવોનું, ત્રીજામાં કાર્તિકસ્વામી, સૂર્ય, વિષ્ણુ અને જિન તીર્થંકરનું આસન, ચોથામાં બ્રહ્મા અને અંતમાં પાંચમા વિભાગમાં શિવનું આસન કરવું. ગર્ભગૃહની મધ્યમાં શિવલિંગની સ્થાપના કરવી.

**उपजातिः**

**देवतापदस्थान द्वितीयमान–**

गर्भार्द्धव्यासे वसुयुग्मभागे पदं विधेयं खलु देवतानाम् ।
आदौ विदध्याच्च शिवस्य लिङ्गं हिरण्यगर्भश्च द्वितीयभागे ॥ ३ ॥
वह्नौ विभागे नकुलीशरूपं सावित्रिका चैव युगस्वरूपे ।
अतः परं तत्त्वविभाग रुद्रः षड्वक्त्रकः षष्ठविभागके च ॥ ४ ॥
नगे विधाता वसु वासुदेवो जनार्दनो नन्दपदे तथैव ।
दिशासु विश्वे भवभागवह्निर्भानो रविर्विश्वपदे च दुर्गा ॥ ५ ॥
इन्द्रांशके विघ्नविनायकश्च ततो ग्रहाश्चन्द्रकलाशमाताः ।
गणास्तत्र सप्तदशे विभागे पदे पुराणे खलु भैरवश्च ॥ ६ ॥

---

31 પ્રાસાદમણ્ડન, વિવેકવિલાસ અને ઠક્કુર ફેરુ, વત્થુસારસૂત્ર વીરપાલના મતનું સમર્થન કરે છે. દેવતામૂર્તિ પ્રકરણમાં પૃથક્ રીતે ગર્ભગૃહના ૪૯ વિભાગો કરેલા છે. વાસ્તુરાજ અને સમરાઙ્ગણસૂત્રધાર દશ વિભાગ કહે છે. ક્ષીરાર્ણવ અને દીપાર્ણવ અહીં આપેલા શ્લોક ૩-૬ પ્રમાણે ૨૮ વિભાગ કહે છે. અહીં પાંચ વિભાગમાં એક પ્રશ્ન ઊભો થાય છે કે વીરપાલ "આસન" શબ્દ મૂકે છે. એટલે તેના પીઠ = સિંહાસન = પબારણના નિકાળાની મર્યાદા એમ થાય. દેવના પદસ્થાપન = તે જ ભાગમાં દેવને બેસારવા એવો નહિ પરંતુ ૨૮ ભાગ, ૪૯ ભાગ જેવા સૂક્ષ્મ ભાગ જ્યાં કહ્યા છે ત્યાં દેવતા સ્થાપન બેસારવાનું પ્રમાણ જાણવું એવો મારો નમ્ર અભિપ્રાય છે. જિન તીર્થંકરના સંબંધમાં સ્પષ્ટ કહેલ છે પરંતુ તે વ્યવહારમાં જોવામાં આવતું નથી. જો તે પ્રમાણે બેસારવામાં આવે તો પાછળ પ્રદક્ષિણા થાય તેટલી જગ્યા રહેવી જોઈએ. જો કે બ્રહ્મા અને વિષ્ણુ મૂર્તિઓ જ્યાં જ્યાં શાસ્ત્રીય પદ્ધતિએ નિર્માણ કરેલા પ્રાસાદોમાં હોય છે ત્યાં ત્યાં તે રીતે પ્રદક્ષિણા પાછળ થાય તેટલી જગ્યા હોય છે જ.

## દેવતાપદસ્થાપનવિભાગ પૃથક્ પૃથક્ ગ્રંથોના મતમતાન્તરનું કોષ્ટક

| ક્રમ ભાગ | ૧ ક્ષીરાર્ણવ ૨ દીપાર્ણવ ૩ જ્ઞાનરત્નકોશ ૪ અપરાજિત ૫ પ્રાસાદતિલક | સમરાઙ્ગણ સૂત્રધારનો મત ભીંતથી દશ ભાગ | | પ્રાસાદતિલક વસ્તુસાર વિવેક વિલાસ ભીંતથી ભાગ | પાંચ ભાગ | દેવતામૂર્તિ-પ્રકરણ મયમતમ્ ૪૯ ભાગ |
|---|---|---|---|---|---|---|
| ૨૮ | ૦ | ૧ | ૦ | | | |
| ૨૭ | પિશાચ | | | | | ૨૬ પિશાચાંશ — માતૃકા યક્ષ:ગન્ધર્વ રાક્ષસ ભૂતાદિ |
| ૨૬ | ભૂત, વૈતાલ | | | | | |
| ૨૫ | રાક્ષસ | ૨ | રાક્ષસ | ૧ | યક્ષગન્ધર્વ ક્ષેત્રપાલ | |
| ૨૪ | દૈત્ય | | | | | |
| ૨૩ | અઘોર | | | | | |
| ૨૨ | ભૃગુ ઘોર | ૩ | દૈત્ય | | | |
| ૨૧ | હનુમંત | | | | | |
| ૨૦ | યક્ષરાજ | | | | | |
| ૧૯ | ક્ષેત્રપાલ | ૪ | ગંધર્વ | ૨ | દેવો અને દેવીઓ | |
| ૧૮ | ભૈરવ | | | | | |
| ૧૭ | ગણ | | | | | |
| ૧૬ | માતૃકા, લક્ષ્મી, સર્વ દેવીઓ | ૫ | યક્ષ | | | × |
| ૧૫ | ગ્રહો | | | | | ૨૪ ભાગ માનુષાંશ — સર્વદેવ સ્થાપન |
| ૧૪ | ગણેશ, લક્ષ્મી, વિતરાગ | | | | | |
| ૧૩ | જિન દુર્ગા, લક્ષ્મી | ૬ | સૂર્ય | ૩ | કૃષ્ણ, જિન સૂર્ય કાર્તિક | |
| ૧૨ | સૂર્ય | | | | | |
| ૧૧ | અગ્નિ | | | | | |
| ૧૦ | વિશ્વરૂપ, ઉમા, લક્ષ્મી | ૭ | ચણ્ડી | | | |
| ૯ | જનાર્દન પદ્માસનમાં, ઊભી વિષ્ણુ મૂર્તિ | | | | | |
| ૮ | વાસુદેવ શેષશાયી, દશાવતાર, શંકર, ઉમા | ૮ | વિષ્ણુ | ૪ | બ્રહ્મા | × |
| ૭ | બ્રહ્મા, સરસ્વતી, સાવિત્રી, હિરણ્યગર્ભ, મિશ્ર યુગ્મમૂર્તિ | ૯ | બ્રહ્મા | | | ૪ બ્રહ્માંશ — બ્રહ્મા વિષ્ણુ સ્થાપન |
| ૬ | કાર્તિકસ્વામી | | | | | |
| ૫ | રુદ્ર, અર્ધનારીશ્વર | ૧૦ | શિવલોક મધ્યમાં | ૫ | શિવલિંગ મધ્યમાં | |
| ૪ | સાવિત્રી | | | | | |
| ૩ | નકુલીશ | | | | | |
| ૨ | હેમગર્ભ, શાલિગ્રામ, બ્રહ્મા | | | | | |
| ૧ | શિવલિંગ મધ્યમાં | | | | | |

સ્થૂળ કથન છે.

पटाधो यक्षभूताद्याः पटाग्रे सर्वदेवताः ।
तदग्रे वैष्णवब्रह्मा मध्ये लिङ्गं शिवस्य च ॥ प्रासादमण्डन अ. ७.

ગર્ભગૃહના અર્ધ ભાગમાં ૨૮ વિભાગ કરી તેમાં નિશ્ચયપૂર્વક દેવતાઓનું પદસ્થાપન રાખવું. મધ્યમાં પહેલા ભાગમા શિવલિઙ્ગ, બીજામાં બ્રહ્મા અને શાલિગ્રામ, ત્રીજામાં નકુલિશ, ચોથામાં સાવિત્રી, પાંચમાં વિભાગમાં રુદ્રમૂર્તિ, છઠ્ઠામાં સ્કંદ-કાર્તિક, સાતમામાં બ્રહ્મા, આઠમા ભાગે વાસુદેવ, નવમા ભાગે જનાર્દન, દશમા ભાગે વિશ્વદેવ, અગિયારમાં ભાગે અગ્નિ, બારમા ભાગે સૂર્ય, તેરમા ભાગે દુર્ગા, ચૌદમે વિઘ્નવિનાયક, પંદરમા ભાગે નવગ્રહ, સોળમે માતૃકા સત્તરમા ભાગે ગણ, અઢારમા ભાગે ભૈરવની સ્થાપના કરવી. ૩-૬

**उपजातिः**

नवेन्दुभागे त्वथ क्षेत्रपालस्तथो(था हि)विंशे किल यक्षराजः ।
कपीन्द्रराजो हि पदेऽधिके स्याद् द्वाविंशभागे भृगुघोररूपः ॥ ७ ॥
रामे च युग्मे खलु शङ्करश्च युगेऽधिके युग्मपदे च दैत्यः ।
भूताधिके विंशपदे तु राक्षसः पिशाच उक्तः किल रामयुग्मः ॥ ८ ॥
ततोऽधिकेंशे प्रवदन्ति भूतं शून्यं हि शेषं पदमुच्यते च ।
निजे पदे शिल्पविदां निधेयो नान्यत्र भागे भयमस्ति तत्र ॥ ९ ॥

ઓગણીશમા ભાગે ક્ષેત્રપાલ, વીશમે ભાગે યક્ષરાજ, એકવીસમાં ભાગે હનુમાન, બાવીસમા ભાગે ઘોરરૂપ ભૃગુ, ત્રેવીસમા ભાગે શંકરમૂર્તિ, ચોવીસમા ભાગે દૈત્ય, પચ્ચીસમા ભાગે રાક્ષસ, છવ્વીસમે પિશાચ, સત્તાવીસમે ભૂત—એક દેવયોનિના ભેદ અને અઠ્ઠાવીશમો ભાગ શૂન્ય જાણવો જે દેવનો જે વિભાગે દેવપદસ્થાપન કહ્યા હોય ત્યાં શિલ્પશાસ્ત્રીએ તે પધારાવવા. યોગ્ય સ્થાન પર દેવસ્થાપન ન કરે તો ભય ઉપજાવે. ૭-૯.

**शार्दूलविक्रीडितम्**

[३२]विष्णुस्थानगतं वराहजलजं शैलेन्द्रपुत्री च गीः
सावित्री खलु मध्यभागनियता सर्वे [ च ] लक्ष्मी शुभाः ॥
स्थाने विघ्नविनायके निजगदे श्रीवीतरागो जिनः ।
देवी मण्डल मातृका च कथिता मध्ये च नान्या स्थिता ॥ १० ॥

---

મંડનના આ સ્થૂલ સૂચનો શિલ્પી વર્ગ વ્યવહારમાં મૂકે છે એવું મને લાગે છે. જો કે અન્ય સર્વ ગ્રંથોમાં જિન તીર્થંકરનાં પદસ્થાન કહેલ છે પણ તે વ્યવહારમાં જોવામાં આવતાં નથી.

ઉત્તર ભારતનાં શિવાલયોમાં લિઙ્ગ ગર્ભગૃહના મધ્યમાં નહીં પરંતુ ગર્ભગૃહના ઈશાન કોણમાં જોવામાં આવે છે. કાશીમાં તે આ રીતે જ છે.

૩૨ દેવતાપદસ્થાપનનાં અહીં બે પ્રમાણો આપેલાં છે, પરંતુ દેવતાદષ્ટિપદસ્થાપનનો વિષય આ ગ્રંથમાં લુપ્ત થએલ છે. દેવદષ્ટિપદ સંબંધમાં પૃથક્ પૃથક્ ગ્રંથોમાં ભિન્ન ભિન્ન વિભાગ કહેલ છે. તેમાં એકસૂત્રતા મળતી નથી. દીપાર્ણવના દ્વારોદયના બત્રીશ ભાગ દષ્ટિપદના કહ્યા છે. અપરાજિતમાં ચોસઠ વિભાગ. ઠક્કુર ફેરુએ વાસ્તુસારમાં દશ ભાગ. દિગમ્બરાચાર્ય વસુનન્દીએ નવ ભાગ દેવદષ્ટિપદના કહ્યા છે. એ ચારે ગ્રંથોના મતાનુસાર જિનદેવની દષ્ટિ જોતાં નવ આંગુલથી બાવીસ આંગુલ જેટલો ફરક આવે છે. આથી સર્વમાન્ય એવું દ્વારોદયના અષ્ટભાગનું સૂત્ર અમુક દેવો માટે ઠીક છે.

द्वारोच्छ्रयोऽष्टधा भक्तं ऊर्ध्वभागं परित्यजेत् ।
सप्तमाष्टमे सप्तभागे दृष्टिसूत्रसुशोभनम् ॥ वृक्षार्णव

દ્વારોદયના આઠ ભાગ કરી ઉપરનો એક ભાગ છોડી દેવો. સાતમા ભાગના ફરી આઠ ભાગ કરી તેમાં સાતમા ભાગે દેવદષ્ટિ રાખવી. અર્થાત્ દ્વારોદયના ૬૪ ભાગ કરીને પંચાવનમે ભાગે દષ્ટિ રાખવી.



ચિત્ર ૯

રંગમંડપની પૂર્વ સન્ધાન ચોકીપદોનો ડાબી બાજુનો પદ્મનાભ જાતિનો
વિતાન, વિમલવસહી, પૃથ્વીપાલનો સમય (ઈ. સ. ૧૧૫૦)
(પુરાતત્ત્વખાતું, ગુજરાત રાજ્યના સૌજન્યથી)



ચિત્ર ૮

વિમલવસહીના રંગમંડપનો મહાવિતાન, પૃથ્વીપાલનો સમય (આશરે ઈ. સ. ૧૧૫૦)

(પુરાતત્ત્વખાતું, ગુજરાત રાજ્યના સૌજન્યથી)